श्री यशोविजय उपाध्याय विरचिते.

## प्रथमा–द्वितीये.

# परम्ज्योति पंचविंशती.

( अध्यात्म–उपनिषद्रूपे ).

પૂર્વાર્ધના કવિતારૂપ અનુવાદક.

માણેકલાલ ઘેલાભાઇ.

અનુવાદપૂર્વક વિવેચક પંડિત લાલન.

પ્રસિદ્ધ કર્ત્તા.

મેસર્સ મેઘજી હીરજીની કુંપની.

જૈન બુકસેલર્સ પબ્લીસર્સ એન્ડ

કમીશન એજંટ.

નં૦ ૫૬૬ પાયધુની.

મુંબઇ.

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસ—ભાવનગર.

કિંમત—રૂ. ૦–૮–૦



# પરમજ્યોતિઃ પંચવિંશતી.

## મંગળાચરણ વસંતતિલકા વૃત્ત.

વંદુ જીનેંદ્ર ગુરૂ દેવ સ્વરૂપવાન,
શુદ્ધાત્મ દેવતણું હું કરૂં ગુણ ગાન;
હું છું અરે સુગુરૂ શુદ્ધ સુદેવ પોતે,
શ્રીમદ્ યશોવિજય સાક્ષી થયાજ પોતે.

ગીતિ.

પરમાતમ પચિશી, સંસ્કૃતમય વર્ણવી યશોવિજયે;
ગૂઢ અર્થ બહુ તેમાં, તે યત્ કિંચિત્ વદું સ્વભાષાયે.
શત ગ્રંથોના કરતા, ન્યાય વિશારદ ઉપાધ્યાજી કયાં;
લઘુતર મતિ અનુભવ વિણુ, અનુવાદન કરનારો હું તે કયાં.
વિષય ગહનતા જોતાં, પ્રવેશ કરવો અતિ કઠીણ લાગે;
પ્રબળ ભક્તિ ઇચ્છાયે, પ્રયાસ કરતાં શુભતર મતિ જાગે.
એમ વિચારી મનમાં, કાર્યારંભુ અનુવાદનને હું;
હંસ ચંચુવત્ ગુણીજન, સાર માત્રને મનમાં ધરો કહું.

ॐ

# प्रथमा परमज्योतिः पंचविंशती.

## પરમ જ્યોતિનું સ્વરૂપ, તેનો પ્રભાવ અને તેનું નમન.

"ऐन्द्रं तत्परमं ज्योतिरुपाधिरहितं स्तुमः
उदीतेस्युर्यदंशेऽपि संनिधौ निधयो नव" ॥ १ ॥

અંશ માત્રના ઉદયે, નવ નિધિઓ જેહને સમીપ આવે;
સ્તવું હું તે નિજ જ્યોતિ, ઉપાધિ વર્જિત આત્માની ભાવે. ૧

**અનુવાદ**—"જેનો અંશમાત્ર ઉદય થાય તો નવનિધિયો નિકટમાં આવી ચડે છે. એવી ઉપાધિ રહિત આત્માની પરમજ્યોતિની અમે સ્તવના કરીએ છીએ."

**વિવરણાર્થ**—સૂર્યનો અંશમાત્ર ઉદય થતાં ઘણું ઘણું અંધકાર પલાયન પામે છે, તેમ આત્મસ્વરૂપની જરાપણ ઝાંખી થતાં લાભાંતરાય ખસી જઈ નવ પ્રકારની નિધિયો આત્માની સમીપમાં જાણે આવી ચડી દેખાતી હોય, તેમ માલૂમ પડે છે. જેમ સૂર્યપ્રકાશવડે અંધકાર જઇ જગતની સર્વ વસ્તુઓ તેના પ્રકાશમાં વ્યાપ્ત થતી જણાય છે, છતાં તેના પ્રકાશને રોકતી નથી, તેમ આત્મવીર્યવડે લાભાંતરાય જઇ નવ નિધિયોનો તેને લાભ છતાં તેના વીર્યને કોઇ રોકી શકતું નથી. આવી ઉપાધિ રહિત પરમજ્યોતિને અમે નમન કરીએ છીએ.

**ભાવાર્થ**—ચેતન કોડી પ્રાપ્ત કરે છે, અને ચેતનજ લક્ષ પ્રાપ્ત કરે છે, તેમજ ચેતનજ રાજ્યભંડાર પ્રાપ્ત કરે છે, અને ચેતનજ ઇંદ્રાદિની સમૃદ્ધિઓ મેળવે છે. જ્યારે ચેતનનું આવું સામર્થ્ય આપણે જાણીએ છીએ, તો ચક્રવર્તિના નવ પ્રકારના ભંડાર ચેતનને પ્રાપ્ત કરવા એ શા હિસાબમાં છે ?

ચેતનને કોડી પણ ક્યારે પ્રાપ્ત થાય? બીજાના ઉપરનો આધાર છોડી આત્માવલંબન ( Self-reliance ) પર રહે ત્યારે—જેણે જેણે આ જગતમાં અતિ મહાન્ સમૃદ્ધિઓ પ્રાપ્ત કરી છે, ને કરેછે, જે કોટ્યાધિપતિ નથી, પરંતુ અ-

બ્જાધિપતિ થઇ કોટ્યાવધિની વાર્ષિક આવકવાળા[1] છે. તેઓ પોતાના પરાક્રમ પર ભરૂસો રાખી ધનાઢયો થયા છે, ને થાય છે. તેમ આપણું સર્વનું ચૈતન્ય આપણે જો સ્વાશ્રયી હોઇએ, તો તેવી સિદ્ધિયો પ્રાપ્ત કરાવે, એટલુંજ નહિ, પણ ચક્રવર્તી ઇંદ્ર અને તીર્થંકર મહારાજની સમૃદ્ધિયો પણ આપણાજ પુણ્યબળવડે આપણી પાસે ખેંચાઇ આવે.

હાલના પૂર્વ કે પશ્ચિમ દેશના ધનાઢયોમાંના ઘણાક જેમ જેમ સમૃદ્ધિનો વધારો કરે છે, તેમ તેમ ઉપાધિનો પણ વધારો કરી તેમાંજ રાત્રીદિવસ અટવાઇ મરે છે. તેમ નહીં, પરંતુ ધાન્યાદિ ફળફળાદિ અનેક વનસ્પતિ, સુવર્ણાદિ ધાતુઓ રત્નઆદિ ખનિજ પદાર્થો વગેરે અપાર વસ્તુઓ સૂર્ય પોતાની ગરમી, પ્રકાશ અને પ્રભાવવડે ઉત્પન્ન કરી રહ્યો છે, છતાં પોતે આકાશમાં તટસ્થ રહી સાક્ષીરૂપે પ્રતિભાસે છે, તેમ આત્મજ્યોતિ—આત્મવીર્ય—કે આત્મસ્વરૂપ ઉપરજ અવલંબન રાખી તટસ્થ રહી વગર ઉપાધિએ સર્વ ઋદ્ધિઓ હાંસલ થાય, તો વ્યવહારે કાંઇ ખોટું નથી. માટે અમે તો નમન તેજ આત્મજ્યોતિને કરીએ છીએ કે, અમારી પાસે ગમે તો ઇંદ્રાદિની સઘળી સમૃદ્ધિ હોય, છતાં સૂર્ય પ્રકાશને જેમ ઉપાધિ નથી, તેમ અમને સમૃદ્ધિયો છતાં કોઇ પણ પ્રકારની ઉપાધિ ન હો.

પરમાર્થ—જેમ સૂર્યોદય થતાંજ અંધકાર જઇ, તેના પ્રકાશવડે જગત્ અને તેના પદાર્થો બહુ બહુ દ્રશ્યમાન થતા જાય છે, તેમ આત્માની પરમજ્યોતિનો ઉદય થતાંજ આ સંસારની મોહિની—મોહરૂપ અંધકાર જઇ, જગતના નાના વિધ પદાર્થનું યથાર્થજ્ઞાન પ્રગટ થવા માંડે છે. જડ ચૈતન્યરૂપ ભેદજ્ઞાન ઉદ્ભવે છે. હું કોણ ? આ દેહ અને દ્રશ્ય જગત શું ? તે તેના યથાર્થ સ્વરૂપે ભાસવા લાગે છે. જ્યાં ક્રોધ ધગધગતો હતો, ત્યાં ક્ષમા ચિત્તને શાંત શાંત કરતી હોય એવું જણાય છે, જ્યાં બાહ્ય વસ્તુની પ્રાપ્તિમાં માનને હાથીએ ચડાતું હતું, ત્યાં જેમ જેમ તેની અધિક અધિક પ્રાપ્તિ તેમ તેમ નમ્રતારૂપી આંબા ડાળીએ બેસાઇ ઉત્તમ આમ્રફળનો આસ્વાદ લેવાય છે. જ્યાં માયા કપટના કીચડમાં રગદોળાતું હતું, ત્યાં સરળતાના નિર્મળ આંતર જળમાં સ્નાન થઇ રહેતું અનુભવાય છે, જ્યાં લોભની અગાધ ખીણમાં ગબડાતું હતું, ત્યાં સંતોષના સિંહાસનપર વિરાજાય છે.

---

[1] પરોપકારી કારનેગા, રોથચાઇલ્ડ, વેન્ડરબીલ, માર્સેલરીલ્ડ, વગેરે હાલનાજ ધનાઢયો આત્માવલંબન વડે કે સ્વાશ્રયવડેજ આવી બાહ્ય ઋદ્ધિયોને પ્રાપ્ત કરે છે.

વળી એજ આત્મજ્યોતિની તપરૂપ ઉષ્માથી પૂર્વના પાપ પ્રજળી જવા માંડે છે, અને પુણ્ય પ્રગટ થવા માંડે છે. એટલુંજ નહિ, પરંતુ નવીન પાપ ઉદ્ભવી શકતાં નથી. અને પુણ્યના નવીન નવીન માર્ગ એટલા એટલા ઉત્પન્ન થાય છે કે, કુબેરની નવ નિધિઓ પણ તેની પાસે આકર્ષાઇ આવે છે.

જ્યારે આટલું તો માત્ર સૂર્યના ઉદય જેવી પરમજ્યોતિના ઉદય માત્રથી પાસે પાસે આવતું જાય છે, તો તેના પૂર્ણોદયવડે ત્રણ જગતની અખિલ ઋદ્ધિ પ્રાપ્ત થાય, તેમાં શું આશ્ચર્ય છે ! આવો આ શ્લોકનો વ્યંગાર્થ હોય, **એમ લાલનને** ભાસે છે.

## પરમ જ્યોતિનો પ્રકાશ કેટલો વિસ્તારવાળો છે.

“ प्रभा चंद्रार्कतारादीनां मितक्षेत्रप्रकाशिका
आत्मनस्तु परं ज्योतिर्लोकालोकप्रकाशकम् ” ॥ २ ॥

ગ્રહગણ નિશિપતિ અર્કા–દિકનો પ્રકાશ મિતક્ષેત્રે થાયે;
આત્માની જ્યોતિનો. પ્રકાશ લોકાલોક સુધી જાયે. ૨

**અનુવાદ—“તારા, ચંદ્ર અને સૂર્ય વગેરે પરિમિત ક્ષેત્રપર પ્રકાશ કરે છે, પરંતુ આત્માની પરમજ્યોતી તો લોક અને અલોક એ ઉભયને અખંડ પ્રકાશ આપનારી છે.”**

**ભાવાર્થ**—અલબત તારા કરતાં ચંદ્રનો અને ચંદ્ર કરતાં સૂર્યનો પ્રકાશ વિશેષ હોય છે. તથાપિ તે પ્રકાશ અમુક હદમાંજ હોય છે. તેમજ એકના કરતાં બીજાનો અધિક પ્રકાશ હોવા છતાં અમુક અમુક હદ સુધીજ પોતાનો પ્રકાશ ફેલાવી શકે છે. પરંતુ આત્મજ્યોતિનો પ્રકાશ અનહદ છે.

વળી તારાનો પ્રકાશ અંધારી રાત્રીએજ પ્રકાશક જણાઇ થોડાજ અંધારી રાત્રીના અંધકારને દૂર કરે છે. ચંદ્રનો પ્રકાશ અજવાળી રાત્રીએજ પ્રકાશી માત્ર એક માસની અર્ધી રાત્રીનોજ અને તે પણ નિયમિતકાળ અને નિયમિત ક્ષેત્રનોજ અંધકાર દૂર કરી શકે છે. અને સૂર્યનો પ્રકાશ દિવસેજ હોઇ દીવસે અને નિયમિત ક્ષેત્રમાંજ પ્રકાશ આપે છે. પણ તે રાત્રીના અંધકારનો પરાભવ કરી શકતો નથી. આમ જો કે આ તારા, ચંદ્ર અને સૂર્ય પ્રકાશવાળા છે, પણ અપૂર્ણ પ્રકાશ કરે છે.

એ પ્રકાશો અપૂર્ણ છે, એટલુંજ નહીં, પરંતુ જયારે પોતે પ્રકાશે છે, ત્યારે

જે ક્ષેત્ર કે ભૂમિપર પ્રકાશ કરે છે, તે ક્ષેત્રમાં પણ અપૂર્ણ પ્રકાશ હોય છે. પરંતુ આત્મજ્યોતિનો પ્રકાશ—પરમજ્યોતિનો પ્રકાશ જ્યારથી ઉદય પામ્યો, ત્યારથી સાદિ અનંતકાળસુધી જારી રહે છે—જ્યારથી ઉદય પામ્યો ત્યારથી માંડી હમેશાં સુધી તે સર્વત્ર ઝળઝળી રહે છે. અને તે પણ એટલા બધા વિસ્તારમાં કે લોક અને અલોક એ ઉભયજ નહીં, પરંતુ તે ઉપરાંત તેમાં આવેલા અશેષ પદાર્થના ભૂત અને ભવિષ્યના અનંતકાળના દ્રવ્ય—ગુણ પર્યાય વર્તમાનકાળના એક સમય માત્રમાં આદર્શ કે આરસીમાં પ્રતિબિંબની પેઠે જોઇ—જાણી લે છે. વળી તારા, ચંદ્ર અને સૂર્યરૂપી જ્યોતિષી દેવતાનાં શરીરો તેમજ તેમના પ્રકાશક વિમાનો નાશવંત તથા કેટલાએકના પર્યાયો નાશવંત છે, અને આ આત્મજ્યોતિનો પ્રકાશ અમર—અજર—અને અખંડ છે

વળી પરિમિત પ્રકાશવાળા તારા, ચંદ્ર અને સૂર્ય પણ આત્માની અપરિમિત જ્યોતિવડે જણાઈ—જોવાઇ રહ્યા છે. માટે આત્માજ તારાનો તારો, ચંદ્રનો ચંદ્ર અને સૂર્યને પણ જોવા-જાણવારૂપ એક અપ્રતિમ સૂર્ય સરખો છે.

તારા, ચંદ્ર અને સૂર્યાદિના પ્રકાશ આત્મપ્રકાશ ન હોય, તો શા કામના? માટે આત્મપ્રકાશ નિહાળવા ઉદ્યમવંત થાઓ કે, તારાનો પ્રકાશ હીરાના હાર જેવો, ચંદ્રનો પાનાના ચગદા કે પદક જેવો, અને સૂર્યનો પ્રકાશ કોહીનૂર જેવો આત્મદ્રવ્યની આસપાસ દીપી નીકળે.

પરમાર્થ—વાંચનાર તું નિશ્ચયથી અનંત પ્રકાશમય આત્મા છે, અને લોકાલોક પ્રકાશી રહ્યો છે તારા, ચંદ્ર અને સૂર્ય તો પરિમિત Limited પ્રકાશવાળા છે એટલુંજ નહિ, પરંતુ તારા અનંત પ્રકાશવડેજ તે પરિમિત પ્રકાશવાળા પણ જગતમાં જણાય છે—દેખાય છે, એમ જાણ—

## પરમ જ્યોતિ કેવી છે ?

" निरालंबं निराकारं निर्विकल्पं निरामयं
आत्मनः परमं ज्योतिर्निरुपाधिनिरंजनम्" ॥ ३ ॥

પરમજ્યોતિ આત્માની, નિરાલંબને નિર્વિકલ્પ ભાસે;
નિરાકાર નિરામય તે, નિરંજનપણે અતીશે પરકાસે. ૩

**અનુવાદ—આત્માની પરમજ્યોતિ આલંબન રહિત, આધાર રહિત, વિકલ્પ રહિત, રોગ રહિત, ઉપાધિ રહિત અને લેપ રહિત છે.**

**વિવરણાર્થ-આત્માની પરમજ્યોતિનું સ્વરૂપ થવા પ્રયત્ન કરાય**

**છે, એનું યથાર્થ સ્વરૂપ અનુભવ વડેજ અનુલક્ષાય છે, તથાપિ તે સ્વરૂપનું જીજ્ઞાસુને પ્રથમ અનુમાન કરાવી તેમને પણ અનુભવ કરાવી શકાય છે, માટે અરૂપી આત્માને અનુલક્ષી રૂપી ઉદાહરણો આપી, તેવા રૂપથી રહિત જે કંઇ જણાય છે, તે આત્મા છે, અને તે ( तत् ) આત્મા તે તું ( त्वम् ) (असि) છે. એવું દેખાડી શકાય છે.**

**ભાવાર્થ**–આ શ્લોકમાં શ્રીમદ્‌યશોવિજયજી ઉપાધ્યાય છ વિશેષણવડે અનુભવગત પરમજ્યોતિનું સ્વરૂપ જીજ્ઞાસુને દાખવવા પ્રયત્ન કરતા જણાય છે. એ છ વિશેષણોમાં પ્રથમ વિશેષણ **"निरालंब"** કરીને આવ્યું છે. માટે આપણે પણ તે વિશેષણવડેજ પ્રથમ આત્માની પરમજ્યોતિનું સ્વરૂપ અનુમાનવા અને પછી અનુભવવા ઉજમાળ થઇએ.

આત્માની પરમજ્યોતિને આલંબન કે આધારની જરૂર નથી. શરીરમાં જો આત્મા ન હોય, તો તે નિરાધાર લુખ્ખું જણાશે, પરંતુ આત્મતેજવડે તે સજીવ —સતેજ—હાલતુંચાલતું માલૂમ પડે છે. માટે શરીર સાધારણ આલંબનવાળું કહેવાય, પણ આત્માને પોતા સિવાય બીજા આધાર કે આલંબનની જરૂર નથી. તેમજ આંખ, કાન, નાક, જીભ, ત્વચા, હાથ, પગ, મુખ, આ બધાને ખરેખરો આધાર જો કોઇનો હોય, તો તે આત્માનો છે. આત્માવડેજ આંખ જુએ છે, કાન સાંભળે છે, નાક સુંઘે છે, જીભ ચાખે છે. તથા ત્વચા સ્પર્શ કરે છે, હાથ લે—આપે છે, મુખ બોલે છે, મન વિચારે છે. અને આત્માનો તેમને આધાર—આલંબન ન હોય, તો તેઓથી કંઇ થઇ શકતું નથી. આ ઉપરથી પણ જણાશે કે ઇંદ્રિયોને પણ આત્માનું આલંબન હોય, ત્યારેજ પોતપોતાનાં કામ કરી શકે છે, પણ આત્માને તેમાના કોઇનું અવલંબન જોઇતું નથી. કારણકે આંખ સૂર્ય કે દીવાની અપેક્ષા રાખે છે; પરંતુ આત્મા તો સ્વયંપ્રકાશક છે. કાન શબ્દની ગરજ રાખે છે. પરંતુ આત્મા તો સ્વયંજ્ઞાનરૂપ છે હાથ બળની અપેક્ષા રાખે છે. પરતું આત્મા તો સ્વયં વીર્યરૂપ છે. અને આત્માને આધારેજ આ સર્વત્ર બીજું પ્રકાશવાન્, જ્ઞાનવાન્, વીર્યવાન્ થતું જણાય છે.

વળી આંખ કંઇ જોતી નથી. આંખદ્વારાએ આત્માજ શરીર બહારની વસ્તુ જુએ છે, તેમજ કાન સાંભળતા નથી, નાક સુંઘતું નથી, જીભ ચાખતી નથી, ત્વચા સ્પર્શ કરતી નથી, મુખ બોલતું નથી, પગ ચાલતા નથી, હાથ દેતા નથી, મન વિચારતું નથી, પરંતુ આત્માજ આંખ વિગેરે ઇંદ્રિયોવડે અને મનવડે

તે તે કર્મ-ક્રિયા કરે છે. ત્યારે જુઓ, હવે ઇંદ્રિયોને આત્માનું અવલંબન છે? કે આ આત્માને ઇંદ્રિયોનું અવલંબન છે? મનને આત્માનું અવલંબન છે? કે આત્માને તેનું અવલંબન છે?

વળી શરીર જેમ જડ છે, તેમ ઇંદ્રિયો અને મન પણ જડ છે, તો જડ, ચૈતન્ય કે આત્મા વિના કેમ ક્રિયા કરી શકે? નહિજ કરી શકે. આ ઉપરથી પણ સહજ સમજાશે કે આત્મા "निरालंब" છે. અને જડ એવા દેહાદિ અને મન સાલંબન છે.

મન પણ જે બાહ્ય પદાર્થોનું તથા અંતરમાં જે આભાસવડે જે વિચાર કરી રહ્યું છે તેમજ સુખાદિ અંતરમાં જે થયા કરે છે. તે ઉપર પણ વિચાર કરી રહ્યું છે તે (મન) પણ આત્માના આલંબન વડેજ વિચાર કરી શકે છે. અને જો એનું આલંબન ન હોય, તો મનથી કાંઇ શુક્રવાર થાય તેમ નથી. આ ઉપરથી પણ સમજાશે કે, આત્મા " निरालंब " જ છે અને મનને પણ આલંબન આપી રહ્યો છે.

લોકો કહે છે કે આ નરવી આંખે જે નથી દેખાતું, તે પણ દુર્બીનથી (દૂર દર્શક યંત્રથી) સ્પષ્ટ દેખાય છે. પણ એ દુર્બીનને આંખનો આધાર ન હોય, તો દુર્બીન બિચારૂં શું જોઇ શકે? આંખને વિચારનો આધાર ન હોય, તો શું જોઇ શકે? અને વિચારને આત્માનો આધાર ન હોય, તો દુર્બીન આંખ અને મન બિચારાં શું કરી શકે? કંઇ નહિ. આ દૃષ્ટાંતમાં એ ત્રણ વસ્તુને—એટલે દુર્બીન, આંખ અને વિચારને આધાર જોઇએ છે, પણ આત્માને કોઇનો આધાર જોઇતો નથી. માટે આત્મા તો " निरालंब " છે.

દુર્બીન કે દૂરદર્શકયંત્રવડે જેમ દૂરના પદાર્થો દેખાય છે. પરંતુ આંખ ન હોય, તો દુર્બિન નકામું છે. તેમજ જીવ ન હોય, તો આંખથી કંઇ કાર્ય થતું નથી. ટેલીફોન કે દૂરશ્રવણયંત્રવડે જેમ દૂરનું સંભળાય છે, પણ કાન ન હોય તો ટેલીફોન નકામું છે. તેમજ જીવ ન હોય તો કાન પણ નકામા છે. તો પછી ટેલીફોન બિચારો શું કરે? એતો આત્માજ પ્રથમ કાન અને પછી લાંબા કાન જેવા ટેલીફોન દ્વારાએ કેટલાક છેટાનું હાલ સાંભળવા લાગ્યો છે.

પરંતુ આંખ દ્વારા અથવા ટેલેસ્કોપ કે દુર્બિન દ્વારા જોવું એ આપણને (જીવને) કુટેવ નથી પડી? શું કાન અથવા ટેલીફોન દ્વારા સાંભળવું, એ પણ આપણને કુટેવ નથી તો બીજું શું છે? કારણકે, જોનાર તો હું છું. તો મારે આંખ હોય, તોજ હું જોઇ શકું? સાંભળનાર તો હું છું, તો પછી શામાટે

કાન મારફતેજ સાંભળવું? એમ વિચારી આંખથી જોવાનો અને કાનમાં સાંભળવાનો અભ્યાસ છોડતો જાય, અને મનથી જોએલા પદાર્થોનો વિચાર કરવાનું અને કાનથી સાંભળેલા શબ્દનો વિચાર કરવાનું પણ રફતે રફતે છોડતો જાય, તો પછી શું વગર આંખે દિવ્ય દર્શન થાય છે તે સમજાય. યોગીઓને કાન વગર પણ દિવ્ય સ્વરો શું નથી સંભળાતા? તે પણ સંભળાય છે. એટલુંજ નહીં પણ તદ્ ઉપરાંત દિવ્યગંધ, દિવ્યસ્પર્શ અને દિવ્યરસ પણ આસ્વાદાય છે. કારણકે, દેખનાર, જોનાર, સાંભળનાર, સુંઘનાર, સ્પર્શનાર, અને ચાખનાર તો હું (આત્મા) પોતેજ છું, અને મારા વડે તે તે દ્વારાએ સઘળું થાય છે. માત્ર મારી ટેવ પરનું આલંબન લેવાનું ભૂલે તો પછી હું તમામ કામો જેપરના આલંબનથી થાય છે. તેથી સારા અને સંપૂર્ણપણે મારા નિરાલંબન ગુણવડે કરૂં તેમ છે.

જે આત્માને સભીન્નશ્રોતલબ્ધી ઉત્પન્ન થાય છે. (વા પ્રકટ થાય છે) તે યોગી આંખે સુંઘી શકે છે. કાને જોઇ શકે છે. અને ટુંકામાં ગમે તે ઇંદ્રિયદ્વારા ગમે તે કાર્ય કરી શકે છે. આતો આત્માનો દેશ ખુલો થયાની વાત થઇ, પણ જયારે આત્મા નિરાલંબન થાય છે ત્યારે તેને કાંઇપણ અજ્ઞાત રહેતું નથી, તે નિરાલંબપણાનો ગુણ છે.

વળી જો મનને આત્માએ સ્થિર કર્યું હોય, તો મનને આકાશના ઉચ્ચ પ્રદેશમાં ધારણા દ્વારાએ લઇ જઇએ તો અપૂર્વ ગાન, અને અપૂર્વ દર્શન પણ કરાય છે. મનને સ્થિર કરી ધારણા કરવાનું જેણે બળ પ્રગટાવ્યું નથી, તેવા બાંધવો —બ્હેનોને ઉપલી વાતની પ્રતીતિ થાય, માટે એક પ્રયોગ તેઓ માટે લખું છું.

જેઓનું **પારિસ** જવું થતું હોય, તેમણે ઇફિલ ટાવર જે ૯૨૩ ફીટ ઉંચો છે તે ઉપરથી અથવા જેઓ **રોમનગર** જતા હોય, તેણે કેથેડ્રૂલ પરથી કે એવા કોઇ ઉંચા સીધા સ્થળપર ચડી, નીચે શું થાય છે, તે સાંભળવા લક્ષ આપવું, કંઇ ન સંભળાય, તો જરા સ્થિર થઇ એક માળ નીચે આવવું, એટલે ઘણાં અપૂર્વ ગાન ગવાતાં સંભળાશે—હવે એ અપૂર્વ ગાન કયા સ્વરો મળી થયાં છે. તે તમે વાંચશો, તો તમને બહુ આશ્ચર્ય થશે, નીચે કૂતરાનું ભસવું, ગધેડાનું ભુકવું, પાડાનું બરાડવું, બિલાડીનું મિઆઉં મિઆઉં કરવું, મિલનું સીસોટવું, સિંહની ગર્જના, માણસનું રડવું, બોલવું. હસવું વિગેરે અનેક સ્વરો એકઠા થઇ જમીનથી ઉંચા ઉંચા જઇ એવાતો સુસ્વર રીતે ગોઠવાય છે કે, બધાઓએ જાણે સુસંપ કરી ગાન ગાવા માંડયું ન હોય, પૃથ્વીપર તો જાણે એ સ્વર લડતા હોય, પરંતુ આટલે ઉંચે એજ સ્વર (HARMNY) કે સુસ્વર રચનામાં મળી મધુર ગાયન કરતા પ્રતીત થશે.

હવે જયારે આ સંસારમાં ધુંચવણમાં પડેલા માણસો જમીનપરની ગડબડાટ મૂકી જરા જમીનથી સાતસો કે આઠસો ફીટ ઉંચા જતાં આવાં અપૂર્વ ગાન સાંભળે છે. (કારણકે અજાણતાં પણ આટલા ઉંચે ચડતાં મન સ્થિર હોય છે ) તો પછી મન સ્થિર કરી લાખો માઇલ ઉંચે જઇ, ત્યાં મન સ્થિર રાખી કે કોઇ દેવલોકમાં ધારણા કરી ત્યાંના પદાર્થો જોવા કે સાંભળવા મનને રોકનારને શું અશકય છે? હા દુઃશકય તો ખરૂં, અસ્થિર ચિત્તને મહા મહા દુઃશકય પણ ખરૂં, સતત પ્રયત્ન કર્યા વિના ખોટું માનનારને માટે શું કહેવું ?

આ ગાન સાંભળવાનું રહસ્ય એ છે કે, જેમ એકોર્ડિયન કે કોનસર્ટીના હાથના વાજાંની બાજુમાંથી એક બાજુએ એક જાડો સ્વર કાઢતી ચાવી છે, તે એકલી વગાડી હોય, તો ભું—ભું—ભું એવો અવાજ નીકળે છે, પરંતુ બીજા સ્વરોની સાથે એ જાડો સ્વર મેળવવામાં આવે છે, ત્યારે તેની કર્ણ કઠોરતા ઉડી જઇ કર્ણપ્રિયતા આવે છે, અને બીજા સ્વરોમાં પણ મધુરતાનો વધારો કરે છે.

આ વાતનો સાર એજ કે, આત્મા કર્ણનો આધાર ઓછો થતાં, એટલુંજ નહિ પરંતુ કર્ણનો આધાર ન હોવા છતાં પણ એમનો એમ વસ્તુને જાણી-જોઇ શકે છે. આ વાત અનુભવીઓને વિદિત થતી હશેજ.

આજકાલ આત્મસાધન મૂકી પાશ્ચાત્ય વિદ્યાના સંસર્ગથકી કે અન્ય કારણો થકી બાહ્ય સાધનો દિવસાનુદિવસ વધતાં જાય છે, અને તેને લીધે આધ્યાત્મિક આંતર સાધનો ખીલતાં બંધ થતાં જાય છે.

તથાપિ આનંદ— આશા પુનર્ ઉદ્‌ભવે છે કે, આંતર સાધનો ઉપર આર્ય લોકનું હવે પાછું લક્ષ થવા લાગ્યું છે, અને પાશ્ચાત્ય દેશમાં પણ તેનો અરૂણોદય પાસે દેખાવા લાગ્યો છે.

જુઓ—અમેરિકામાંચાલતા ક્રિશ્ચિઅન સાયન્સટિસ્ટો, મેન્ટલ સાયન્સટિસ્ટો, ડીવાઇન સાયન્સટિસ્ટો આંખે ચશ્મા પહેરતા નથી, પરંતુ આંખને જો તેજ જોઇતું હોય, તો મનની દોરીને સંકલ્પની ડોલ બાંધી આત્મકુપમાંથી તેજ પ્રાપ્ત કરે છે. એજ પ્રમાણે જે જે સામર્થ્ય જોઇએ, તે આત્મામાંથી મેળવે છે. આ દેશમાં પણ યોગબળે તેમજ થતું હતું. પરંતુ હાલ પાછું તેજ સામર્થ્ય પુનરૂદ્ભવ પામવા બાહ્ય આંતર બ્રહ્મચર્ય થશે, તો અમેરિકાથી પણ આ દેશના મારા માનવ બાંધવો આંતર ઉદયમાં વધતા જશે.

વળી બાહ્યાલંબનથી ઇંદ્રિયોમાં પણ સ્વભાવિક શકિત પણ ઘટે છે, અને આત્માલંબનથી તે વધતી જણાય છે.

બેલગાડાં, ઘોડાગાડી, મોટરકાર, એરમોટર, ટ્રામકાર, આગગાડી, અને વિજળી-ટ્રામ વગેરે જેમ જેમ બાહ્ય સાધનો વધ્યાં, તેમ તેમ માણસની કુદરતી શરીર ગાડી-નાં પગરૂપ પૈડાનું સામર્થ્ય ઘટયું. ગુલાલવાડીથી કાલબાદેવી જતાં ભાઇને ટ્રામમાં બેસવું જોઇએ, તો પછી કોટમાં જવું હોય કે ગ્રાન્ટરોડ કે ગિરગામ જવું હોય, તો જાણે પગ ભાંગી ગયાજ હોય, તેમ વિકટોરીઆમાં બેસવું પડે, માંદા માણસને ગાડીમાં બેસાડી ડાકટરને ત્યાં લઇ જાય છે, તેમ લાલન સાજો હોવા છતાં, જયાં કયાંઇ જતો હોય, ત્યાં જાણે ડાકટરને ત્યાં જતો હોય, તેમ ભાંગેલા પગનો ગાડીમાં બેશીને જાય છે. જુઓ, લાલન જયારે જામનગર હતો, ત્યારે જામનગરથી ધુવાઉ, જે ત્રણચાર ગાઉ છે, જોડીઆ બાર ગાઉ છે, જયાં નાની ઉમરે પણ ચાલી ગયો, તે મુંબઇમાં યુવાન થતાં પણ પગે ચાલવામાં ઘરડો ડોશો કે માંદો હોય, તેમ ગાડી ગાડી, રબરટાયર ગાડીગાડી કરી રહ્યો છે. આજે ગાડીના વાહનોનો જેમ જેમ સુધારો વધતો ચાલ્યો છે, તેમ તેમ આપણી કુદરતી શક્તિનો ઘટાડો થતો ચાલ્યો છે. ઘડિયાળો આવ્યાં અને વખત જાણવાની અનુમાન શકિત ગઇ. આટલે તડકો છે. માટે આટલા પહોર અને આટલી ઘડી થઇ, એટલે અમુક હરણીનો તારો આટલે છે. માટે આટલા વાગ્યા, એ ગયું. તેવોજ વધારો કરી આંતર સામર્થ્ય આંખનું ઘટાડી પહોર, ઘડી, પળ અને વિપળ સુધી નહીં પહોંચતા, ખેર લોકો જેને સુધારો કહે છે, જે સુધારો ઘણેજ ભાગે બાહ્યાલંબનરૂપ છે, તે સુધારો આભ્યંતર આલંબનવડે ઘણોજ વધે એમ લાલનને તો જણાય છે.

ચશ્મા આવ્યાથી આંખનું તેજ દુનિયામાં વધ્યું કે ઘટયું. અમલ લઇને ખોટી શક્તિ મેળવનારનો જેમ અમલ ગયો. તેમ ચશ્મા કે નવી નવી ઘણી તીવ્ર-લાઇટો લઈ માણસ આંખ ખોશે કે શું? હવે લાલન, જો તું ખોટું માનતો હોય, તો વાંચ જોઇએ તલના તેલના દીવાએ, કે દીવેલ તેલના દીવાએ. તારાથી કંઇ દેખાતુંજ નથી. બુઢ્ઢાને અફિણનો ટેકો, તેમ તારે ચશ્માનો ટેકોજ જોઇએ. લાઇટ પણ હિચકોક લેમ્પની જોઇએ. વીજળીની બત્તી જોઇએ. પરંતુ લડાઇમાં પણ અમલ લેનારા રજપુતોએ જેમ અમલરૂપ બાહ્ય સાધનપર આધાર રાખી રાજયનો અમલ ખોયો—તેમ નવી નવી લાઇટોવડે અને ચશ્માથી બાહ્ય સાધનના આલંબને તારે આંખ ખોવાનો અમલ આવ્યો, એવો કોણ હાલ નિર્ણય કરે છે કે, આ પાશ્ચાત્ય સુધારો થયો કે આંતર સામર્થ્યમાં ઘટાડો થયો. આ ગાડીઓથી પગની શક્તિ વધી કે માણસો લંગડા થયા, માટે લાકડીની ઘોડીએ ચાલવા માંડયું? પગને ગાડીઓમાં બેસાડી પગજ લાંબા કર્યા. હાથમાં તરવાનું સામર્થ્ય વધ્યું કે મછવાના ચાટવા હાથે લગાડી લાંબા હાથે આગળ આગળ તરાયું, અને સ્ટીમરોના પૈડાંને

આલંબને બેહદ તરાયું. હાલ તુરત તો આ બાહ્ય સાધનોએ ઘણું વધાર્યું. છેક ઇંગ્લાંડ અને અમેરિકા પોહોંચાડ્યા. પરંતુ આંતર સામર્થ્ય ઘટાડયું, એમ હજી પણ કોઇ અનુભવી ડોસા ડગરાને પૂછતાં જણાઇ આવશે. પરંતુ આંતર સામર્થ્ય-પર અવલંબન રાખવા તરફ સુધારો ચાલે, તો કંઈ બાહ્ય આલંબન તેની પાસે ટકી શકે તેમ નથી.

હાલ કૉલેજમાં મોટાં મોટાં પુસ્તકોના અભ્યાસ કરાવનારા મોટા મોટા પ્રોફેસરો, અને મોટાં મોટાં પૂછડાંવાળા એમ એ, બીએ વગેરે લોકોના મગજને કેળવી જ્ઞાન આપતા હોય, એવો ડોળ ઘાલે છે, અને કાચું વાંચેલું વિદ્યાર્થીઓને ન પચે, માટે રસોયાની પેઠે પ્રોફેસરો તેને પકાવી આપી મગજરૂપી હોજરીને સહેલ કરી આપે છે. ને એમાં જીવતા ફોનોગ્રાફ જેવા વિદ્યાર્થીઓ, કે જીવતી લાઇબ્રેરી જેવા વિદ્વાનો સભામાં ફોનોગ્રાફની માફક બોલી જાય છે કે, પુસ્તકના કોથળામાં ભરતા જાવ છે. હજારો તો શું પણ લાખોમાં પણ વિરલ પુરૂષોજ— વિરલ પંડિત જનોજ મૂળ ગ્રંથો—Original works બનાવે છે, **શેકસ્પીયર** કવિ કઇ કૉલેજમાં શીખ્યો હતો? પરંતુ જે કૉલેજમાં શેકસ્પીઅર શીખ્યો, તે કૉલેજનો વિસ્તાર તો કુદરતી આ જગત્ હતું. અને તેણે પોતાના માનસિક સામર્થ્યવડે એવા ગ્રંથો લખ્યા કે, કૉલેજમાં તેના ગ્રંથો વંચાય છે, ભણાય છે, અને જાણે પોતામાં તેવાં કાવ્ય લખવાનાં સામર્થ્ય હોયજ નહિ, તેમ તેનાં કાવ્ય જોઇ પ્રોફેસર-વિદ્યાર્થીઓ સાનંદાશ્ચર્ય પામે છે.

આત્મા—નિરાલંબન આત્મા ખરે કોઇ પણ સામર્થ્યને માટે સ્વાવલંબન સિવાય બાહ્ય સાધનોની અપેક્ષા રાખતો નથી—અને તેને રાખવી પણ ન જોઇએ.

સારાંશ—આ બાહ્ય સાધનો ગાડી ઘોડા, મોટર, આગબોટ, દુર્બિન, ટેલીફોન વગેરે પણ જો આત્મા ન હોય, તો શું કામના! એ બધાને આત્માવલંબન તો જોઇએ. અને આત્માને બીજા કોઇ અવલંબનની જરૂર નથી.

વળી જેમ સ્વર વ્યંજનને આધાર આપી વ્યંજનમાં પણ પોતાનો સ્પષ્ટ ઉચ્ચાર કરે છે, પણ વ્યંજન સ્વર વિના કરી શકતો નથી, જાણે લૂલો હોય, ખોડો હોય, હાલી ચાલી ન શકતો હોય, બોલી ચાલી ન શકતો હોય, એવો નિસ્તેજ એકલો વ્યંજન માલૂમ પડે છે, પણ સ્વરના આલંબન વડે જાણે પગવાળો હોય, હાથવાળો હોય, જાણે મુખવાળો હોય, અને સતેજ હોય, તેવો દેખાય છે. વળી સ્વરને વ્યંજનનો આધાર ન હોય, તોપણ કાયમ છે, તેમ આત્માને શરીર, ઇંદ્રિય, મન ઇત્યાદિનો આધાર ન હોય, તોપણ તે કાયમ છે, અને હોય તોપણ તે કાય-

મ છે. કીમાં ઈક્ હોય, તોપણ તે કાયમ છે અને ક્ ન હોય, તોપણ ઇ કાયમ છે, માટે આત્મા શરીર હોય, તોપણ અને શરીર ન હોય, તોપણ તે કાયમ છે. સ્વરની પેઠે કોઇ આધારની આત્માને જરાપણ જરૂર નથી. માટે આત્મા તો **निरालंब** જ છે.

**निराकारं** એ બીજું વિશેષણ આત્માની પરમજ્યોતિને આપવામાં આવ્યું છે, જે પ્રકાશવડે સૂર્યજ્યોતિ, ચંદ્રજ્યોતિ, તારાની જ્યોતિ, દિવાની જ્યોતિ વગેરે આંખદ્વારાએ સાકારરૂપ પ્રકાશ દેખાય છે, તે પ્રકાશ પોતે નિરાકાર છે.

સાકાર પ્રકાશ આકારવાળા હોવાથી પરિમિત ( limited ) છે. અને નિરાકાર એટલે આકાર રહિત પ્રકાશ ચૈતન્યરૂપ હોવાથી અપરિમિત (unlimited) છે. સૂર્ય પ્રકાશ દિવસના પૃથ્વી ઉપર, પણ રાત્રિના નહિ, ચંદ્રનું અજવાળું રાત્રિના પણ દિવસના નહીં, પરંતુ આખા લોકાલોકને પ્રકાશ કરી શકતા નથી. જેટલા ભાગમાં પ્રકાશ કરે છે. તેટલા ભાગમાં સમાઇ જવાથી તે સાકાર છે. પરંતુ લોક અને અલોક પ્રકાશ કરનાર, અને ચંદ્ર સૂર્યાદિના સાકાર પ્રકાશને પણ દેખાડનારો આ આત્મપ્રકાશ **निराकार** છે.

શરીર સાકાર છે, યુવાન કે વૃદ્ધ થતું આ શરીર-પુદ્ગળ સાકાર છે. પરંતુ જે પ્રકાશમાં બાળ થતું, યુવાન થતું અને વૃદ્ધ થતું આ શરીર જણાય છે. તે પ્રકાશ નિરાકાર છે, અને એ નિરાકાર પ્રકાશ તે આત્મજ્યોતિ પ્રકાશ છે.

આ અસંખ્ય કહેવાતા પણ સંખ્ય વસ્તુઓ અને પદાર્થ દેખાય છે. તે બધા સાકાર છે. પરંતુ જેવડે તે પદાર્થ દશ્યમાન થઇ રહ્યા છે, તે આત્મ પ્રકાશ નિરાકાર છે.

આઇસ, પાણી અને વરાળ એમ પૌદ્ગલિક એકજ વસ્તુનાં ત્રણ સ્વરૂપો થયાં, તથાપિ તે ત્રણે સાકાર છે, પરંતુ એ ત્રણે સ્વરૂપ જે પ્રકાશ કે જ્ઞાનવડે જણાયાં, તે નિરાકાર છે.

જગતની કુદરતી અને કૃત્રીમ સર્વ જ્યોતિયો આકારવાળી છે. પરંતુ આ સર્વ જ્યોતિયોને પણ પ્રકાશ કરનારી—જાણનારી—દેખનારી આત્મજ્યોતિ તે આકાર રહિત છે.

જુઓ, તારાની જ્યોતિ, ચંદ્રની જ્યોતિ, સૂર્યની જ્યોતિ, તેમજ દિવાની જ્યોતિ વિજળીની જ્યોતિ અને સૂર્યપ્રકાશ જેવી રેડીઅમની જ્યોતિ; આ સર્વજ્યોતિ સાકાર છે. પણ આ સર્વજ્યોતિને ભેદી રહેલી સ્થિર શાંત, આત્મજ્યોતિ અર્થાત્ જ્ઞાનજ્યોતિ તો **निराकार** છે.

**निर्विकल्पं**—જગતનાં સર્વજ્ઞાન, સર્વ સુખ સવિકલ્પ હોય છે, અર્થાત્ ઉભયાત્મક હોય છે. એટલે એકની અપેક્ષાએ બીજું એમ હોય છે. પરંતુ આત્માની પરમજ્યોતિ અર્થાત્ નિશ્ચયનય પૂર્વક આત્મજ્ઞાન એ નિર્વિકલ્પ છે. જેમ કે સુખનો વિચાર દુઃખનું ભાન કરાવે છે. તેમજ દુઃખનો વિચાર સુખનું ભાન કરાવે છે. પરંતુ **આનંદ**, એમાં સુખ દુઃખ એવો વિકલ્પ હોતો નથી. પૃથ્વીપર જેમ અંધારૂં અજવાળું હોય છે, તેમ નહિ, પણ સૂર્યમાં સદા સર્વદા એક સરખો પ્રકાશજ હોય છે; તેમ આત્મા સુખદુઃખના વિકલ્પવાળો નથી, પરંતુ એક સરખો આનંદમય છે. જ્ઞાન અજ્ઞાનરૂપ નથી, પરંતુ એક સરખો જ્ઞાનમય છે. બળ-અબળરૂપ નથી, પણ સદા સબળ અનંત વીર્યરૂપ છે. ઉપયોગ કે ઉપયોગ શુન્ય નથી. પણ સદા સર્વદા ઉપયોગરૂપજ છે.

વિકલ્પો મનાદિમાં હોય, એમ જણાય છે. સુખ દુઃખ પણ મને કરેલાં છે. માટે મનથી થતા વિકલ્પો છોડી શાંત મન થતાંજ આત્મ પ્રતિબિંબ મનોજળમાં પણ પ્રતિભાસે છે—મનોદર્પણમાં દૃશ્ય થાય છે. તે એક સરખો જ્ઞાનમય દર્શનમય આનંદમય વીર્યમય અનુભવાય છે. જ્યારે આટલું તો સબીજ સમાધિની ઉત્તમ અવસ્થાપર અનુભવાય છે. તો પછી નિર્બીજ કે અયોગિક અનુભવ તો કેવો હશે ? તે શ્રીકેવળજ્ઞાની ભગવાન્ પિતા શ્રીવીર જાણે. અને વિશેષ વિશેષ નિર્વિકલ્પ નિર્વિકલ્પ અવસ્થામાં રહેતા તેના ઉત્તમ પુત્રરત્નો જાણે.

સહજ પણ નિર્વિકલ્પ અવસ્થા થતાં જે અનુભવાય છે, તે લાલનના માનવ બાંધવોના હિતાર્થે અહીં લખાય છે.

જુઓ, વિકલ્પવડે જૈનમાં ચાલતી ચોથ પાંચમની તકરારો, હિંદુઓમાં વૈષ્ણવની અગ્યારસ અને શૈવી અગ્યારસની તકરારો, ક્રિશ્ચિયનોમાં સેવન્થડે એડવાન્ટિસ્ટોના——જ્યુના શનિવાર અને બીજા ક્રિશ્ચિયનોના રવિવારની તકરારો વગેરે વગેરે. ધર્મક્રિયા ક્યારે કરવી તેના વિકલ્પોએ—વિવાદે મૂળ ધર્મક્રિયાપર કેવું દુર્લક્ષ કરાવી મારામારી રાગદ્વેષ—તિરસ્કારના કિચડોમાં બાળજીવો રગદોળ્યા છે. તે વિકલ્પીઓનેજ હવે તો સારો અનુભવ થયો હશે. પરંતુ જરા સરખા વિકલ્પોને દૂર કરતાં અને તે દિવસે ધર્મક્રિયા શી શી કરવી, તેના અર્થ ઉપર લક્ષ આપતાં જણાઇ આવે છે. કે એ તકરારોએ—

**खामेमि सव्व जीवा, सव्व जीवा खमंतु मे,**
**मित्ति मे सव्वभूएसु, वेरं मज्जं न केणवि.**

અર્થાત્ હું સર્વ જીવોને ખમાવું છું, મને સર્વ જીવો ક્ષમા કરો, મારે સર્વ જીવો સાથે મૈત્રી છે. અને કોઇની સાથે હવે વૈર નથી. આવું પ્રતિક્રમણમાં કર્યા છતાં પણ થતું જણાતું નથી. હવે મુખ્ય શું વૈર ત્યાગ કે ચોથ ત્યાગ, મુખ્ય શું સર્વ જીવો સાથે પૂર્ણ મૈત્રી કે પાંચમ ત્યાગ? અગ્યારસે માત્ર તુલસીના પત્રપર રહે, એટલો આહાર લેવો, અને ભગવત્ ભજન કરવું. તે મૂકી અગ્યારસ અસ્તથી લેવી! તેમાં પડી જઇ ગમે તેટલું ખાવું, મૂળાહાર, અન્નાહારથી પણ આક્ષેપ કરવો—અને ભગવદ્ ભજનને કોરે મૂકી દેવું. પવિત્ર દિવસે જુગાર રમવો, શનિવારે કે રવિવારે ક્રાઇસ્ટને ભજવો. તે ભજાય છે કે, તેની માફક સર્વ જીવોને પાપને—દુઃખને પરોપકારાર્થે પોતે ભોગવે છે કે નહિ, તે વિચારજ બાજુએ રહી જાય છે. માટે મુખ્ય પ્રતિક્રમણમાં પાપનું પ્રાયશ્ચિત, આખા વર્ષનું પ્રાયશ્ચિત, ખરેખર સર્વ જીવોની સાથે, તપગચ્છવાળાની સાથે, અચળ ગચ્છવાળાનીસાથે ખરતર ગચ્છવાળાની સાથે, ઢુંઢીયા ભાઇઓની સાથે, સર્વ હિંદુઓની સાથે, યુરોપીયન, મુસલમાનો સાથે, અને સર્વ મનુષ્યો, તીર્યંચ, નારકી, દેવતાની સાથે પરિપૂર્ણ ખમાવી જરાપણ તપાસવું, ને પછી ચોથ પાંચમનો સંવાદ કરવો.

વિવાદ—કે વિખવાદ ન કરવો, તો વૈષ્ણવી ઉદય અગ્યારસ કે શૈવી અસ્તઅગ્યારસના, શનિવાર કે રવિવારના ઝગડા મટી—વિકલ્પો મટી શાંત નિર્વિકલ્પ મન થતાંજ આત્મા **નિર્વિકલ્પ** જણાશે. પ્રથમ હેતુને જોનારો થઇ હેતુના સાધ્ય તરફ લક્ષ જતાં પોતાનું નિર્વિકલ્પત્વ અનુલક્ષાશે.

**निरामयं** આ ત્રીજું વિશેષણ આત્માની પરમજ્યોતિને આપવામાં આવ્યું છે, **आमय** એટલે રોગ અને **निः** એટલે નહીં. અર્થાત્ જે **निरामय** છે. એટલે રોગ રહિત છે.

રોગ એ શરીરાદિને થાય છે, અને આત્મા તો અશરીરી હોવાથી તેને રોગ શાનો હોય? શરીરાદિ રોગી હોય, કે આરોગ્ય હોય, તો તેઓને પોતે જાણે—દેખે પણ પોતે તેમના જેવો ન થાય.

આત્મદૃષ્ટિના પ્રકાશથી સઘળું ક્ષય—ઉપશમ પ્રમાણે આંતરમાં જણાયા છતાં તેનાથી જે વિરૂદ્ધ ગતિએ ચાલે તેજ માણસ રોગી થાય છે.

જેમકે પરસ્ત્રી કે પરદાર ગમન કરતાં —વિષય સેવન કરતાં કે ચોરી કરતાં આ ખોટું છે, એવું આપણું અંતર જણાવે છે—

આપણે આત્મપ્રકાશ વડે સમજીએ છીએ. તે છતાં ખોટું કરીએ, પોતાથી—આત્માથી—જ્ઞાનથી ઉલટા જઇએ, તો પછી રોગ આવે, ખોટું જાણી ખોટું

તજવું જોઈએ. તેને બદલે ખોટું જાણ્યા છતાં પણ ખોટું ન તજવું. તેથી આધિ એટલે પ્રથમ માનસિક પીડા, ઉપાધિ એટલે સાંસારિક અને વ્યાધિ એટલે શરીરાદિ પીડાઓ ક્રમે ક્રમે આવતી જાયછે, માટે આત્મદૃષ્ટિ રાખી તેમાં જે ખોટું જણાય, તેનો ત્યાગ કરતાં જવો, અને સાચું જણાય, તેને ગ્રહણ કરતાં જવું. તેથી આત્મા તો નિરોગી છે, પરંતુ તમારાં શરીરાદિ પણ નિરોગી થશે.

"જેવી સોબત તેવી અસર" આત્મા **નિરામય** છે તો તેની સંગે મન, વચન, કાયા, ઇંદ્રિયને રાખીએ, તો તે પણ નિરામય એટલે નિરોગી થાય. આત્મા પારસમણિ જેવો છે, અને શરીરાદિ લોખંડ જેવાં છે, તો તે જેમ પારસમણિના સ્પર્શથી લોઢું સુવર્ણ થાય, તેમ **નિરામય** આત્મદર્શનવડે શરીરાદિ લોખંડ પણ સુવર્ણમય જાણે હોય, તેવું તે દેદીપ્યમાન દેખાશે–જણાશે–શોભાશે.

આ શ્લોકમાં તો આત્મા નિશ્ચયનયથી કહેવાયો છે. અર્થાત વસ્તુતઃ કેવો છે. તે કહ્યું છે, હવે નિશ્ચયનયે આત્મા પરમાત્માના સરખો હોવાથી એક નવીન પદ્ધતિએ વગર ઔષધે ધ્યાનબળે શરીરના રોગાદિ મટાડી શકાય, અને લોકોને આત્માવલંબન આપી શરીરાદિને સારા કરાવી શકાય, એવી યુક્તિ પણ છે. તું પરમાત્મા નિશ્ચયનયે છો. માટે પરમાત્મા અને તું એનો અભેદ જો. તું ઘડીભર સમજ કે, હું પરમાત્મા છું. હવે પરમાત્મા નિરોગી છે. વજ્રઋષભનારાચ સંઘયણવાળા છે. અને મને પણ વજ્રઋષભનારાચ સંઘયણ અપ્રગટપણે છે. તો તે પ્રગટ થાઓ. એ ભાવના બરોબર બે ઘડી હૃદયમાં રાખો, ચાર ઘડી મનથી સ્મરો, અને આઠ ઘડી મુખે જપો. અને પછી જુઓ કે રોગ ક્યાં રહે છે? પરંતુ પ્રથમ નિશ્ચયનયે હું કેવો છું, તે જેમ જેમ યથાર્થ સમજાતું જાય, તેમતેમ રોગ શાંતિ જલદી થાય, એટલે કે અપ્રગટ શરીરાદિ બળ જેને પ્રગટ થયું છે, તેવાના ધ્યાનમાં તલ્લીન થતાં પોતામાં પણ બળ પ્રગટ થાય છે.

આ જન્મ એ પણ રોગ છે, મરણ એ પણ રોગ છે, જરા એ પણ રોગ છે, વ્યાધિ એટલે શારીરિક પીડા એ રોગ છે, ઉપાધિ એટલે સાંસારિક પીડા એ પણ રોગજ છે, અને આધિ એટલે માનસિક પીડા એ પણ રોગજ છે. આ જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિ, વગેરે રોગો શરીરને છે, આત્માને નથી. માટે આત્મા તો **નિરામય** જ છે.

જરા, જન્મ થાય, તોજ રોગ હોય, માટે જન્મવાનું બંધ કરવું હોય, તો જન્મ આપવાનું બંધ કરી લેવું. અર્થાત્ બ્રહ્મચર્ય સર્વથા લેવાથી કોઇને જન્મ અપાશે નહીં. એટલે જન્મ થવાનો પણ સંભવ નહિ, કારણકે સ્થુળ બ્રહ્મચર્ય પછી

**બ્રહ્મ** એટલે આત્મા અને **ચર્યા** એટલે તેમાં રમણતા થઈ, તો પછી મોક્ષજ આત્માજ અને તે પણ અજન્ય અને અજર.

મરવાનું બંધ કરવું હોય, તો મારવાનું બંધ કરવું. અન્નાદિ, જળાદિ, હવાદિ ખવાય છે, પીવાય છે, શ્વાસ લેવાય છે, ત્યાં સુધી જીવવધ તો થયા કરે છે. માટે જીવવધ બંધ કરવા સ્વરૂપસ્થ થઇ, અને અન્નજળના ચોવિહાર ત્યાગ કરી, પ્રાણાયામથી પવનને–હવાને રૂંધી. મનને શુદ્ધ આત્મસ્વરૂપમાં લય કરી દેવું કે, મરણ બંધ થઇ, આત્માની જે સાદિ અનંત સ્થિતિ કહેવાય છે, તે પ્રાપ્ત થઇ સદા અજન્ય, અમર થઇ રહે, અને નિજાનંદમાં વિલસે.

**निरुपाधि**—આત્માની પરમજ્યોતિ ઉપાધિ રહીત છે. અર્થાત્ શુદ્ધ ચૈતન્યને કંઇ કર્મની પણ ઉપાધિ નથી. કાળી એવી અશુભ કર્મ ઉપાધિ અને ધોળી એવી શુભ કર્મ ઉપાધિથી આત્મા રહિત છે. કેવળ નિર્મળ સ્ફાટિકવત્ છે. કર્મજનિત સ્વર્ગાદિ અને કર્મજનિત નરકાદિક એ ઉભય ઉપાધિ છે. પરંતુ આવી ઉપાધિથી રહિત કેવળ જ્યોતિરૂપ આત્મા તેઓથી મુક્ત છે.

સ્ત્રી, છોકરાં, ઘરબાર–વાડી–બંગલા–હાટ–દૂકાન–પેઢી– ઑફીશ–હવેલી–મહેલ–સગાંવહાલાં–ઢોર–ઘોડા–હાથી–ગાડી–ચાકર–નફર વગેરે અનેક ઉપાધિ સંસારમાં છે. પરંતુ એ **બધી પુદ્ગળને** છે, આત્માને નથી. આત્મા તો તેને જાણે છે—જુએ છે.

આ મુંબઇ નગર ચક્રવર્તી મહારાજાધિરાજા એડવર્ડ ધી સેવન્થ જુએ છે, અને લાલન પણ જુએ છે. એ પણ જોઇ ખુશી થાય છે, અને લાલન પણ જોઇ–જાણી ખુશી થાય છે, માત્ર ફેર એટલો કે મહારાજા એડવર્ડ જુએ છે, અને તેને ઉપાધિ છે. મુંબઇ નાશ પામે, તો મહારાજા એડવર્ડ દુ:ખી થાય, કારણકે તે માને છે કે, તે મારી છે. અર્થાત્ મુંબઈની હૈયાતિ સુખરૂપ અને નાશ દુ:ખરૂપ છે. અને લાલનને સુખરૂપ છે, અને દુ:ખરૂપ નથી. કારણકે મહારાજા એડવર્ડ મુંબઇને મારી ગણે છે. લાલન પોતે મારી ગણતો નથી.

વળી **લાલન** કહે છે કે, તે પુદ્ગળની જડ પદાર્થની ( બનેલી) છે. આ દાખલામાં જેમ **લાલન** ઉપાધિરહિત પણ મુંબઇનો આનંદ ભોગવતો જણાય છે. તેમ આત્મા પણ ઉપાધિરહિત હોઇ આનંદે વિલાસે છે.

હવે કમળપુષ્પ જળમાં મગ્ન હોવા છતાં નિર્લેપ રહે છે. તેનું કારણ જે છે, તેજ કારણથી આત્મદૃષ્ટિ આ સંસાર સમુદ્રમાં મગ્ન હોવા છતાં નિર્લેપ રહે છે.

ૐ

જુઓ કમળ જમીન પર છે, છતાં આકાશમાં રહેલા સૂર્ય સાથે એવી પ્રીતિ ધરાવે છે કે, નજર સૂર્ય સામીજ રાખે છે. તેથી કરી જળમાં હોવા છતાં તે નિર્લેપ રહે છે, તેમ જે આત્મદૃષ્ટિ છે, તે સંસારમાં હોવા છતાં અનંત સૂર્યના સૂર્ય–જેવા શુદ્ધ આત્મા તરફ દૃષ્ટિ કરી રહ્યા છે; તેથી તેને સંસારનો લેપ લાગતો નથી.

વળી જયારે સૂર્યાસ્ત થાય છે, ત્યારે કમળ બિડાઇ જાય છે, અર્થાત્ પોતામાં પાણી આવી જવા દેતું નથી અને અંતરથી સૂર્યનું ધ્યાન ધરે છે. તેમ આત્મદ્રષ્ટિ પણ ધ્યાનસ્થ રહી આત્માનેજ જુએ છે. સૂર્ય જેમ અસ્ત પામે છે, તેમ આત્મા પણ કર્મમલથી અવરાય છે, પણ ધ્યાન માટે કર્મમલ દૂર થઇ સ્ફાટિકવત્ આત્મા સદા જ્યોતિ રૂપ પ્રકાશી રહે છે.

વળી ખાણમાંથી નીકળતી વખતે સોનું ને માટી સાથે હોય છતાં સોનું જેમ માટી થતું નથી. તેમ આત્મા અને કર્મ પ્રારંભથીજ સાથે છે, તથાપિ આત્મ કર્મરૂપ થાય નહિ એટલે કે જડ રૂપ થાયજ એવી તેને ઉપાધિ ઘટેજ નહિ.

માટી સુવર્ણને લાગેલી હોય છે. એમ ખાણ ખોદનારા જાણે છે. તથાપિ આખો વખત માટીદૃષ્ટિ નહિ પણ સુવર્ણદૃષ્ટિ રાખી સુવર્ણ પ્રાપ્તિનીજ ઇચ્છા રાખી માટી દૂર કરવાના ઉત્સાહમાંજ પ્રયત્નવાન થઇ સુવર્ણ પ્રાપ્ત કરે છે તેમ આપણે પણ કર્મદૃષ્ટિ ન કરતાં આત્મા તરફ દૃષ્ટિ રાખી કર્મરૂપી માટી દૂર કરવા ઉત્સાહવાન્ પ્રયત્નવાન્ થવું કે નિર્મળ સુવર્ણ સરખો આત્મા પ્રગટ થઇ રહે.

**निरंजन**—અંજન એટલે લેપ અને **निः** એટલે રહિત. આત્માની પરમજ્યોતિ લેપરહિત છે. જે સાકાર હોય તેને લેપ હોય, પરતુ આત્માતો નિરાકાર છે તો તેને લેપ તે કેમ લાગે?

જેમ જળમાં રહેલું કમળ પુષ્પ જળના સ્પર્શ રહિત હોય છે તેમજ સંસારરૂપી જળમાં—ચૌદરાજલોકરૂપી જળમાં રહેલ આત્મારૂપી કમળ નિર્લેપ હોય છે.

આ પ્રમાણે જે કોઇના આલંબનની અપેક્ષા રાખતો નથી. એવી આત્માની પરમજ્યોતિરૂપ આધાર યુક્ત વસ્તુઓ શી શી છે, તે જણાવી રહ્યો છે, જેને કંઇ આકાર નથી એવો નિરાકાર આત્મા પરમજ્યોતિમય આકારવાળા પદાર્થોને ભાસમાન કરી રહ્યો છે.

જેને વિકલ્પ નથી એવી આત્માની પરમ જ્યોતિ સુખદુઃખાદિ અનેક વિકલ્પોને સમજાવી રહી છે. જેને કંઇ રોગ નથી એવી નિરામય આત્માની પરમ

જ્યોતિ રોગવાળાં શરીરાદિને દેખાડી રહી છે. જેને કંઇ ઉપાધિ નથી એવી નિરૂપાધિક આત્માની પરમ જ્યોતિ કર્માદિ ઉપાધિ છે એવું ગણાવી રહી છે, અને જેને કંઇ લેપ નથી એવી નિરંજન આત્માની પરમજ્યોતિ અંજન એટલે લેપ કેમ લાગે છે, તે પણ જણાવી રહી છે

પરમ જ્યોતિ નિર્મળ કેમ કહેવાય છે?

**दीपादिपुद्गलापेक्षं, समलं ज्योतिरक्षजं ।**
**निर्मलं केवलं ज्योतिर्निरपेक्षमतींद्रियं ॥४॥**

ગીતિ.

ચક્ષ્વાદિક જે જ્યોતિ, સમલ કહી છે સમસ્ત શાસ્ત્રોમાં;
દીપાદિક પુદ્ગલની, કરે અપેક્ષા પ્રકાશ કરવામાં.
નિર્મલ આત્મ જ્યોતિ, નિરપેક્ષાએ પ્રકાશતી જગમાં;
વળી અતીંદ્રય તે તો, પુદ્ગલાપેક્ષા ન રાખતી નભમાં.

**અનુવાદ**—આંખનું તેજ મેલ સહિત છે[૧] કારણકે તે દિવા વિગેરે પદાર્થની અપેક્ષા રાખે છે પરંતુ આ અતીંદ્રય[૨] કેવળ[૩] જ્યોતિ મેલ રહિત છે કારણકે દીવા વિગેરે કોઇ પણ (બાહ્ય) પદાર્થની અપેક્ષા રાખતી નથી.

**વિવર્ણાર્થ**—દિવસે સૂર્ય, રાત્રે ચંદ્ર, અને અંધારામાં અથવા અંધારી રાત્રે દીવા જેવા કોઇ બાહ્ય પ્રકાશની સહાય હોય તોજ આંખ પદાર્થને જોઇ શકે છે. જેમ લંગડાને ચાલવાને પોતાથી ભિન્ન ઘોડી જોઇએ છીએ, તેમ આંખને પોતાથી ભિન્ન એવા દીવા, તારા, ચંદ્ર અને સૂર્યના પ્રકાશ હોય તો તે જોવાનું કાર્ય કરી શકે એટલે કે, દીવાદિની સહાય ન હોય તો આંખ પણ અપંગ—લંગડા જેવીથઇ પડે.

આંખના તેજમાં આટલીજ ખામી કે દોષ છે, એમ નથી પણ તેથી વિશેષ છે. જુઓ આંખનું કામ દેખવું એ છે. તથાપિ તે ચૌદરાજ લોકમાં સર્વત્ર જોઇ શકતી નથી, જેટલામાં દીવો, ચંદ્ર, અને સૂર્ય પ્રકાશ કરે તેટલામાં જોઇ શકે છે.[૨] અને તારાદિ તો પરિમિત ક્ષેત્રને પ્રકાશ આપનારા છે એ પૂર્વના શ્લોકમાં જણા-

૧ સદોષ. ૨ ઈંદ્રિયથી પર. ૩ માત્ર—ફકત.

૨. તેટલામાં પણ પુરેપુરૂં જોઇ શકતી નથી.

વ્યું છે, એટલે આંખ પણ બિચારી જો કે જોવાનું કામ કરનારી છે છતાં પરિમિત ક્ષેત્ર સૂધીજ જોઇ શકે છે અને તે પણ દિવાદિની સહાય હોય તોજ.

વળી ભીંત, પર્વત, વાદળાં એવું કંઈ આંખ અને સૂર્યાદિ બાહ્ય પ્રકાશની વચમાં આવે તો તે વચમાં આવેલા પદાર્થની પછવાડે તેથી ભાગ્યેજ દેખી શકાય છે. આમ વિચારતાં જણાય છે, કે જેટલામાં સૂર્યાદિનો પ્રકાશ હોય તેટલામાં પણ આવરણ વચમા આવે તો તે દેખી શકતી નથી, પરંતુ વગર દીવે વગર સૂર્યે વગર ચંદ્રે, કે વગર તારાએ જે જોઇ શકે છે, અને જે ઉપન્ના સૂર્યાદ પ્રકાશને આવરણને પણ ભેદી જે અંતરબાહ્ય સર્વત્ર જોઇ રહી છે, તે બીજા કોઈ પણ પ્રકાશની અપેક્ષા નહીં રાખનારી નિર્દોષ જ્યોતિ તે આત્મ જ્યોતિ છે.

વળી આત્મ તેજ સર્વત્ર જોઇ શકે છે. કુટયાદિ આવરણને એક્સરેઝના કિરણની પેઠે ભેદી જઇ તેની પેલીપાર શું છે, તેપણ જાણી જોઇ શકે છે, તે પણ આંખના તેજની કે દિવાદી ક સૂર્યાદીની સહાયની તેને જરૂર નથી; પરંતુ આંખને જે સહાય આપી રહી છે તે પણ આત્મજ્યોતિનું તેજ છે. મનને પ્રકાશ આપે છે તે પણ આત્મજ્યોતિનું તેજ છે, અને સૂર્યાદિ પ્રકાશને પણ જાણતું જોતું તેજ તે આત્માનુજ તેજ છે. તે તેજ સર્વને પ્રકાશ આપનારૂં છે, માટે આત્મ જ્યોત્તિ એ નિર્દોષ છે અને તેને કોઇ ઇંદ્રિયની મદદ જોઇતી નથી સર્વ એની મદદ પામી રહ્યું છે, માટે પૂર્ણ તેજ તે આત્મતેજજ છે.

સાક્ષી આત્મા કેવો છે:

**कर्मणः कर्ममानेषु जागरूकेष्वपि प्रभुः**
**तमसानावृतः साक्षी स्फुरति ज्योतिषा स्वयं ॥ ५ ॥**

**અનુવાદ—ઉદયમાન કર્મોને વિષે પણ જે કર્મનો માલિક છે. એવો સાક્ષી(આત્મા) અંધકાર વડે અવરાએલો નથી; પરંતુ (પરમ) જયોતિ વડે પોતેજ પ્રકાશી રહ્યો છે.**

**વિવર્ણાર્થ--દીવાની આડે પડદો હોય તેથી કરી પદાર્થો ન દેખાય, પરંતુ દીવો પોતે તો પોતાના પ્રકાશ વડે ઝળઝળી રહ્યો છે. ચંદ્ર, સૂર્યની આડ વાંદળાં કે રાહુ આવે તેથી બીજા પદાર્થો ન દેખાય, પરંતુ તેઓ પોત પોતાના પ્રકાશ વડે ઝળઝળી રહ્યા છે, તેમ આત્માની આડ કર્મ રૂપ આવરણ આવે, તો પણ સાક્ષી એવો આત્મા પોતાના પ્રકાશ વડે સદા ઝળઝળી રહ્યો છે.**

વળી ઘણાં અંધકાર વડે પણ પ્રકાશ કેમ અવરાય ? જરા સરખો પણ પ્રકાશ ઘણા અંધકારોને એવા ભગાડે છે કે બીચારા અંધકારોને પર્વતની ગુફામાં સંતાઇ જવું પડે છે. અને ત્યાંયા પણ નાસવું પડે છે. તો લોકાલોકપ્રકાશક આવી આત્મજ્યોતિને કોણ આવરી શકે ? કર્મ પણ બિચારા કેમ આવરી શકે. કારણકે મોહવડે=અજ્ઞાન વડે=કર્મ વડે કોઇ પણ આત્મા પુરો અવરાય નહીં, થોડો ખુલ્લો રહેજ જેમ સૂર્યનું ગ્રહણ પુરૂ ન હોય મોટામાં મોટું હોય તો તે ખગ્રાસ હોય, તેમ ઘણોજ અવરાય તોપણ આઠ રૂચક પ્રદેશ તો સર્વ આત્માના નિર્મલ હોયજ.

એ જ્યોતિની–પ્રતિભા ઉપરથી કહી શકો છો. એ તેની આભાવડેજ તમને સૂર્યનું જ્ઞાન થયું, તેમજ તમારી આભાવડે સીતેર કોડાકોડી સાગરોપમ જેમાં મોહની આદિ કર્મના ગાઢ આવરણો છતાં, આ આવરણો છે, આ જગત છે —આ હું આત્માવડેજ સર્વ દૃશ્ય થઇ રહ્યું છે. મારી આભાથીજ–મારી પ્રતિભાથીજ સવ જડ ભેદાએલું પ્રકાશિત થઈ રહ્યું છે, એમ આત્માનો અર્થાત્ સ્વયં જ્યોતિનો કોઇ કાળે અસ્ત કે ઉદય થતોજ નથી તે તો—

"અખંડ આ સ્થિર જ્યોતિમાં નથી થતું નથી જાતું" (જ્યોતિદર્શનમ્ તેજ આત્મા હું છું. તેજ **सोहम्** રૂપ છું. હવે માત્ર પોતાની–આત્માની આભા નહિ, પણ પ્રકાશ વડે સૂર્યે જેમ તપવુ જોઇએ તેમ, તપ વગેરે ઉતમ ક્રિયા કરી મોહની આદિ કર્મવાદળાંને વીર્યબળે ખસેડી નાખી અથવા રડાવી પરસળાવી–પશ્ચાતાપ રૂપે દૂર કર્યાં હોય તો આભા મટી પ્રકાશરૂપ થઇ કર્મના ગુલામ નહિ, પણ માલિક થઇ તેમને દૂર કરવા એ પોતાની સ્વાધીનતાની વાત હોય છે.

**परमज्योतिषः स्पर्शादपरं ज्योतिरेधते ।**
**यथा सूर्यकरस्पर्शात् सूर्यकांतस्थितोऽनलः ॥ ६ ॥**

પરમ જ્યોતિ સ્પર્શે, આતમજ્યોતિ સકળ પ્રગટાય;
ભાસ્કર કરના સ્પર્શે, સૂર્યકાંતનો અગ્નિ પ્રગટાય.

**અનુવાદ**—જેમ સૂર્ય કિરણના સ્પર્શથી સૂર્યકાંતમણિમાં ગુપ્ત રહેલો અગ્નિ વૃદ્ધિ પામે છે–તેમ આ પરમજ્યોતિના સ્પર્શથી બીજી જ્યોતિઓ વૃદ્ધિ પામે છે.[૧]

---

૧ અનુભવજ્ઞાન કે આત્મ દર્શન વડે બીજા જ્ઞાન કેટલા વૃદ્ધિ પામે છે, તે સવીર્ય ધ્યાનમાં યા શુદ્ધોપયોગમાં જોવું. ઇ. સ ૧૮૯૮ના મે ૧૩ થી શાર્લોટ મિચિગન. યુ સે અમેરિકામાં લાલનના સમાગમમાં આવેલાં બ્હેન મર્ગેરેટ ફિલિપ્સના, મુકતાના ઈ સ. ૧૯૦૧ના ભાઇ શિવજી દેવશીના જનુમાં કોઇ અપૂર્વ વધારો પૂર્વની અપેક્ષાએ દેખાઇ–જણાઇ આવે છે. એ પ્રત્યક્ષ પુરાવા છે.

ત્ર, ભૂગોળવિદ્યા, ભૂસ્તરવિદ્યા, ખગોળવિદ્યા, ઇત્યાદિ અનેક વિદ્યા મહાવિસ્તારવાળી આ જ્યોતિના સ્પર્શથી તેને થઇ રહે.

સૂર્યકાંતમણિ જડ છે અને જડ એવા સૂર્યકાંતમણિને સૂર્યકિરણનો સ્પર્શ થતાં તેમાંથી અગ્નિ ઝરવા માંડે છે, તો સૂર્યકાંત એવો આ માનવ દેહ જે જડ સૂર્યકાંતમણિ કરતાં સચેતન હોવાથી અનેકશઃ શ્રેષ્ટ છે, તેને આત્મારૂપી સૂર્યના જ્ઞાનાદિ કિરણનો સ્પર્શ થતાં તો અર્ધ પુદગલ પરાવર્ત્તના કર્મ ક્ષણમાં દહન થઇ જાય એવો તપોગ્નિ કે સત્તાગ્નિ કાં ન પ્રગટે?

સિંહ જ્યારે ફુંફાડો મારે ત્યારે જંતુઓ નાશ પામે અને ગર્જના કરે તો પશુઓ પલાયન થઇ જાય, તેમ આપણે પણ માનવ બાંધવો રૂપી સિંહ, હું કોણ એવી ગર્જના કરતાં પ્રમાદાદિક દૂષણોરૂપી પશુઓ પલાયન કરી જાય—શરીરરૂપી ગુફામાં રહેલો સોહંરૂપી મહાસિંહ સકળ કર્મરૂપી પશુઓને કાંતો હણી નાખે; કે કાંતો ભગાડી મૂકે.

જેમ સિંહની ગર્જનાથી આખું વન ગાજી નીકળે તેમ હું કોણ એવા ભેદજ્ઞાનની ગર્જના કરતાં આ ભવરૂપી કાનન ગાજી ઉઠે.

વળી સિંહ જેમ સઘળા પશુઓનો રાજા છે, તેમ આત્મારૂપી મહાસિંહ મનુષ્યો, દેવો, ઈંદ્રો, તિર્યંચો, અને નારકીઓ એ સર્વનો રાજાધિરાજ છે. પ્રાણીમાત્ર આત્મારૂપી મહાધિરાજની આણમાં છે. માટે પરમ જ્યોતિવડેજ સર્વ વિદ્યા, કળા પ્રગટ થઈ પૂર્ણ વિસ્તારમાં શોભી રહે છે.

પોતે પરમ જ્યોતિરૂપ હોવા છતાં પોતાને જાણનાર અને નહિ જાણનાર કેવા થાય છે.

**पश्यन्न परमं ज्योतिर्विवेकाद्रेः पतत्यधः**
**परमं ज्योतिरन्विच्छन्नाऽविवेके निमज्जति ॥७॥**

## ગીતિ.

પરમ જ્યોતિનો માર્યો, કદી બુડેના વિવેક ખાડીમાં;
પણ તેનો અન ઇચ્છક, વિવેક ગિરિથી પડેજ ઝાડીમાં.

**અનુવાદ.—** પોતામાં સ્થિર એવી (પરમ જ્યોતિ તરફ નહિ જોનાર માણસ વિવેકરૂપ પર્વત ઉપરથી નીચે પડી જાય છે. પરમ જ્યોતિને શોધનાર ચારે બાજુથી વિવેકને વિષે ગરકાવ થઈ જાય છે, મગ્ન

**વિવર્ણાર્થ—જેમ સૂર્યકાંતમણિમાં અગ્નિ ગુપ્ત રહે છે, તેમ સૂર્યકાંતમણિ-સહસ્રો ભેળા કરીએ તોપણ જેની તુલના ન થઈ શકે એવા માનવ દેહમાં બાહુબળ, ઇંદ્રિયબળ, શરીરબળ, મનોબળ, બુદ્ધિબળ, ચૌદ વિદ્યા, ચોસઠ કળા આદિ અનેક જાતના અગ્નિ-બળ-સ્ટીમ ભરેલાં છે. અને જેમ સૂર્યકાંતમણિને સૂર્યકિરણનો સ્પર્શ થતાં તે મણિનો અગ્નિ પ્રગટી નીકળે છે, તેમ માત્ર ઉપશમ સમ્યક્ત્વરૂપ આત્માનો અરુણોદય થતાં કે ક્ષયોપશમ સમ્યક્ત્વરૂપ ચંદ્રોદય થતાં કે ક્ષાયક સમ્યક્ત્વરૂપ સૂર્યોદય થતાં તો કંઈ અન્ય વિદ્યા અને કળા પોતાની પરાકાષ્ટા પામ્યા વિના રહેજ કેમ ?**

અથવા જેને ક્ષાયક સમ્યક્ત્વ **પ્રગટ થયું છે એવા સિદ્ધ ભગવાન્ અર્હત્—પરમાત્મા અને** જેને ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રગટ થયું હોય એવા કોઇ આચાર્ય મહારાજ તેમનું મુખે ભજન, મનમાં સ્મરણ અને હૃદયમાં ધ્યાન ધર્યું હોય તોપણ તે ત્રણે સ્થાનમાં રહેલ આત્મ જ્યોતિ પ્રગટે અને મુખમાં સાક્ષાત્ **સરસ્વતી** મનમાં સાક્ષાત્ **સુરગુરૂ** અને હૃદયમાં સાક્ષાત્ **વીરપરમાત્મા પ્ર**ગટ થયા હોય એવાં બળ, બુદ્ધિ, અને સમતા—દયા—સમભાવ સર્વત્ર પ્રગટી રહે છે એવું સામાન્ય બાંધવોન પણ એકાગ્ર થતાં અનુભવાશે; કારણ કે એ પ્રમાણે કરતાં કરતાં આત્મારૂપી સૂર્યના પણ સૂર્યના જ્ઞાનાદિ કિરણો માનવ દેહરૂપ સૂર્ય કાંતમણિને સ્પર્શ કરે છે. અને એનો સ્પર્શ થતાંજ બાહ્ય ગુણો પણ પરાકાષ્ટતા પામે છે.

વસ્તુપર જેટલો પ્રકાશ પડે તેટલી વસ્તુ જણાય, હવે ઇંદ્રિયો, મન, શરીર, જગત્, ચૌદરાજ લોક એ સર્વ સ્થળે અંદર બહાર જ્યારે પ્રકાશ પ્રકાશ પ્રકાશ, પ્રકાશ ને પ્રકાશજ થઇ રહે, ત્યારે બાજ્ઞ જ્ઞાન પણ વિસ્તારમાં આવે, મન પણ કેવું વિશાળ થઈ રહે, ઇંદ્રિયો પણ કેવી પટુતા પામે, શરીર પણ કેવું બળવાન્ જણાય ? જુઓ.

કાન દિવ્ય નાદ સાંભળે, આંખ દિવ્ય દર્શન કરે, નાક દિવ્ય સુગંધ ગ્રહણ કરે જીહ્વા દિવ્યામૃત આસ્વાદે, અને ત્વચા દિવ્ય સ્પર્શ અનુભવે એટલુજ નહીં પણ કાન સેંકડો માઇલથી ગાન શ્રવણ કરે, નાક સુગંધ ગ્રહે, વગેરે ઇંદ્રિય—પટુતામાં પણ તેને બાધ ન રહે.

મન સર્વ વસ્તુમાં ભિતર બહાર પ્રવેશી રહી એટલી બધી પટુતા પામે કે વ્યાકરણશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, સ્વરશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, સામુદ્રિકશા-

થઈ જાય છે. પરંતુ પરમ જયોતિને શોધનાર માણુસ અવિવેક (ખાઇ) માં કદી કુદી મરતો નથી.

વિવર્ણાર્થ—જગતના સર્વ પ્રકારના જ્ઞાન વિવેક જ્ઞાનની અપેક્ષા એ સામાન્ય છે. અને એ સર્વમાં શિરોમણિ તો વિવેકજ્ઞાનજ છે, એટલા માટેજ તેને ઉંચામાં ઉંચા તેજ પુંજ જેવા પર્વતની ઉપમા આપીએ તો કંઇ ખોટું નથ; કારણકે, એ વિવેકજ્ઞાન વડેજ આ જગતમાં જડ શું ? ચૈતન્ય શું ? સાર શું ? અસાર શું ? હેય શું ? ઉપાદેય શું ? ગ્રાહ્ય શું ? ત્યાજ્ય શું ? કર્તવ્ય શું ? અકર્તવ્ય શું ? સાચું શું ? જુઠું શું ? સારૂં શું, નઠારૂં શુ ? ભલું શું ? ભુંડું શું ? શુભ શું ? અશુભ શું ? શુદ્ધ શું ? અશુદ્ધ શું ? ઇત્યાદિ અનેક નહિ પણ સર્વ વસ્તુઓ જણાઈ લેવાય છે, તથાપિ એવો વિવેકી કોઇ બીજો નથી, પણ પરમ જયોતિ તે પોતેજ છે, તેનું દર્શન કે આલંબન સતત ન રાખે તો તે વિવેકરૂપ પર્વત પરથી પડી જાય છે. પોતે ચૈતન્ય હોવા છતાં જડ એવા દેહાદિમાં જરાપણ મળી જતાં તે વિવેકરૂપ પર્વતની નીચે આવેલા સંસારરૂપ ઝાડીમાં ભમતો ભમતા સરી જાય છે, પરંતુ સદા સર્વદા પોતામાં ઝળઝળી રહી છે અને પરમ જયોતિને જોતાં તેનામાં સતત લક્ષ રાખનારો, અવિવેકરૂપી ખાઈમાં પડતો નથી. એટલુંજ પણ પહેલા વિવેકરૂપ પર્વતપર ચડા ચડી ઉચ્ચ ઉચ્ચ ઉચ્ચ ગતિ પામતો એટલુંજ નહીં પરંતુ છેવટે પાંચમી ગતિ લોકાગ્રે મોક્ષ નગરના સિંહાસન ઉપર બેસે છે. ૨

આ સંસાર એક અગાધ મહાસાગર જેવો જણાય છે, પરંતુ તે વિવેકરૂપી પર્વતની આસપાસ એક ખાઈ હોય તેવો પહેલા પર્વતના સંયમ[૧] નામના વિસામા પરથી જોતાજ સ્પષ્ટ દેખાઈ રહે છે.

આ સંસાર રૂપી ખાઇની મધ્યમાં આવેલો વિવેકરૂપી પર્વત અષ્ટાપદની પેઠે આઠ પગથીયાંવાળો છે.[૨]

---

૧ પાંચયમ—યોગનું પહેલું અંગ—એટલે કે અહિંસા કે દયા, દયા સર્વ પર થતાં, સત્ય વદતાં, પ્રમાણિકપણે વર્તતાં, શીયળ પાળતાં, અને પ્રાપ્ત થતિ સ્મૃદ્ધિમાં મમત્વ ન રાખતા સંયમોનો વિસામો આવે છે'

૨ યશોવિજય ઉપાધ્યાય કૃત યોગદષ્ટિની સઝાય વાંચો—સાંભળો—વિચારો—મનન કરો ને ક્રિયામાં મૂકો એક એક દષ્ટિને એટલે પછી ઉપરની વાતમાં શ્રદ્ધાની જરૂર નહીં રહે કારણકે તમને પોતાને તે પ્રત્યક્ષ થઇ રહેશે.

તે આઠ પગથીયાં યમ, નિયમ, આસન પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, અને સમાધિ છે.[૩]

શ્રી યશોવિજયજી મહારાજે યોગદૃષ્ટિમાં સમજાવ્યું છે. તે સમજતા પોતામાં તેવા ગુણો હોય તો ઠીક નહીંતો તે પ્રમાણે વર્તન કરી તેવા ગુણો પ્રગટાવવા એટલે ઉપર લખેલી વાતની પ્રતીતિ થશે. વાંચોજ નહીં. ધારોકે પણ ખરા આપણે પરમજ્યોતિરૂપ આદિનાથ જે આપણા નિર્મળ હૃદય સિંહાસને બિરાજે છે તેના દર્શન કરવાં છે એ દર્શન અષ્ટાપદ પર ચડી કરવાના છે તો ગૌતમ સ્વામીએ જેમ સૂર્ય કિરણ પકડી અષ્ટાપદ પર ચડી આદિ પરમાત્માના દર્શન કર્યા તેમ વિવેકરૂપ અષ્ટાપદ પર ચડનાર વિવેકી ગૌતમ સરખા જીવે પરમજ્યોતિરૂપ અનંત સૂર્ય સરખા પોતાના આત્માના જ્ઞાનાદિ કિરણો સતત પકડી ઉપર જવું તો અવશ્ય આદિનાથરૂપ શુદ્ધ આત્માના દર્શન થશે અને કેવળજ્ઞાન પણ સાંભળશે. ૧

કઇ પરમ જયોતિને અમે નમીએ છીએ.

**तस्मै विश्वप्रकाशाय परम ज्योतिषेनमः**

**केवलं नैव तमसः प्रकाशादपियत्परं ॥ ८ ॥**

## ગીતિ.

અંધકારથી પરજે, અન્ય જ્યોતિઓ પ્રકાશ કરનારી.
તે જ્યોતિથી પણ જે, વિશેષ પ્રકાશ જગતમાં ધરનારી
એવી આતમ જ્યોતિ, પરમ જ્યોતિ જે પ્રકાશતી જગમે,
વારંવાર હું તેને, નમન કરૂં છું મમત્વ છાંડી ને,

**અનુવાદ—જે અંધકારથી માત્ર નહિ પરંતુ અજવાળાથી પણ નિરાળી છે, એવી આખા વિશ્વને પ્રકાશ આપનારી પરમ જયોતિને અમારો નમસ્કાર છે.**

---

૩ જુઓ શ્રી હેમચંદ્રાચાર્ય કૃત યોગશાસ્ત્ર અથવા મિત્રા, તારા બલા દીપ્રા, કાંતા, અને પ્રભા અને પરા એ અષ્ટાપદરૂપી વિવેક પર્વતના આઠ પગથીઆં છે. હવે યોગનું એક એક અંગ તેજ એક એક યોગદૃષ્ટિ છે. અને તેનું સ્વરૂપ અથવા ચર્ણાનુસારી યોગાચાર્ય પતંજલિ મુનિકૃત યોગદર્શન પણ વાંચો—વિચારો. અને ક્રિયામાં મૂકતા જાઓ, તો અનુભવ થાય. અને શાસ્ત્રમાં શ્રદ્ધા પણ દૃઢ થતી જાય, કારણકે જે શાસ્ત્રકારે જોયું, તે પોતેજ જુઓ તો પછી શ્રદ્ધારૂપી બીજનું ફળ જ્ઞાન—દર્શનરૂપ થયુંજ જાણવું.

**વિવર્ણાર્થ—પૃથ્વીપર અજવાળું અને અધારૂં છે, પરંતુ તે સૂર્યમાં એકાંત પ્રકાશ છે. અને આ અંધકાર અને આ ઉજાશ એમ ઉભયને પ્રકાશે છે. એટલે જાણે-જુએ છે-તેમ બહિરાત્મની પેઠે ઘણું ક જ્ઞાન અને સહજ અજ્ઞાન એમ જેમાં નથી પણ સૂર્યની પેઠે જે જ્ઞાન અજ્ઞાન ઉભયની ઉપર એવી કેવળજ્ઞાનરૂપી પરમજ્યોતિ છે તે પરમ-જ્યોતિને અમે નમન કરીએ છીએ.[1]**

આ શ્લોકમાં વ્યંગાર્થ એવો છે કે એ પરમજ્યોતિને નમતાં અમારામાં ગુપ્ત રહેલી પરમજ્યોતી પ્રગટ થાઓ. આગળના એક શ્લોકમાં એમ આવી ગયું છે, જે સૂર્યકાંતમણિને સૂર્યકિરણનો સ્પર્શ થાય તો તે મણિમાં ગુપ્ત રહેલો અગ્નિ પ્રગટ થઇ વૃદ્ધિ પામે. તેમ ઉપર વર્ણવેલી પરમજ્યોતિ તરફ નમ-તાં—વળતાં તે પરમજ્યોતિના કિરણના સ્પર્શથી અંતરાત્મારૂપી સૂર્યકાંતમણિમાં રહેલ જ્ઞાનાદિ અગ્નિયો સ્ફુરાયમાન થઇ કર્મ મળને ભસ્મીભૂત કરી અંતરાત્મા પોતે પણ પરમ જ્યોતિમય બની રહે.

મને કેવો કલામય પરમાત્મ પ્રકાશ હો?

**ज्ञानदर्शनसम्यक्त्वचारित्रसुखवीर्यभूः ।**
**परमात्मप्रकाशो मे; सर्वोत्तमकलामयः ॥ ९ ॥**

**ગીતિ.**

તે પ્રકાશ હુમનેહી, જે છે ભૂમિ સમસ્ત ગુણ ગણુની;
સર્વ કળામાં ઉત્તમ, કાળરૂપ છે દિવ્યજ્યોતિ તેની.
સમ્યક દર્શન જ્ઞાના,દિકની ઉત્પતિનું શુભ સ્થાન;
ચારિત્ર સુખ પણ ઉપજે, એવો આતમ પ્રકાશ ગુણવાન.

---

**[1] नाहोरात्र यथा सूर्ये, प्रज्ञारूपा विशेषतः**
**बोधरूपा विशेषान्न; बोधाबोधौ तथात्मनि ॥**

જેમ સૂર્યમાં રાત્ર દહાડો નથી પણ કેવળ પ્રકાશજ છે, તેમ (પરમ) આ-ત્મામાં-પરમાત્મામાં જ્ઞાન-અજ્ઞાન નથી પરંતુ કેવળ જ્ઞાનજ છે.

"As in the sun there is neither day nor night but all light, so in the supremeself, there is neither knowledge nor ignorance but all light" (ઉપદેશ સહસ્ત્રી.)

**અનુવાદ—જે પ્રકાશ, જ્ઞાન, દર્શન, સમ્યકત્વ, ચારિત્ર, સુખ અને વીર્યને પ્રગટ થવાની ભૂમિરૂપ છે. અને એટલા માટેજ જે સર્વ કલાઓમાં ઉત્તમ કલારૂપ છે. તે પરમાત્મ પ્રકાશ મને હો.**

**વિવર્ણાર્થ-"અખંડ આ સ્થિર જ્યોતિમાં નથી થાતું નથી જાતું."**

અનુભવ સ્થિતિની અખંડજ્યોતિમાં તે પરમજ્યોતિ માત્ર પોતેજ છે. એવું તીવ્ર મુમુક્ષુને પ્રતીત થાય છે. અને ત્યારબાદ સમયાંતરે એજ પરમ જ્યોતિરૂપ, અનંત જ્ઞાનરૂપ,અનંત દર્શનરૂપ, અનંત સમ્યક્ત્વરૂપ, અનંત ચારિત્રરૂપ, અનંત આનંદરૂપ, અને અનંત વીર્યરૂપ એમ અનંત ગુણોરૂપ પોતેજ છે. એમ સમયે સમયે પ્રતિભાસન થયા કરે છે.

જેમ એક હીરાને પહેલ ( Prisms )· પાડેલા હોય તેમ આત્મરૂપ હીરાને અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત ચારિત્ર આદિ અનંતત્વ, અરૂપત્વ, અગુરૂ લઘુ, તેમજ અનંત વીર્ય એવા પહેલ પડેલા જણાય છે.

વળી કળા ચોસઠ ગણાય છે, અને યૂરોપ–અમેરિકાની નૂતન કળાઓ તેમાં ઉમેરીએ તો તે ઘણીક થાય. હવે કળા જોઇએ તો ચોસઠ હોય, કે ચોસઠ હજાર હોય, કે ચોસઠ લાખ હોય, કે જેટલી વસ્તુઓ તેટલી હોય, કે જેટલા શબ્દો તેટલી હોય, કે જેટલા વિચારો તેટલી હોય પરંતુ તે અસંખ્ય કળાને શોધનાર આત્મા છે અને તે આત્મા તે (तत्त्वमसि ) તું છે અને હતો પણ તુંજ. નવીન નવીન કળા આત્માજ—તુંજ શોધશે. પરંતુ સકળ કળાનું મૂળ સ્થાન અને સર્વ કળા પૂર્ણ દશાએ પહોચાડનાર એવી કોઇ પણ કળા હોય તો તે આત્મજ્ઞાન કળા કે પરમાત્મ પ્રકાશ કળા છે અને તે પોતામાં પ્રગટે એવી જીજ્ઞાસા રાખી સતત પ્રયત્ન કરવો જોઇએ.

આત્મજ્યોતિ કળા પ્રાપ્ત થયા પછી કોઇ પણ કળા હાંસલ કરવાનું સુગમમાં સુગમ એટલા માટે થઇ જાય છે કે આત્મામાંથી કોઇ નૂતન કળાનાં મધ્યબિંદુ માટે હ્રદયમાં સ્ફુરણ ( Inspiration ) થાય છે. પછી મનમાં તેનું પ્રતિબિંબ પડી વિચારણા [ Intiuson ] થઇ ઉદભવે છે ત્યાર પછી હાથમાં લાઘવ આવે છે આમ થવાથી સામાન્ય કળાઓથી આ કળા અનંત ગણી શ્રેષ્ટ માલુમ પડે છે.

હાલ નુતન કળા શોધન ઘણું કરી ચાલતી કળાપરથી અનુમાન કરી શોધાય છે. જેમકે **લાલન** પોતાની યુરોપ—અમેરિકાના બાંધવો-બ્હેનોને કહે છે કે, તમે [ Microscope ] સૂક્ષ્મદર્શક યંત્ર શોધ્યું અને ઘણી સૂક્ષ્મ વસ્તુને ૫૦૦ થી ૧૦૦૦ ગણી મોટી દેખાડી તે નરી આંખે ન દેખાતી વસ્તુને દેખાડી, તેના દ્રવ્ય

ગુણુ તપાસવાનું સુગમ કરી આપ્યું. તો હવે એ માઇક્રોસ્કોપ (સૂક્ષ્મદર્શકયંત્ર) પરથી Microsphone માઇક્રોફોન એટલે સૂક્ષ્મસ્વરશ્રવણુ યંત્ર અર્થાત્ એજસૂક્ષ્મ જીવો જેતમે સૂક્ષ્મદર્શક યંત્રવડે જુઓછો તેનો સૂક્ષ્મસ્વર કેવોછે તે પારખવા સૂક્ષ્મ-શ્રવણ યંત્ર શોધો અને તે એમ શોધાય કે જેમ એક ઘુમટવાળી જગ્યા હોય, તેવી જગ્યાએ સહજ અવાજે બોલતાં ઘોષ થઈ સંભળાય છે, આટલા પ્રિન્સી-પલ કે સિદ્ધાંત ઉપરથી જો ત્રાંબાની પ્લેટના નાનાનાના ઘુમટો પર જરા મોટામો ટા ઘુમટો બનાવી યંત્રોમાં મૂકયા હોય તો તે સૂક્ષ્મજંતુના અવાજ શ્રવણુ થઇ તેમની પણુ પરીક્ષા કરી શકાય. પરંતુ આ રીત એક શોધન ઉપરથી અનુમાન કરી બીજી શોધ કરવા સરખી છે. આતો આ પ્રમાણે કુદરતમાં ઝીણાંઝીણાં જંતુનું દર્શન, તેમના સ્વરૂપનું શ્રવણુ સૂક્ષ્મવસ્તુ સુગંધ વગેરેના વોલ્યુમ-જથ્થો મોટા પ્રમાણુમાં લાવવાનું થયું અને મનુષ્યના હાલની ઇંદ્રિયોને યોગ્ય પ્રમાણુમાં તેઓને આણી સ્વરાદિ અનુભવી શકાય એમ લાગે છે. વળી સંસારમાં કેટ-લાક એટલા બધા મોટા સ્વર છે કે માણુસ સાંભળી શકે તેના કરતાં પણુ હજારો ગણુા મોટા, માટે તેમને નાના પણુ એટલે સુધી કરી શકાય કે મનુષ્યની હા-લની શ્રવણેંદ્રિય સાંભળી શકે. જેમ દુર્બિનથી છેટેનું પાસે અને મોટું દેખાય, તેમ અવાજને મંદ કરનારી વસ્તુના અંતરાલો પ્રેરતા અત્યંત જાડા અને મોટા અવાજો પણુ યોગ્ય પ્રમાણે આણી મૂકાય. આવી શોધો પણુ એક સૂક્ષ્મદર્શક વગેરે હાલના યંત્રની કળાપરથી અનુમાનવડે શોધી શકાય.

તથાપિ જે સ્ફુરણા હૃદયમાંથી થઇ મનમાં બિંબિત થાય છે, અને તેથી આંતર બોધ વડે જે શોધ થાય તેમાં અનુમાનની બીલકુલ જરૂર પણુ રહેતી નથી. પરંતુ જેમ જેમ પરમાત્મ પ્રકાશ સાથે એક રૂપ થવાતું જાય તેમ તેમ સ્ફુરણા યા આંતરબોધ વડે થતા શોધોનો સુમાર રહે નહિ અને તેટલા માટેજ સર્વ કળા-મા શિરોમણિ તો પરમાત્મ પ્રકાશ યોજવાની કળા છે.૧

આત્મધામ કળા વિના બીજી કળા કેવી છે?

**यां विना निष्फलाः सर्वाः कला गुणबलाधिकाः॥**
**आत्मधामकलामेकां तां वयं समुपास्महे ॥१०॥**

---

૧ આ સ્થળે કેવું જોઇએ, કે ઇંદ્રિયોની શકિત યંત્રની મદદથી ખીલતી ન થી પરંતુ ઓછી થાય છે. પરમાત્મ પ્રકાશની મદદથી ઇંદ્રિયો સ્વાભાવિક રસ્તે પટુતા પામે છે. મન સ્થિર હોવાથી ઇંદ્રિયો પોતાના મધ્ય બિંદુમાં રહી, નિયમમાં રહી વર્તવાથી મહાબળવાન થતી અનુભવાય છે.

**ગીતી,**

જે વિણ સર્વ કળાઓ; નિષ્ફળતાને જરૂર પામે છે;
તે પરમાત્મકળાને, ઉપાસવામાંસ્વચિત્ત જામે છે.

**અનુવાદ**— ગુણો અને પ્રભાવમાં શ્રેષ્ઠ એવી સર્વ કળાઓ, જે એક કળા વિના નિષ્ફળ છે તે આત્મધામમાં રહેનારી ( પરમ-જ્યોતિરૂપ ) કળાનીજ અમે ઉપાસના કરીએ છીએ.

**વિવર્ણાર્થ—હીરો ઘણા મુલ્યનો હોય એટલુંજ પણ આખી દુનિયાના હીરા અને કોહીનૂર હીરો એક મહારાજા પાસે છે, પરંતુ તેને આંખ ન હોય તો તે હીરા શા કામના છે. આ ઉપરથી સમજાશે કે માણસની આંખ સઘળા હીરા કરતાં અનંત ગણી ઉપયોગી છે. હવે હીરા પણ હોય અને આંખો પણ હોય પરંતુ માણસના શરીરમાં ચૈતન્ય નહોય આત્મા ન હોય-તો આંખ અને હીરા એ બન્ને શાકામના?**

તેમ જગતની સર્વ કળા હોય પરંતુ આત્મધામ કળા ન હોય તો તે કળાઓ શા કામની? એ આત્મધામ વિનાની કળાઓ ઉલટી આત્માને બાંધે છે પરંતુ આત્મધામ કળા હોય તો એ સર્વ કળાઓ જાણે વળી તેની દાસી હોય તેમ તેની સેવા કરે છે. વળી તાર telegram યંત્ર કળા તારબીન તારની wireless telegram કળા બીન સ્વર શ્રવણ તેમજ telephone હવે ભવિષ્યની સ્વર શ્રવણકળા અને wireless telephone તાર વગેરે આધુનિક કળા આતમ કળાને જાણનાર માણસનેજ હેરત પમાડે છે. પરંતુ સર્વ કળામાં શિરોમણિ આત્મજ્યોતિ પામવાની કળા છે. કારણ કે એ કળા ભવિષ્ય કાળના ભૂતકાળના તેમજ વતમાન કાળના સર્વ પદાર્થોના દ્રવ્ય ગુણ પર્યાય એક સમયમાં જાણી જોઇ શકે છે. જો આમજ છે તો આત્મ પ્રકાશ જેવી બીજી કઇ કળા વિશેષ શ્રેયસ્કર મનુષ્યને છે?

આત્મજ્ઞાનને ધ્યાનમાં ન લઇ હાલ કેટલાક શોધકો કહેવાતા એવી લડાઇ આદિની કળા શોધે છે કે થોડી ક્ષણમાં રાજાઓ માણસોનો ઘાણ કાઢી નાંખે છે. હાલ એવી તોપો છરાઓ, શસ્ત્રો શોધાઇ રહ્યા છે, પરંતુ પરમજ્યોતિના પ્રકાશવડે શોધનારી કળા પાપ રહિત થશે એટલુંજ નહીં પણ હજારોની ક્ષણમાં રક્ષા કરે એવા સર્વપરિત્રાણશસ્ત્રો શોધાવશે. પુણ્ય વધે એવાં યંત્રો-પદાર્થો [ all proticlors ] બનાવશે. અથવા નિર્જરા થઇ મોક્ષ તરફ વાળશે.

આ જગતની અસંખ્ય ઋદ્ધિસિદ્ધિ હોય પરંતુ આત્મા ન હોય તો તે શા કામની છે ? માટે આ સર્વ કળાની પૂર્વે આત્મજ્ઞાન કળા પ્રાપ્ત કરાવવી જોઇએ. બાળકને પ્રથમજ કહેવું કે તું આત્મા છે. અને આ જે આંખવડે દેખાય છે તે શરીરરૂપી કોટ છે, માટે શરીરને એક સારા હથીઆર તરીકે વાપરજે. પોતાથી ઉતરતાં પશુ–માણસ–જનોનું રક્ષણ શરીર બળે કરીને અને મનોબળે જ્ઞાન પ્રાપ્ત કરજે, અને ધનવડે પરોપકાર કરજે.

જેમ પ્રજા રાજાથી શોભે છે, રાજા, ચક્રવર્તિથી શોભે છે. ચક્રવર્તી દેવોથી, દેવો ઇંદ્રથી, અને ઇંદ્ર તીર્થંકર મહારાજ વડે શોભે છે. જેમ તારા અને નક્ષત્ર મંડળો ચંદ્રવડે શોભે છે તેમ ગુણ અને પ્રભાવમાં બળવાન સર્વ કળાઓ આત્મધામમાં વિરાજતી **પરમજ્યોતિરૂપ** કળાવડે શોભી રહે છે.

આત્મજ્ઞાન કળાથી અમારૂં તેજ કેવું હો ?

**निधिभिर्नवभीरत्नैश्चतुर्दशभिरप्यहो ।**
**न तेजश्चक्रिणांयत्स्या द्यदात्माधीनमेवहि॥ ११ ॥**

ગીતિ—

નવનિધિ, રત્ન, ચતુર્દશ, છતાન પ્રકાશ, સુખ ચક્રિ પામે.
તે સુખ પ્રકાશથી વળી, અધિકો પ્રકાશ આત્મમા જામે.

**અનુવાદ**—અહો આ કેવું આશ્ચર્ય કે જે તેજ ચક્રવર્તિ મહારાજાઓને નવનિધિ અને ચૌદરત્નોથી પણ પ્રાપ્ત થતું નથી, તે તેજ અમારે તો આત્માને (અર્થાત્) પોતાને આધીનજ થઇ રહ્યું છે.[૧]

**વિવણાર્થ**—ચક્રવર્તિ મહારાજે પોતાના અર્થાત્ આત્માના (પુણ્ય) બળેજ નવનિધિ એટલે નવ પ્રકારના ઇંદ્રના ખજાનચી કુબેરના ભંડાર જેવા ભંડારો દ્રવ્યાદિથી ભર્યા, અને ચૌદ પ્રકારના મહારત્નો (આત્માના) પોતાના ( પુણ્ય ) બળે પ્રાપ્ત કર્યા આટલી ઋદ્ધિથી તે મહાતેજવાન્ ગણાયો તે છતાં જે તેજવડે નવનિધિ અને ચૌદ રત્નને તેણે આધીન કર્યા તે આત્મ તેજ પોતેજ અમારે આધીન થઇ રહ્યું છે.

જેમ સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્રના પ્રકાશ એક બીજાથી વધતા ઓછા છે. તથાપિ જે પ્રકાશ પુંજમાંથી એ થયા તેવાજ પ્રકાશ પુંજે આખાને આખા અમારે આધીન છે.

---

૧ આ શ્લોકના અનુવાદમાં ભાઇ શ્રી કુંવરજી આણંદજીએ સુધારો કર્યો છે.

જેમ લાલન ગત આત્માએ લાલનને તેમ સૂર્ય ગત આત્માએ સૂર્ય પેદા કર્યો,[1] તેમ આત્માએ ચંદ્ર પેદા કર્યો, આત્માએજ તારા પેદા કર્યા, અને આત્માએજ નક્ષત્ર બનાવ્યા. અને એવાજ પ્રકાશક તત્ત્વ અમે છીએ, અર્થાત્ અમે આત્મા છીએ.

ઉપર કહેલા નવનિધિ અને ચૌદ પ્રકારના રત્નોથી ચક્રવર્ત્તિ મહારાજને શોભા પ્રાપ્ત થાય છે; તથાપિ આપણું તેજ તે આપણામાંના પ્રત્યેકને સ્વાધીન છે તે તેજ તો ઇંદ્રાદિ દેવતાને, ચક્રવર્ત્તિ આદિ મહારાજાને, સર્વ જીવ માત્રને આધીન છે. તે તેજ આત્મજ્યોતિમય છે. ચક્રવર્તી કોઇ હો કે ન હો, પરંતુ આત્મા તો પ્રત્યેક મનુષ્ય છે અને એટલા માટે પ્રત્યેક મનુષ્યને તે સ્વાધીન છે. વળી તે એવું તેજ છે કે જે તેજથી કોઇ પણ મોટું તેજ નથી. વળી એ તેજવડે બીજા અસંખ્ય તેજો ઓળખાય છે. આત્મા ન હોય તો એ બધા તેજ કયાંથી આવે ? માટે તે તેજોનો કર્તા આત્મા છે, જેમ કોહીનુરમાં સઘળા હીરાની કિંમત સમાઇ જાય છે, તેમ આત્મ તેજરૂપ કોહીનૂરમાં સઘળાં તેજ રૂપ નાના હીરા સમાઈ જાય છે, આશ્ચર્ય તો એ છે કે અઢાર દ્રવ્યથી માણસ ઓળખવો ન જોઇએ, પરંતુ માણસ અઢાર દ્રવ્યને પ્રાપ્ત કરનારો છે. માટે તે દ્રવ્ય મોટું ન ગણાવું જોઇએ, પરંતુ તેને પ્રાપ્ત કરવાથી મોટું નહિપણ ઘણુંજ છોટું છે: અને મોટા તો પોતે છે એમ ગણાવું જોઇએ.

## ક્યારે શરૂઆત કરવી જોઇએ ?

**લાલનની** તો એવી ઇચ્છા રહે છે કે બને તો સર્વ જીવોને જન્મની પૂર્વેજ મળે તેમ થવું જોઇએ, કે જેથી આ સંસારમાં—આ ત્રિલોકમાં બંધાઇ તેના ગુલામ ન થઇ રહે, પરંતુ તેવું જયારે સર્વને માટે દુ:શકય છે તો મનુષ્ય યોનિમાં તો મોડામાં મોડું તો ધાવણ સાથે માનવ બાળકોને આત્મજ્ઞાન કળાનું ભાન ઉદ્ભવવું જોઇએ, નહિ તો ધાવણ પૂર્વેજ મળવું જોઇએ. જુઓ આપણા—સર્વ જંતુના હિતચિંતક—પ્રભુ શ્રી વીર જન્મતાંજ ત્રણ જ્ઞાને સહિત—તો પછી આપણે પણ હવે એવા શામાટે ન થઇ શકીએ ? આવતા ભવમાં આત્મજ્ઞાન કળાવડે ત્રણે જ્ઞાન સહિત શામાટે જન્મ ન લઇએ ? અને આપણે તીર્થંકરના પુત્રો છેવટે તીર્થંકરરૂપ શામાટે ન બનીએ ?

---

૧ સૂર્ય એ આત્માના જ્યોતિષિ દેવતાના શરીરનું નામ. જેમ આપણા આત્માના શરીરને માણસ કહેવામાં આવે છે.

## મુનિઓ કેવું તેજ ધારણ કરે છે ?

दंभपर्वतदंभोलिर्ज्ञानध्यानघनं सदा ।
मुनयो वासवेभ्योऽपि विशिष्टं धाम बिभ्रति ॥ १२ ॥

ગીતિ

દંભરૂપ પર્વતને, દંભોલિ થઇ સદાય જે તોડે;
ઈંદ્રથકી અધિકો જે; જ્ઞાન ધ્યાનને સદાય જે જોડે.
તે પ્રકાશને મુનિગણ, સદાય શુદ્ધ હૃદયથી ધારે છે;
કર્મ કલંક નિવારી ધારનારને હુમેશતારે છે.

**અનુવાદ**—દંભરૂપી પર્વતનું ઉચ્છેદન કરવાને જે વજ્ર સમાન છે. જે સદા જ્ઞાનમય અને ધ્યાનમય છે, અને જે ઇંદ્રના તેજથી પણ વધતું તેજ છે, તે તેજ મુનિયો ધારણ કરે છે.

**વિવર્ણાર્થ**—જે તેજ (glory) મુનિયો ધારણ કરે છે તે તેજ આત્મ તેજ છે. વજ્ર જેમ પર્વતના ચુરેચુરા કરી નાંખે છે, તેમ આત્મા—જ્ઞાન—પ્રકાશ—તેજ, દંભ—કપટ—પાપ—અજ્ઞાનના અંધકારના ચુરેચુરા કરી નાંખે છે. આત્માથકી—પોતાથકી શો દંભ કે કપટ રહી શકે? કંઈ નહિ. પરંતુ એવા દંભના પવર્તના આવરણ રહિત અપ્રમત્ત મુનિઓજ હોય છે. સર્વત્ર તેમનું આત્મતેજ પ્રકાશી રહે છે માટે ઇંદ્રના તેજ કરતાં પણ મુનિયોનું તેજ (વધારે) વિશેષ છે.

વળી ઇંદ્રનું તેજ પુણ્યનું છે, અને પુણ્ય એ શ્વેત કર્મ છે. અને મુનિયોનું તેજ તે આત્માનું છે, કારણ કે જીર્ણ કર્મની નિર્જરા અને નવીન કર્મનો સંવર તેમને હોય છે.

મુનિયોનું તેજ જ્ઞાન રૂપ છે. જેમ જ્ઞાનતેજ મુનિયો તો પોતાને ગણે છે. તેમજ ધ્યાનરૂપ-રમણતા રૂપ પણ પોતેજ છે. ઇંદ્રના પુણ્યનું બળ સર્વ દેવ મનુષ્ય કરતાં પણ ઘણું છે, તથાપિ આત્મવીર્યના બળ પાસે તે કંઇ બિસાતમાં નથી.

ઇંદ્ર તો એક હોય છે પરંતુ આત્મા એવા હજારો વખત ઇંદ્ર થાય તો પણ આત્મા તો કાયમનો કાયમ, ઇંદ્રપણું ખૂટે તોપણ આત્મા ખૂટે નહિ. માટે આત્માના તેજથી કોઈ અધિક નથી, અને આત્મ તેજ મુનિઓને હોય છે. પુણ્યવાન્ જીવોની બીજાપર આ (ame) પડે છે. તેમની બીજાઓને શે લાગે છે. પરંતુ મુનિયો પાસે તો એવું તેજ હોયછે, કે જાણે તેમના મસ્તકપર બાણ કિરણોવાળો મુગટ હોય અને તેના તેજથી સર્વ કોઇ રંજન થતા હોય એમ ભાસેછે.

ઇંદ્ર પોતાની ઋધિ જોઇ શકે છે, પરંતુ મુનિયો પોતાના જ્ઞાનમાં અને ધ્યાનમાં ચૌદરાજ લોકના સઘળી ઋદ્ધિ જોઇ જાણી શકે છે, માત્ર ઇંદ્રને પોતાની ત્રણ વિધની ઉપાધિ હોય છે મુનીઓને એવી ઉપાધિ હોતી નથી.

એક વર્ષ પર્યાયવાળા સાધુમાં કેવી જ્યોતિ હોય ?

**श्रमणे वर्षपर्य्यायात् प्राप्ते परमशुक्लतां ।**
**सवार्थसिद्धिदेवेभ्योऽप्यधिकं ज्योतिरुल्लसेत् ॥१३॥**

ગીતિ.

સર્વાર્થ સિદ્ધ વાસિ દેવોથી પણ અધિક તેજ પામે;
વર્ષ દિવસ પર્યાયી મુનિમાં વિશુદ્ધ શુકલતા જામે.

અનુવાદ—માત્ર એક વર્ષના દીક્ષા પર્યાયથી પરમ વિશુદ્ધિને પામેલા સાધુપણામાં સર્વાર્થ સિદ્ધ દેવતાઓના કરતાં પણ અધિક જ્યોતિ ઉલ્લાસ પામે.

વિવર્ણાર્થ—સાધુ શબ્દનો અર્થજ પવિત્રતાની પ્રતિમા એમ કરીએ તો કંઇ વ્યવહારે ખોટું નથી. જુઓ જીવમાત્ર પર તેમની પૂર્ણ મૈત્રી હોવાથી જેનો આત્મ પ્રદેશ સરખો સપાટ અર્થાત્ પોતાસહિત સર્વપર સમભાવે રહે છે, પોતાથી ન્યૂન કોઇ જીવ જણાતા તેમનાપર નિર્મળ ગંગાજળ જેવી પવિત્ર કરૂણા—દયારૂપી નદીના પ્રવાહ નિરંતર ચાલી રહે છે; પોતાથી અધિકને જોતાં તેમનાપર પ્રમોદતાનો મહમહતો સુવાયુ વાય છે. આ વા નિર્મળ સાધુપુરૂષના પવિત્ર અંતઃકરણમાં એક વર્ષની એવી દીક્ષાથી જે જ્યોતિનો—જ્ઞાનનો ઉદય થાય છે, તે જ્યોતિનું તેજ સર્વાર્થસિદ્ધ દેવતાના તેજ કરતાં પણ અધિક છે.

સર્વાર્થસિદ્ધ દેવલોકમાં તેજપુંજ ઘણો છે. તથાપિ એ તેજ પુંજને શ્વેત રંગના પુણ્ય દ્વારાએ પ્રકાશ કરવો પડે છે, પરંતુ સાધુ મુનિના નિર્મળ અંતરમાં કર્મનું આવ્રતું બંધ હોવાથી નિર્જરા થઈ નિર્મળ સ્ફાટિક વત્ આત્મપ્રદેશ થઇ જવાથી તે જ્યોતિ સર્વત્ર પ્રસરી રહે છે, તો પછી દેવલોકતો માત્ર તેનો એક દેશ—ભાગ હોયની એમ લાગે છે.

જેમ પાપ એ પરવસ્તુના મોહથી થાય છે તેમ પુણ્ય પણ ( જો કે પાપની અપેક્ષાએ ઘણું સારૂં છે તોપણ ) પરવસ્તુના મોહથી થાય છે. મોહ એ અંધકાર જેવો છે. એટલુંજ નહિ પણ તે અનાદિ કાળનો છે, તે છતાં એ મોહાંધકારને—પાપપુણ્યને—કર્મ સમૂહને દૂર કરવાને આત્મદૃષ્ટિને વાર લાગતી નથી. જ્યારે ચેતન

આત્મદષ્ટિ રાખી—આત્મ વીર્યરૂપ બની મોહસામે લડે ત્યારે " સત્તાથલમેં મોહ વિદારત લાગે કાચી દોય ધરીરી. "

જો આવું માત્ર બે ઘડીમાં બને છે તો પછી એક વર્ષનો જેને દીક્ષા પર્યાય છે; જે મોહને વિદારતો બેઠો છે, અને આત્મજ્યોતિ પ્રગટ કરતો જાય છે, તેવા મહાપુરૂષને એક વર્ષ જેટલા ટાઇમમાં મોહને વિદારી આત્મજ્યોતિ પ્રગટાવવી એમાં શું આશ્ચર્ય છે?

વળી રાગ દ્વેષ રહિત એવા પ્રભુની ભક્તિમાંએકતાનતા પામેલા સાધુ મહા રાજ—પોતે પણ રાગદ્વેષરહિત ભકિત કરતાં કરતાં વીતરાગ રૂપ પોતે બની જ તાં સાધુઓ એક ક્ષણમાં કર્મ સંતતિ—કર્મમાળા ભવોભવની ક્ષય કરી નાંખે છે.—કહ્યું છે કે,

**त्वत्संस्तवेन भवसंततिसंनिबद्धं**

**पापं क्षणात्क्षयमुपैति शरीरभाजां ।**

અર્થ—શરીરધારી એવા માનવાદિઓએ ભવોની માળાની માળાઓમાં ખુબ બાંધેલા કાર્યોથી થયેલા પાપો હે પ્રભુ, તારી રૂડી રીતે સ્તવન કરતાં એક ક્ષણ જેટલા અલ્પ સમયમાં ક્ષયને પામે છે. તો પછી એક વર્ષ જેટલા દીક્ષાપર્યાયમાં તારી ભક્તિ કરતાં કેમ ભવોભવના પાપ સંપૂર્ણ ક્ષય ન પામે—એ કર્માવરણ—મોહાવરણ દૂર કરી પરમજ્યોતિનો સર્વત્ર સાધુપણામાં પ્રકાશ થઇ રહે અને તે એટલો કાં નહિ કે જેની પાસે સવાર્થસિદ્ધ દેવતાનું તેજ કંઇ હિસાબમાં પણ ન હોય.

**જીવન્મુકતો કેવા થાય છે ?**

**विस्तारिपरमज्योतिर्द्योतिताभ्यंतराशयाः ।**

**जीवन्मुक्ता महात्मानो जायन्ते विगतस्पृहाः ॥१४॥**

**ગીતિ.**

વિસ્તાર વાળી જ્યોતિ, કેરી કાંતિ પ્રકાશ માન કરે;
અંતર આશય જેના, સ્પૃહા રહિત થઇ ત્રિલોકમાં વિચરે.
તૃણ સમ જગને દેખે, કરે ન પરવા બધા જગત કેરી;
તે જીવન્મુકતો છે, ગૃહી કે યતિ તે રમે આત્મશેરી.

અનુવાદ.—વિસ્તારવાળી પરમ જ્યોતિવડે જેમના અંતર (હૃ-

૩

**દય )ના આશય પ્રકાશિત થઈ ગયા છે. તેવા જીવન્ મુકત મહાત્માઓ જગત્ની સ્પૃહા ( પરવા ) રાખતા નથી.**

**વિવણાર્થ—કેદમાંથી નીકળ્યા પછી કેદીઓની કે જેલરોની પણ દરકાર કોણ રાખે ? આ સંસારમાં સર્વ જીવો કેદખાનામાં હોય તેવા છે, માત્ર એ કેદખાનામાંથી છુટા થયેલા—મુકત થયેલા. તે જીવન્મુકત પુરૂષો છે. સંસારરૂપ કેદખાનાના સર્વ જીવો કેદી કેવી રીતે છે, તે જરા સમજીએ અને પછી જીવન્ મુકતો કેમ તેઓથી અલગ છે, અને તેઓની પરવા પણ રાખતા નથી તે જરા તપાસીએ.**

સંસારરૂપ કેદખાનામાં નારકી જીવો કેદખાનાના અંધારા ભોંયરામાં સળબળતા હોય તેવા છે. તિર્યંચો બિચારા સખ્ત મજૂરીની કેદ ભોગવતા હોય તેવા લાગે છે. કારણકે પરમાધામી જેવા માણસો તેના પર ગમે તેટલો બોજો મુકે છે. કશાભિઘાત ( કોરડાના માર ) મારે છે, તરવારની ધાર જેવી આર ભોકે છે, પરંતુ બિચારા આ સખ્ત મજૂરી કરતા તિર્યંચ કેદીઓથી બોલાતું નથી. જેમ પરમાધામી ઘાણીમાં ઘાલીને પીલે તેમ પરમાધામી જેવી મનુષ્યસ્ત્રીઓ પોતાના બે નખની ઘાણી કરી જૂ લીંખ રૂપી તિર્યંચને ભચડી નાંખે છે, સખ્ત મજૂરી ભોગવતા તીર્યંચ પછી મનુષ્ય જીવો આવે છે, અને એ માણસ આસાન કેદ ભોગવતા જણાય છે. આસાન કેદ કોને મળે છે? ઘણું કરી ઉચ્છીના લીધેલા નાણાં પાછાં ન આપે તો તેને તો મોહરાજાના પુદ્‌ગલ દ્રવ્યને ગ્રહી એ દ્રવ્ય મોહરાજા તમારા છે, એવું પણ નહિ કબુલ કરનારા માણસો આસન--કેદ સંસાર કેદખાનામા ભોગવતા માલૂમ પડે છે, અને દેવતાઓ પણ કેદી છે. દેવતાઓ કેમ કેદી જેમ રાજાઓને અહમદનગર, કે મદ્રાસમાં નજર કેદ રાખે છે, એટલે જેમ રાજાઓ તે ગામોમાં સિપાઇના પહેરા નીચે ફરે હરે છે, તેમ દેવતાઓ મોહરાજાના કેદખાનાના મોટા ગામોમાં નજર કેદી થઇ ફરે છે, તેઓ પણ મોહની આણ બહાર નથી. માત્ર મોહની આણ બહાર—મોહરાજાના કેદખાના જેવા સંસારમાંથી મુક્ત થયેલા એવા જીવન્મુક્ત મહાત્માઓજ કોઇની દરકાર રાખતા નથી. શું શેઠની કે રાજા–રાણીની કે ચક્રવર્ત્તિની પણ તેઓને પરવા નથી કારણકે, જીવન્મુકતો આ બાપડાઓને કેદી સમજે છે, પર વસ્તુરૂપી બેડી અને હેડમાં બાંધેલા દેખે છે, તેમાંથી તેઓ બિચારા છુટી શકતા નથી, એમ જાણી ઉલટી તેઓના ઉપર દયા લાવે છે. તો પછી આ જીવન્મુક્તો એવાઓની સ્પૃહા કેમ કરે? દેવતાની ઋદ્ધિ પણ સુવર્ણની બેડીના જેવી છે. અને એવી બેડીઓ પણ મોટા દેવતા આવી છીનવી પોતાના હાથે પગમાં પોતે પહેરતા જાય છે, જેમ મોટા રાજા નાના રાજાના રાજ્યરૂપી બેડીઓ

પોતે લઈ લઈ પોતાના ગળામાં સાંકળો બેડીઓ ભરતો જાય, વિશેષ વિશેષ બંધાતો જાય, તેમ દેવોમાં પણ મોટા દેવો વધારે વધારે ફસાતા જાય છે. ખરે સર્વ જીવો દયા પાત્ર છે. જીવન્મુકતને જીવમાત્રપર કરૂણા આવે છે. તેનું આ મુખ્ય કારણ છે કે સર્વ જીવો પરવસ્તુના ચોર હોવાથી બંધીખાનામાં મહામહા દુઃખ પામે છે. વળી કેટલાક જીવો—જેને ધર્મ પ્રાપ્ત પણ નથી થયો, તેઓને ખબર પણ નથી કે અમે કેદખાનામાં છીએ, અને ત્યાં નાના પ્રકારના માર એમના પર પડયા કરે છે. જેમ નર્કમાં વીંછીઓ ડસે, તેમ નાના પ્રકારની ચિંતા રાત્ર દિવસ કરડયા કરેછે. સર્પ ડસે તેમ ક્રોધ ડસી ડસી કાળા મેસ જેવા બનાવી દે છે. જેમ આગમાં—ભઠ્ઠીમાં નાખે તેમ રોષ રૂપી ભઠ્ઠીમાં સર્વ જીવો બળી રહ્યા છે. ખરે સર્વ જીવો દયા પાત્ર છે. નિશાળે જતાં ટેટલાક નઠોર થઇ ગયેલાં છોકરાંને બહુ માર પડે જાય પણ તેને કંઇ નહીં, તેમ આ સંસારમાં ઘણા ઘણા દુ;ખ પડે તે તેને સહ્યા કરે પણ તેમાંથી નીકળવાનો માર્ગ સૂઝે નહિ અને પ્રયત્ન પણ કરે નહિ, માટે ખરેખર સર્વ જીવો જીવન્મુકતને કરૂણાપાત્રજ લાગે છે.

હવે એવા દેવાદિ ચોરોની–કેદીઓની સ્પૃહા તે શાની રાખે ? મોટા ચોરને મોટી શિક્ષા—મોટા લુંટારાને મોટી કેદ, તેમ મોટા મોટા શેઠ, શાહુકાર, રાજા રાણીને મોટી કેદ, ઘણી ઉપાધિ ઘણા ધુચાયલા, આ મોહરાજાના ચોર પરવસ્તુના ચોરનાર બિચારા નાના મોટા કેદીની મુકત થયેલાને શી પરવા હોય ?

જીવન્મુકતના અંતર આશય—એટલા ખુલ્લા નિર્મળ થઇ ગયા હોય છે કે તેમાં પરમજ્યોતિરૂપ આત્મા પ્રકાશી રહે છે અને એ પ્રકાશવડે, નીગોદના જીવથી માંડી, ઇંદ્ર અને મહેંદ્ર સૂધી સર્વ જીવો બંધનમાં હોય એમ સ્પષ્ટ દેખાય છે. તો એવા બધા જીવની તેઓ દયા કરે ! કે તેની તે પરવા રાખે ? મુનિઓ અપ્રતિબદ્ધ વિહારી કહેવાય છે. એમને કોઇની પરવા નથી હોતી, કારણ કે શ્રી વીરપ્રભુપણ ગૃહસ્થનો વિનય ન કરવાના અભિગ્રહવાળા હતા.

જીવ જો કે મહોન્મત્ત હાથી જેવો બળવાન છે, પરંતુ હજારો કર્મોપાધિથી બાંધેલો બિચારો શું કરે ? જીવન્મુકત મહાત્મા તેને કહે છે કે તું હાથી જેવો બળવાન છે, માટે તારામાં જો કે કેવું બળ છે ? અને તે જોઇએ તેનાપર અવલંબન રાખી એ બળ—વીર્યને ફોરવ એટલે કર્મરૂપી દોરી તુટી જશે. મુનિઓ વિગત સ્પૃહ એટલા માટે હોય છે, કે પરવસ્તુની તેને આશા નથી, તેઓ સ્વવસ્તુ જે જ્ઞાનાદિ તેમાં મગ્ન રહે છે.

શ્રીમદ્ આનંદઘન પરવસ્તુની આશા છોડી—સ્પૃહા—છોડી, તે છોડવા આપણને શું કહે છે, તે હવે સાંભળીએ.

"[આશા ઔરનકી કયા કીજે," (એ ટેક.)

જ્ઞાન સુધારસ પીજે, આશા.

ભટકે દ્વારદ્વાર લોકનકે, કુક્કર આશાધારી—

આતમ અનુભવ રસકે રસિઆ ઉતરે ન કબહુ ખુમારી. ॥ આશા ॥ ૧

*આશા દાસી કે જે જાયે, તે જન જગ કે દાસા;

આશા દાસી કરે જે નાયક, લાયક અનુભવ પ્યાસા ॥આશા ॥ ૨

મનસા પ્યાલા પ્રેમ મસાલા, [૧]બ્રહ્મ અગ્નિપર [૨] જાળી;

તન [૩] ભાઠી અવટાઈ પ્રિયે કસ, જાગે અનુભવ લાલી. ॥ આશા ॥ ૩

અગમ પિયાલા પિયો મતવાલા, ચિન્હી અધ્યાતમ વાસા;

આનંદઘન ચેતન વહી ખેલે, દેખે લોક તમાસા, ॥ આશા ॥ ૪

માત્ર મુનિઓ અનુભવ રસિક હોવાથી જગતમાં કોઇના પણ દાસ નથી. અને જગતનો તમાસો જુવે છે.

આખા જગતમાં સર્વ જીવો પરની આશા સ્પૃહા રાખે છે, વાણોતર શેઠની, શેઠ રાજાની, રાજા ચક્રવર્તિની, ચક્રવર્તિ ઇંદ્રની, ઇંદ્ર મહેંદ્રની એમ સર્વ દ્રવ્ય લાલચુ પરની સ્પૃહા વાલા છે. પરંતુ મુનિઓ પરમજ્યોતિના પ્રકાશ વડે આત્મ દ્રવ્યની શુદ્ધ અપરંપાર ઋદ્ધિમાં એટલા આનંદે રહે છે કે એવી બાહ્ય ઋદ્ધિની રતિ માત્ર પણ સ્પૃહા રાખતા નથી.

જગતમાં નિર્ગ્રંથ—મુનિઓ સિવાય સર્વ માણસો આશા—તૃષ્ણાની અવધિ—છેડો પામતા નથી. ભર્તૃહરિ કહે છે કે,—

निःस्वो वष्टि शतं शती दशशतं

लक्षं सहस्राधिपो, लक्षेशः पुनरीशतां

---

*आशाया ये दासा ते दासाः सर्वलोकस्य ।
आशा दासी येषां तेषां दासायते लोकः ॥

અર્થ—જે આશાના દાસ છે. તેઓ સર્વ લોકના દાસ છે, પરંતુ જેઓની દાસી આશા છે ( અથાત્ જેને કોઇની આશા નથી. ) તેના સર્વે લોક દાસ થઇ રહે છે.

૧ આત્મા. ૨ પ્રજ્વાળી, તપાવી' ઉષ્ણકરી, ૩ ભઠ્ઠી.

नरपतिश्चक्रेशतां वाञ्छति
चक्रेशः पुनरिन्द्रतां सुरपतिः ब्राह्मं पदं वाञ्छति
ब्रह्मा शैवपदं शिवो हरिपदं
ह्याशावधिं को गतः ॥

**ભાવાર્થ**—જેની પાસે કોડી નથી, તે સો રૂપીઆની ઇચ્છા–સ્પૃહા–આશા રાખે છે, જેની પાસે તે થાય છે, તે હજારની, હજારવાળા લાખની, લાખવાળા રાજપદની, રાજા ચક્રવર્તિની, ચક્રવર્તિ ઇંદ્રની, ઇંદ્ર બ્રહ્મપદની, બ્રહ્મા શિવપદની, શિવ હરિપદની, આશા રાખી રહ્યા છે, તો પછી આશાની અવધિને કોણ પામ્યા છે ? કોઇ નહિ માત્ર મુનિઓજ—બાકી તો સર્વે એકથી એક વધારે આશાના ગુલામોજ જાણે હોય તેમ વર્તતા જણાય છે.

આશા–તૃષ્ણા–સ્પૃહા એ પરવસ્તુની હોવાથી બંધન રૂપ છે. અને મુનિઓ જીવન્ મુક્ત હોવાથી તેમને ચૌદરાજ લોકમાં તેમજ આ લોકના સર્વ પદાર્થ દ્રવ્ય ગુણ પર્યાય સુદ્ધાં પરમજ્યોતિવડે જણાયા જાય છે. તેથી જે બંધન રૂપ છે એની સ્પૃહા કોઇ કાળે કરતા નથી.

## આત્મ ભાવમાં સદા જાગ્રત ક્યારે ગણાય ?

जाग्रत्यात्मनि ते नित्यं बहिर्भावेषु शेरते ।
उदासते परद्रव्ये लिंगंते स्वगुणामृते ॥ १५ ॥

## ગીતિ.

આતમ ભાવે જાગ્રત, બાહિર ભાવે સદાય જે સૂતા;
આલિંગી નિજ ગુણને, પરવસ્તુમાં ઉદાસ થઇ રહેતા.

**અનુવાદ—જે બહિર્ભાવમાં સુએ છે તે આત્મભાવમાં જાગે છે ( અને ત્યાર પછી ) તે પરદ્રવ્યમાં ઉદાસીન રહી સ્વગુણ રૂપ અમૃતનું આલિંગન કરે છે.**

**વિવર્ણાર્થ—પરભાવમાં સુઇ જવું એટલે ઉંઘી જતાં સર્વ પરદ્રવ્યને છોડી દઇએ છીએ. તેમ જાગૃતમાં પરભાવ ત્યાગ કરી જોવો અને એ ત્યાગ થયો કે સ્વભાવમાં અવાશે. જેમ સ્વપ્ન ભાવનો ત્યાગ થયો કે પોતાની મેળે જાગ્રત સ્થિતિ આવે છે, તેમ આ કહેવાતી જા-**

ગ્રત અવસ્થા જે બહિર્ભાવમાં રાખનારી સ્વપ્નરાત્રિ જેવી છે-જે મોહરાત્રિ છે તેનો ત્યાગ થતાંજ આત્મભાવમાં જાગ્રત થવાય છે. અને આત્મભાવમાં જાગ્રત થયા પછી પરદ્રવ્યમાં પુદ્દગલાદિ દ્રવ્યમાં ઉદાસીન પણે વર્તાય છે-ઉપરાંટા-થઇ પ્રવર્તાય છે, આમ બહિર્ભાવમાં સુઈ, આત્મભાવમાં જાગ્રત રહી, પરભાવમાં ઉદાસીન પણે વ્યવહાર કરી-અર્થાત્ પરદ્રવ્યમાં અવ્યાપક રહી જ્ઞાન-દર્શન-આનંદ, ચારિત્ર, શાશ્વતતા-અરૂપતા-અગુરૂલઘુતા-વીર્ય વગેરે અનંત સદ્દગુણના અમૃતનો આસ્વાદ લે છે.

જેમ સ્વપ્ન એક કલાકનું હોય છે અને એક કલાક જેટલા ટૂંકા વખતમાં આપણા ઘણા દિવસના ઘણે છેટેના-ઘણા જણ સાથે-ઘણા પદાર્થો સહિત વ્યવહાર કરાય છે. પરંતુ સ્વપ્ન પુરૂં થઇ જતાં એ ખોટું ઠરે છે, તેમ મોહરાત્રિમાં આપણે પણ આ સંસાર સ્વપ્ન લાગેલું છે. અને જેમ એક કલાકના સ્વપ્નમાં સાઠ મિનિટ આવે છે, તેમ ધારો કે એક જીવનના સ્વપ્નમાં સાઠ વર્ષ છે. હવે જેમ સાઠ મિનિટનું સ્વપ્ન જાગ્રત અવસ્થા થતાં ચાલ્યું જાય છે, તેમ સાઠ વર્ષનું સંસાર સ્વપ્નું-બહિર્ભાવમાં-પુદ્ગલ-જડમાંથી જાગ્રત થયા કે આત્મભાવ પ્રગટી નીકળે છે. અને એ પ્રગટયા પછી પરદ્રવ્યમાં અવ્યાપકપણે જળમાં કમળ હોય તેમ વર્તાય છે, અને તેમ થયું કે સદા સદા સ્વગુણમાં રમણતા થયાજ કરે છે.

અહીં પુછવામાં આવશે કે જળમાં મગ્ન હોવા છતાં કમળ અવ્યાપક રહે છે, એ વાત તો પ્રત્યક્ષ છે, પણ સંસાર સાગરના અગાધ જળમાં ડુબેલા અમે અવ્યાપક કેમ રહી શકીએ ? આ પ્રશ્નનું ઉત્તર એજ કે કમળ જળમાં મગ્ન દેખાવા છતાં, તેનું હૃદય પોતાના સ્વામી સૂર્ય—ચંદ્ર તરફ છે, અને તેથી તે જળમાં અવ્યાપકપણે રહી શકે છે, તેમ આપણને સંસાર જળમાં મગ્ન બીજાઓ દેખે, પરંતુ આપણે તો આપણા પૂર્ણ ચિત્રથી આપણા શુદ્ધ આત્મભાવમાં કે પ્રભુભાવમાં રહેવું એટલે સંસારના અગાધ જળનો આપણને સ્પર્શ પણ નહિ થાય.

### મુનિ મહારાજ ચારિત્ર કોની પેઠે ધારણ કરે છે ?

यथैवाभ्युदित सूर्यो विदधाति महान्तरं ।
चारित्रं परमज्योतिर्द्योतितात्मा तथा मुनिः ॥ १६ ॥

### ગીતિ.

ઉદય થયેલો રવિ જ્યમ, પ્રકાશિત કરે ઘણો મહિંભાગ;
મુનિ ચારિત્ર ધરી ત્યમ, પરમજ્યોતિએ પ્રગટ આત્મભાગ.

**અનુવાદ**—જેમ ઉદય પામેલો સૂર્ય મહાન્ અવકાશને[1] પ્રકાશિત કરે છે, તેમ પરમજ્યોતિવડે જેનો ( અંતર ) આત્મા પ્રકાશિત થયો છે એવા મુનિ મહારાજ પોતાના ચારિત્રને તે પ્રમાણે ધારણ કરે છે.[2]

સૂર્ય ઘણા સ્થળમાં પોતાના કિરણ—તેજવડે પ્રકાશ કરે છે. તેમ અનુભવ જ્ઞાન પણ પોતાના ગુણરૂપી કિરણને ઘણાં યોજનોમાં ફેલાવે છે.

गुणाः कुर्वन्ति दूतत्वं, दूरेऽपि वसतां सताम्.

**ભાવાર્થ**—ગુણવાન જો કે દૂર વસ્તા હોય તે છતાં તેના ગુણોજ પોતે દૂતપણાનું—કાસદપણાનું કાર્ય કરે છે. ફલાણા અમુક ગુણવાળા છે, એ વાત ગાઉઓ સૂધી પ્રસરે છે. તેમ કરોડો ભવસુધી પણ પહોચે છે. આ પ્રમાણે જેમ સૂર્યના કિરણો ફેલાય છે. તેમ આત્મ ગુણો પણ ફેલાવો પામે છે.

સૂર્ય જેમ મહાન અંતરમાં પ્રકાશ કરે છે તેમ મુનિનું ચારિત્ર પણ મહાન્ અંતરમાં ફેલાય છે. એમના વિશુદ્ધ આચારની મહત્તા સર્વ પ્રકાશ કરતાં અનંત ગણી છે. તીર્થંકરની મહતાનો પ્રભાવ—તેની શાંતિનો પ્રભાવ—તેના જ્ઞાનનો પ્રભાવ ઘણા યોજન સુધી આસપાસ ઉંચે નીચે પ્રસરે છે એ કોનું અજાણ્યું છે ?

પરમજ્યોતિ શાથી પ્રગટ થાય છે ?

प्रच्छन्नं परमं ज्योतिरात्मनाऽज्ञानभस्मना ।
क्षणादाविर्भवत्युग्र—ध्यानवातप्रचारतः ॥ १७ ॥

ગીતિ.

અજ્ઞાન ભસ્માચ્છાદિત, પરમજ્યોતિ જે આત્મની જગમાં;
ઉગ્ર ધ્યાન વાયુથી, ક્ષણમાં પ્રગટ થતી દિશે નભમાં.

**અનુવાદ**—અજ્ઞાનરૂપી રાખ જેમાં ભરાયેલી છે એવા આત્માવડે જે પરમજ્યોતિ ઢંકાયેલી છે તે ઉગ્ર ધ્યાનરૂપી વાયુના પ્રચારથી એક ક્ષણવારમાં પ્રગટ થાય છે.

**વિવર્ણાર્થ**—અશુભ કર્મપુદ્ગલથી ભરાઇ ગયેલા આત્માવડે પ્રસન્નચંદ્રરાજર્ષિ પરમજ્યોતિરૂપ સૂર્યને એટલો આવરી દે છે કે એ

---

૧ આકાશ-જગ્યા. ૨ ચારિત્રની પ્રભા આસપાસ ફેલાય છે.

**અંધકારમાં મરણ થયું હોય તો સાતમી તમતમ:પ્રભા નર્કના ઘોર અંધકારમાં ઘસડાઈ જવું પડે. પરંતુ પરમજ્યોતિના સહજ પ્રકાશથી (ચારિત્રથી) દેખાય કે અરે આ હું શું કરૂં છું? એમ કરતાંજ અશુભ કર્મ મટી શુભ—ધવળ કર્મથી શોભિતા આત્માવડે તે રાજર્ષિ તે કાળે મરણ શરણ થયા હોય તો સૌધર્મદેવલોકપર ચડે, પરંતુ જ્યારે તે શુભ કર્મના ધવલ પુદ્ગલને પણ છોડી શુદ્ધ ધ્યાન મગ્ન આત્માના પ્રચંડ વાયુથી શુભ અશુભ સર્વ કર્મને ઉડાવતાં એક ક્ષણમાં મોક્ષપણ પામે છે એ પ્રબળ ધ્યાનનોજ પ્રભાવ છે.**

પ્રબળ ધ્યાન વાયુવડે ધવલ કે સ્યામ કર્મરજ જો કે તે અનંતકાળની હોય તોપણ તો કેવીરીતે ઉડી પરમજ્યોતિને સર્વથા પ્રગટ પ્રગટ પ્રગટ કરી મુકે છે, તે આપણે ભરત મહારાજના આરિસા ભુવનમાં કરેલા ધ્યાનમાં જોયું છે. **મરૂદેવા** હાથીની અંબાડી પર બેસી પ્રભુના સમોવસરણમાં પ્રભુનો મહિમા જોઈ ક્ષણમાં ઇલ ભ્રમર થાય, તેમ તેનું પ્રભુત્વ પામવું—કેવળ જ્ઞાન પ્રાપ્ત કરવું એ આપણે સાંભળ્યું છે. **ચેલાતી પુત્ર ઉપશમ વિવેક અને સંવર** આ ત્રણ પદના પ્રથમ જાપથી પછી સ્મરણથી અને ત્યારપછી ધ્યાનથી અનેક ભવોના અશુભકર્મને ઉડાવી શુભ ધ્યાનવડે માત્ર અઢી દિવસમાં દેવલોકે ગયા એવું આપણે વાંચ્યું છે. ઉગ્ર પાપકર્મ કરનાર દઢ પ્રહારી ધ્યાન બળે નર્કગતિના—અંધકારને આઘો કરીને તિર્યંચપણાની ગતિના મૂઢપણાને મુકી દેવતાના વિષય સુખને ઘટાવી મનુષ્યના શુભ કર્મને છોડી શુદ્ધ ધ્યાનવડેજ મોક્ષ પામ્યા એ પણ આપણે નિહાળ્યું છે.

અનંતકાળના ભવોભવના કર્મો તોડવાના અનેક માર્ગ છે, પરંતુ એ બધા માર્ગ એટલા બધા લાંબા અને અઘરા છે કે ઘણા ધીરવીર પુરૂષો પણ તેનો પાર પામતાં પાછા હઠયા છે.—પડી ગયા છે, અને થાકી પણ ગયા છે, પરંતુ સૌથી શ્રેષ્ટમાં શ્રેષ્ટ ટુંકામા ટુંકો અને ક્ષણમાં લાભ આપનારો માર્ગ તે યોગમાર્ગ છે. યોગપણ જિનેંદ્રદર્શને અનંત ગણ્યા છે પરંતુ તે અનંત યોગોમાં શિરોમણિ તે ધ્યાન યોગ છે. એ ધ્યાન કેમ કરવું તેને માટે જીજ્ઞાસુએ સવીર્યધ્યાનમાં સબીજ અને નિર્બીજ ધ્યાનનું સ્વરૂપ અને તેનાં પર આપેલું ભેંસ આરોહણનું ઉદાહરણ બરોબર વાંચવું યા સાંભળવું પછી મનન કરી તે ક્રિયામાં મુકવું અર્થાત્ ભેંસનું ધ્યાન કરવું એમ નહિ પરંતુ તે દાખલામાં પટેલે જેમ ધ્યાન કર્યું છે તેવી રીતિથી શ્રી પરમ જ્યોતિ પર શ્રી પંચપરમેષ્ટી પર શ્રી સિદ્ધચક્રપર હું કોણ છું તેની શોધ પર ધ્યાન કરવું તો થોડાજ વખતમાં લાભ જણાઇ આવશે અ

ને તે એવો કે બીજા કર્મ માર્ગો કરોડો પગથીયાં જેવા હશે તો તે આ ઉપનય શ્રેણી જેવા અર્થાત્ Elivato કે Lift જેવા માલૂમ પડશે.

શ્રીમદ્ **હેમચંદ્રાચાર્યકૃત** યોગશાસ્ત્રમાં પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ, અને રૂપાતીત ધ્યાનના સ્વરૂપ જો કામે લગાડે તો પણ સત્વર લાભ થાય. પ્રશ્નોત્તર રત્નચિંતામણિમાં પણ આ ચારે ધ્યાનનું સ્વરૂપ આલેખેલું છે. માટે મુમુક્ષુએ કામે લગાડવાં. અખંડ ભક્તિથી પણ કર્મ ક્ષય થોડીવારમાં થાય છે.

જુઓ **રાવણે** અષ્ટાપદજી ઉપર પ્રભુ ભક્તિમાં લીન થઇ તીર્થંકરપદ ઉપાર્જન કર્યું.

**त्वत्संस्तवेन नवसंततिसंनिबध्दं**
**पापं क्षणात्क्षयमुपैति शरीरभाजां.**

**અર્થ**—તારા [ પ્રભુના ] સંસ્તવનથી—ભક્તિથી ભવોભવની માળાની માળા હોય, અને તેમાં કર્મ પણ ઘણા ઘણા બાંધ્યા હોય, તે સર્વ કર્મ પણ ક્ષણમાં ક્ષય પામે છે.

### પરમજ્યોતિ કોણ પામી શકે[1] ?

**परकीयप्रवृत्तौ ये मूकांऽधबधिरोपमाः ।**
**स्वगुणार्जनसज्जास्तैः परमज्योतिराप्यते ॥ १७ ॥**

### ગીતિ.

પરકથની કરવામાં, મુંગા થઈને સદાય જે રહેતા;
પરવાતો સુણવામાં, ધ્યાન ન દેતા સદા બધિર થાતા.
પરદોષાદિ નિરીક્ષણે, ન અંધ છતાં જે અંધપણું લેતા;
સ્વગુણાર્જનમાં તત્પર, પરમજ્યોતિને અવશ્ય પ્રાપ્ત થતાં.

**અનુવાદ.—જે પર વ્યાપારમાં મુંગા આંધળા અને બ્હેરાની ઉપમાને લાયક ગણાઈ–થઈ આત્મ ગુણ પ્રાપ્તિ કરવામાં સજજ થઇ રહે તેઓ આ પરમજ્યોતિ ( અવશ્ય ) પામે છે.**

**વિવર્ણાર્થ—જે કંઇ ઇંદ્રિયોવડે જણાય છે, તે પરવસ્તુ છે, માટે એ પરવસ્તુના વ્યવહારમાં હવેથી ઉપર પ્રમાણે વર્તે તો તે પરમજ્યોતિ પામે છે.**

---

૧ પરમજ્યોતિ પામવાનો અધિકારી પુરૂષ યા સ્ત્રી હોઇશકે.

પ્રથમ તો પરવસ્તુ વિષે કંઇપણ વાત બોલવી બંધ કરે, અર્થાત્ પરવસ્તુનો વ્યવહાર કરનારા લોક આપણને મુંગો કહે તે સહન કરવું.

બીજું હવેથી પરવસ્તુ જોવાની બંધ કરવી અને તેપણ એટલેસૂધી કે પરવસ્તુનેજ જોનારા આપણા ઘણાખરા બાંધવો આપણને આંધળા કહે.

ત્રીજું અને છેલ્લું એ કે પરવસ્તુ વિષે કોઇ વાત કરવી હોય તો તે સાંભળવી પણ નહિ એટલે કે તમને સામાન્ય લોકો એમ કહે કે તમે બહેરા છો.

આમ પરવસ્તુના વ્યવહારમાં જે પૂર્ણ મુંગા આંધળા અને બહેરા ગણાય ત્યારે સ્વાત્મ ગુણ પ્રાપ્ત કરવાને સજ્જ થયા જાણવા, અને સજ્જ થયા કે પરમ જ્યોતિ પોતેજ તમારી પાસે આવીને ઉભી રહેશે. માત્ર પ્રથમ બહિર્ વસ્તુ વિષે મુખે બોલવાનું, આંખે જોવાનું, કાને સાંભળવાનું અને પરવસ્તુ વિષે મનથી વિચાર કરવાનું પણ છોડી દેવું, તો હું કહું છું કે સ્વગુણ પ્રાપ્ત થવા લાગશે. અને પરમજ્યોતિ પોતેજ તમને ભેટી પડશે.

આપણે કાનવડે સાંભળીએ તો બહાર કયો અવાજ થાય છે, તે ખબર પડે; પણ એ કાનવડે સાંભળનાર કોણ છે! તે સ્થિર થઇ તપાસીએ એટલે આત્મજ્યોતિ ઝળકશે, અને તે ચળકાટને માર્ગે પરમજ્યોતિની પણ ઝાંખી થશે.

વળી મુખ બોલતું નથી, આંખ જોતી નથી, કાન સાંભળતા નથી પરંતુ તે બધું આત્મા કરે છે. હવે આત્મા આમ કરવું છોડી દે તો પોતે હૃદયમાં આવે કે અનંત સ્વગુણ સમૂહ જણાઇ આવે. માટે મોક્ષના અધિકારીએ પરમજ્યોતિના અધિકારીએ પ્રથમ ઇંદ્રિયોથી થતાં કર્મને છોડવાં, અને પછી ઇંદ્રિયો સંબંધી કાર્યના મનમાં વિચાર પણ કરવા છોડી દેવા, અને તે છતાં તેઓ આવે તો ઝાડુ મારી કાઢી મુકવા અને કહેવું કે તમે બહાર બેસો—મગજરૂપી દિવાનખાનામાં હમણા તમારૂં કામ નથી, આમ થયું કે સ્વગુણ જે અનંતજ્ઞાન, અનંતદર્શન અનંતચારિત્ર, અનંતવીર્ય, અનંત આનંદ વિગેરે સ્ફુરતા અનુભવાશે.

ત્યારે બોલવું શું? આત્મગુણ. ત્યારે જોવું શું? આત્મગુણ. ત્યારે સાંભળવું શું? આત્મગુણ.

**પરવસ્તુ તરફ ગુણ દોષ દૃષ્ટિ કેવી છે અને સ્વ વસ્તુ તરફ ગુણ દૃષ્ટિ કેવી છે?**

**परेषां गुणदोषेषु दृष्टिस्ते विषदायिनी ।**
**स्वगुणानुजवालोकाद दृष्टिः पीयूषवर्षिणी ॥१७॥**

અનુવાદ—પારકા ( પરવસ્તુના ) ગુણ દોષ જોવાની તારી દૃષ્ટિ તને ઝેરરૂપ નીવડશે. પરંતુ આત્મગુણના અનુભવના પ્રકાશથી (ઉઘડેલી) દૃષ્ટિ ( તારાપર ) અમૃત વર્ષાવનારી થશે.

વિવર્ણાર્થ—પ્રિય વાચક, આપણી દૃષ્ટિ બે છે. એક ઝેરી અને બીજી અમી. ઝેરી દૃષ્ટિ આપણા પ્રાણ તત્વને શોષે છે, અને અમી દૃષ્ટિ આપણા પ્રાણ તત્વને પોષે છે. ઝેરી દૃષ્ટિ આપણને મારી નાંખે છે, અમી દૃષ્ટિ આપણને જીવાડે છે. ઝેરી દૃષ્ટિ આત્મઘાત કરાવે છે, અમી દૃષ્ટિ આત્મરક્ષા કરાવે છે. પારકા ગુણ દોષ જોવાથી આંખમાં ઝેર આવે છે, અને આત્મગુણ ( પોતાના ) ગુણ દેખવાથી આંખમાં અમૃત આવે છે.

જેમ આત્મઘાત કરનાર માણસ ઝેરથી મરે છે, તેમ પરવસ્તુના ગુણ દોષ જોતાં મરણ થાય છે—જન્મ મરણ થાય છે.

પરવસ્તુ—પરપુદ્ગલ, ઈંદ્રિયો, તેમના વિષયો, આદૃશ્ય જગત્ એ પરવસ્તુ છે. તેમને જોવાથી અર્થાત્ તેમના ગુણ દોષ જોવાથી—જાણવાથી તે વસ્તુની ઇચ્છા પર એવા શરીરની પ્રાપ્તિ થયા વિના પાર પડતી નથી, અને પર એવા શરીરનું મળવું, એ આ શરીરના મરણ વિના ઘણું કરી બની શકે તેમ નથી. આમ હોવાથી આપણી પરવસ્તુની ઇચ્છાજ આપણને મારી નાંખે છે. ઇચ્છાજ આપણને ઝેર આપી પાંચ, પચીશ, પચાશ, કે પાંસેઠ કે હેંશી વર્ષે, એમ રફતે રફતે કરી મારી નાંખે છે. જુઓ, વીરપરમાત્માના—પાછલા જન્મના જીવે સાધુ હોવા છતાં નહાવા ધોવાની ઇચ્છા કરી, ચાંખડી પહેરવાની ઇચ્છા કરી, કષાય વસ્ત્ર પહેરવાની ઇચ્છા કરી, છત્રી ધરવાની ઇચ્છા કરી. આ ઇચ્છાએજ મરિચિના શરીરને વારંવાર હણી બ્રાહ્મણ કુળમાં જન્મ આપ્યો. અને તે એક બે વખત પણ નહીં પણ ઘણીજ વખત ત્રિદંડી સન્યાસી બનાવ્યા. હવે જુઓ પરવસ્તુ એટલે ભારે કષાય વસ્ત્ર, ચાખડી લાકડી સ્નાનાદિ એ કેટલીવાર મરિચિને મરણ જન્મ આપ્યાં ? કેટલીકવાર એ પરવસ્તુની દૃષ્ટિવડે—ઝેરી દૃષ્ટિએ પ્રાણ હર્યા ?

પરંતુ નંદનમુનિના ભવની વખત આત્મગુણ, સ્વગુણ તરફ દૃષ્ટિ કરતાં, વિશ સ્થાનક તપ તપી—અધિક અધિક—નહિ પણ પૂર્ણ સ્વગુણ જોવાય એવું તી-

થંકરપણું પ્રાપ્ત કર્યું. અને સાઠ સીંતેર ઓત્તેર વર્ષનું આયુષ્ય જઇ સાદી અનંત સ્થિતિવાળું આનંદમય પરમજ્યોતિઃ પદ પામ્યા.

હવે જુઓ કે મારનાર કઇ દષ્ટિ છે, અને જીવાડનાર કઇ દષ્ટિ છે?

દ્વેષ પોતામાં રાગ પરમાં દ્વેષ—પરંતુ રાગ પોતામાં દ્વેષમાં અરાગ—અદ્વેષ, બિનરાગ બિનદ્વેષ, એ સ્થિતિ સમતામાંજ અનુભવાય છે.

જેટલાં જેટલાં યુધ્ધો—ધર્મયુદ્ધો—તત્વયુધ્ધો થાય છે. તેટલાં તેટલાં સમતાની ગેરહાજરી વડેજ થાય છે. જો સમતા હોય તો સ્વપર ગુણ દોષ યથાર્થ દેખાઇ આવે છે. સ્વપર ગુણ વૃદ્ધિના માર્ગપણ લેવાય અને સ્વપર દોષ સુધરાય. ત્યારે હવે એવી સમતા કેમ આવે? તેના થોડાક ઉદાહરણ જુઓ. અને પછી તેમ આચારમાં–ક્રિયામાં મૂકો. એટલે સમતા તમારી સેવામાં આવી રહેશે; અને એ સમતા આવી તો મોક્ષની વાનગી અહીં તમને મળી એમ આપણે સમજીશું.

જગતમાં ત્રણ પ્રકારના મનુષ્ય છે. કેટલાક પાપોદય વડે **દોષ દ્રષ્ટિ છે.** એટલે કે બીજાના દોષો દેખે છે. અને પોતાની પાસે પોતે હોવા છતાં બિચારાઓથી પોતાના દોષો દેખાતા નથી.

પરવસ્તુના દોષ જોવાથી નુકશાન છે તેમ તેમના ગુણ જોવાથી પણ નુકશાન છે. કારણકે પરવસ્તુની ઇચ્છા આપણને પરવસ્તુ સાથે બાંધી રાખે છે. જે પરવસ્તુની ઇચ્છા થઇ, તે પરવસ્તુ ભોગવવાને આ શરીર યોગ્ય ન હોય, તો તે પરવસ્તુ ભોગવવાને યોગ્ય બીજું શરીર લેવું પડે છે, અર્થાત્ આપણા હાલના શરીરને મારી નાખવું પડે છે. કારણકે આ શરીરના મર્યા વિના બીજું શરીર ઘણું કરીને કેમ મળે? આમ આપણે પોતાને હાથે મરીએ છીએ! આગળ કહેવામાં આવ્યું તેમ જ્યારે શરીરને મારી નાખનારી આપણે અજાણ્યે પણ ઇચ્છા કરીએ છીએ તેથી મરણ થાય છે. કારણકે પરવસ્તુ જોવાથી ઝેરવાળી દષ્ટિ થઇ. અત્રે કહેવું જોઇએ કે દષ્ટિ વિષ સર્પની જેમ દષ્ટિ પડતાં પ્રાણ જાય–મરણ થાય તેમ પરવસ્તુ તરફથી દષ્ટિ આપણને દષ્ટિવિષ સર્પના જેવું આપણું પોતાનુંમરણ આણેછે.કારણકે વિષયો-વિષને પામેલા સર્પો જેવાનહિ પણ સર્પોજ છે. વળી વિષયુકત સર્પના ડસથી એક વાર પ્રાણ જાય છે, પરંતુ વિષયુકત વિષયો ડસવાથી—હા આપણે હાથેજ તેને ડસાવવાથી આપણા એક વખત નહીં પણ અનંતવાર પ્રાણ ગયા અને હજુ પણ એવિષયોરૂપી સર્પોથી દૂર ન રહ્યા તો મટવાના માટે તેને ડસાવે નહિ તોજ અમર થવાશે. માત્ર તફાવત એટલો જે દષ્ટિ વિષ અન્યના પ્રાણ હરે છે. આ પોતાનો દષ્ટિ વિષ સાપ એકવાર માણસ મારે

છે. એમ નહિ પણ અનેકવાર મરણ આણે છે.

હવે સ્વગુણદષ્ટિ એ અમૃતને વર્ષાવનારી કેમ થાય છે તે આપણે જોઇએ? હું કોણ છું?

**લાલન.**

નહિ **લાલન**તો તું દેખે છે અને જે દેખાય છે તેથી દેખનાર જુદો છે. ત્યારે હું દેહ ( લાલન ) નહીં પણ લાલનને દેખનાર કોઇ છું. પરંતુ હું તો લાલનને તેમજ આ જોડે બાપુલાલભાઇને પણ દેખું છું, તે દેખનાર હું છું તો હું લાલન છું એમ નહીં, બાપુલાલ છું એ વગેરે નહિ પરંતુ લાલનને અને બાપુલાલને દેખનાર કોઇ છું એમ હું કહું છું. તેમજ બાપુલાલ ઘડીઆલપર મનન કરી પોતાને લાગુ પાડવાનું કામ કરે છે અને લાલન આ શ્લોકપર વિવેચન લખે છે—

હું તો એ ઉભયને જાણું છું..ત્યારે હું તો જાણનાર છું. બાપુલાલની ક્રિયાનો, તેમજ લાલનની ક્રિયાનો આમ જાણનાર—દેખનાર—જ્ઞાતા—દ્દષ્ટારૂપે છું અને જ્ઞાતા—દ્દષ્ટા તે જ્ઞાન—દર્શનથી ભિન્ન નથી. જે વિંટીરૂપ છું તે સુવર્ણરૂપથી જુદો નથી, ત્યારે આમ સ્વાત્મ ગુણ દૃષ્ટિ કરતાં હું જ્ઞાન, હું દર્શન, હું સઘળા પદાર્થોનો જ્ઞાતા,—દ્દષ્ટા જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં હું, એમ હોવાથી સર્વત્ર વિષ્ણું—વ્યાપક એવો હું, તે અમર નથી? અર્થાત્ જ્ઞાનરૂપ હું, દર્શનરૂપ હું, તે અમર નથી? હવે મને અમર કરનાર કોણ થયું? મારી સ્વગુણ દૃષ્ટિ અમૃત વર્ષાવનારી—અમર કરનારી—અમિ દૃષ્ટિ તેજ.

જેમ જ્ઞાન, દર્શન, હું છું, તેમ આનંદ પણ હું છું. જ્ઞાન દર્શનમાં રમનાર પણ હું છું. અર્થાત્ ચારિત્રરૂપ પણ હું છું હવે જ્ઞાન શાશ્વત છે માટે આદિ અનંત—અમર છું. જ્ઞાન અરૂપ છે માટે હું અરૂપ છું જ્ઞાન ભારે હલકું નથી માટે હું અગુરૂ લઘુ છું. તેમજ વીર્યપણ હુંજ છું. આવા અસંખ્ય અનંતા ગુણરૂપ હું છું. આ અમૃત વર્ષાવનારી અમિ દષ્ટિનું—સ્વાત્મગુણ દ્રષ્ટિનું રૂપ તે હું છું.

પૂર્વના એક શ્લોકમાં આવી ગયુંછે કે બહિર્ભાવમાં સૂઇ રહી આત્મભાવમાં જાગૃત થઇ, પરદ્રવ્યભાવમાં ઉદાસીન રહે તો સ્વગુણનું આલિંગન થાય.

એ આ સ્થળમાં સ્વગુણનું ફળ કહ્યું પરભાવ દષ્ટિને ઝેરી દષ્ટિ ગણી અને સ્વભાવને અમૃત દષ્ટિ ગણી—પેહેલીને ઝેર વર્ષાવનારી અને બીજીને અમૃત વર્ષાવનારી ગણી.

પરદ્રવ્યમાંથી ઝેર કાઢી લેવું, અને તેને એવી કેમ બનાવવી કે ઉલટી પુષ્ટિકારક થાય કે જીવાડનાર થાય?

જેમ સોમલ ઝેર ગણાય છે, પરંતુ સોમલજ જીવાડનારો થઇ શકે છે-પુષ્ટિ આપનારો બને છે. સોમલમાં અમુક વસ્તુ મેળવી તેને મારવામાં આવે છે, તો તેમાંથી ઝેર નીકળી બાકી રહેલી સોમલની ભસ્મ પુષ્ટિકારક છે તેમ મરતાને જીવાડનારીછે પરદ્રવ્યમાંથી મમત્વરૂપીઝેર કાઢી નાખી પછી સ્વભાવમાંરહી તેનો આસ્વાદ લેવામાં આવે તો અશુભકર્મની નિર્જરા થઇ, સ્વગુણમાં આનંદ આપી, પોતાને માર્ગે મુક્ત રાખે અને અમરપણું આપે.

જેમકે બાપુલાલભાઇ એકાસન કરે છે,લાલન કહેછે કેબાપુલાલભાઇ એ દેહનું નામ છે. તેમાં રહી બાપુલાલ અને લાલન તથા ઉભયના ભિન્નભિન્ન કાર્યને જે જોઇ-જાણી રહ્યો છે તે જ્ઞાન-આત્મા—અણહારી છે તેનાપર દૃષ્ટિ રાખી-તે જ્ઞાનનુંજ આલિંગન મજબુત રાખીએ તો જણાશે કે તમે અણહારી છો તો હવે ઉદાસીન રહી દેહને એકાસનમાં આહાર આપો, અને નિદ્રા આહાર ઇચ્છા ને ન કરો તો કર્મનો બંધ નહીં થાય.

જેમ પાણી ભરનારીનું ચિત્ત પોતાના બેડાના સમતોલપર પોતાના મસ્તકપર છે, તેમ તમે સ્વગુણમાં, અણહારીપણામાં પોતે રહી, આહાર કરો, બાપુલાલને આપોતો તેમને બંધ નહીં થાય. પરંતુ પૂર્વકર્મથી પામેલા શુભ આહારનું ફળ ભોગવાઇ નિર્જરા થશે. વળી શ્રીમદ્ ઉપાધ્યાય મહારાજ યશોવિજયજી પણ કહે છે—

" નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર."

આમ નિશ્ચય દૃષ્ટિ એટલે પોતે જ્ઞાનરૂપ અણહારી પદરૂપ હૃદયમાં ધારી વ્યવહારે એકાસન રૂપ ભોજનદેહને આપે તો ભવસમુદ્રનો અણાહારી થઇ તે પુણ્યવંત જીવ પાર પામે.

## પરમ જ્યોતિનું પ્રકાશક વિજ્ઞાન કેટલું જોઇએ.

स्वरूपदर्शनं श्लाघ्यं पररूपेक्षणं वृथा
एतावदेव विज्ञानं परज्योतिः प्रकाशकं ॥२०॥

અનુવાદ—સ્વરૂપનું દર્શન પ્રશંસનીય છે. અને પરરૂપનું જોવું નિરર્થક છે આટલુંજ વિજ્ઞાન પરમજ્યોતિનું પ્રકાશક છે.

વિવરણાર્થ—પરમજ્યોતિ પ્રગટ થવાની સરલમાં સરળ રીત કઈ તો તે આટલીજ કે મનમાં એવું દઢ કરવું કે પર એટલે દ્રવ્યાદિને જોવુંજ વૃથા છે એમ નકી કરી સ્વરૂપને જોવું એ પ્રશંસનીય છે એમ પક્કુ ગણવું એટલે આપોઆપ પરમજ્યોતિ પ્રગટ થવા લાગશે. તે-પણ એટલે સુધી કે અંતે ક્ષીણમોહગુણસ્થાનક પર આવી આદિ અ-નંતે પરમજ્યોતિમાં મગ્ન રહેવાશે અને વધારો કે અખંડ આ સ્થિર જ્યોતિમાં એજ આત્મસ્વરૂપ.

જેમ માણસ જીવ છે, પરંતુ તેમાં જીવ નીકળી ગયો પછી તે જેવો અયો-ગ્ય લાગે છે. તેમ સર્વ પદાર્થ જીવ ગયા પછી નિરર્થક છે. તેમ પરરૂપને જોવું એ મુડદાંને જોવા જેવું છે—નિરર્થક છે. પર ચૈતન્ય અને સ્વચૈતન્યને જોવું જે સુલભ છે તે સાર્થક છે કારણકે, ચેતનને ચેતનનો જોઈ શકે છે.

આંખવડે જે દેખે છે, તે ચૈતન્ય અને ચૈતન્ય કોને દેખે છે. પોતાના જેવા ચૈતન્યને સ્વરૂપ સ્થિતિ વિના આંખથી પરરૂપ દેખાય છે માટે સ્વરૂપમાં રહી જોતાં સર્વત્ર ચૈતન્ય ચૈતન્યનેજ નિહાળતો માલુમ પડશે. ચૈતન્યજ જ્ઞાનજ પ્રત્યક્ષ આ જગત્માં—આ વિશ્વમાં ચૌદરાજ લોકમાં સર્વત્ર પ્રકાશક પ્રતીત થશે. આ વાત જે શ્રદ્ધાગમ્ય છે તે બુધિગમ્ય થશે. એટલુંજ નહિપણ અનુભવગમ્ય પણ થઈ રહેશે.

માણસો ચૈતન્યની સાથેજ વાત કરે છે. કારણકે ચૈતન્ય સામે માણસ ન હોય તો ઉત્તર કોણ આપે? આમ સકર્મ જીવો પરસ્પર એક બીજાને આંખદ્વારે દેખે છે અને મુખ કાર્યદ્વારાએ વાત કરે—કાન સાંભળે છે. નિશ્ચય આત્મા તો જ્ઞાતા હોવાથી તેને જાણી રહ્યો છે.

પોતાને જોવું કેમ બને આ સામે બાપુલાલ દેખાય છે, ચોપડી દેખાય છે, લાલન દેખાય છે. પણ ચૈતન્ય કેમ દેખાય? જેમ સિંહ પોતાનો પર પશ્ચાત્ અવલોકન કરે છે તેમ આપણે હું કોણ એમ વિચારણા કરવી. એ હું કોણ. એ પ્રથમ ઉચ્ચાર પછી. વિચાર અને છેલ્લો હૃદયમાં સંચાર થયો તે હું એમ પોતાને-પોતે જોઇ શકાય છે.

### આત્મજ્યોતિ કોને હિતકારક છે?[1]

**स्तोकमप्यात्मनो ज्योतिः पश्यतो दीपवद्धितम्**
**अंधस्य दीपशतवत्परज्योतिर्न बह्वपि ॥२१॥**

---

૧ આ શ્લોકનું ભાષાંતર ભાઈ કુંવરજી આણંદજીએ કૃપા કરી સુધારેલું છે

## ગીતિ.

આતમ સન્મુખ જોવા, થોડી પરમ જ્યોતિ હિતકારી છે;
અંધ દીપવત્ બહુ પણ, આત્મ વિમુખે નહિત કરતો છે.

**અનુવાદ—ચક્ષુવાળાને દીવાની પેઠે થોડી પણ આત્મજ્યોતિ હિતકારક છે અને આંધળાને સેંકડો દીવા જેમ નકામા છે, તેમ પરમ જ્યોતિ ઘણી પણ હિતકારક નથી.**

**વિવર્ણાર્થ—આત્મ સન્મુખ થયેલાને પરમજ્યોતિ થોડી પણ હિતકારક થઇ ઉચ્ચગતિનો માર્ગ દેખાડેછે. કારણકે ચક્ષુવાળાને-દેખતાને થોડો પણ દીવો માર્ગ દેખાડે છે. પરંતુ આત્મ વિમુખ જનોને ઘણિ પરમજ્યોતિ પણ હિતકારક થતી નથી, કારણકે આંધળાને સેંકડો દીવાની જ્યોતિપણ હિત કરી શકતી નથી.**

વસ્તુતઃ સૂર્યનો ઉદય અસ્ત થતો નથી. સૂર્ય તો પ્રકાશ કરી રહ્યો છે. તેનામાં રાત્રિદિવસ નથી. પણ પ્રકાશજ છે, તેમ પરમજ્યોતિનો ઉદય અસ્ત થતોનથી. તે શાશ્વત પ્રકાશરૂપ છે, **સિદ્ધ સમાનજ છે.** તથાપિ જેમ ઘણા પ્રકાશથી માણસ અંજાઇ જાય અને કંઇ દેખે નહિ. **લાલનને** હવે એમ લાગે છે, કે આત્માજ પ્રત્યક્ષ છે. પરવસ્તુને જોવાને ઇંદ્રિયાદિની મદદ લેવી પડે છે, પણ આત્માતો જ્ઞાન તો આજ આજ છતાં લોકો તેને કાં ઢુંઢે છે. અનુભવ દૃષ્ટિએ ચૈતન્યને ચૈતન્ય પ્રત્યક્ષ થાય છે. આ જિન મંદિરમાં જો કે આંખદ્વારા મૂર્તિ દેખાઇ આવે છે પરંતુ ચૈતન્યદ્વારા તો પૂર્ણાનંદમય એવા પરમાત્મ ચૈતન્યજ દેખાયા. પણ પ્રતિમાજી પણ કાંઇ આંખે દેખી નથી, ચૈતનેજ દીઠી માટે ચૈતન્યને સર્વ પ્રત્યક્ષ છે એમ સિદ્ધ થાય છે, તથાપિ ધ્યાન રહિતને એટલુંતો સ્પષ્ટ થવું જોઇએ કે, પ્રત્યક્ષ ચૈતન્ય છે પરદ્રવ્ય એ પરીક્ષારૂપ છે.

**પ્રતિમાજીવડે પ્રભુ જોવાની યુકિત.**

**પરમ જ્યોતિ કોને પ્રગટ થાય છે. અને તે કેવીરીત ?**

**समताऽमृतमग्नानां समाधिधूतपाप्मनां ।**
**रत्नत्रयमयं शुध्धं परंज्योतिः प्रकाशते ॥ २२ ॥**

## ગીતિ.

સમાધિ જળથી જેના, પાપો ગયા સકળ ધોવાઇને;
સમતા અમૃત મગ્નો, રત્નત્રય યુક્ત પામે જ્યોતિને.

**અનુવાદ—સમતારૂપી આ અમૃતમાં જે નિમગ્ન છે અને સમાધિ જળવડે જેના પાપરૂપ મેલ ધોવાઇ ગયા એવા સાધુજનોને રત્નત્રયમય શુદ્ધ એવી પરમજ્યોતિ પ્રગટ થાય છે.**

**વિવર્ણ—યોગના આઠ અંગમાં છેલ્લું અંગ તે સમાધિ છે અને એને માટે માર્ગાનુસારી યોગાચાર્ય શ્રીમદ્ પંતજલિમુનિ લખે છે કે—**

આતો ખુલ્લે ખુલ્લું દેખાશે કે, માનવ જાતમાં પ્રભુને માનનારા બે વર્ગ હોય છે, એક પ્રતિમાપૂજક, અને બીજા પ્રતિમાવડે પ્રભુપૂજક, પરંતુ કોઇ પણ વર્ગ એવો જોવામાં આવતો નથી કે, જે પથ્થર પૂજક હોય. ઉપર જણાવેલા બે વર્ગમાં મોટો ભાગ પ્રતિમાજીવડે પ્રભુપૂજક જણાય છે, અને થોડો ભાગ માત્ર પ્રતિમાપૂજક દેખાય છે કારણકે જો મોટો ભાગ પ્રતિમાપૂજક હોય તો તે માણસો પ્રતિમાજીનું વર્ણન, દર્શન, પૂજન સ્મરણ, અને ધ્યાન કરતા હોવાજોઇએ; પરંતુ તેમ કરતાં તો તે મોટા ભાગમાંના કોઇપણ માણસ જોવામાં આવતા નથી. જ્યારે આપણે કોઇ પણ માનવ બાંધવને શ્રી જિનમંદિરમાં, શિવમંદિરમાં, વિષ્ણુમંદિરમાં વગેરે વગેરે જોઇએ છીએ, ત્યારે તેઓ એનું સ્તવન કરતાં સંભળાય છે કે, હે પરમાત્મન્ ! હે દીનદયાળ ! હે કૃપાસિંધુ ! વગેરે કહીને સંબોધતા જોવામાં આવેછે, પરંતુ એવું કાંઇ ત્યાં જોવામાં આવતું નથી કે, જે પ્રભુ પ્રાર્થના—સ્તવન કરતાં એમ બોલતા હોય કે "હે પરમાત્માની પ્રતિમાજી! હે દીનદયાળની પ્રતિમાજી ! હે કૃપાસિંધુની પ્રતિમાજી ! હે શ્રીજિનેશ્વરની પ્રતિમાજી ! હે શંભુની પ્રતિમાજી ! હે વિષ્ણુની પ્રતિમાજી ! વગેરે જ્યારે આમ છે, ત્યારે આપણે પ્રતિમા પૂજક શાના, આપણે પ્રભુપૂજક છીએ પ્રભુનાજ આપણે દર્શન પૂજન સ્તવન સ્મરણ ધ્યાન, વગેરે કરીએ છીએ, માટે મારા માનવ બાંધવો ! જોઇએ તો શિવ હોય, કે વૈષ્ણવ હોય, બૌદ્ધ હોય, કે બ્રાહ્મણ હોય, જૈન હોય, કે ક્રિશ્ચિયન હોય, તોપણ તે પ્રતિમાપૂજક ઠરતા નથી. પણ પ્રભુપૂજક પ્રભુપૂજક અને પ્રભુપૂજક સ્પષ્ટ જણાય છે—જોવાય છે—અનુભવાય છે.

આમ છતાં શામાટે લોકોને પ્રભુપૂજક, પ્રભુદર્શી વગેરેથી બોલાવતાં તેઓ રીસ કરતા હશે ? તે સમજાતું નથી.

મારે કહેવું પડે છે કે પ્રતિમાપૂજકને પણ એટલી તો કિમ્મત હોય છે કે, આ પ્રભુની પ્રતિમા છે. ( પ્રભુને ઓળખવાનું ઉત્તમ સાધન છે. ) પથ્થર નથી, જેમ દશહજાર રૂપીઆની આ નોટ, એ કંઇ કાગળ નથી, પણ દશહજાર રૂપિઆ જાણવાનું ખરેખરૂં સાધન છે; આ રાજા છે, આ આચાર્ય છે, આ ગુરૂ છે, એ-

વું જાણી આપણુ સૌ કોઇ તેને સન્માન આપીએ છીએ. પરંતુ એ માણસ છે, એવું જાણી આપણે તેઓનો સત્કાર કરતા નથી. સંસ્કારવડે જે માણસ રાજા થયા છે તે રાજ્ય સન્માનજ પામે છે, સંસ્કારવડે જે માણસ ગુરૂપદ પામ્યા છે, તેઓ ગુરૂ તરિકે ઓળખાઈ આપણા તરફથી ગુરૂને યોગ્ય સન્માન પામે છે; કારણકે ફળ પણ તેઓની સેવાથી ઉત્તમ મળે છે, આપણુને જે દૃશ્ય છે, તે માણસ નથી પરંતુ તેમના ગુણ હોય છે, અને આપણે સ્તવના-પ્રાર્થના પણ ગુણોનીજ કરીએ છીએ, નહિં કે બે પગવાળા, બે હાથવાળા, એક માથાવાળા અને કંઇક વિચારવાળા માણસને જોઇ આપણે તેને નમીએ છીએ, મારા વિચાર પ્રમાણે માણસને સન્માન આપનારા થોડા છે પણ સંસ્કાર પામેલ માણસ એટલે રાજા, ગુરૂ, પ્રતિમાજી વિગેરેને સન્માન આપનારા માનવ બાંધવો ઘણા છીએ.

આવી રીતે પ્રતિમાવડે પ્રભુપૂજક કે તે ગમે તો શૈવ હોય કે વૈષ્ણવ હોય બૌદ્ધ હોય કે બ્રાહ્મણ હોય, તોપણ પરસ્પર એક બીજાને પ્રભુજપૂક છે, એમ યથાર્થ સમજી શકે છે, અને માત્ર જેઓ પ્રતિમાજીવડે પ્રભુને નથી ઓળખી શકતા એવા જુજ ઉપહાસજનક માણસો પ્રતિમાજીને પથ્થર સમજે છે. ઉપહાસજનક એટલા માટે કે તેઓ દસહજાર રૂપિયાની નોટને કાગળ ગણી શકતા નથી. રાજાને કે ગવર્નર, ગુરૂને કે વિદ્વાનને, સામાન્ય માણસ માની શકતા નથી, બેંકને એક પથ્થરનો ઢગલો કહી શકતા નથી. છતાં જે ઉત્તમ સાધનવડે પ્રભુ ઓળખાય--સમજાય—ચૈતન્ય દેખાય તે ઉત્તમ સાધનરૂપ પ્રતિમાજીને પથ્થર કહે છે, જેઓ સંસ્કારિક સાધનોમાં ગુણ જોઇ શકે છે, તેમને જેમ દશહજાર રુપિયાની નોટ એ કાગળનો કકડો નથી પણ રૂપિયા છે તેમ પ્રભુની પ્રતિમા એ પ્રતિમા નથી પણ પ્રભુ છે, ગુણદૃષ્ટિને ગુણ દેખાય છે. દોષદૃષ્ટિને દોષ દેખાય છે. ગુણ જોવામાં જે અંધ છે તેઓજ બેંકને પથ્થરનો ઢગલો, રાજાને ભિખારી, નોટને કાગળનો કટકો સમજે છે. વ્યવહાર પણ સઘળો પ્રતિમાસાધ્ય છે, પણ વ્યવહારિક કાર્યગુણનો આરોપ કર્યા વિના પ્રતિમા દોષે પણ કરી શકતા નથી.

જેમ બ્રિટિશ રાજ્યની નોટ રૂશિયામાં કદાચ કાગળ ગણાય, તેમ રૂશિયાની નોટ બ્રિટિશ રાજ્યમાં કાગળ ગણાય. પણ જુદાજુદા રાજ્યમાં પણ જુદાજુદા રાજ્યની નોટો એ કંઇ ઓછી કિમતે વેચાય છે. પણ એકદમ કાગળ તરિકે નહિ. હિંદુસ્તાનના વોઇસરોય ઈંગ્લાંડમાં કદાચ રૈયત માણસ ગણાત પણ રાજ્યવડે અધિકાર પામેલ ઈંગ્લાંડના તે માણસ હિંદુસ્તાનમાં તો વોઇસરોયજ છે. આ પ્રમાણે એક ધર્મના ગુરૂ અન્ય ધર્મમાં ગુરૂ નહિ મનાય એક ધર્મમાં પ્રભુની પ્રતિમા જે

પ્રભુ સમજાયછે, તે બીજા ધર્મવાળાથીજ તે પ્રતિમાવડે પ્રભુ નહિ સમજાય, તથાપિ સ્વદર્શનવાળાને તો પ્રતિમાજી વડે પ્રભુના દર્શન-પૂજન-સ્મરણ-મનન થયા જ કરે છે. આ પ્રમાણે આપણુ માનવ જાતના ત્રણ વર્ગ થયા. એટલે મોટામાં મોટો વર્ગ પ્રતિમાજીવડે પ્રભુપૂજકનો બીજો વર્ગ જે એનાથી નાનો છે, તે તેમાં પ્રભુની પ્રતિમાપૂજકોનો સમાવેશ થાય છે, એટલે કે આ વર્ગ પ્રભુને જોઇ શકતો નથી, પરંતુ પ્રતિમાજીને જાણી—જોઇ શકે છે. અને ત્રીજો વર્ગ એકે જેઓ પ્રભુનીપ્રતિમાજીવડે પ્રભુને ઓળખતો નથી તેમજ આ પ્રભુની પ્રતિમા છે એમ માનતો પણ નથી.

આ સિવાય એક ચોથો વર્ગ છે, અને તે વર્ગ તો મનુષ્ય માત્રને માનનીય છે. એ વર્ગમાં શ્રી તીર્થંકર મહારાજ, શ્રી જ્ઞાની મહારાજ અને આત્મારામી અનુભવી જનોનો સમાવેશ થાય છે. તેઓ પોતામાંજ પ્રભુ દેખે છે, અને તે આ રીતે દશહજાર રૂપિઆની નોટમાં તેને દશહજાર રૂપિઆ દેખાતા નથી, પણ પોતામાં દેખાય છે. તિજોરીમાં લાખ રૂપિઆ નથી, પણ મારામાં લાખ રૂપિઆ છે. મારૂં સામર્થ્યજ લાખ રૂપિઆ છે, હુંજ રૂપિઆરૂપ છું, એમ જણાય છે. દહેરામાં રહેલી પ્રતિમા તે મારા આત્માની બાહ્ય પ્રતિમા છે, બાકી પ્રભુ તો આ મારા દેહરૂપ શરીરમાં દેખાય છે, તેજ છે. હું તો એ પ્રતિમાથી ઓલખાતો શુદ્ધ ચેતન્યરૂપ પરમાત્મા રૂપ છું, એમ તેમને સમજાય છે. આમ આપણે પ્રતિમાના આલંબનવડે પ્રભુજી પૂજીએ છીએ, અને જ્ઞાનીઓ આત્માને ઓળખી પોતાના દેહમાંજ રહેલા શુદ્ધ ચૈતન્યને દેખે છે. તેનોજ સોઽહં તરીકે અનુભવ કરે છે.

**લાભે પ્રભુ પ્રતિમા વડે, લહીએ પ્રભુ ગુણ તેમ,**
**નામ સ્થાપના પ્રભુ તણો, નોટે રૂપીઆ જેમ.**

(લાલન)—આનંદમાં

યોગના અંગોના અનુષ્ટાનથી અશુદ્ધિનો—પાપનો ક્ષય થઇ જાય છે અને વિવેકખ્યાતિ પૂર્ણ થાય ત્યાંસુધી જ્ઞાનાદિ પ્રાપ્તિ થયાજ કરે છે. તેમજ શ્રીમદ્ યશોવિજયજી પણ કહે છે કે સમાધિવડે અર્થાત્ યોગના સમાધિ સહિત સર્વ અંગને સેવનારને પરમ જ્યોતિનો પ્રકાશ થાય છે.

## સંક્ષેપ યોગના અંગો.

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, અને સમાધિ.

**યમ**—અહિંસા—સત્ય—અસ્તેય—બ્રહ્મચર્ય અને અપરિગ્રહ.

**નિયમ**—શૌચ-સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઇશ્વરપ્રણિધાન.

**આસન**—ભદ્રાસન-વીરાસન-પદ્માસન વિગેરે.

**પ્રાણાયામ**—રેચક-પૂરક અને કુંભક.

**પ્રત્યાહાર**—પાંચેઇંદ્રિયોને તેના વિષયોથી વિમુખ કરી ચિત્તને શાંત કરી સ્વરૂપ પામવું તે.

**ધારણા**—એવાં ચિત્તને અમુક દેશમાં બાંધવું તે.

**ધ્યાન**—તેલની ધારવત્ એ ચિત્તને ધ્યેયમાંજ ચાલુ રાખવું તે.

**સમાધિ**—અન્ય સ્વરૂપથી વ્યતિરિક્ત થઇ તેજ સ્વરૂપનું **નિર્ભાસન** થવું તે.

**સમાધિ**—સમ-આધિ-સરખું-સમાન ચિત્ત સરખું મન કે સમાન ચિત્ત ક્યારે થાય છે કે જ્યારે પાપરૂપી મેલ ધોવાય ત્યારે પાપરૂપી મલ ધોવાય ક્યારે? જ્યારે કોઇપણ પ્રકારે પરને પીડા આપવાનું બંધ રહે ત્યારે.

સમતારૂપી અમૃતમાં નિમગ્ન ક્યારે થવાય છે કે જ્યારે સમાધિયુક્ત મન હોય, પાપ રહિત મન-પક્ષપાત રહિત મન થાય છે ત્યારે નહિતો એકમાં રાગ બીજામાં કેટલાક ગુણદૃષ્ટિ છે એટલે કે પુણ્ય દીપવડે પરજીવના પુણ્યને દેખે છે, અને પોતાની પાસે પોતે હોવા છતાં પોતાના પુણ્યને દેખતાં નથી. કેટલાક યથાર્થદૃષ્ટિ કે સમદૃષ્ટિ હોય છે. જે પોતાના પાપ અને પરના પાપ જેવાં છે તેવાં દેખે છે, તેમજ પરનાં પુણ્ય તેમજ પોતાના પુણ્ય પણ દેખે છે આ **યથાર્થદૃષ્ટિ** નિષ્પક્ષપાતિ હોય છે અને તેમનેજ પરમાં અને પોતાનામાં **સમદૃષ્ટિ** કે **સમતા** હોય છે. તેમાંજ તે રમમાણ કે મગ્ન હોય છે.

વિષમદૃષ્ટિ ચોથ પાંચમ ઉદયાત્ અસ્તાત્ અગ્યારસની-શનિ રવિની લડાઇ કરે છે. **સમદૃષ્ટિ** પ્રતિક્રમણમાં પાપ આલોવવાનું પ્રથમ ધ્યાન રાખી પોતાના ગચ્છ પરંપરા પ્રમાણે પ્રતિક્રમણ કરી અને અન્યને તેના ગચ્છ પ્રમાણે પ્રતિક્રમણ પાપનું આલોવવું થયું જોઇ આનંદ માને છે, **વિષમદૃષ્ટિ** ઉદય અગ્યારસ અને અસ્ત અગ્યારસની તકરાર કરે છે, **સમદૃષ્ટિ** એક તુળશીના પત્રપર રહે એટલો ફળાહાર કરી પ્રભુ ભજન સર્વત્ર સમભાવરૂપ પ્રેમમાં કે સમતામાં મહાલે છે.

**વિષમદૃષ્ટિ**—શનિવારે અને રવિવારે ક્રાઇસ્ટને સંભારવો એમ કરી લડી મરે છે.

**સમદૃષ્ટિ**—સર્વના દુઃખ માથે લેનાર ક્રાઈસ્ટને સંભારી પરદુઃખ પોતે લેવાં પરોપકારમાં પ્રાણાર્પણ કરવો પડે તો કરવો એ વાત હૃદયમાં રાખી શનિવાર, રવિવારની તકરાર દૂર રાખી, શનિવારે પણ કરેલા પરોપકારને ઉત્તમ માને છે અને રવિવારે પણ પોતાના બાંધવોએ તેમ કર્યું હોય તો ઉત્તમ માને છે.

**વિષમદૃષ્ટિ**—મંદિરમાં જોડા ઉતારી જવા કે પાઘડી ઉતારી જવાની તકરાર કરે છે, સમદૃષ્ટિ આર્ય—પોતે જોડા ઉતારી સ્વમંદિરનું માન જાળવે છે અને પોતાના યુરોપિયન બંધુને પોતાના મંદિરમાં ટોપી ઉતારતાં જોઈ સ્વમંદિરનું માન જાળવતાં જોઈ હર્ષિત થાય છે, તેમજ સમદૃષ્ટિ યુરોપીયન બીજાઓને પોતાના મંદિરમાં જોડા ઉતારી જતો જોઈ હર્ષ પામે છે, ધર્મક્રિયા તરફ સન્માનવૃત્તિને આ સમદૃષ્ટિ બાંધવો મુખ્ય ગણે છે. અને એ સમદૃષ્ટિનો પ્રકાશ એ ધર્મ સન્માનનો પ્રકાશ એક માથું ઉઘાડું મૂકી બીજા પગ ઉઘાડા મૂકી પણ કરે છે. તેને વ્યાજબી ગણે છે. આવા ઉદાહરણો ઘણાજ મળે, પરંતુ તે સમદૃષ્ટિને મળે આમાં ગુણ જોવાયા છે. પરંતુ દોષપણ સમદૃષ્ટિ યથાર્થદૃષ્ટિ હોવાથી જોઈ શકે છે. જેમકે—

ચાઈનીસ સ્ત્રી પગ નાના કરી તેમ યુરોપીયન સ્ત્રીઓ કમર નાની કરી પોતાને સુંદર માને છે, વગેરે વગેરે સુંદરતાનો ભાવ એક તો દેખાડવાના સ્થાન માત્ર ભિન્ન છે.

માટે પાપમલને સમાધિવડે ધોઈ સમતા રસમાં મગ્ન થતાંજ જ્ઞાન દર્શન અને ચારિત્ર પર શુદ્ધ એવી પરમજ્યોતિ પ્રગટ થશે.

જ્ઞાનરૂપ પોતે હોવા છતાં કેમ તે કુંઠિત રહે છે. લાલન દેહમાં રહેલો લાલનને અને બીજા માનવ બાંધવ—એનોને જોઈ રહ્યો છું, માટે દર્શન છે. અને તેમને તથા તેમના વિચાર—ઉચ્ચાર—આચારને જાણી રહ્યો છે. માટે જ્ઞાન છે અને એ ઉભયમાં રમણ કરૂં છું, માટે ચારિત્ર છું. વળી જેમ સારૂં માઠું કંઈ નથી, તેમ સ્વપ્રકાશક પોતે શુદ્ધ આત્મા છે, આમ થતાંજ પરમજ્યોતિ પ્રગટે છે.

" જ્ઞાન તો રૂપ અરૂપ તો દર્શન
ચરણ વિષે ઉલકે પલટે છે,
એમ રમણ કરતો હું લાલન
રત્નત્રયી મહીં નિત્ય વસે છે. "

લેખકને પરમજ્યોતિની કંઈ ઝાંખી થતાંજે સ્ફુર્યું તેનું કંઈક ચિત્ર [illegible] ધ્યાનના એ પદમાં છે

વિજય નેમિસૂ
શાસન સમ્રા
ક્રમાંક: ______
સ્થાન: ______
શેઠ હઠીસિંહની વા

" દેખું જુઠું હું આજ અને મને કોઈ કહેતું
જગત્ ખોટું તો તે મેં હવે જાણ્યું "

વળી તે ઉપરાંત આ પ્રકારે પણ ભાસન થયું કે.

In me there shines
The soul of whole
Encentring and encircling all
Twixt God and men
There is no wall.
Effect and cause
In me e'er roll.

આખા વિશ્વમાં જે આત્મજ્યોતિ પ્રકાશી રહી છે તે મારામાં પ્રકાશી રહી છે સર્વનું મધ્યબિંદુ અને પરિધિ પણ તેજ છે. અર્થાત્ દર્શનરૂપ છે. તેમજ જ્ઞાન રૂપ પણ તેજછે, પરમાત્મા અને અંતરાત્મામાં હવે કંઇ અંતરનથી. કાર્યરૂપે અને કારણરૂપે ઉભયરૂપે મારામાં સર્વ ચાલતું **પ્રતિબિંબ** છે.

**પરમજ્યોતિના પ્રકાશથી ત્રણે જગતને વંદ્ય કોણ થયા છે ?**

**तीर्थंकरा गणधरा लब्धिसिद्धाश्च साधवः ।**
**संजातास्त्रिजगद्वंद्याः परज्योतिःप्रकाशतः ॥१३॥**

**ગીતિ.**

ગણધર શ્રી તીર્થંકર, લબ્ધિવાન જે સમસ્ત મુનિરાજો;
પરમજ્યોતિ પ્રકાશે, જગતવંદ્ય જઇ પામ્યા સુખરાજ.

**અનુવાદ—શ્રી તીર્થંકર પરમાત્મા, ગણધર મહારાજા, અને લબ્ધિ સિદ્ધ સાધુઓ પરમજ્યોતિના પ્રકાશથી ત્રણ જગતને વંદ્ય થયા છે.**

**વિવર્ણાર્થ—જીવનમુક્ત અવસ્થા શરીરધારીને અનુભવવાની છે, અને પરમજ્યોતિનો પ્રકાશ એવો છે કે તેઓ શરીરધારી હોવા છતાં ત્રણે જગતને વંદ્ય છે, આવા મહાપુરૂષ લબ્ધિ પામેલા સાધુ મહારાજ કે જેમના મન, તન, હૃદય પવિત્રતાએ પહોંચ્યા છે, ગણધર મહારાજ કે જેઓ પરમાત્માના મુખ્ય શિષ્ય હોય તેમના અમોઘ વ-**

યનંના વિસ્તાર કરી રહ્યા છે અને તે પરમજયોતિના પ્રકાશપૂર્વક તેમ- જ શ્રી તીર્થંકર પરમાત્મા પોતેજ જે પૂર્ણ પરમજયોતિ ત્રણ જગતના જીવોને આનંદ સુખ આપી રહે છે. અને તેઓ મનુષદેવ તીર્યંચ એમ સકલ જીવના વંઘ છે તેમનો નિ:સ્વાર્થ ઉપદેશ પોતાના જેવાજ બના વવા યત્ન કરે છે, અને જેવું જ્ઞાન પોતામાં છે તેવુંજ જ્ઞાન તમારા બધામાં છે એમ જાહેર કરી સર્વને શાસનરત કરે છે. જ્ઞાન તરફ—પરમ જયોતિ તરફ વાળે છે.

ખરે ત્રણ જગતના સદભાગ્યજ છે કે આવા પ્રત્યક્ષ શરીરસ્થ દાખલા જોઇ સર્વ માણસોને તે પરમજયોતિની પ્રતીતિ થઇ તે તરફ વળવાને ઉત્સાહ આપે છે.

### પરમજયોતિને કોણ—ક્યારે પામે છે ?

न रागं नापिचद्वेषं विषमेषु यदा व्रजेत् ।
औदासीन्यनिमग्नात्मा तदाप्नोति परंमहः ॥२४॥

### ગીતિ.

રાગદ્વેષ નવ થાએ જ્યારે, જનને અતિ વિષમ સ્થાને;
પરમજયોતિ તે પામે, ત્યારે ઉદાસીનતામય થઇને.

**અનુવાદ**—જ્યારે વિષમ વસ્તુમાં પણ રાગદ્વેષ નથી રહેતો ત્યારે ઉદાસીન અવસ્થામાં નિમગ્ન એવો આત્મા પરમ તેજને પામે છે.

**વિવર્ણાર્થ**—દૂધપાકનો આસ્વાદ લઇ કે જોઇ રાગ ન આવે અને વિષ્ટાને જોઇ દુગંચ્છા-જુગુપ્સા કે તિરસ્કાર ન આવે, ત્યારે દૂધ- પાક અને વિષ્ટા બંને એકજ પુદ્ગળના પરિણામ જાણી તેનાપર ઉ- દાસીન ભાવે રહે અને ઉદાસીન ભાવ જયારે એવી વિષમ વસ્તુપર રહે કે મન સમભાવે રહે અને તેથી પરમજયોતિ પ્રાપ્ત થાય.

મિત્રમાં રાગ નહિ અને શત્રુમાં દ્વેષ નહિ. કારણકે મિત્ર હિતકારી પોતાના શુભ કર્મને યાદ દેવડાવી ઉપકાર કરે છે, અને શત્રુ દેખીતું અહિત કરી અશુભ કર્મ કરેલાં તે સંભારી આપવાનો ઉપકાર કરે છે. તો બંનેને પોતાનાજ શુભ અ- શુભના નિમિત્ત જાણી અને ઉભય પર સમભાવે-રાગદ્વેષ રહિત રહે અર્થાત્ હું મારાં કર્મના ફળ ભોગવું છું, શુભ અશુભ મારા કરેલાં છે આમ વિચારમાં મિત્ર

પર રાગ નહિ થાય, શત્રુ પર દ્વેષ નહિ થાય, આમ થયું એટલે ઉભયપર ઉદાસીનતા રહી મન સમભાવ પામશે એટલે પરમજ્યોતિ પ્રગટી રહેશે.

શત્રુ અહિત યાદ કરાવી, તે ભોગવવા મદદ કરી હવે પછી અહિત મટાડવા સમજાવે છે.

મિત્ર હિત યાદ કરાવી તે ભોગવવા મદદ કરી હિત વધારવા સમજાવે છે.

આમ એક મેલ ધુએ છે અને બીજો સુંદર વસ્ત્ર પહેરાવે છે—આમ પરમાર્થે બન્ને હિતકારક ક્ષણભર સમજી પોતાના કર્મના નિમિત્તજ ગણે છે—

સુવર્ણ—અને માટી સુવર્ણપર ભાવ નહિ અને માટીપર અભાવ નહિ. કારણકે બન્ને પર પુદ્ગલ છે. એજ પરમાણુ માટીના તે કાળાંતરે સુવર્ણ, અને સુવર્ણ તે કાળાંતરે માટી. એજ વિષ્ટા ખેતરમાં જઈ, ઘાસ થઇ, ગાયમાં પ્રવેશ કરી દૂધ થાય છે; અને એજ દૂધ માણસો લે છે અને પાછી વિષ્ટા બને છે. આવું વિષ્ટામાંથી દૂધ, દૂધમાંથી વિષ્ટા એમ પરપુદ્ગલના દૂધ અને વિષ્ટા બે છેડા છે, માટે સમભાવે રહેવાથી—ને રાગ દ્વેષ ન પામતાં મન સમભાવ પામશે એટલે પરમતેજ પ્રગટ થશે.

પરવસ્તુમાં અજવાળું અંધારૂં; સારૂં નઠારૂં, રાત્રિ દિવસ, સુખ દુઃખ; કાળું ધોળું, સ્વર્ગ નર્ક. આમ ઉભયાત્મક વસ્તુ હોવાથી એક પર રાગ અને બીજા પર દ્વેષ થઇ આવે, પરંતુ જે તત્વના તે બે ખંડ જણાય છે તે ખંડ પર ધ્યાન ન આપી તેને તે પૌદ્ગલિક જાણી, તેની ઉપર રાગ દ્વેષ કરવો નિર્થક છે એમ જણાતાં એકાંત પ્રકાશ સૂર્યમાં છે તેમ થશે—એટલે એકાંત આનંદ—એકાંત વીર્ય—એકાંત જ્ઞાનજ એમ જણાશે. કારણકે તે પરમજ્યોતિ તેજોમય છે, અને એમાં તેજ સિવાય બીજું કંઇ નથી. એથી આ ઉભયાત્મક વસ્તુ સુખ દુઃખ સબળ નિર્બળ, પાપ માત્ર તે જ્યોતિના અખંડ તેજવડેજ આપણે જગતમાં જોઇ—જાણી શકીએ છીએ.

### યશ અને [1]વિજય આપનારી શોભા કોને મળે છે?

**विज्ञाय परमज्योतिर्माहात्म्यमिदमुत्तमं ।**
**यःस्थैर्यं याति लभते स यशोविजयश्रियं ॥**

### ગીતિ.

**પરમજ્યોતિને જાણી, ઉત્તમ ગુણ યુત્ત સમસ્ત જગમાંહિ;**
**તે યશ વિજયને પામે, સદા સ્થૈર્ય થઇ રમે સ્વગુણમાંહિ.**

---

૧ યશોવિજયજી એ આ ગ્રંથકારનું પણ નામ પ્રસંગે શ્લોકરત્નમાં આવી જાય છે.

અનુવાદ—પરમજ્યોતિના આવા ઉત્તમ માહાત્મ્યને વિશેષ જાણીને જે સ્થૈર્યને પ્રાપ્ત કરે છે તે યશ અને વિજય કરનારી શોભા પામે છે.

વિવર્ણાર્થ—આગળ વર્ણવી એવી પરમજ્યોતિની મહુત્તા સારી રીતે જાણીને જે શાંતિ પ્રાપ્ત કરે, તેને ત્રણ જગતની વિજય શ્રી પ્રાપ્ત થાય એટલુંજ નહિ પરંતુ તેથી ત્રણ જગતમાં ઉત્તમ યશ પણ પ્રાપ્ત થાય. આ પ્રમાણે આ પરમજ્યોતિનું સ્વરૂપ છે. માટે તેને પ્રાપ્ત કરવા અધિકાર પ્રાપ્ત કરી પરવસ્તુમાં મુંગા, બહેરા, આંધળા થઇ તે પરમજ્યોતિને પામી જગતને ઉદ્દાસીપણે વ્યવહાર કરતાં મન શમમાં આવશે એટલે જ્ઞાનાદિ શાંતિના અનંત ગુણોને આલિંગન કરી રહેવાશેજ.

## इति.

॥ प्रथमा परमज्योतिःपंचविंशतिः ॥

शत ग्रंथोना करतां, न्याय विशारद उपाध्यायजी कया;
आशय ग्रहणे मुज मति, लघुतर तदपि भक्तिथकी
वडु हुं हयां.
संवत [७]लोक [६]रिपु [८]सुत, [१]शशीनो प्रथम मासनी
सुद पंचमीये;
पद्य अनुवाद समाप्ति, करी माणेके मोहमयी रहीने.
हंसा चंचुवत गुणिजन, ग्रहीने तत्वो कृतार्थता पामो;
जिज्ञान्वेष्वी जनोपण, हृदे करी त्यां सुख शांति पामो.

ॐ शांतिः ॐ शांतिः ॐ शांतिः

प्रथमा

परमज्योतिःपंचविंशतिः

॥ समाप्ता ॥



## દ્વિતીયા.

# પરમજ્યોતિઃ પંચવિંશતિઃ

## મંગલં.

**परमात्मा परंज्योतिः परमेष्ठी निरंजनः ।**
**अजःसनातनः शंभुः स्वयंभूर्जयताज्जिनः ॥**

**અનુવાદ**—જે પરમાત્મા, પરમજ્યોતિ પરમેષ્ટી, નિરંજન, અજ, સનાતન, શંભુ, સ્વયંભૂ સ્વરૂપ છે, તે જિન (ભગવાન્) જય પામો.

**વિવર્ણાર્થ—પરમાત્મા** એકજ આત્મા ત્રણ પ્રકારે છે. જ્યારે ઇંદ્રિય ગોચર વસ્તુમાં (વિષયોમાં) હું અને મારાપણું માને છે ત્યારે (બહિરાત્મા) છે. જ્યારે દશ્યવસ્તુમાં (વિષયોમાં) હું અને મ્હારાપણાંની ભ્રાંતિ[1] ઉડી જાય છે, અને આંતર દૃષ્ટિ વડે આંતર તત્ત્વનું શોધન થવા માંડે છે, ત્યારે તે અંતરાત્મા છે. પૂર્ણ આત્મતત્ત્વ મળતાં જ્યારે અખંડ ભાવે તેની સાથેજ એકતાનતા થાય છે ત્યારે તે પરમાત્મા છે. આવા પરમાત્મા તે જિનેશ્વર છે અને તે જિનેશ્વર ભગવાન્ ત્રણ લોકમાં જય પામો.

**પરંજયોતિ**—બહિરાત્માનું તેજ ચંદ્ર જેવું,[2] અંતરાત્માનું સૂર્ય જેવું. અને પરમાત્માનું સૂર્યના પણ સૂર્ય જેવું એટલે કે જે દિવસે અને રાત્રે સદા સર્વદા ઉદયમાનજ હોય એવું આટલા માટેજ **પરમાત્મા** વિશેષણ આપ્યા પછી તરતજ **પરંજયોતિ** એવું વિશેષણ આવે છે તે યથાર્થ અનુભવાય છે.

---

૧ ભ્રાંતિ એટલા માટે કે દૃશ્ય વસ્તુ છે, પુદ્ગલની કે જડતત્ત્વની અને ભૂલથી ચેતન માને છે મ્હારી.

૨ જડ પદાર્થ જે બહિર કે બાહેર છે તે બાહિર જડ કરતાં બહિરાત્મા એ સારો છે, કારણકે બહિર–જડ નિસ્તેજ છે, બહિરાત્મા સતેજ છે.

આવા પરંજ્યોતિર્મય શ્રી જિનેશ્વર ભગવાન છે અને તે જિનેશ્વર ભગવાનજ ત્રણે લોકમાં જય પામો

**પરમેષ્ટી**—ચક્રવર્તિ રાજા આ લોકની રાજગાદીપર બેસે છે. ઇંદ્રમહારાજા સ્વર્ગલોકની પદવીપર શોભી રહે છે, પરંતુ જે ત્રણે લોકની એટલે પાતાળલોક, મનુષ્યલોક અને સ્વર્ગલોકની મહાન્ પદવીપર વિરાજી રહ્યા છે તેને પરમેષ્ટી કહેવામાં આવે છે એવા પરમેષ્ટી તે જિનભગવાન છે. તે શ્રી જિનભગવાન જય પામો. આ પરમેષ્ટિ એટલે પરમ-ઉત્કૃષ્ટ-શ્રેષ્ઠ પદ પર વિરાજનાર મહાન્ પ્રતાપવાન્ હોય તેજ હોય માટે પરમજ્યોતિ પછી તરતજ પરમેષ્ટી એવું વિશેષણ આપવામાં આવ્યું છે તે પણ યથાર્થજ લાગે છે.

**નિરંજન**—ચક્રવર્તિ રાજા આ જગતનો-લોકનો ધણી છે પરંતુ તે તેમાં મમત્વભાવને લીધે લેપાયલો રહે છે, ઇંદ્ર મહારાજ પણ સ્વર્ગના મહારાજ્યમાં અહં-મમત્વભાવથી ઘેરાયલા રહે છે, પરંતુ આ પરમેષ્ટિ ત્રણે જગત્ના-ત્રણે લોકના રાજાધિરાજ-દેવાધિ દેવ હોવા છતાં પૂર્ણ નિર્લેપ રહે છે માટેજ તેને **નિરંજન૧**—કહેવામાં આવ્યા છે; અને એ ત્રણે જગતના—ત્રણે લોકનું જે પરમપદ-કે મહા-મહારાજ્ય પદ તે મોક્ષપદ છે તે ઉપર તે પૂર્ણ નિર્લેપપણે વિરાજે છે, એવા નિરંજન શ્રી જિન ભગવાન છે, તે શ્રી જિન ભગવાન જય પામો.

---

૧ નિરંજન શબ્દપર કંઇક સ્ફટિક મય હૃદય સરોવરમાં લહરી આવતી હોય એવું સ્ફુરણ થઈ આવે છે, અને એ હૃદય લહરીજ **લાલનને** અહીં કંઈક લખવાને પ્રેરે છે. જેમ **પરમાત્મા નિરંજન** છે તેમ **પરમાત્માના** મિત્ર-પુત્રરૂપ અંતરાત્મા પણ પરમાત્મા સાથે મૈત્રી સંબંધ હોવાથી ઘણેક અંશે નિર્લેપ કે નિરંજન રહી શકે છે. આમ છતાં જગત્ વ્યવહારમાં—લોક વ્યવહારમાં અકુશળ નથી રહેવાનું. પરંતુ મહાકુશળતાથી વ્યવહારે—શુભ વ્યવહારે વર્તતા જણાય છે. જેમ કમળ જળાશયમાં ( સરોવરમાં ) ડુબેલું હોવા છતાં-મગ્ન હોવા છતાં પોતાને અને પોતાના પાત્રોને નિર્લેપ રાખી શકે છે. તેમ પરમાત્માના મિત્ર આ માણસ સંસારરૂપી મહાસરોવરમાં પોતાને અને પોતાના મન-ઇંદ્રિયોને નિર્લેપ રાખી શકે છે. કારણ કે કમળ જળમાં ડુબેલું હોવા છતાં પણ અત્યંત દ્દઢ મૈત્રીના સંબંધે સંપૂર્ણ દૃષ્ટિ ચંદ્રપરજ રાખે છે, તેમ અંતરાત્મા સંસાર સરોવરમાં મગ્ન હોવા છતાં પરમાત્મારૂપ મહાન્ ચંદ્રની સાથે દૃઢ મૈત્રી હોવાથી, તેની દૃષ્ટિ નિરંતર પરમાત્મા તરફજ હોય છે. જેમ કમળનો દંડ જળમાં ડુબેલો હોય છે, તેમ અંતરાત્માનું

**અજઃ**—જે નિર્લેપ કે નિરંજન હોય **છે,** તેના શુભ **અને** અશુભ બંને ભો-ગવવાનાકર્મ વગર લેપાએ ભોગવાઇ જાય છે. અને કર્મ બધા ભોગવાઈ ખલાસ થવાથી પોતે **અજ** એટલે જન્મરહિત રહે છે. કારણ કે **જન્મ** શુભ કે અશુભ કર્મવડે થાય છે. પરંતુ કર્મજ ક્ષય થઇ ગયા તો પછી જન્મ કયાંથી હોય ? માટે અજ એટલે જન્મરહિત કહેવામાં આવ્યા છે અને એવા **અજ** એટલે જન્મર-હિત જે નિરંજન હોય તેજ થઇશકે માટે **નિરંજન** એવા વિશેષણ પછી તુરતજ **અજ** એવું વિશેષણ મુકયું **છે.** તે યથાર્થ છે. એવા अज કોણ છે ? શ્રી જીનેશ્વર ભગવાન્ તે જય પામો.

**સનાતનઃ**—હવે અજન્મ એટલે જન્મ રહિત એવી સ્થિતિ તે કયાં સુધી હોય; તે વાત શિષ્યને—લાલનને સમજાવવાને માટેજ જાણે **અજ** શબ્દની પાસે તુરતજ **સનાતન** શબ્દ મુકવાની ખુબી રાખી હોય એમ જણાય છે. કારણકે **સનાતન** એટલે સદા સર્વદા શાશ્વતઃ શાશ્વત કોણ હોય; જે અજન્ય હોય તેજ અમર હોય અર્થાત્ **સનાતનઃ** હોય છે. એવા સનાતન કોણ હોય છે ? શ્રી જિનેશ્વર ભગવાન તે ત્રણે લોકમાં જય પામો.

---

શરીર સંસાર સરોવરમાં ડુબેલ જણાય **છે.** પરંતુ કમળનો પુષ્પ ભાગ જેમ જળ-માં નિર્લેપ રહે છે, તેમ અંતરાત્માનું મન નિર્લેપ રહે છે, વળી જેમ કમળની પાંખડીઓ જળમાં હોવા છતાં નિર્લેપ રહે છે, તેમ અંતરાત્માની ઇંદ્રિયો પણ સં-સાર જળમાં હોવા છતાં નિર્લેપ રહે છે.

હા. પરંતુ પવન આવવાથી કમળ જેમ જળમાં હાલક ડોલક થાય છે—ઊંચે આવતું જંતુ જણાય છે, પણ જળનો લેપ થવા દેતું નથી. તેમ સંસારની આધિ, વ્યાધિ અને ઉપાધિના પવનોના ઝપાટા આવવાથી અંતરાત્મા—મહાત્મા હાલક ડોલક થતાં દેખાય છે, છતાં તેનું મન મિત્ર નિર્લેપ હોવાથી ઉંચેજ રહે છે. આજ પ્રમાણે પરમાત્મા તરફ દષ્ટિવાળો અંતરાત્મા નિર્લેપ હોવાથી પોતાને સુખ આવતાં તે પોતે સમપરિણામે—અવ્યાપકપણે—નિર્લેપ રહી ભોગવી લે છે એટલે તેથી તેના શુભ કર્મ ક્ષય થઈ જાય છે. અને નવીન શુભની ઇચ્છા ન હોવાથી શુભ કર્મ બંધ પણ નથી થતો. તેમજ દુઃખ આવતાં તે પણ નિર્લેપ રહી ભોગવી લે છે, અને નવીન અશુભ પણ મુક્ત થઇ જાય છે. આમ થાય છે. પરંતુ કર્મજ ક્ષય થઇ ગયાંતો પછી જન્મ ક્યાંથી હોય ? માટે अज=જન્મરહિત કહેવામાં આ-વ્યો છે. અને શુભ અશુભ બંનેમાં નિર્લેપ રહી બંનેથી મુકત થતા મોક્ષપદ પા-મે છે. પરંતુ આમ થવાનું કારણ એ અંતરઆત્માની પરમાત્મા તરફ પૂર્ણ દષ્ટિ હોવી એજ છે. જેમ કમળ જળમાં મગ્ન હોવા છતાં તેની ચંદ્રમાં તેમ તેની સં-સારમાં મગ્ન હોવા છતાં પરમાત્મામાંજ દષ્ટિ હોવાનું આ અનુપમ ફળ થાય છે.

**શંભુ**—વળી જન્મ એજ મહા દુ:ખ છે. જન્મને લીધેજ આધિ એટલે મનની પીડા, વ્યાધિ એટલે શરીરની પીડા અને ઉપાધિ એટલે સાંસારિક પીડા ઊદ્ભવે છે માટે જન્મ ગયો તેની સાથેજ સનાતન કાળ સુધી—સદા કાળસુધી દુ:ખમાત્રનો નાશ થયો, સમજાયો. હવે જયારે દુ:ખ સદા કાળને માટે ગયાં તો પછી જે સનાતન કાળ સુધી સ્થિતિ રહી તે સુખનીજ રહી.

સોનામાંથી માટી ગયા પછી જેમ સુવર્ણ ચોખ્ખું કુંદન જેવું રહે છે, કાંટા નીકળી ગયા પછી જેમ ગુલાબનું ફુલજ માત્ર રહે છે, જેમ રાત્રિનું અંધારું ગયા પછી અજવાળું સદા રહે છે, જેમ સૂર્યને અસ્તે અંધારૂં અને ઉદયે અજવાળું હોય છે એમ નહિ પણ સૂર્ય પોતામાં જેમ સદા સર્વદા અજવાળું હોય છે તેમ દુ:ખરુપ માટી, કાંટા, અંધારૂં ગયું કે સાદિ અનંત અને સનાતન કાળ સુધી સુવર્ણ જેવું, ગુલાબના ફુલ જેવું, સાશ્વત સૂર્યમાં પ્રકાશ જેવું સુખજ—આનંદજ હોય છે. આ સ્થિતિને શાસ્ત્રમાં અવ્યાબાધ સુખ કહે છે એટલે કે એ સુખમાં કોઇ કાળે, કોઇ પ્રકારે દુ:ખનો છાંટો પણ નથી કેવળ, અનંત સુખ કે આનંદ છે. આવી આવી સ્થિતિ જેવી હોય તેજ **શંભુ** કહેવાય. અર્થાત્ સુખમાંજ વસનાર કહેવાય. માટે **સનાતન** વિશેષણ આપ્યા પછી તરતજ કેવળ સુખજ—કે કેવળ આનંદજ જેમાં છે એવા **શંભુ**; વિશેષણ આપ્યું તે યથાર્થ છે. એવા શંભુ એટલે સાશ્વત સુખવાળા કોણ છે? શ્રી જિનેશ્વર ભગવાન્ તે ત્રણ લોકમાં જય પામો.

**સ્વયંભૂ**—હવે એવું સાશ્વત આનંદ—સુખ કે શંભુપણું શાથી પ્રાપ્ત થાય છે; તેનો વિચાર કરીએ તો તેજ વેળા માલૂમ પડશે કે પોતાના પ્રયત્નથીજ—સ્વાશ્રયથીજ—( Self—relince ) સેલ્ફ રીલાયન્સથીજ. એટલા માટે જે પોતાના ઊપરજ—આત્મબળ ઊપરજ—આધાર રાખનારા હોય છે, તેજ **સ્વયંભૂ** ગણાય છે. જે સાશ્વત સુખ છે તે સ્વપ્રયત્નથીજ મળે છે. માટેજ **શંભુ** શબ્દની નીકટમાંજ[1] સ્વયંભૂ વિશેષણ લખ્યું છે, તે યથાર્થ છે, એવા **સ્વયંભૂ** કોણ છે! શ્રી જિનેશ્વર ભગવાન, તે ત્રણે લોકમાં જય પામો.[2]

---

૧ નિકટ એટલે નિરંતર—અંતર રહિત—વચ્ચમાં બીજો એક શબ્દ નહિ તે પાસે. ૨ આ શ્લોકના પદોની રચના એવી તો કોઇ શૃંખલાબંધ છે કે, કયા ગુણ પછી કયો ગુણ આત્મામાં પ્રભવે તે સહજ સ્ફુરી આવે છે, જાણે એક ગુણ પ્રાપ્ત થતાં હવે પછી કયો ગુણ આવશે, તે જાણે તેની મેળેજ આવી ઉભો હોય તેમ રચનાર શ્રી આચાર્ય મહારાજે મહા બુદ્ધિ પૂર્વક-અનુભવાનુસારે રચના કરી હોય એમ સ્પષ્ટ જણાય છે અને તેથી લાલન જેવાને તો સ્મરણમાં રાખવાને Association of Ideas એટલે નાના પ્રકારની ભાવના શૃંખલાબંધ સંબંધ હોવાથી મહા મદદ થઇ પડી હોય એમ જાણી હર્ષ થાય છે.

**જિન**—સકલ કર્મના જીતનાર તે જિન કહેવાય. તે જિન ભગવાન જય પામો. એટલે કે દેવાધિદેવ તરીકે મનાઓ.

જેનું સ્મરણ—મનન—ધ્યાન—મુમુક્ષુ—જિજ્ઞાસુ કરે તેવુંજ પદ તે પામે. પોતાના સરખા બનાવે.[1] આ પ્રમાણે શ્રી ઉપાધ્યાયજી **મહારાજ શ્રી યશોવિજયજી** દ્વિતીઆ પરમજ્યોતિના પ્રારંભમાં મંગલાચરણ કરી [ Banediction ] બેનિડિકશન કરી જગતને પરમાત્મા જેવા થવાને આશિર્વચન આપતા હોય એમ જણાય છે.

આમ મંગલાચરણ કર્યાં પછી **નમન** કરવું જોઇએ, એટલે જેનું મંગલાચરણ કર્યું તેના ગુણમાં નમવું જોઇએ. એટલા માટે હવે પછીના શ્લોકમાં ઉપર વર્ણવ્યા એવા જિનેશ્વર ભગવાનને નમન કરે છે. તે સહૃદય વાચકવૃંદો સાવધાન થઇને સાંભળો.

## નમનં.

**नित्यं विज्ञानमानंदं ब्रह्म यत्र प्रतिष्ठितं**

**शुद्धबुद्धस्वन्नावाय नमस्तस्मै परात्मने ॥ २ ॥**

**અનુવાદ—જે શાશ્વત છે, વિજ્ઞાનમય છે, આનંદસ્વરૂપ છે, જ્યાં બ્રહ્મ સ્વરૂપ વ્યાપી રહ્યું છે, તે શુદ્ધ અને બુદ્ધ સ્વભાવવાળા પરમાત્માને ( અમારો ) નમસ્કાર હો.**

**વિવર્ણાર્થ—નમસ્કાર તેવાને થાય કે જે પોતાથી મોટા હોય—શ્રેષ્ઠ હોય-પરંતુ લાલન વિચાર કરે છે કે મારાથી દ્રવ્યે વિશેષ વીરચંદશા, અધિકારે વિશેષ ગાયકવાડ, વિદ્યાએ વિશેષ મનસુખભાઇ કીરતચંદ, કળાએ વિશેષ** Edition **એડીશન, ધર્મે વિશેષ વેણીચંદભાઇ, જ્ઞાને વિશેષ અનુપચંદભાઇ, વેપારે વિશેષ માણેકલાલ ભાઇ છે અને આચારે વિશેષ મહારાજશ્રી મણિવિજયજી જેવા સાધુ મહારાજ છે. આમ મારાથી જે ઘણાક મોટા છે તેને નમન કરવું એ ઠીક છે, પરંતુ જો હું તેને નમન કરી તેવો થાઉં, અને તેવો થાઉં તો વળી તેથી વિશેષ થવાનો અસંતોષ કાયમ રહે, માટે નમન**

---

૧ आत्मसमं करोषि—પોતાના સરખા કરે.

કરવું તો પૂર્ણ દ્રવ્ય ભાવે એવાને કરવું કે જેને આ બધા મોટા લોકો પણ નમન કરતા હોય એટલુંજ નહિ પરંતુ જેનાથી આ ત્રણ લોકમાં કોઇ મોટુંજ ન હોય તેવા મોટા તો શ્રી તીર્થંકર મહારાજ છે, શ્રી પરમાત્મા છે. હવે પરમાત્માને નમસ્કારનો ઉપર કહ્યો તેમ હેતુ એજ કે તેના જેવું થવું. કોઇ કહેશે કે પરમાત્મા જેવા કે શ્રી તીર્થંકર મહારાજ જેવા થવું અશકય છે. આપણ મુનુષ્યથી એમના જેવા થવાયજ નહિ—કોઇ કહેશે કે એ પરમાત્માને નમન કરતાં એના જેવું થવું એ દુ:શકય છે, અર્થાત્ દુખે કરીને શકય થાય એવું છે, એટલે વિકટ[1] છે. વળી કોઈ એમ પણ કહે છે, શકય છે. એટલે કે આપણે પરમાત્માને દ્રવ્ય ભાવે નમન કરતા પરમાત્મા થઇ શકીએ. કારણકે, પરમાત્મા પણ કોઈ વખતે આપણા જેવા હતા,[2] અને તે જેમ પરમાત્મા થયા, તેમ આપણે પણ પૂર્ણ દ્રવ્યભાવે તેમને નમન કરતા તેના જેવાજ થઇ શકીએ, કારણકે, આપણે વાંચ્યું છે કે શ્રી જિનેશ્વરની પૂજા કરતાં પોતે જિનેશ્વર થાય[3] " પૂજા કરતાં પ્રાણીઓ પોતે પુજનીક થાય " આતો ઠીક પણ કોઇ વળી એમ પણ કહી શકે છે કે, પરમાત્મા થવુંજ મનુષ્યને સુશકય છે, એટલેકે, સેહલામાં સહેલું છે. બાકી બધું અઘરૂં કે, કઠિણ છે, કારણકે, પરમાત્મા થવામાં વિલાયત, અમેરિકા કે જર્મન કે, જાપાન જેટલે દૂર જવું પડતું નથી. પાતાળ જેટલું નીચે ઉતરવું કે, સ્વર્ગ જેટલું ઉંચે ચડવું પડતું નથી. રાજા, રાણા, શાહુકારની ઓળખાણ—કે ભલામણ પત્રની જરૂર નથી. પોતાથી બીજા કોઈને જણાવવાની કે જાણવાની જરૂર નથી. માત્ર પોતાને પોતાના આત્માને જાણવો તે પરમાત્માને જાણ્યો. અને પરમાત્માને યથાર્થ જાણ્યો અને આત્મજ્ઞાન પૂર્વક પરમાત્મામાંજ નમન કર્યું અર્થાત દૂષણો જઇ તેના ગુણ સાથેજ એકીભાવ થયો કે પરમાત્મા થવાયુ સમજવું.

---

૧ શ્રી નેમીશ્વર ભગવાને નમન કરતા કૃષ્ણ મહારાજ સાતમી નારકીના કર્મ ખપાવી, ત્રીજી નારકી સુધી ચડી આવ્યા, અને હવે આવતી ચોવીશીમાં અગ્યારમાં શ્રી **અમમનાથ** નામે તીર્થંકર થશે.

૨ " બાળપણે આપણ સ્નેહી, રમતાંતા સંપ સાથે.

૩ રાવણે શ્રી તીર્થંકરની ભક્તિ કરવાથી શ્રી તીર્થંકર ગોત્ર બાંધ્યું.

હવે પોતાનો આત્મા કેમ જણાય? આ ચૌદરાજ લોકરૂપી મહેલમાં રહી આ શરીરને અને તેની આસપાસ જે કંઇ દેખાય છે-જણાય છે તેને જે કરેલ જાણી-દેખી રહ્યો છે તે આત્મા છે જાણનાર આત્મા છે. ચૌદ રાજલોક આત્મા નથી, આ શરીર આત્મા નથી પરંતુ તેનું જ્ઞાન એ આત્મા છે. આમ જ્ઞાન એ હું એ વાતને એવી દઢ યાદ રાખવી કે સદા સર્વદા જ્ઞાન એજ હું સાક્ષી એજ હું બની રહે, તો પરમાત્મ-સ્વરૂપ અવશ્ય પામે. કારણકે જે જેવા હોય તેવું સ્વરૂપ ભાવિત થયા વિના તેવા થવાય નહિ. શાથી તેવું સ્વરૂપ એટલે જ્ઞાનસ્વરૂપ--કે સાક્ષી સ્વરૂપ ભાવિત થાય? તેમાં વારંવાર નમન કરવાથી, તે તરફ વળવાથી.

હવે કેવા સ્વરૂપને નમન કરવું કે જેથી પરમાત્મત્વ પ્રગટ થાય? **નિત્ય સ્વરૂપ** નિત્ય સ્વરૂપ કેવું હોય? જે સ્વરૂપમાં ફેરફાર ન થાય તે નિત્ય કહેવાય. જેમ અજવાળું અને અંધારૂં એ ઉભય આ અનિત્ય કહેવાય. કારણ! રાત્રિ થતાં અજવાળું જતું રહેતું જણાય છે, માટે એ અજવાળું અનિત્ય ગણાય છે, તેમ દિવસ થતાં અંધારૂં જતું રહે છે, માટે અંધારૂં અનિત્ય કહેવાય છે; પરંતુ સૂર્યમાં જે પ્રકાશ છે તે નિરંતર પ્રકાશજ હોય છે, તેથી તે નિત્ય કહેવાય, તેમ પરમાત્મસ્વરૂપ નિત્ય છે. તે નિત્ય છે એટલુંજ નહિ પરંતુ તેના પ્રત્યેક સ્વરૂપ નિત્ય છે. જેમકે **વિજ્ઞાન** કહેતાં કેવળજ્ઞાન તે પણ નિત્ય છે, **આનંદ** પણ નિત્ય છે. બ્રહ્મ સ્વરૂપ પણ નિત્ય છે. શુદ્ધ સ્વરૂપ પણ નિત્ય છે. એવા નિત્ય વિજ્ઞાન આદિ સ્વરૂપને નમન કરવાથી પોતે પણ તેવા નિત્ય સ્વરૂપે પોતાને જાણી લે છે—દેખી લે છે—અનુભવી લે છે,

**વિજ્ઞાનં**—આત્મા કે જ્ઞાન, શરીરમાં રહી શરીર અને તેની આસપાસ આવેલા પદાર્થને—જીવજંતુને જાણે છે, અને પરમાત્મા શરીરસ્થ કે શરીર વિના (અર્થાત્ સિદ્ધ સ્વરૂપે) હોઇ સર્વ શરીરિને—સર્વ શરીરસ્થ એવા જીવરાશિને સર્વ સૂક્ષ્મ બાદર પદાર્થોને તેમાં થતા નાનાવિધ ફેરફાર સહિત સર્વથા—સર્વ રીતે એકજ સમયમાં જાણી લે છે. તે સર્વના ભૂત ભવિષ્ય અને વર્તમાનની તેમને સહજમાં ખબર પડી રહે છે. જેમ સ્ફટિકના ગોળામાં જેવું હોય તેવું સર્વ દેખાઇ—જણાઇ રહે તેમ પરમાત્મારૂપ પૂર્ણ—મહાસ્ફટિકવત્ નિર્મળ સ્વરૂપમાં સર્વસ્વ—અશેષ—જીવ પદાર્થના પર્યાય સહિત પ્રતિબિંબિત થઇ રહે છે. અયત્ન સાધ્ય સર્વ જ્ઞાન તેમને એ અવસ્થાએ સિદ્ધ હોય છે; હવે આ ઉપરથી જણાશે કે આત્માજ્ઞાની છે અને પરમાત્મા પણ જ્ઞાની છે, આત્મા પોતાના શરીર અને

થોડા પદાર્થનો પણ અપૂર્ણ જ્ઞાની છે, અને પરમાત્મા પોતાના સર્વ જીવોના અને સર્વ પદાર્થના સર્વથા—સર્વરીતે જ્ઞાની છે—જાણનાર છે.

આમ જ્ઞાતા—જ્ઞાની—જાણનાર તો બને છે. એક અલ્પજ્ઞાની અને બીજા પૂર્ણજ્ઞાની પણ જ્ઞાની તો ખરા. એકની પાસે ચાર પૈસા છે અને એકની પાસે કરોડો રૂપિયા છે પરંતુ બને પૈસાદાર તો ખરા. એકનો જ્ઞાન પ્રકાશ આગીઆ જેવો છે, બીજાનો સૂર્યથી પણ અધિક છે. એક દીવેલના દીવા જેવો પ્રકાશ વાળો છે, બીજો રેડીયમથી પણ ચળકે છે. હવે જગતમાં રીત એવી છે કે જ્ઞાની ને જ્ઞાની સાથે પ્રીતિ થાય. [1] કારણ કે કહ્યું છે કે,

**समानशीलव्यसनेषु सख्यं—**

સમાન આચાર—વિચાર—સનામ સુખ દુઃખ જ્યાં હોય ત્યાં મૈત્રી હોય કે મૈત્રી થવાનો સંભવ હોય. તો આ દૃષ્ટાંતમાં આત્મા અને પરમાત્મા બંને જ્ઞાન સ્વરૂપ છે. માત્ર આત્મા અલ્પજ્ઞાની છે—તે પૂર્ણ જ્ઞાન રૂપ પરમાત્મામાં નમે ઢુકી મારે—તો પોતાના પણ તેવા ગુણો બહાર નીકળી આવતાં (મિત્રની સાથે મિત્ર જેવા થતાં] પોતે પણ તેવાજ થવાય.

પરમાત્માને નમસ્કાર કરતાં—તેમાં નમતા આપણા અંતરમાં જે તેવા

---

1. આ વાકયમાં સુહ્રદયને એક વ્યંગાર્થ સ્ફુરે કે જો પરમાત્મા થવું હોય તો આપણામાં જે જ્ઞાન અંશ છે તે તરફ લક્ષ રાખવું તો પરમાત્મામાં જે જ્ઞાન છે, તે રૂપ થવાશે. માટે આપણામાં જ્ઞાન અંશને પરમાત્મ સ્વરૂપ ભાવના કરતાં દૂર મુકવી. અર્થાત્ પરમાત્માની પ્રાર્થના કરતી વખતે એમ પ્રાર્થના ન કરે કે હે પ્રભુ આપ જ્ઞાની છો, હું અજ્ઞાની છું. પરંતુ આપ જ્ઞાન રૂપ છો, હું અજ્ઞાન રૂપ છું. આપ પૂર્ણ જ્ઞાનવાન છો હું અલ્પ જ્ઞાનવાન છું. આપના આલંબને મારે પણ આપની પેઠે પૂર્ણ જ્ઞાની થવું છે. આપ પૂર્ણ પ્રદેશે જ્ઞાની છો, હું અલ્પ પ્રદેશે જ્ઞાની છું. પરંતુ માત્ર આત્મામાંથી એક શુદ્ધ પ્રદેશે આપના સરખો હોવાથી તેટલાથીજ આ જ્ઞાન અપેક્ષાએ અલ્પ એવું ચૌદરાજ લોક અને અલોક આપે કહેલા સ્વરૂપ જેવું દેખાઇ—જણાઇ રહે છે. તો જ્યારે હાલ આપના વચન છે તેમ આપને પગલે ચાલી આપ જેવો થઇશ. ત્યારે મારા સર્વ પ્રદેશો પણ આપશ્રીના જેવા નિર્મળ થશે એટલે હું અલ્પ જેવો પણ જ્ઞાની—આપની નાતવાળો હોવાથી—આપને નમન કરી—આપને અનુમોદન કરી આપના જેવો થાવું એજ સંભવિત લાગે છે.

ગુણો અનાદિકાળથી સુતા છે, તે પોતાના મિત્રોના આવવાથી જાગૃત થાય છે. અને એક વખત જાગ્યા તો પછી હમેશાં જાગતાજ રહેશે. જેમકે પરમાત્મા નિત્ય છે. તો હું પણ નિત્ય છું. દેહ નિત્ય નથી. દેહ તો બાળક—યુવાન—પુખ્ત કે વૃદ્ધ થાય છે તે છતાં તે બાળકાદિ અવસ્થાને જાણનાર હું તો તેવોને તેવોજ જોતો આવતો રહ્યો માટે હું આત્મા નિત્ય છું. આ મરણ જન્મ પામતું શરીર તે અનિત્ય—પુદ્‌ગલના અપચય એટલે મરણ અને ઉપચય એટલે જન્મ એમ જે શરીર બે અવસ્થા આવી તે બંનેને મેં તે જાણી. એ જાણી તે અને હું અને તે તો એકજ સ્વરૂપે રહીશું નિત્ય રહીશું.[1] પરમાત્મા પણ નિત્ય આત્મા જ્ઞાની છે. પરમાત્મા વિજ્ઞાની એટલે વિશેષ જ્ઞાની છે માટે તેનું સ્મરણ—નમન—પૂજન કર કે તેના જેવો થઈશ.

લાલનને એમ લાગે છે કે જગત્‌માં સરલમાં સરલ પરમાત્મ થવું તે છે, કારણ કે બીજામાં વિભાવિક ગુણો ગ્રહણ કરવા પડે છે,—પકડવા પડે છે. અને આમાં સ્વાભાવિક ગુણ પ્રગટાવવા જોઈએ છીએ. જેમકે ખાણમાંથી નીકળતું માટી મિશ્રિત સુવર્ણ અને ચોખ્ખું સુવર્ણ આમાં જયારે માટી મિશ્રિત સુવર્ણ જેવો આત્મભાવ, અને ચોખ્ખું સુવર્ણ એ પરમાત્મ ભાવ હવે સુવર્ણ પ્રાપ્ત કરવા, ને જેમ આખો વખત માટી મિશ્રિત સુવર્ણમાં સુવર્ણ ભાવ રાખવો પડે છે, તેમ કર્મરૂપી માટી મિશ્રિત સુવર્ણ ભેગા આત્મામાંજ ચોખ્ખા સુવર્ણ જેવા પરમાત્મા ભાવના કરી—તે હૃદયમાં ધરી—મનમાં સ્મરી, અને મુખે જપવી જોઈએ. તેનું નામ ખરેખરૂં નમન કર્યું કહેવાય.

**आनंद**—પરમાત્મ સ્વરૂપ જેને નમન કરવાનું ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કહેછેતે પરમાત્મ સ્વરૂપ **आनंदमय** છે. અને એ **आनंदमय** આત્મસ્વરૂપને નમતાંજ આપણું સુખ—દુઃખમય સ્વરૂપ વિભાવ દશાને લીધે થઈ ગયું છે ને ટળી જઈ સ્વભાવ દશા—સમદશા પ્રગટ થતાં આપણું તેવુંજ આનંદ મયત્વ પણ આવી રહે છે. કારણકે પૃથ્વી પર જેમ અજવાળું અંધારૂં છે, તેમ પૃથ્વી જેવા જડ ભાવ—કે દેહભાવ ઉપર પણ સુખદુઃખ હોય છે. પરંતુ પૃથ્વીથી પર

---

1 આ નિશ્ચયનયની અપેક્ષાનું વચન છે વ્યવહારિ જે વસ્તુનું જ્ઞાન તે પોતે એમ ગણાય છે. માટે વ્યવહારને કેવળ વળગી ન રહેવું તેમ નિશ્ચયજ ગ્રહી વ્યવહારને નિષેધવો નહિ, પણ નિશ્ચયપર ચડી, વ્યવહારે નિશ્ચયના પ્રકાશ વડે પ્રવર્ત થવું.

એવા સૂર્યમાં જેમ શાશ્વત—હમેશા—નિરંતર પ્રકાશજ હોય છે. તેમ દેહભાવથી પર એવા આત્મભાવમાં અંતર આત્મભાવમાં ચંદ્રની પેઠે સર્વદા આનંદજ હોય છે. આ કેવળ સુખને શાસ્ત્રમાં અવ્યાબાધ સુખ કહે છે. અવ્યાબાધ સુખ એટલે જે સુખમાં કોઇ દિવસે, કોઇ ઠામે, કોઇપણ રીતિની બાધજ આવતો નથી. અર્થાત્ અવ્યાબાધ સુખ તેજ શાશ્વત—કાયમનું સુખ છે. એ સુખ તેજ **આનંદ** છે. એજ આપણામાં રહેલું પરમાત્મત્વ છે. આવું સુખ કયારે હોય જ્યારે **વિજ્ઞાન** કે કેવળજ્ઞાન હોય ત્યારે કેવળજ્ઞાન કે વિજ્ઞાન કયારે હોય ? જ્યારે અનિત્ય એવા સર્વ પદાર્થો છોડી નિત્ય પદાર્થના જ્ઞાનપર આવે ત્યારે આમ હોવાથી આનંદ કે અવ્યાબાધ સુખ તેજ નિત્ય છે, એ પૂર્ણ આનંદ તેજ વિજ્ઞાન કે કેવળજ્ઞાનરૂપ છે

**ब्रह्म यत्र प्रतिष्ठितं** જેમાં બ્રહ્મસ્વરૂપ આવી રહ્યું છે. અર્થાત્ જેમાં સર્વસ્વ દેખાઇ—જણાઇ રહ્યું છે તે પદને નમન હો. એ બ્રહ્મસ્વરૂપ તે આત્મા છે. **उपनिषद्** પણ ગાય છે કે **अयमात्मा ब्रह्म** કારણ કે જેમ સૂર્ય પ્રકાશમાં પ્રત્યક્ષ કે અવાંતર રૂપે સર્વ આવી જાય છે, તેમ અનંતજ્ઞાન—અનંત દર્શન—ક્ષાયકસમ્યકત્વ અનંત આનંદ—ઇત્યાદિ સર્વસ્વ અનંતાનંત ગણાઇ જાય છે. તે બ્રહ્મસ્વરૂપ કે આત્મસ્વરૂપ જ્યાં આવ્યુ છે એવા પરમાત્મપદને નમસ્કાર હો. તેમાં વળી તેને નમો કે જેથી બ્રહ્મસ્વરૂપ થવાય.

બ્રહ્મ જેમ સર્વસ્વ છે. તેમ આત્મા પણ સર્વસ્વ છે. જેમ બ્રહ્મમાં જ્ઞાનાદિ છે, તેમ આત્મામાં પણ જ્ઞાનાદિ છે જેમ બ્રહ્મમાં જ્ઞાનાદિ પ્રગટશે, તેમ આત્મામાં પણ આઠ પ્રદેશ બ્રહ્મના પૂર્ણ પ્રદેશ જેવાજ પ્રગટશે. હવે એ આઠરૂચક પ્રદેશથી બ્રહ્મને જોતાં જોતાં તેમાં મન વચન અને કાયાથી નમતા નમાતાં આત્મપણું કરતા પૂર્ણ પ્રદેશે બ્રહ્મ પ્રગટે.

**शुद्धबुद्धस्वभावाय**—જે શુદ્ધ અને બુદ્ધ સ્વભાવના છે, તે પરમાત્માને અમારો નમસ્કાર હો. શુદ્ધ સ્વભાવને અમે નમીએ. એટલે વિભાવને મૂકી અમારા જે શુદ્ધ સ્વભાવ છે તેમાં અમે વળીએ. ક્રોધાદિ વિભાવ છે તેને છોડી સમાદિ સ્વભાવમાં નમીએ અસત્યાદિ વિભાવ છે, તેને છોડી સત્યાદિ શુદ્ધભાવમાં અમે વળીએ.

આત્માને સ્વભાવથીજ શાસ્ત્રમાં શુદ્ધ કહ્યો છે. એવું કેટલા થોડા સમજે છે ખરે જગત્ હણાઇ ગયું જણાય છે આ વાતને કેટલી ગૌણ કરી દીધેલી જણાય છે. કયો વીર પુરૂષ, સિંહનાદ કરી પિતાને પગલે ચાલી કહે કે એ વીરપુત્રો, તમે

સ્વભાવેજ શુદ્ધ છો, ક્રોધાદિ તમારા નથી. એ તો વિભાવના છે એ નિર્માલ્ય, નિસ્તેજ, આપણા નથી પારકા છે. આવી વાત થાય છે પણ બહુ થોડી છે. કર્મો કઠિણ છે એ વાત કર્મના જીતનાર જૈનોમાં હારનારી જાણે આવી હોય, તેમ હાલતો પ્રચલિત થયેલી જોઇ સખેદ થવાય છે. **सत्तायलमें मोह विडारत लागे काची दोय घडीरी.**

આવું જોનારા--જાણનાર—આચરનાર—આનંદઘન મહારાજ જેવા વિરલા મનુષ્યો માલુમ પડે છે માટે હવે તો આવુ જાણનાર કે મોહને કર્મને જીતવા એ તો માત્ર બે ઘડીમાં બને એવું છે આવા અનેક જૈનો બહાર આવવા જોઇએ છે. અને "શું કરીએ ભાઇ કરમ કઠીન છે" એવું બોલનાર—સમજનાર કર્મથી બીહીતા—ભાગતા—એવા—બાયલા—જૈન નામને લજાવનારા વિરલ કે છુટા છવાયા હોય તો કદાચ ચાલે. કારણ કે જે અપવાદ હોય તે સંસારમાં નિયમ થાય છે, અને નિયમ એ અપવાદરૂપ કાળે કરી બની જાય છે જેમકે અમેરિકામાં જ્યારે પુલમેને Pulllmen પેલેશકાર Palacecar અથવા પ્રાસાદ અગ્નિરથ કાઢ્યો ત્યારે તેમાં બેસનાર વિરલ હતા. પરંતુ સામાન્ય ટ્રેનમાં અનેક માણસો મુસાફરી કરે છે અને સામાન્ય ટ્રેનમાં કોઇ વિરલ ગરીબ ગરબા મુસાફરી કરે છે માટે જે જૈન છે જિનના પુત્ર રત્નો છે તેણે તો ઘણા પોતામાં કર્મના જીતનારજ થાય એ તરફ દૃષ્ટિ દોડાવવી જોઇએ તેના નાના પ્રકારના ઉપાય શોધવા જોઇએ પરંતુ કર્મને નામે રડનાર—બીકણુ—બાયલા તો કોઇક હોય તો ભલે જૈનના નામને લજાવનાર—શ્રી વીરના પુત્ર હોવા છતાં શું કરીએ જેવી ભાવી લખ્યા લેખ મિથ્યા નહિ ઇત્યાદિ કોઇ એક કારણને મુખ્ય કરી બેસી પોતાનું બાયલું—હિચકારૂ જીવન વહન કરે પરંતુ શ્રીવીરની પેઠે પાંચ કારણને માની પિતાશ્રીની આજ્ઞાએ ન વર્તે એ ખરેખરૂ શોચનીય છે, માટે મોહની આદિ પ્રકૃતિને વિભાવિક હોવાથી હઠાવનાર શુદ્ધ બુદ્ધ સ્વભાવવાળો આત્મા છે તેને નમસ્કાર કરો. કર્મ બીચારા રડી નાસી જાય.

**परात्मने**—પરાત્મા એટલે શ્રેષ્ટ બહિરાત્મા એ કનિષ્ટ, અંતરાત્મા એ મધ્યમ અને **પરાત્મા** એ શ્રેષ્ટ જે આત્મા પોતે કર્મનો કર્તા હોવા છતાં કર્મથી જ બીએ પોતાના નોકરનોજ દાસ તે બહિરાત્મા કે કનિષ્ટ આત્મા છે જે આત્મા પોતાના કર્મથી ડરતો નથી તેમ તેનાથી ડરતો પણ નથી અને તેને જીતી શકતો પણ નથી તે મધ્યમ એટલે અંતરાત્મા છે પરંતુ જે આત્મા સકલ કર્મને હઠાવી

પોતાનાજ સ્વરૂપમાં રહી શકે તે શ્રેષ્ટ એવા પરમાત્મા છે તેને અમારૂં નમન હો, કેઅમે પણ તેના જેવા થઈએ.

આમ પ્રથમ શ્લોકમાં મંગલ અને દ્વિતીય નમન કરી પરમાત્માનું સ્વરૂપ અને તેની પ્રાપ્તિને નમનરૂપ વ્યંગે શ્રી ઉપાધ્યાયજીએ સૂચવ્યું હોય એમ સુહૃદ વાચકવૃંદને સહજમાં જણાઇ રહેશેજ.

**આત્મા વ્યકિતથી[1] અને શક્તિથી કેવો છે.**

**अविद्याजनितैः सर्वैर्विकारैरनुपद्रुतः**

**व्यक्त्या शिवपदस्थोऽसौ शक्त्या जयति सर्वगः ॥ ३ ॥**

**અનુવાદ—અવિદ્યાથી ઉત્પન્ન થએલા સર્વ વિકારો વડે જે આત્મા ઉપદ્રવ પામેલો નથી, તે પ્રગટપણે આનંદમય એવા મોક્ષપદમાં વિરાજે છે, અને શક્તિ વડે સર્વ વ્યાપક છે. ॥ ૩ ॥**

**વિવર્ણાર્થ...અવિદ્યા—અજ્ઞાન—ભ્રાંતિ—જડતા—મૂઢતા—પોતાનેજ ભુલાવામાં નાખનાર—અનાદિ અવિદ્યા નામના—પ્રકારોના વિકારોનું ઉત્પતિસ્થાન હોય એમ લાગે છે. જે મોટા અઢાર દૂષણો આત્માના અસંખ્ય અને અનંત ભૂષણોને ઢાંકી દે છે, તે અઢાર દૂષણોનું પણ ઉત્પત્તિ સ્થાન અવિદ્યા છે, હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર અને પરિગ્રહ એ મહાપાપની પણ ભૂમિકા એ અવિદ્યા છે.**

પોતામાંથી ખસી પરવસ્તુમાં અહંભાવ [અસ્મિતા] કરાવનાર પણ એ છે પરવસ્તુમાં હુંપણાનું અભિમાન કરાવી પરને થતી હાનિ મને થાય છે, એવો રાગ કરાવનાર પણ અવિદ્યા છે. પરવસ્તુની હાનિ થતાં તેમાં જે દ્વેષ કરાવનાર પણ અવિદ્યા છે, અને દેહાદિનું મરણ થતાં પોતાનું મરણ એવો ખોટો અભિનિવેશ મરણ—ગાંઠ—ગાંઠ જેવો આગ્રહ પણ અવિદ્યા કરાવે છે.

ત્રણે લોકના નાથ, છ દ્રવ્યમાં શ્રેષ્ઠ, નવે તત્ત્વમાં મુખ્ય, એવા આત્માને રંકમાં રંક, છ એ દ્રવ્યમાં કનિષ્ટ દેખાડનાર નવ તત્ત્વોમાં ગૌણ સમજાવનાર સિંહ બાળકને ઘેટાનું બચ્ચું બતાવનાર, રાજા, મહારાજા ઇંદ્રને નમાવનાર હોવા છતાં સર્વને નમનાર કરી રંક સ્થિતિમાં રાખનાર અવિદ્યા છે.

આવી અવિદ્યા તે શું છે? અજ્ઞાન—અંધકાર જેમ અંધારામાં કાંઇ દેખાય

---

૧ પ્રગટપણે, Manifested; ૨ પ્રચ્છન્નપણે, Unmanifested.

નહિ તેમ અવિદ્યાના અંધારામાં કંઇ દેખાય નહિ અને દેખાય તો કંઇનું કંઇ હોય કંઇ ને જણાય કંઇ જેમકે હોય ઝાડનું ઠુંઠું અને સમજાય કે વગડામાં પુરૂષ ઉભો છે, હોય મૃગજળ ઝાંઝવા અને સમજાય પાણી, હોય છીપ અને સમજાય મોતી, હોય દોરડી ને સમજાય સર્પ. આમ ઊલટુંજ અવિદ્યાનો અંધકાર આપણને જ્ઞાન કરાવે છે. હવે દોરડીમાં સર્પનુ જ્ઞાન થયું, કે પછી ભય પણ લાગે,—ભય નામનો [1] વિકાર પણ તેથી ઉત્પન્ન થાય. ઝાંઝવા તે જળ સમજાય પછી તૃષા પણ ન છીપે. જુઓ પરવસ્તુમાં સુખરૂપી જળ છે એમ સમજતા કોની તૃષા—તૃષ્ણા છીપે છે? છીપને મોતી સમજાયા પછી, જયાં મોતી નથી, એવી છીપનું જ્ઞાન ખોટું રહેશેજ એટલુંજ નહિ પણ અજ્ઞાન જેને અનાત્મજ્ઞ—મૂઢ - વ્યવહાર કહે છે તે પણ ખોટોજ થશે. કારણ કે જેનો પાયો ખોટો તેના ઉપર રહેલી ઈમારત પણ ખોટી તેમ દેહરૂપ છીપને આત્મારૂપી મોતી સમજાય છે,—એ પોતારૂપી સમજાઇ ગયા પછી, આત્મા સંબંધી—પોતા સંબંધી વ્યવહાર પણ ખોટા જ થશે જેમ દેહરૂપ છીપ એ આત્મા રૂપ મોતી નથી, તે છતાં તેમ સમજાયું કે દેહના પુત્ર પુત્રાદિ, તે પોતાના પુત્ર પુત્રાદિ સમજાશે—અને દેહના નાશથી તે પુત્રપુત્રાદિનો પણ નાશ થશે તેમ દોરડીને સર્પ સમજવાથી ભય ઊત્પન્ન થાય છે તેમજ કર્મરૂપી દોરડીને ભયંકર સર્પ સમજી જવાથી આખુ જગત હણાઇ ગયું છે કર્મ તે કર્મ છે અને કર્મ એ દેહભાવના. દેહભાવના દૂર કરવાથી છૂટકા-થઇ જવાય છે માટે આ બધી ઉલટી સમજ તે અવિદ્યાને લીધે છે પરંતુ એ અવિદ્યા જ્ઞાન નથી આપતી—તેને આપેલું જ્ઞાન તે જ્ઞાન નથી પણ અજ્ઞાન છે—એવું જેને સ્પષ્ટ જ્ઞાન છે તેને અવિદ્યા પરાભવ કરી શકતી નથી એટલુંજ નહિ પરંતુ તે આત્મા પોતાના જ્ઞાનમાં પોતેજ જ્ઞાનરૂપ થઇ મોક્ષાનંદમાં બિરાજે છે. અને જ્ઞાન સર્વત્ર હોવાથી પોતે પોતાને સર્વ વ્યાપક જુએ છે.

જુઓ સૂર્ય નિયત સ્થાનવર્ત્તી હોય છતા તેનો પ્રકાશ સર્વત્ર જણાય છે. તેમ આત્મા નિયત સ્થાનવર્તી હોય, છતાં તેનું જ્ઞાન સર્વત્ર હોય છે. અને જ્ઞાન એજ પોતે હોવાથી પોતે પણ નિયત સ્થાનવર્તી હોવા છતાં સર્વત્ર છે એ વાત ન્યાયથી અવિરૂદ્ધ છે,

હા, પણ આત્મશકિતએ—પ્રછન્નપણે કેવો છે અને કેવો દેખાય છે તેનો જરા વિચાર કરીએ. ગમે તેવો સિંહ હોય છતાં જ્યાંસુધી તે બકરાના ટોળામાં

---

૧ વિકાર એટલે ઊલટી ક્રિયા; ઊલટી કૃતિ ૨ તૃષ્ણા—લોભ એ પણ વિકાર છે. અને એની જન્મભૂમિકા પણ અવિદ્યા છે

ભળી જઇ પોતાને ઓળખે નહિ ત્યાં સુધી બકરાની માફક તે બેં બેંજ કરશે, તેમ કર્મથી ડરનારાની સંસારરૂપી નિર્બળ પડછાયાથી ભય માનનારાની સાથે ભળી જતાં ઘણા માણસની તો બકરાં જેમ બેં બેં કરે એવી સ્થિતિ થાય છે. એટલુંજ નહિ પણ આ વીર પુત્રો—આ જિન પુત્રો—જૈન ભાઇ બ્હેનોની પણ તેવી સ્થિતિ જોઇ સખેદ થવાય છે.

પરંતુ શ્રીમત્ દેવચંદ્રજી મહારાજ શ્રી અજીતનાથ ભગવાનનું સ્તવન કરતાં કહે છે તેમ **"અજ કુલ ગત કેશરી લ્હેરે, નિજ પદ સિંહ નિહાલ"** તેમ કોઇકજ કરતાં માલુમ પડે છે. કદાચ બને કે સિંહ બાળક હોય છતાં બકરાના ટોળામાં મળી જવાયું તો પછી **સિંહને** શ્રી **અજીત**નાથરૂપ મહાસિંહને દ્રવ્યભાવે જોઇ પોતાનું સિંહપદ તો સંભાળી લેવું. પરંતુ અહા આવું કેટલા થોડા કરે છે! આત્માની આવી સિંહ જેવી શક્તિ હોવા છતાં સિંહને રોજ જોવા છતાં—અજીતનાથ મહારાજની રોજ પૂજા—દર્શન કરતાં કેટલા થોડા પોતાને સિંહ બાળક તરીકે બરોબર ઓળખે છે?

હા પણ સિંહ બાળક જ્યાંસુધી સૂતો છે—જિનેશ્વર પુત્ર પણ જ્યાંસુધી મોહનિંદ્રામાં ઘોરતો હોય, ત્યાંસુધી નિર્જીવ સરખા ઉંદરો પણ તેના પર ફર્યા કરે, એટલુંજ નહિ પણ સિંહ બાળ પશુઓનો રાજા હોવા છતાં જાણે સઘળાને વશ થઇ ગયો હોય—પરવશ હોય—મોહની કેફથી પોતાને ભૂલી ગયો હોય એમ જણાય છે, પરંતુ સિંહ જાગૃત થતાં શું ઊંદરો, શું પશુઓ, પણ સકળ પ્રાણીમાત્ર પલાયન કરી જાય છે તેમ જીવ જાગૃત થયો કે કર્મ બેં બેં કરતાં પલાયન કરવા મંડી જાય છે.

રાજા ઉંઘતો હોય અને સમર્થ પણ હોય છતાં તેના અધિકારીઓ રાજા થઈ બેસે છે, તેમ રાજાઓનો રાજા એવો આત્મા ઉંઘતો હોય તો કર્મ રાજા જેવાં થઇ જાય છે. પરંતુ રાજા જાગૃત થતાં અધિકારીઓ તેને વશવર્તી રહે છે ત્યારે તેને રાખવા કાઢવા એ પોતાના હાથમાં આવી જાય છે, તેમ જીવ પોતાના અનંતવીર્યમાં જાગૃત થયો કે કર્મરૂપી કહેવાતા અધિકારીઓને રાખવા—કાઢવા પોતાના સ્વાધીનમાં લેવા એ ઇચ્છાની વાત છે આમ શક્તિથી સત્તાગતે—ગુપ્ત રીતે—પ્રચ્છન્નપણે ગમે તેવો સિંહ જેવો આત્મા બકરા જેવો જણાય છે. પણ પ્રગટ થતાં—જાગૃત થતાં—ગર્જના કરતાં—સારૂ પોકારતાં—કર્મની ઉપાધિથી પસભવ પામતો નથી પણ ગર્જના કરી કર્મને ભગાડે છે.

આમ વ્યક્તિપણે આનંદમય એવા મોક્ષપદમાં વિરાજે છે અને શક્તિવડે સર્વ

વ્યાપક પણ જણાય છે.

પરમાત્માનું સ્વરૂપ કેવું છે?

यतो वाचो निवर्तन्ते न यत्र मनसा गतिः
शुद्धानुभवसंवेद्यं तद्रूपं परमात्मनः ॥ ४ ॥

અનુવાદ—જ્યાંથી વાણી પાછી વળેછે, જ્યાં મન ગતિ કરીશકતું નથી. પરંતુ જે શુદ્ધ અનુભવવડેજ જાણી શકાય છે, તે પરમાત્માનું સ્વરૂપ છે. ॥ ૪ ॥

વિવર્ણાર્થ—વાણી જ્યાં પહોંચે નહિ, અર્થાત્ વાણી પરમાત્માનુંસ્વરૂપ વર્ણવી શકતી નથી, ગમે તેવો કવિ પોતાની કલ્પનાના દડીઆમાં આ વસ્તુ દેખાડી શકતો નથી, તેમજ ગમે તેવો તત્ત્વવેત્તા પણ—ફિલસુફ પણ—વિચારી શકતો નથી, કારણકે મનની પણ ત્યાં ગતિ નથી અર્થાત્ કોઇ વિચાર પણ ત્યાં પહોંચી શકતો નથી. વિચાર સૂક્ષ્મમાં સૂક્ષ્મ હોય તોપણ પરમાત્મ તત્ત્વને તે સ્પર્શી શકતો નથી, પરંતુ વાણી અને મન એ ઉભયને સંપૂર્ણ શાંત કરવાથી જે શુદ્ધ અનુભવ થાય છે, તેજ પરમાત્માનું સ્વરૂપ છે. જ્યારે કાયાનો કે ઇંદ્રિયોનો વ્યાપાર બંધ કરવામાં આવે છે, ત્યારે પણ મનોવ્યાપાર બંધ કરવામાં આવે છે, પરંતુ મનમાંથી પણ ઇંદ્રિયગોચર વિચારોને દૂર કરવાથી મન શાંત સરોવર જેવું થઈ રહે છે. આ વેળાએ જે શાંતમનઃસરમાં જે પ્રતિબિંબ પડે છે તે પરમાત્મનું તત્ત્વ છે. એ સ્વરૂપજ પોતે છે એમ સ્પષ્ટ સમજાઇ જાય છે, અને મન જેનો વિચાર કરતું હતું અને વાણી જેનો વિચાર કરતું હતું તે એ તત્ત્વ નથી. એ તત્ત્વનો સ્વસંવેદ્ય એટલે પોતાવડેજ અનુભવાય છે, અને એ અનુભવ તેજ આ વાણી છે, આ મન છે, વગેરે પોતાથી ભિન્ન જણાઈ આવે છે, એટલુંજ નહિ પણ વાણી અને વિચારમાં કથેલાં કે કલ્પેલાં સ્વરૂપ છે તે પણ પોતે જાણે છે—જુએ છે.

આમ અનુભવ થવાનું કારણ એજ કે બહિરાત્મતત્વ કે અંતરાત્મતત્વ કે પરમાત્મતત્વ એ કંઇ ત્રણ વસ્તુ નથી એકજ વસ્તુ છે. જેમ ખારૂં પાણી, મીઠું પાણી અને પાણી એ ત્રણ વસ્તુ નથી, જ્યારે તેમાથી ખારાશ કે મીઠાશ ગઈ કે પછી પાણીજ રહે છે. તેમ આત્મામાંથી પાપરૂપ અશુભ—ખારાશ

પુદ્ગલો ગયાં—અને પુણ્યરૂપી–શુભ મીઠાં કર્મ પુદ્ગલ નીકળી ગયા કે સ્વચ્છ એકજ આત્મતત્વ નિર્મળ સ્ફટિક જળ જેવું, એકજ તત્વ રહ્યું તેજ પરમાત્મ તત્વ છે.

વાણીથી આપણે કહીએ કે આ પરમાત્મતત્વ છે. પણ એ પરમાત્મતત્વ કહી શકાતું નથી. કારણ આ બહિરાત્મા, આ અંતરાત્મા, અને આ પરમાત્મતત્વ એ ત્રણે સાપેક્ષ છે. એક બીજાની અપેક્ષાએ ભિન્ન ભિન્ન સ્વરૂપ કહેવાય છે. જેઓ બહિરાત્માની અપેક્ષાએ આ પરમાત્મા છે, એમ કહેવાય છે, પરંતુ જે નાના મોટા, જે અંદર બહાર થતો હોય. તે બહિરાત્મા, અંતરાત્મા એમ કહેવાય. પરંતુ જે તત્વે સર્વત્ર, જ્ઞાન રૂપ છે, તેને અંદર બહાર શું,? આ નંબર ૧૪૨ ગુલામવાડીમાં લાલન સમભાવ સદનમાં બેઠો લખે છે, આ રૂપમાં એનું શરીર છે, હવે આ ભિન્ન જે રૂપને છે તે દૂર કાંતો અંદર બહાર શું ? તેમજ આ ઘરમાં એમ જે દેહભાવથી ( વ્યવહારથી ) કહેવાય છે કે હું ઘરમાં છું, પણ ઘરમાં તો શરીર છે, પણ જરા સ્થિર થઇ જોતાં ઘર પોતાના મનમાં પારણાની માફક ઝૂલતું દેખાશે, અને એ પણ પોતાના સમગ્ર જગતને લઇને આત્મામાં રમતું જણાશે, એમ આત્મા પોતે હોવાથી પોતામાં સર્વ સમજાશે. હવે એ પ્રકારે અંતર–બહિર. એ કર્મ હોય ત્યાંસુધી કહેવાય. નાનું મોટું જે પુદ્ગલ હોય ત્યાંસુધી કહેવાય. નાનું મોટું જે પુદ્ગલ હોય ત્યાંસુધી છે. પરંતુ આત્માને સરખાવવાને બીજો કોઈ પણ પદાર્થ ન હોવાથી તે પરમ અંતર બહિર ન કહેવાય. તે નાના–મોટા ન કહેવાય. કારણ કે તે અગુરૂ એટલે મોટો નથી, અને આ લઘુ એટલે નાનો નથી, જે નાનું મોટું સમજાય છે તે પુદ્ગલ છે. તેમજ આ પરમતત્ત્વ છે, એવું મન કલ્પે છે, આત્માને નાનામાં નાનો અને મોટામાં મોટો બતાવે છે, પરંતુ તે તેવો નથી, કારણકે નાના મોટાં એ તો પુદ્ગલો હોય. જેમ એક વીંટી નાની અને બીજી મોટી. પરંતુ આત્મામાં એમ નથી કે એક આત્મા નાનો અને બીજો મોટો, માટે નાના મોટાની પણ મનજ કલ્પના કરે છે, **अणोरणीयान् महतो महीयान्** એ અણુથી પણ નાનો અને મોટાથી પણ મોટો એ પણ અનુભવ ગમ્ય રૂપ નથી. કારણકે પોતે તો નાના મોટાને જાણનાર છે, પોતે નાનો મોટો નથીજ પરંતુ અનુભવગમ્યરૂપ કે સ્વસંવેદ્ય છે. શબ્દમાં, વિચારમાં રહેલી પ્રભાને ગ્રહણ કરતા તરતજ અનુભવાય છે. જેમકે જળ એ ભરતીઓટ નથી પણ જળ છે, શરદી ગરમી નથી પણ હવા છે, અજવાળું અંધારૂં નથી પણ પ્રકાશ છે, તેમ બહિરનથી. પણ આત્મા છે. સ્વસંવેદ્ય તેજ પરમાત્મ તત્વ સ્વરૂપ.

વળી એક કાચના પોકળ સ્થંભમાં નિર્મળ જળ ભરેલું હોય, અને બહિરથી તે કાચ સ્થંભને કાળો, ધોળો, અને પીળો રંગ લગાડયો હોય, ને તે બાહ્યરંગની ઉપાધિવડે, કાળું પાણી, ધોળું પાણી, અને પીળું પાણી કહેવાશે. પરંતુ વસ્તુ પાણીને રંગ નથી, કાચને બાહ્ય ઉપાધિ છે, તેમ આત્મારૂપ જળને, બાહ્યઉપાધિને લીધે બહિર, અંતર, અને પરમ આત્મા એમ કહેવાય છે. પરંતુ સિદ્ધ સ્વરૂપ—અકર્મ ઉપાધિ રહિત તો નિર્મળ જળ જેવું એજ આત્મતત્ત્વ છે. વાણીઆ—બ્રાહ્મણ નથી પણ આત્મા છે. ઊંચ નીચ નથી પણ આત્મા છે. વાણીઆ—બ્રાહ્મણ એ શરીરના નામ ઉંચ નીચ પણ શરીરના નામ છે. આવું નિશ્ચયનયથી પરમાત્મ સ્વરૂપ અનુભવાય છે, એ પોતે પણ ખરેખર તો તેવોજ છે. હાલ પણ નિશ્ચયે તેવો છે, અને વ્યવહારે આઠ પ્રદેશે તેવોજ છે. હવે આપણે વ્યવહારે પણ સકળ પ્રદેશે તેવો કરવાને પ્રથમ ધારી કર્મ દૂર કરવાં જોઇએ. અને તે જેમ જેમ નિશ્ચય સ્વરૂપને અનુભવી તેમની સાથે એકતાનતા કરતા જઇએ, તેમ તેમ તે સ્વરૂપ ગુપ્ત છે, તે પ્રગટ થશે. માટે ધ્યાન કરવું તો તેજ સ્વરૂપનું.

હાલ પણ જ્ઞાન વિના ધ્યાન ન થાય, જે સ્વરૂપ પ્રાપ્ત કરવું હોય તેનું પ્રથમ તો જ્ઞાન થવું જોઇએ. " જ્ઞાન નહિ હૃદયે મેં જાકો ધ્યાન લગાના કયા મતલબ." જેના હૃદયમાં જ્ઞાન નથી, તો પછી ધ્યાન તે કેમ થઇ શકે ? નજ થઇ શકે, માટે જ્ઞાન પ્રથમ કરવું, તો મન ત્યાં ઠરશે, અને મન ઠર્યું કે અનુભવની ઝાંખી પ્રથમ થવા લાગશે, અને પછી પૂર્ણ અનુભવ પણ થશે, તો પછી " જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું. " એ પણ થઇ રહેશે.

આકાશમાં પૂર્ણ ચંદ્ર પ્રકાશતો હોય, અને નીચે એક સરોવર છે, જેના પાણીમા લહરીઓ—તરંગો—મોજાંઓ Siiges અને Bilows થયા કરતા હોય તો—તે પૂર્ણ ચંદ્ર હોવા છતાં છિન્નભિન્ન કડકા કડકા દેખાશે, તેમજ જયાંસુધી મનોજળ—ચિત્ત સરોવરમાં વિચારોના આંદોલનો લહરીઓ—મોજાંઓ વગેરે થયાં કરે છે, ત્યાં સુધી શુદ્ધ ચૈતન્ય—અખંડ ચૈતન્યનું યથાસ્થિત પ્રતિબિંબ તેમાં પડતું નથી અને તેથી આપણને આત્માનુભવ—પરમાત્માનુભવ—અનુભવ થતો નથી. જુઓ આપણે છીએ મૂળ સ્વભાવ સિદ્ધ જેવા—અને જણાઇએ છીએ. માણસ—શ્રાવક—લાલન—માસ્તર—મુનસી—પંડિત—મૂર્ખ વગેરે તે તે શાથી તેવા તેવા વિચારોનું ચિત્ત સરોવરમાં આંદોલનો થવાથી—મોજાં ઉઠવાથી—ભ્રાંતિથી આમ શાથી થયું, 'હું દેહ છું.' હું દેહ છું, એટલું ભ્રાંતિથી મનાયું કે—પછી મને જન્મ છે, મરણ છે. હું લાલન છું, હું વૈશ્ય છું. વગેરે ભૂલની પરંપરા ચાલે. પરંતુ દેહભાવનો અનાદિ કાળથી ચિત્તસર ઉપર ફુંકી રહેલો પવન અંતર-

આત્મભાવ કરતાં નીકળે, કે ચિત્તસરમાં ઉપર કહેલા લાલનાદિ મોજાં બંધ થશે, અને એ બંધ થયાં કે નિર્મળ, સ્થિર ચિત્તસરના મનોજળમાં પૂર્ણ—અખંડ—અજર—અમર—અજન્મ—શાંત—જ્ઞાનરૂપ એવા પરમાત્માની પ્રથમ ઝાંખી, ત્યારપછી વિચારસ્થિર થતાં દર્શન થશે, એવાં અભેદ ભાવે તે પરમાત્મા તેજ હુંજ. **सः एव अहं=सोहं**રૂપ જણાઇ રહેશે. પિતૃરત્ન આનંદઘન કહે છે કે જે **सोहं** અનુભવી **सोहं**રૂપી જણાશે તે અમર થશે.

**आनंदघन निपट निकट अक्षरदो;**
**नहि समरे सोहि मरेंगे, अबहम अमर भये नहि मरेंगे.**

આમ ચિત્ત સ્થિર કરવાથી અનુભવ થાય છે. અને જે વાણીવડે કોઈ વર્ણવી શકે નહિ. મને તત્ત્વજ્ઞાનવડે કોઈ વિચારી શકે નહિ એવા પોતાનેજ પોતાનેજ પોતાનું શાંત—આનંદમય સ્વરૂપ અનુભવાય છે. ખરે અનુભવ જ્ઞાનમાં બીજાની શાક્ષીની—કે પુરાવાની—કે ભલામણની કંઇ અગત્ય રહેતી નથી. કારણકે આ ફળ (આંબો) પોતે ચાખ્યું, અને તે સ્વાદિષ્ટ જણાયું, પછી કોઇ આપણને મીઠું કહેનાર કદાચ ન મળે તો પણ શું ! આટલા માટે સર્વજ્ઞાનમાં અનુભવ જ્ઞાન શિરોમણિ છે.

કોઇ જ્ઞાન પતંગીઆ જેવું હોય છે, કોઇ તારા જેવું, કોઇ શુક્ર જેવું, કોઇ ચંદ્ર જેવું, કોઇ સૂર્ય જેવું જ્ઞાન હોય છે, પરંતુ અનુભવજ્ઞાન તે સૂર્યના સૂર્ય જેવું છે કારણ કે તે એક વખત ઉદય થયો કે કોઇ કાળે અસ્ત થતોજ નથી. અને એમ થઇ રહેછે કે "**अखंड आ स्थिर ज्योतिमां नथी थातुं नथी जातुं**[1]"

પરમાત્મા કેવા છે ?

**न स्पर्शो यस्य नो वर्णो न गंधो न रसश्रुतिः**
**शुद्धचिन्मात्रगुणवान् परमात्मा स गीयते ।। ५ ।।**

**અનુવાદ—જેને સ્પર્શ નથી, જેને [2]વર્ણ નથી, ગંધ નથી, રસ નથી, શબ્દ નથી, પરંતુ જે શુદ્ધ ચિન્માત્ર (જ્ઞાન એજ) ગુણો કરી યુક્ત છે, તે પરમાત્મા છે. ।। ૫ ।।**

**વિવર્ણાર્થ—સ્પર્શ વગેરે રૂપી દ્રવ્યને થઈ શકે છે, અને આત્મા**

૧ લાલનના " સવીર્યધ્યાન " નાં પ્રારંભમાં. ૨ વર્ણ - રંગ.

**અરૂપી છે, તો તેને કેમ સ્પર્શાય, કેમ જોવાય, કેમ સુંઘાય, કેમ ચખાય, કેમ સંભળાય, પરંતુ પુદ્ગલ દ્રવ્યનાં આતો સ્પર્શ છે, આ રસ છે, આ ગંધ, આ રૂપ, *આ શબ્દ છે એમ જણાય. એમ જે જાણે તે જ્ઞાન, અને એ જ્ઞાન તેજ આત્મા, અને તેજ શુદ્ધ થતાં પરમાત્મા.**

હું લાલન નહિ, પણ આ લાલન છે એવું જે જાણું છું, તે જાણપણું જ્ઞાન તે હું કાઠીઆવાડી નહિ, પણ લાલન કાઠીઆવાડી છે, એવું જે જાણવું તે જાણપણું હું, હું મનુષ્ય નહિ, પણ લાલન મનુષ્ય છે એવું જે જાણું છું તે જાણપણું હું-( જ્ઞાન એજ હું. ) જે જીવે-જન્મે છે-મરે છે-જીવે છે, તે હું જાણું છું, તે જાણપણું તેજ હું. એ જ્ઞાન એજ હું. અને ચિન્માત્ર એટલે જ્ઞાનમાત્ર તેજ હું હોવાથી પરમાત્મા તેજ છું. તે અને હું એકજ **सः एव अहं.** અર્થાત્ **सोहं** રૂપ તેજ હું.

લાલન-બાળ, કિશોર, યુવાન, પરંતુ ત્રણે અવસ્થાને જાણનાર-કંઇ પણ વધઘટ થયા વિનાનો તેજ હું. તે પણ અવસ્થાનું જ્ઞાન તેજ હું જ્ઞાન એજ. ચિન્માત્ર એજ પરમાત્મતત્વ છે.

જેમ પ્રકાશ વિના આ સુંદર ત્રિલોક, જેને Greek ગ્રિક ભાષાઓ cosmos કહે છે, અને જેનો અર્થ Beauty એટલે સૌંદર્ય એવો થાય છે.

એ સૌંદર્ય શું કામનું. ગમે તેવી બંગલામાં શોભા હોય, સુંદર તખ્ત હોય, કોચ, ખુરશી મનુષ્યો, ઘડીઆળ, વાજાં, સોનારૂપા, હીરામાણેક, અને છેવટે કોહીનુર હોય, છતાં ત્યાં જો પ્રકાશ ન હોય તો તે શું કામનું ? તેમ ચિત્તરૂપ એવો આત્મા એટલે જ્ઞાન એ પ્રકાશ ન હોય તો આ જગત્ માત્ર નકામું છે. સિદ્ધપદમાં સદા સર્વદા આપણે જ્ઞાનરૂપજ હોઇએ છીએ. જે જ્ઞાન માત્રનો ચિન્માત્ર આપણે અનુભવ કરીએ છીએ તેજ—માત્ર વિશેષ શુદ્ધ થતાં તે તેજ હું—એમ છે તે થઇ રહેશે.

ચિન્માત્ર એટલે જ્ઞાનજ હું તેનું આરંભમાં અનુભવ થવા એક ઉદાહરણ લઇએ—જેમકે લાલન કહે છે કે સામાન્ય રીતે-કે વ્યવહારે હું સમાધિશતકના ૧૦ શ્લોક જાણું છું અને ૯૫ નથી જાણતો. આ બંને વાકયમાં જે હું વ્યવહારે યોજે છે તે હું મનની ધારણ શક્તિને હું એમ ભ્રાંતિથી બોલી જવાય છે. પરંતુ હું નિશ્ચય નયે-ખરેખર-કે જ્ઞાનમય કે ચિન્મય, કે શાશ્વત તે એજ કે લાલનના ૧૦ શ્લોક જાણવાને પણ જાણું છું. અને ન જાણવાને પણ જાણું છું. હું તો તે કે જે લાલનના જ્ઞાન-અજ્ઞાન બંનેને જાણનાર-જ્ઞાનમય તેજ. I know

what I know and I know what I do not know. That knower which knows both knowledge and ignorance of me. આ વ્યવહાર જ્ઞાન અને અજ્ઞાન ઉભયને જાણવું તે **જ્ઞાન**, તે જ્યારે પરમ વિશુદ્ધ થાય, ત્યારે પરમાત્મ તત્વ અને ત્યાંસુધી તે અંતરાત્મ તત્ત્વ.

## પરમાત્મા કેવો એ બંને રીતે ઓળખાવી શકાતો નથી.

**माधुर्यातिशयो यद्वा गुणौघः परमात्मनः**
**तथाख्यातुं नशक्योऽपि प्रत्याख्यातुं नशक्यते ॥ ६ ॥**

**અનુવાદ—પરમાત્માના માધુર્યના પ્રભાવ અથવા તેના ગુણનો રાશિ ( સમૂહ ) આવો છે એમ કહેવું શકય પણ નથી તેમજ તે આવો નથી એમ પણ કહી શકાતું નથી.**

**વિવર્ણાર્થ—પરમાત્માના માધુર્યનો પ્રતાપ કહીએ કે આવો છે તે તે વાણી ગોચર થયો કહેવાય પણ તે વાણીને અગોચર છે, તેમજ તે આવો નથી એમ કહેવું તે પણ વાણી ગોચર થયું કહેવાય—અને એ તો વાણીથી પર છે.**

માણસ જ્યારે રૂપી પદાર્થમાં તેને ખોળી ન શકયો, ત્યારે અરૂપી તે છે એમ કહ્યું પરંતુ તે અરૂપી છે એમ શાથી કહેવાય ? વાણીથી કહેવાય—કદાચ વાણીથી ન કહેવાય તો અરૂપી છે એવું મનથી કલ્પાય, પરંતુ તો તેમ નથી પણ પર છે. તો રૂપી એવા મનથી અરૂપી તત્ત્વ કેમ જણાય ?

વળી રૂપી અને અરૂપી એ બંને સાપેક્ષ છે, એકની અપેક્ષાએ બીજા કહેવાય છે. પરંતુ એ તત્ત્વ તો કહ્યું એવું છે કે રૂપી અને અરૂપી બંનેમાં પ્રકાશે છે. તેથી આ રૂપી આ અરૂપી એમ જણાય છે. શરીરમાં હોવાથી—વચનમાં હોવાથી—કાયામાં હોવાથી—અજવાળામાં હોવાથી અજવાળાને જાણે, અંધારામાં હોવાથી અંધારાને જાણે—માટે એ કેમ કહેવાય ? —ન કહેવાય—ન કલ્પાય—પરંતુ તે અનુભવાય ખરૂં—એક કવિ કહે છે કે " **હા ના** કે બીચમેં **સાહેબ** રહ્યા **સમાઇ.** " **શ્રીમદ્** આનંદઘનજી પણ કહે છે કે—

" નિશાની કયા બતાવું રે, તેરો અગમ અગોચર રૂપ; રૂપી કહું તો કચ્છુ નહિ રે, બંધે કએસે અરૂપ; રૂપા રૂપી જો કહુ પ્યારે, એસે નસિદ્ધ અનુપ; નિશાની—જડવાદીએ Materialist તેને રૂપી કહ્યો ચૈતન્યવાદીએ ( Spiri-

tualist ) તેને અરૂપી કહો. તે બંને અંશ ખરા છે કારણકે રૂપી નાશવંત જણાય છે અને એ તો અનાશવંત એટલે નિત્ય છે અને એને અરૂપિ કહીએ, તો રૂપી પણુ કોણ બન્યો ? દેહ પોતે પોતાની મેળે તેવો થઇ શકે નહિ, પણ રૂપી પણ ખરો તેથી રૂપારૂપી કહેવાય એ સત્ય છે. બાકી વસ્તુ તો અનુભવાય પણ કહેવાય નહિ, કારણ કે તે સર્વરૂપ અને અરૂપથી પણ અનુભવાય છે, ત્યારે .તેજ વખતે જણાઇ જાય છે કે આને લોકો રૂપી કહે છે, અને આને અરૂપી કહે છે, પરંતુ હું તો બંનેથી પર કોઇ તત્ત્વ છે, અને રૂપી અરૂપી રૂપે પ્રગટ છું, અને અને પાછો નિજ સ્વરૂપે વિલસું છું.

સામાન્ય માણસને રૂપી પણ અરૂપી ભાસે, જુઓ હવા અરૂપી કેટલાને ભાસે છે ? પણ તે રૂપી છે તે મન કેટલાકને અરૂપી લાગે છે. પરંતુ તે પણ રૂપી છે કારણ કે જે પૌદ્ગલિક છે તે તેના પરમાણુ–દેશ–સ્કંધ વગેરે સર્વે હોય છે. અને હવા અને મન બંને પુદ્‌ગલ હોવાથી તે પણ પરમાણુ, દેશરૂપ, સ્કંધરૂપ છે, તેને તે હવાને–મનને–વર્ણ કે રંગ છે—રસ કે સ્વરૂપ છે–ગંધ કે વાસ છે, સ્પર્શ છે પરંતુ અરૂપી વસ્તુ એથી પણ પર છે–પરંતુ એથી પર જાણતું અરૂપી તત્વ આ છે, એને પણ તે જાણે છે. તે રૂપી અરૂપી બંનેથી પ્રગટે તો રૂપી અને અરૂપી બંને છે નહિ કે બંને છે.

**गुणौघः परमात्मनः** પરમાત્માના ગુણ અનંત છે, તેમજ અગાધ છે. અને અપાર પણ છે. પરંતુ તત્ત્વ વ્યવહારે, જે પરમાત્મન્ જ્ઞાન છે, એટલે જાણે છે, દર્શન છે એટલે દેખે છે, ચરિત્ર છે એટલે સ્વરૂપે રમે છે, આનંદ છે એટલે વિલસે છે, શાશ્વત છે એટલે વર્ત્તે છે, અનામ છે એટલે નિર્ણય છે, અરૂપ છે એટલે નિરૂપે છે, અને અગુરૂ લઘુ છે એટલે ભારે હલકા નથી થતો. આ બધા શુદ્ધ આત્મતત્ત્વ કે પરમાત્માના ઉપયોગો છે–એક સ્ફટિક હોય, અને તેમાં અનેક પ્રતિબિંબો પડે, પછી જેવું પ્રતિબિંબ પડે, તેવો તે કહેવાય, તેમ જ્ઞાનાદિ અનંત, અગાધ, અને અપાર ગુણોનું યુગપત્–એક વખતે પ્રતિબિંબ તેમાં પડે છે, જ્ઞાનાદિ ગુણ રૂપે લાગે છે. વસ્તુતઃ તો જે છે તે છે. જ્ઞાનાદિ ગુણો પણ ઉપચારે એનાજ થાય છે. એ છે, તોજ આ છે.

હવે જે રૂપ અનુભવ ગમ્ય છે તે પામવાને રસ્તો એ છે કે રૂપી તત્ત્વમાંથી માંહે પ્રવેશ કરી અરૂપી શું તે ભાવવું, તો જેમ ધ્રુવ તારો દેખાડે તે પ્રથમ હરણીના તારા પર નજર કરાવે છે, અને પછી ત્યાંથી પોતેજ ધ્રુવને દેખી શકે છે, તેમ અરૂપિ તત્વ જણાતા, ત્યાંથી થતા અનુભવને અલબત ચિત્તની સ્થિરતા હોય

તોજ—પોતે જાણી લેશે. બાકી કહેવાતું—કે લખાતું નથી. માટે પ્રયોગમાં મૂકી તેની સત્યતા અનુભવી લેવી.

વિધિથી કહેવાતો નથી કે આવો છે, અને નિષેદ્ધ જણાવાતો નથી કે આવો નથી કે જેથી તેનું સ્વરૂપ સમજાવાય. ઉપનિષદે **નેતિ નેતિ** કર્યું અને જ્યારે એમ સઘળું પર જતાં જતાં જે અવશેષ રહ્યું તે તત્વ મળતાં અનુભવ થયો. એટલે કહ્યું કે અવર્ણનીય છે, અકથ કે, અકલ્પનીય કે, આનંદઘન કે, ચૈતન્ય કે, જ્ઞાન રૂપ કે, વગેરે વગેરે.

## બુદ્ધ, જિન, બ્રહ્મ, વિષ્ણુ, શિવ એ સર્વ નામમાં દેખાતો ભેદ તે ખરેખર ભેદ છે?

**बुद्धो जिनो हृषीकेशः शंभुर्ब्रह्मादिपुरुषः**
**इत्यादिनामभेदेऽपि नार्थतः स विभिद्यते ॥ ७ ॥**

**અનુવાદ**—બુદ્ધ, જિન હૃષીકેશ ( કૃષ્ણ–વિષ્ણુ ) શંભુ, બ્રહ્મા વિગેરે પુરૂષો, ઈત્યાદિ નામો જે કે ભિન્ન ભિન્ન છે, તથાપિ તેના અર્થનું રહસ્ય જોતાં તે ( ગુણ વિશિષ્ટ ) આત્માનાજ નામો છે. માટે એકજ આત્માનાજ નામોથી તેમાં કંઈ ભેદ પડતો નથી. ॥ ૭ ॥

**વિવર્ણાર્થ**—જેમ એક માણસ ( કોઇનો ) બાપ હોય દિકરો પણ હોય, મામો પણ હોય, ભાણેજ પણ હોય, કાકો પણ હોય, ભત્રીજો પણ હોય, તેમ એકજ આત્મા, બુદ્ધ પણ છે, જિન પણ છે, બ્રહ્મ પણ છે, અને શિવ પણ છે. કારણકે આત્મા જાગૃતિ રૂપ છે, એટલે તે બુદ્ધ છે, આત્મા કર્મને જિતનાર છે, માટે જિન છે, આત્મા ઇંદ્રિયોને વશ રાખનાર છે, માટે હૃષીકેશ ( વિષ્ણું ) છે, આત્મા સુખરૂપ છે, માટે શંભુ છે, આત્મા જ્ઞાનરૂપ છે, માટે બ્રહ્મ પણ છે.

આત્માનાજ નામ, જેમ જ્ઞાન, દર્શન ચારિત્ર વગેરે છે, તેમજ આત્માના નામજ બુદ્ધ, જિન વગેરે છે.

જો કે આત્મા સ્વભાવે સકલગુણસંપન્ન છે. તથાપિ તે ગુણનો પ્રકાશ આપણે એક પછી એક દ્રશ્ય થાય છે. વસ્તુનો જ્ઞાતા જોઇ જ્ઞાનમય કહીએ, કર્માદિનો કે રાગાદિનો જિતનાર ( નેતા ) જોઇ એને જિન કહીએ છીએ, પરંતુ તે તેજ છે. તે એકજ છે. માટે શુદ્ધાત્માનુભવ થતાંજ આમ થઇ રહે છે કે—

હું બુદ્ધ છું, હું જિન છું, હું વિષ્ણુ છું, હું બ્રહ્મ છું, હું ક્રાઇસ્ટ પવિત્ર છું, હું રામ છું, હું રહેમાન, હું પાર્શ્વનાથ છું, હુંજ વીર છું. કારણ આ બધાં આત્મારૂપે, બુદ્ધાદિ છે. તમે અને લાલન પણ આત્મા છો તો નિશ્ચયનયે તમે તેમજ હું શું નથી ? માટે નિશ્ચયની દૃઢ ભાવના પૂર્વક વ્યવહારે પણ તેવું થવું એટલે આનંદ કૃતકૃત્ય થયો. માનવ દેહનું સાર્થક થયું.

જુઓ પાશ્ચિમાત્ય દેશના એક આત્મવેત્તા કહે છે કેઃ—

I am owner of the sphere of seven stars and solar years of seasars hand and Plato's brain of Lord Christ's heart and shakespear's strain.

( Amerson. )

**અનુવાદ—આ ત્રણે જગતનો હું પ્રભુ છું. સાત ઋષિનો અને સૌર્ય વર્ષનો અર્થાત્ સર્વ કાળનો પણ હું પ્રભુ છું. બાહુ બળના બળનો અને અભય કુમારની બુદ્ધિનો હું માલિક છું. શ્રી વીરની કરૂણાનો, અને હેમચંદ્રની કવિતાનો હું ધણી છું. હું આત્મા છું. આત્માજ, વીર રૂપે બાહુબલમાં, બુદ્ધિઃ—જ્ઞાન રૂપે અભય કુમારમાં, કરૂણા રૂપે શ્રી વીરમાં, અને કવિતા રૂપે હેમચંદ્રમાં પ્રકાશ્યો. તો આ હું પણ તેઓના જેવો આત્મા હોવાથી આ ગુણોનો જે પૂર્વ પ્રકાશ થયો, તેવાંજ અને કેટલાકથી અધિક પણ કેમ નહિ પ્રકાશ કરી શકું?**

માટે શરીર હું એ ભ્રાંતિ મુકી દેતા, મન હું એવી ભ્રાંતિ છોડી દેતાં, શબ્દ વચન હું એ ભાંગી નાખતાં આત્મા હું એમ બની રહે છે, આત્મા અનંત સામર્થ્ય, અનંત જ્ઞાનાદિ પૂર્ણ છે. જ્ઞાન જ છે, સામર્થ્યજ છે. તોપછી આત્માજ બુદ્ધરૂપે, જિનરૂપે, થઇ શકે છે અને હું પણ એવોજ આત્મા છું.

### નયો પરમજ્યોતિના સ્વરૂપને પહોંચે ?

धावन्तोऽपिनयानेके, तत्स्वरूपं स्पृशन्ति न ।
समुद्रा इव कल्लोलैः कृतप्रतिनिवृत्तयः ॥ ८ ॥

**અનુવાદ—કલ્લોલો વેલ આગળ દોડી પાછા વળતા સમુદ્રની પેઠે અનેક નયો તારા પરમજ્યોતિ સ્વરૂપની પછવાડે દોડે છે, છતાં તેને સ્પર્શ કરી શકતા નથી.**

**વિવર્ણાર્થ**—નય, નિક્ષેપ, ભંગ, ઇત્યાદિ આત્માની સિદ્ધિ કરવા જાય છે. છતાં તે પરિપૂર્ણ કરી શકતા નથી. કારણ નય, નિક્ષેપાદિ મન વડે થાય છે, અને મન એ આત્માને પહોંચી શકતું નથી. જો કે ઇંદ્રિયગોચર વિષયોમાંથી નિવૃત્ત થયા પછી, આંતરમાં પણ ઇંદ્રિય ગોચર વિચારો વિલય પામે છે. મન ઉપાધિ રહિત મન—વિષયોના કાદવમાંથી નીકળી આવેલું મન—થાકેલું મન-શાંત થયા પછી આત્માના સ્વરૂપની ઝાંખી પ્રતિબિંબિત કરવા મથે છે, કંઇક એવા મનોગત આત્મામાં થાય છે, પરંતુ જ્યાં સુધી તે પણ નિર્બીજ થતું નથી, ત્યાં સુધી અપ્રમત્ત અવસ્થાનો બોધ નહિ માટે નયો બિચારા કેમ પહોંચી શકે ? વળી નયો અપ્રમાણ છે. શ્રીમદ્ હરિભદ્ર યોગ દૃષ્ટિ સમુચ્ચયમાં કહે છે કે અમે અનુભવીએ છીએ, તેમાં બીજા પ્રમાણની જરૂર શી ? ગોળ ખાધો—મીઠો લાગે છે, તેમાં બીજા પ્રમાણની અગત્ય શી ? કસ્તુરી સુગંધી છે એમ અનુભવતાં સમ ખાવાની શી પંચાયત છે ? તેમ આત્મા છેજ. જ્ઞાન રૂપ તે છે, એમ અમે અનુભવીએ છીએ. વગેરે વગેરે.

જેમ સમુદ્ર પૃથ્વીની આસપાસ ફરી વળવાને ઘણાં ફાંફાં મારે છે, મોજાને ઘણા ઉછાળી જમીન ઉપર આગળ ધસે છે, પરંતુ આઘાત કરતો જમીનથી થતાં પ્રત્યાઘાત વડે પાછું વળવું પડે છે, તેમ નયો પણ ઘણા દોડે છે, સઘળું સિદ્ધ કરતાં કરતાં આત્મા પાસે આવતાં એવો પ્રત્યાઘાત થાય કે બીચારાને પાછું વળવું પડે.

નયો એ દીવા છે, પરંતુ આત્મા સિવાય પાંચે દ્રવ્યોનું સ્વરૂપ સિદ્ધ કરવા માટે આત્માનું સ્વરૂપ સિદ્ધ કરતાં કરતાં બીચારા એવા થઇ જાય છે કે તેને શરમાવું પડે છે. ( બધા ભેળા થાય ત્યારે કંઇક ઉભું રહેવાય છે ) કારણકે આત્મજ્યોતિ—પરમજ્યોતિ રૂપ મહા સૂર્યના ઉદય થતાં નયો રૂપ દીવા શું કરી શકે ?

વળી પરમજ્યોતિના દર્શનથી જેના નેત્રમાં અમૃત અંજન થયું છે; એવા ગ્રંથકાર શ્રી ઉપાધ્યાયજી મહારાજ આપણને કહે છે કે નયો તો કલ્લોલો છે, ગમે તેટલા કલ્લોલો ઉછળે, પરંતુ તે કંઇ આકાશને પહોંચે. તો કલ્લોલો જેવા નયો, લોકાલોક પ્રકાશક, તેટલાજ આનંદ રૂપ, તેટલાજ દર્શન રૂપને કેમ પહોંચી શકે ?

નયો તો માણસની બાહુ જેવા છે, તેની બાથમાં કંઇ સમુદ્ર ન આવે, તેમ નયોની બાથમાં આ પરમજ્યોતિ રૂપ આત્મા કેમ આવે ? [૧]

વળી નયો કાણા લાગે છે, એક આંખે દેખે છે, અને બીજી આંખે કાણા લાગે છે, તેથી એક બાજુનું સ્વરૂપ દેખતાં, બીજી બાજુ ન દેખવાથી, બીજાને તેજ વખતે ખોટો કહી દે છે, પરંતુ બીજી બાજુ જઇ, સામાનું કહેલું પરસ્પર જોવાની પણ ખાયસ રાખતા નથી, માટે બીચારા નયો તે આત્મસ્વરૂપને કેમ પૂર્ણ જોઇ શકે !

વળી જેટલાં વચન છે એટલાં નય છે, હવે બધા નય ભેગા થાય તો બધી બાજુ જોઇ શકે, પરંતુ આ કાણા નયો, અપૂર્ણ જોઇ પોતાને પૂર્ણ માને છે, તો પછી પૂર્ણ જાણવા—જોવાની ખાયસ ક્યાં રાખે ? [૨]

આટલા માટે લાલને પ્રત્યેકને કહ્યું કે નય તું સાચો છે. પણ આટલે અંશે ! પછી બીજાને કહ્યું કે તું સાચો, પણ આટલે અંશે. જેમ અમેરિકામાં પોટોવો-ટોમિકપાર્ક નામના ગ્રીષ્મઋતુ-આશ્રયે જોતાં એક બુઢા ખેડુતે પોતાના પૌત્ર સામું જોઇ લાલનને કહ્યું કે I have never seen such a clever boy in the whole world. આખી પૃથ્વીમાં મેં આવો હુશિયાર છોકરો કદી જોયો નથી.

લાલને કહ્યું, સાહેબ, આપે આખી પૃથ્વી જોઇ છે ? તેમાં કેટલાં છોકરાં છે, એ તમને ખબર છે ? આ વિચાર તેમને પૂર્વે નહિ સૂઝેલો હોવાથી એકદમ અજાયબી લાગી. કારણકે કાકા તો ઇલીનોય સંસ્થાન છોડીને આખા જન્મા-

---

१ बालोऽपि किं न निजबाहुयुगं वितत्य
विस्तीर्णतां कथयति स्वधियाम्बुराशेः

બાલ વિના પોતાના બે હાથ વિસ્તારી સમુદ્રની પહોળાઇ કોણ કહે ? બાળ તથા અજ્ઞાન.

૨ પાશ્ચાત્ય તત્વસ હર્બર્ટ સ્પેન્સર પોતાના Data of Ethics (નીતિના ધોરણો) નામના ગ્રંથમાં વિવરે છે કે—If the park is conceived without any reference to the whole, it becomes itself a whole—on independent entoty, and its relations to existance in general are misapprehended.

રામા બહાર ગયા નહોતા અને તેટલું કંઇક જોયેલું-જાણેલું હોવા છતાં એમ બરોબર સમજી ગયા હતા કે આખી પૃથ્વી તેણે જોઇ છે, અને તેના છોકરામાં પોતાનો પૌત્ર સર્વથી હુશિયાર છે, તેમજ બિચારા નયો, વસ્તુનો એક દેશ જોઈ અમે સમ્પૂર્ણ જોયું છે, એમ માની બેસે છે, પરંતુ તેમને ધીરજથી પુછીએ કે કાકા તમે આખી પૃથ્વી જોઇ છે ? એમ કહેતા તેજ વખતે કાકા ઠેકાણે આવી ગયા. અને પોતાના જ્ઞાનનો વિસ્તાર થવાને દ્વાર ખુલ્લા રાખવા માંડયા. તેમજ નયો ઉપર પણ ઉપકાર કરાવી શકાય. સાંખ્યને સમજાવી શકાય, યોગને અનુભવી શકાય, બુદ્ધને બોધ આપી ઉંઘમાંથી જગાડી શકાય. વગેરે.

હવે કદાચ બધા નયો તેવા થાય, અને અનેક નયો, પોતાનું અને બીજા સર્વ તેના તથાપિ સર્વ નયો એકઠા થાય તો વિહારવોટરના મોટા નળને પામે અને એ મોટો નળ વિહારવોટરનું કંઇક પોતાના મૂળ પાસે સાંનિધ્યને લીધે અનુમાન કરી શકે, તેમ પરમાત્મ જ્યોતિ પામવાને સર્વ નયો એકઠા થાય તો શુકલધ્યાનના અંતિમ પાયા પાસે આવી પરમજ્યોતિનું વ્યવહારે કામ ચાલે એવું યથાર્થ અનુમાન કરી શકે ખરા. બાંધવનયોનું માન રાખે, તોપણ તે આત્માનું યથાર્થ સ્વરૂપ જાણી ન શકે કારણકે નયો અલગ અલગ જોતાં પાણીના નળ જેવા છે અને બધા ભેગા કરતાં વિહારવોટરના મોટા નળ જેવા છે, છતાં તે આખા વિહારવોટરને સમાવી શકતા નથી, તેમ નયોનો સમુદાય પરમજ્યોતિને શમાવી શકે નહિ—પહોંચી શકે નહિ.

પરમજ્યોતિનો લોકાલોક પ્રકાશ એટલો બધો વિસ્તારવાળો છે, કે તે નયો રૂપી-વચનોરૂપી-વિચારરૂપી-જ્ઞાનસોમાં સમાય નહિ. આત્મા છે એવું ભાન પણ એ પરમજ્યોતિ કરાવેછે; તો હવે નયોનું શું ગજું કે પૂર્ણ અખંડ જ્યોતિ જ્યોતિને તે પહોંચી શકે ?

વસ્તુનું વ્યવહારે પણ યથાર્થ જ્ઞાન સઘળા નયના સામેલ થવા વગર થતું નથી. જ્યાંસુધી એક પણ ઓછો હોય ત્યાંસુધી એક વસ્તુનું પણ જ્ઞાન વ્યવહારે પણ યથાર્થ થઈ શકે નહિ, ત્યારે પરમજ્યોતિને કોણ પહોંચે તે હવેના શ્લોકમાં જણાશે.

---

### ત્યારે પરમજ્યોતિને કોણ પહોંચી શકે ?

**शब्दोपरक्ततद्रूप—बोधकृन्नयपद्धतिः ।**
**निर्विकल्पं तु तद्रूपं गम्यं नानुभवं विना ॥ ए ॥**

**અનુવાદ**— નયપદ્ધતિ શબ્દોવડે વર્ણવેલી તે પરમજયોતિના સ્વરૂપનો બોધ કરનારી છે, પરંતુ તેનું રૂપતો નિર્વિકલ્પ છે, માટે અનુભવ ( જ્ઞાન ) વિના તે પામી શકાતું નથી.

**વિવર્ણાર્થ**—જેટલા વચનમાર્ગ છે તેટલા નયવાદ છે. હવે વસ્તુ અનંત ધર્માત્મક છે. નય કોઈ એક ધર્મને મુખ્ય કરી બીજા ધર્મને કહી શકતો નથી. માટે શબ્દોવડે કે નયવડે અનંત ધર્માત્મા વસ્તુ યથાર્થ જાણવી, એ બની શકતું નથી તો પછી અનંત જ્ઞાનાદિ ગુણોએ યુકત એ પરમજયોતિને શબ્દો તો સ્પર્શ પણ કેમ કરી શકે? વિચારો પણ કેમ પહોચી શકે? કારણકે વિચારો પણ વિકલ્પદશાવડે થાય છે, અને પરમજયોતિ તો નિર્વિકલ્પ છે, એટલા માટે એ પરમજયોતિનું દર્શન શબ્દોવડે—નયોવડે—વિચારોવડે ન થાય. હવે અનુભવ શાથી થાય? તો એનો ઉત્તર એકે પરમજયોતિ નિર્વિકલ્પ છે, તો આપણે જેમ બને તેમ નિર્વિકલ્પ થતા જવું કે પરમજયોતિની પ્રથમ ઝાંખી, અને પછી રફ્તે રફ્તે વધતાં વધતાં તેમના પૂર્ણ પ્રકાશમાં મગ્નતા—આનંદતા થઈ રહે.

શબ્દોરૂપી પ્યાલામાં વિચાર રસ ભરી પાન કરી શકાય છે, પરંતુ આ પરમજ્યોતિના પરમ આનંદનો રસ તો, વિચાર કે વચનમાં આવતો નથી, કારણકે તે એવો પૂર્ણ અખંડ—અનંત છે કે તે વિચારના અંતર પટમાં પ્રસરી જઇ તેથી બહાર અનંત બ્રહ્માંડની ઉપર આરપાર નીકળી જાય છે, તો પછી વિચારથી પણ સ્થૂળ એવાં વચન વર્ગણાના પુદ્ગલોમાં તો કેમ આવી શકે?

શબ્દોને ભેદીને જેમ વિચાર તેમ વિચારને ભેદીને પરમજયોતિ સર્વત્ર લોકાલોકને પ્રકાશતી સર્વત્ર શાંતરૂપે **અનુભવાય છે**; નથી કહેવાતી તથા નથી વિચારાતી પરંતુ કહેનાર, વિચારનાર શબ્દથી જાણે છે.

તથાપિ જેમ **સિદ્ધાચળ** શબ્દપરથી જે પર્વત ઉપર અનંત જીવો સિદ્ધિ—મોક્ષ—પરમાનંદ પામ્યા છે એવો વિચાર સમજાય છે તેમ તે અનંત જીવોએ સિદ્ધાચળ પર્વત ઉપર રહી સિદ્ધના જીવોજ પોતાનો આત્મા છે એમ નિશ્ચયનયથી સમજી સ્વાભાવિકપણે તેના જેવોજ સકલ આત્મામાં આઠ રૂચક પ્રદેશ તો પૂર્ણ સિદ્ધપણે હાલજ છે, તો એ સિદ્ધદશા એજ હું, એ અચલ પર્વતના જેવી સરખી વૃત્તિ રાખી, પોતાનું પૂર્ણ સ્વરૂપ પામ્યા તો આપણે પણ સિદ્ધાચલ પર્વતના વિચાર પર્વતથી સિદ્ધ એવા આત્માને ઓળખી—નિશ્ચય નયથી—

શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી સમજી વ્યવહારે એવા આઠ પ્રદેશ ઉઘાડા છે, તેવા અનેક પ્રદેશ ખુલ્લા કરવા અચલ–અડગ પર્વત જેવું તેમાં ધ્યાન લગાવીએ તો તેવા થઇ શકીએ. માટે શબ્દોમાંથી વિચાર સમજાય, અને વિચાર પર મનન કરતાં આત્મભાવનો અનુભવ થાય, એ અનુભવ કાયમ રહેતા રહેતા જેવું ધ્યાન તેવા આપણે થઇએ. હા પરંતુ એવા ક્રમે ચાલનારા કેટલા તે હવે પછીના શ્લોકમાં આવેછે.

### અનુભવ વડે તત્ત્વ રસો જાણનારા કેટલા ?

**केषां न कल्पनादर्वी शास्त्रक्षीरान्नगाहिनी**
**स्तोकास्तत्त्वरसास्वाद–विदोऽनुभवजिव्हया. ॥ १० ॥**

**અનુવાદ**—**જેની તેની કલ્પના રૂપી કડછી શાસ્ત્ર રૂપી દૂધપાકમાં બુડતી નથી, કારણકે અનુભવ રૂપી જીભ વડે તત્વ રૂપી આસ્વાદ જાણનારા થોડા છે.**

**વિવર્ણાર્થ**—**શાસ્ત્ર છે તો ખીરના જેવું મીઠું પરંતુ તેનો આસ્વાદ થોડા લેનારા છે. છે તો આરિસા જેવું, પરંતુ તેમાં પોતાને જોનારા થોડા છે. છે તો દીવા જેવું પરંતુ બરોબર આંખ ઉઘાડી દેખનારા થોડા છે.**

ઘણા માણસો તો શાસ્ત્રના નામ જાણનારા પણ નથી. થોડાઓનેજ તેમના પુરાં નામ પણ આવડે છે. થોડાંએજ તેમનાં દર્શન પણ કર્યાં છે, તો પછી તેના રહસ્ય રસના આસ્વાદ લેનારાની તો વાતજ શી કરવી ? જેને નામ આવડે છે, એવામાંથી ઘણાજ થોડા વાંચી શકે છે, વાંચનારામાંથી થોડાજ તેને સમજી શકે છે, સમજનારામાંથી થોડાજ પોતાને દરેક વાત લાગુ પાડી પોતાનું સ્વરૂપ ઓળખી શાસ્ત્રમાં કહેલી વાતનો પોતે પણ અનુભવ કરી લઇ શાસ્ત્ર વિષે પોતાની જ્ઞાનપૂર્વક પૂર્ણ શ્રદ્ધા કરવા પ્રયત્ન કરે છે.

શાસ્ત્રને દૂધપાકની ઉપમા આપી તેમ અનુભવને જીવ્હાની ઉપમા આપી.

આંખે અક્ષરો વાંચવાથી શાસ્ત્ર રૂપી દૂધપાક ચખાતો નથી. અને શબ્દો સમજવાથી શાસ્ત્ર રૂપી દૂધપાક ખવાતો નથી. કલ્પનાએ વાક્ય ગ્રહણ કરવાથી શાસ્ત્ર રૂપી દૂધપાક જમાતો નથી, પરંતુ જો તે ગ્રહણ થાય છે તો તે થોડાથી. મનન કરી નિદિધ્યાસ કરાય છે તો તે થોડાથી, અને બીજી જીભથી નહિ પણ અનુભવ રૂપી જીભથી આસ્વાદ લેઇ શકે છે તો તે પણ થોડાજ.

જેમ દૂધપાક, દૂધપાક, દુધપાક એવા શબ્દ જાપ કરવાથી દૂધપાકનો સ્વાદ આવતો નથી. ( હા કોઇને મુખે પાણી આવતાં હશે. ) તેમ દૂધપાક એ દૂધને ચોખાનું મિશ્રણ છે એવું સમજવાથી પણ દૂધપાકનો સ્વાદ આવતો નથી. અમુક પ્રમાણમાં દુધ, અને અમુક પ્રમાણમાં ચોખા ભેગા કરી, તેની નીચે અગ્નિ તપાવી ખુબ ઘુંટવામાં આવે, અર્થાત્ તેનું મથન કરવામાં આવે તોપણ તે દૂધપાકનો આસ્વાદ આવતો નથી. પરંતુ દુધપાકને કડછીમાં લઇ અથવા ચમચામાં લઇ જીભે લગાડી, તાળવાને સ્પર્શ થતાં તેનો આસ્વાદ આવે છે, તેમ શાસ્ત્રમાં દેખાડેલા આત્મસ્વરૂપ રૂપી દુધપાકને કલ્પના રૂપી Reflection રૂપી—હું કોણ ? આ મારા શરીરાદિમાં રહી હું કોણ ? એવી કલ્પના કરે છે તે કોણ ? એમ દેખાઇ રહે છે, અને એ વિચારણા કરવા રૂપી—કે કલ્પના રૂપી કડછી ભરેલા દુધપાકને હું તત્ત્વેન ચાખતા જે આનંદનો આસ્વાદ લેવાય છે તે તો જાણતા હોય તે જાણે.

છ આવસ્યક અથવા પ્રતિક્રમણ શાસ્ત્ર પ્રતિક્રમણ દરરોજ ગોખી જનારા કેટલા છે ? એ છ આવસ્યકના પ્રતિક્રમણમાં અર્થ સમજનારા કેટલા છે ? અને અંતઃકરણ પૂર્વક એ છએ આવસ્યક કરતાં લાગેલા પાપને અલોપનારા કેટલાછે? ફરીથી તેવું પાપ નહિ કરવાને દૃઢ નિશ્ચય કરનારા કેટલા છે ? આ છેલ્લા પ્રશ્નનું ઉત્તર સૌ કોઇ આપશે કે આજ કાલ એવા તો બહુજ થોડા. વીશ લાખ જૈનોની વસ્તીમાં એક, બે કે પાંચ, દશ હોય તો ભાગ્યેજ. હવે એતો સૌને જાણીતું છે કે " પાપ પાછું નહિ કરવું " તેનું નામજ પ્રતિક્રમણ છે. અને પાપતો પાછું થાય છે. માટે પ્રતિક્રમણમાં જે પવિત્રતા લાવનારી ખુબી છે, જે આત્માને હલકો નિરાવર્ણ કરવાનો ઉપાય—તે કામે લાગતો નથી, ગમે તેવું મેલું પાણી હોય, પરંતુ કતક ફળ તેમાં નાખતાં મેલ નીકળી જાય છે, તેમ ગમે તેવા પાપો હોય, અને પ્રતિક્રણુણ પોતાના વર્તનને લાગુ પાડી અંતઃકરણ પૂર્વક ફરીથી સ્વપ્નામાં પણ એવું નહિ કરવાનો સંકલ્પ—આગ્રહ લેવાય તો આજ પણ ચિત્ત નિર્મળ નહિ થઇ શકે ? પરંતુ, તેવાં પ્રતિક્રમણ કરનારા થોડા કટાસણા પર બેસી હૃદય નહિ પણ મોઢે આવડનારા ગોખી જનારા ઘણા, અને એવા ગોખણીયાને સાંભળી જનારા પણ ઘણા ઘણા—જાણે ઉપાશ્રય નિશાળમાં બાળકો મેહેતાજી પાસે સમજ્યા વિના આમ ગોખી ન જતા હોય એવા બાળધર્મીઓ ઘણા છે.

આજતો અપૂર્ણને પૂર્ણ માની લેવામાં આવે છે તો પછી જ્યાં અપૂર્ણતા હોય તેની પૂર્ણતા કયાંથી થાય ? પ્રતિક્રમણ માત્ર મોઢે આવડે. અને કટાસણાપર બેસી બોલી જાય, અને વળી સમજે એમકે હું પ્રતિક્રમણ કરૂં છું

અને બોલી જવાનું પુરૂં થયું એટલે તમે પુછો કે ભાઈ શું કર્યું? અમે પ્રતિક્રમણ કર્યું. પરંતુ તેમાં પાપનું અણુકરવું થયું? તેમજ મુખે બોલી જનારાઓ લાચાર જેવા લાલનના જૈન બાંધવો કરતાં મગજમાં કે મનમાં તેનો અર્થ સમજનારા કેટલા છે, પણ કટાસણા પર બેસી જે જે બોલાતું હોય, તેના અર્થ સમજે પણ તેમાંનું પોતાને કંઇ નહિ અને એવા તો વિરલા કે જે જે અર્થ સમજતા હોય, તેવું તેવું પાપ હું નહિ કરૂં, એવો દ્રઢ નિશ્ચય કરતા જતા બાંધવો બ્હેનો ખરા પ્રતિક્રમણ કરનારા તો વિરલાજ. માટે ભલે શાસ્ત્રો વાંચો કે જાણો–સમજો કે તેની ચર્ચા કરો પરંતુ શાસ્ત્રમાં લખેલું તે પ્રમાણે સમજીને ક્રિયામાં ન મૂકો ત્યાંસુધી શાસ્ત્રરૂપી દૂધપાકનું બિંદુ પણ મળે એમ લાલનને તો નથી લાગતું.

વળી દૂધપાક ગમે તેટલો ખાવામાં આવે પણ તેમાં આપણને બળ આવતું નથી, પણ તેનો આસ્વાદ લઇ પચાવવાથીજ બળ આવે છે. જૈન ધર્મમાં આવાં ભલાં શાસ્ત્રો રૂપી દુધપાક છે. દુધપાકજ છે એમ બુમો પાડવાથી આપણને કંઇ બળ આવવાનું નથી, પરંતુ તેમને સમજી પોતાને લાગુ પાડી તે પ્રમાણે યથાશક્તિ વર્તન રાખવાથી આત્મ બળ આવશે–પ્રગટ થશે.

વ્યવહારે રૂપિઆ એ કંઇ સુખ નથી, છતાં ઘણા લોભીઆ માણસ રૂપિઆને સુખ માની એકઠા કરવામાંજ આવરદા આપી દે છે. રૂપિઆ તો સુખના સાધનો છે એમ તેને આખો ભવ સમજાતું નથી, તેમ ઘણા થોડા જનને એમ સમજાણ પડે છે કે શાસ્ત્રો એ પુણ્ય નથી. નથી તે સ્વર્ગ, નથી તે મોક્ષ, નથી જ્ઞાન, નથી દર્શન, નથી ચરિત્ર, પરંતુ જ્ઞાન, દર્શન, ચરિત્ર, સુખ, વીર્ય આત્મામાંથી ખોદી કાઢવાના કુવાડા છે—સાધનો છે—હથિયારો છે. માટે શાસ્ત્રોની—હથિઆરોની બડાઇ ન કરતાં—શાસ્ત્ર જો હથિયારો છે તો તે શાસ્ત્ર રૂપી હથિયારો વાપરી, જ્ઞાનાદિ અનંત સુખો માનવ દેહરૂપી ખાણમાંથી ખોદી કાઢવાં જોઇએ.

પરંતુ એક સૂર્યનો ઉદય થતાં જેમ આખું જગત્ ઉદય પામે છે, અર્થાત્ જાગ્રત થાય છે, અને પોત પોતાને કામે વળગે છે, તેમ શ્રી વીર પ્રભુ રૂપી અનંત સૂર્યના પણ એક સૂર્ય રૂપી, કે કેવળજ્ઞાન ભાસ્કરનો ઉદય થતાં આ આખું જૈન જગત્ જાગ્રત થઇ પોત પોતાના અંતરમાં તેવાજ સૂર્યને હવે નહિ શોધે? અને શોધી આખાં આંતર જગત્માં જ્ઞાનાદિ અનંત ગુણોનો ઉદય નહિ કરે? કરશેજ, કરશે.

યૂરોપને જીતનાર એક નેપોલિયનને દેખી લાખો નેપોલિયન જેવા યોદ્ધ

બન્યા. તેમ સકલ કર્મને જીતી, આ ત્રણે લોકને જીતનાર શ્રી વીર પ્રભુને હવે દેખી વીર બાળકો વીર પ્રભુ જેવા જિનેશ્વરોને નહિ થાય ?

પિતા એક હોય છે, અને પુત્રો અનેક. પરંતુ પુત્રો તે પિતા થાય છે. તેમ વીર પરમાત્મા એક છે, તેમના પુત્રો અનેક છે, તો આપણ તેના પુત્રોએ તેમને વચને-પગલે-પંથે ચાલી તેમના જેવા ન થવું જોઈએ ? જેમ સુપિતા તેજ કે જે પોતાના જેવા પોતાના પુત્રને કરે, તેમ આપણ સુપુત્ર તેજ કે જે આપણા પિતા શ્રી વીરના જેવા આપણે થઈએ, તેમના જેવીજ સકલ જીવપર કરૂણા—તેમના જેવીજ 'સકલ જીવ કરૂં શાસન રસી' એવી ભાવના-તેમના આ—અવગુણ કરનાર પર સમ દૃષ્ટિ, તેમના જેવીજ તેજક લેશ્યા મોકલનાર ગોશાલા પર શીત—લેશ્યા મોકલવા રૂપ ક્ષમા આપણે ક્રમે ક્રમે હજુ પણ-દાખલો પાસે હોવા છતાં પણ વિશેષ રાખતા નહિ થઈશું ? અથવા તો હે વીર પ્રભુ, આટલો બધો અમારો તમારા પર રાગ હોવા છતાં અમને મૂકી તમે શા માટે મોક્ષનગરીમાં પ્રયાણ કર્યું, આ કરૂણાબ્ધિને યોગ્ય છે ? હા, પણ લાલનને વિચાર એમ સ્ફુરે છે કે પિતાશ્રીએ જેમ ગૌતમને વિરહ સહન નહિ થાય, માટે સમોસરણથી બહાર મોકલ્યા, તેમ આપણને જેમનાથી એમનો વિરહ ખમાતો નથી; તેમને બહાર તો નહિ મોકલ્યા હોય ? ખરે એમજ જણાય છે. પરંતુ ગૌતમને બહાર મોકલવામાં આપ સકલ વસ્તુના જાણવાથી આંતર મતલબ કંઇ જુદી હતી; અને તે એવી કે ગૌતમનો આપના પરનો પ્રશસ્ત રાગ પણ બંધન કર્તા હોવાથી છોડવાનો તેમને વિચાર કરવો પડે કે "કોઈ કોઈનું નથી. હું પણ ગુરૂની પેઠે મારા આત્મા પરજ અવલંબન રાખું" આમ કરી પોતાની પાસે તુરત લઇ લેવા તેમને પણ કેવળજ્ઞાની બનાવી દેવા એવી મતલબ તો હે વીર પ્રભુ, અમને દૂર કરવામાં નથી રાખી? પરંતુ હે વીર, હે જગત્ તારક, હે પિતાજી અમારૂં ગજું શું, અને મહા સમર્થ અમારા સૌથી મોટા ભાઇ ગૌતમનું ગજું શું ? અમે બાળક છીએ, અમારાથી આલંબન વિના કેમ રહેવાય ? માટે આપે આપેલા આત્માવલંબનના સાધનો અર્થાત્ અધ્યાત્મ સાધનો કામે લગાડી જરા જરા પોતાની મેળે ચાલતા શીખીએ છીએ, અને જ્યારે તે પકડીને પણ અમારાથી નહિ ચલાતું ત્યારે આપ શ્રીના ઉપદેશ ગ્રંથનું આલંબનજ લેશું, લેશું, અને તે પણ ક્યાં સુધી કે જ્યાં સુધી અમે પણ અમારા મોટા ભાઇ ગૌતમ જેવા આપના પર પૂર્ણ પ્રશસ્ત રાગવાન્ થઈ, આ સંસારને સર્વથા તિલાંજલિ આપી, નિર્ગ્રંથ રૂપ થઈશું ત્યાં સુધી. માટે ત્યાં સુધી તો આપ શ્રીને વિરહે, આપ શ્રીના આપના દાખવેલા દેવ, ગુરૂ, ધર્મરૂપ ખૂબ આલંબનને રાખીશું, અને રાખીશુંજ. અને તેની સાથે આપની સમદૃષ્ટિ

માર્ગ પકડીશું. હવે પરમગતિ પામવાનો અધિકાર કોને છે તેને માટે ઉપાધ્યાયજી મહારાજ સ્પષ્ટ પણ ઉદાર ઉપાય કહે છે.

જુદા જુદા ધર્મમાર્ગોએ પણ ચાલનાર કેવા ગુણવાળા હોય તો તે પરમાત્મગતિ પામે છે તેને માટે સ્પષ્ટ ખુલાશો કરે છે.

**जितेंद्रिया जितक्रोधा दांतात्मानः शुभाशयाः**
**परमात्मगतिं यांति विभिन्नैरपिवर्त्मभिः ॥ ११ ॥**

**અનુવાદ**—જેઓએ ઇંદ્રિયોને જય કરી ક્રોધનો જય કર્યો છે, ક્રોધનો જય કરી મનનો જય કર્યો છે, અને મનનો જય કરી જેમના આશય શુભ થઈ ગયા છે. અર્થાત્ જેમનાં હૃદય પૂર્ણ પવિત્ર થયાં છે એવા મહાનુભાવ પુરૂષો જુદે જુદે ધર્મમાર્ગે પણ પરમાત્મગતિ પ્રાપ્ત કરી શકે છે.

**વિવર્ણાર્થ**—શ્રીમદ્ ઉપાધ્યાયજી પોતેજ સમાધિશતકમાં પણ ડિંડિમ વગાડી કહે છે કે જોઈએ તો બ્રાહ્મણ હોય, જોઈએ તો ક્ષત્રિય હોય, જોઈએ તો વૈશ્ય હોય, જોઈએ તો શૂદ્ર હોય પરંતુ જેનામાં ઉપરના શ્લોકમાં જણાવેલા ગુણો અનુક્રમે હોય તે પરમાત્મતત્ત્વ પામે છે.

**શ્રી પ્રભાચંદ્ર** પણ પોતાના **સમાધિ તંત્રમાં** કહે છે કે જોઇએ તો સાધુ હોય, જોઇએ તો ગૃહસ્થ હોય પરંતુ જેનામાં ઉપર લખેલા ગુણો અનુક્રમે હોય તે પરમાત્મ તત્ત્વ પામે છે.

**શ્રીમદ્ રત્નશેખર સૂરિજી**, પોતાના **સંબોધ સિત્તરી** નામના લઘુ પણ બોધ પૂર્ણ ગ્રંથની અંદર લખે છે કે, ભિન્ન ભિન્ન **ધર્મ**વાળા પણ **સમભાવે** ભાવિત હોય, અર્થાત્ ઇંદ્રિયોનો, કષાયનો, મનનો જય કરી શુભ હૃદય વાળો સમચિત્ત થયો હોય, તો તે મોક્ષ તત્વ પામેજ તેમાં સંદેહ નથી.

# जितेंद्रियाः

## ઇંદ્રિયજય.

કોઇ પણ જય કરવો હોય તો તે અનેક રીતે થાય છે, પરંતુ તે યુક્તિ પુરઃસર કરવામાં આવે તો સાધકને સુગમ થઇ પડે છે.

જેમકે મનુષ્ય કરતાં સામાન્ય રીતે જોતાં ઘોડાં, હાથી, સિંહ, શરીર બળે વિશેષ છે, છતાં મનુષ્ય ઘોડાને કેળવી શકે છે, હાથીને પાળી શકે છે અને સિંહને પંજરગત પણ કરી રમાડી શકે છે. આમ કરી શકવામાં યુક્તિજ પ્રધાન છે.

## ઇંદ્રિયજયનો વિવેક પુરઃસર ઉપાય.

જેમ ઘોડા જંગલી હોય, અને વગડામાંથી નવા આણ્યા હોય, ત્યાં નધણીયાતું વગડાઉ ઘાસ, ચારો ખાઇ ખાઇ માતેલા હોય, તેવાજ આપણી ઇંદ્રિયોરૂપી પણ ઘોડા સમજવા. તેઓ પણ આ સંસાર રૂપી રાનમાં—વગડામાં અનાદિ કાળથી જયાં ત્યાં રખડી રખડી જે આવે તે ચારો ચારી છૂપીથી ખાઇ ખાઇ માતી ગયેલ છે. હવે એવા જંગલી ઘોડાને વશ કર્યા વગર, પાળ્યા વગર અને કેળવ્યા વગર ગાડીમા જોડ્યા હોય તો ગાડીના ચુરેચુરા કરી નાખે, અને ઉપર ચડવામાં આવે તો બેસનારનેજ પછાડે. વગડામાં જાય તો બચકું ભરે કે લાત મારે. તેજ પ્રમાણે આપણી ઇંદ્રિયો રૂપી ઘોડાને વશ કર્યા વિના, પાળ્યા વિના અને કેળવ્યા વિના મનુષ્ય દેહ રૂપી ઉત્તમોત્તમ ગાડીને જોડવામાં આવ્યા હોય તો તેના પણ ચુરા કરી નાંખે, પાયમાલ કરી નાંખે, બેસનારને પછાડે, બચકા ભરે કે લાત મારે —ઘાયલ કરે માટે જેમ જંગલી ઘોડા હોય અને વશ ન રહેતા હોય તેને અતિ મુસ્કેલીથી પણ પકડી એક બે દિવસ ખાવાનું ન આપવાથી કંઇ નરમ પડે છે—અર્થાત્ તે જંગલી હોય પણ કંઇ નરમ ભૂખને લીધે પડેછે. પછી તેને પાળી અને કેળવી શકાય છે. તેમ એ ઇંદ્રિયરૂપી ઘોડા પણ પકડી એક બે દિવસ ખાવાના પદાર્થો આપવા બંધ કરતા અને રસઇંદ્રિય જે જીભ તેને સ્વાદિષ્ટ પદાર્થો ન આપવા, એક બે ઉપવાસ ખેંચી કાઢવા. એજ પ્રમાણે સ્પર્શેંદ્રિયરૂપ ઘોડાને સુંવાળા વગેરે અપાતા સ્પર્શો બંધ કરવા એજ પ્રમાણે ઘ્રાણેંદ્રિયને સુગંધી પદાર્થો ન આપવા. કર્ણેદ્રિયને સુ સ્વર ન સાંભળવા દેવા ચક્ષુરિંદ્રિયને વિકારી વસ્તુઓ ન જોવા દેવી. વગેરે આમ એક અઠવાડયું કરી, વર્તવામાં આવે તો જંગલી ઘોડાનું નુકશાન કારક જેમ જેમ મંદ પડે છે. તેમ ઇંદ્રિયોનું નુકશાન કારક જેમ પણ નરમ પડશે.

## ઇંદ્રિય જયના ઉપાયમાં બીજો ભાગ.

જેમ ઘોડાને મારી નાખવાથી ગાડી ન ચાલે તેમ ઇંદ્રિયોરૂપી ઘોડાને એટલે વિષયો નજ આપીએ તો આપણો શરીરરૂપી રથ ન ચાલે. તેમજ જેમ ઘોડાને માફક પદાર્થો ખવડાવી માતેલા કરી મુકીએ તોપણ રથને ભાંગી નાખે, તેમ બુદ્ધિને વિગેરે–વિકૃતિ કરનાર ઘૃત વિગેરે કંઇ બહુ ખવડાવી આપણી ઇંદ્રિરૂપી ઘોડાને ઉચ્છૃંખલ કરી નાખીએ તો શરીરરૂપી રથ ભાંગી નાખે તેમ નજ ખાવાને આપીએ તો જેમ ઘોડા મરી જાય તેમ ઇંદ્રિયો પણ મરી જાય–એટલે કે કાન સાંભળવાનું, આંખ જોવાનું, નાક સુંઘવાનું, જીભ ચાખવાનું અને ત્વચા સ્પર્શવાનું કામ ન કરે, માટે જેમ જંગલી ઘોડાને થોડા વખત ભૂખ્યા રાખીને તેઓને જીવતા રાખવા–સાદુ ખાવાનું આપવું જોઇએ, તેમ ઇંદ્રિયોને પણ જીવતી રાખવા સાદો વિષયોરૂપી ખોરાક આપવા જોઇએ, વિશેષ આપવા નહિં. આમ પ્રથમ વિષયરૂપી ખોરાકનો સહજ ઉપવાસ કરાવવાથી ઇંદ્રિયોરૂપી ઘોડા નરમ પડશે અને સાદો ખોરાક આપવાથી પલાશે–વશ કરાશે. આમ એ ક્રિયા થઇ રહી કે ત્યારપછી ત્રીજી રીતે ઇંદ્રિયરૂપી ઘોડાને કેળવણીની જરૂર છે.

હવે ઘોડાને કેળવવામાં કેટલાએકને ભારે ગાડીમાં જોડીને અથવા દરિયા કિનારે રેતીમાં ગોળ ફેરવી ફેરવીને કશાભિઘાત કરી લાઇનમાં ચાલતા શીખવે છે, તેમ નરમ પડયાં પછી સાદુ ખાવાનું મળ્યા પછી પણ જો આડે જાય તો કશાભિઘાત એટલે કોરડા લગાવવા પડે છે. અર્થાત રસેંદ્રિયને આંબેલ વિગેરે તદન લુખું આપવું પડેછે, એમજ બીજી ઇંદ્રિયોને પણ આપી ચલાવવું પડે છે, પરંતુ તેમ કરીને પણ કેળવતા એટલે સ્પર્શઇંદ્રિયથી વીતરાગનો સદ્ગુરૂ ચરણનો, સ્પર્શ કરતાં રસેંદ્રિથી સુવચનો બોલતાં, ચક્ષુઇંદ્રિયથી વીતરાગ મુદ્રાને અવલોકતા, કર્ણેદ્રિથી પ્રભુના ગુણો ગવાતાં સાંભળતાં શીખવાય તો ઇંદ્રિયરૂપી ઘોડા વ્યવહાર અર્થેજ પળાશે અને કાંતો સ્વર્ગની સડકે, કે મોક્ષને માર્ગે ચાલશે. વિચાર કરતાં ઇંદ્રિયો, ઘોડા જેવી, મન હાથી જેવું, અને કષાય ફાડી ખાનાર જનાવર જેવા લાગે છે. તેમાં પણ ક્રોધ વાઘ જેવો ક્રૂર, માન સિંહ જેવો અહંકારી, માયા વરૂ જેવી કપટી અને લોભ રીંછ જેવો ખાઉધરા લાગે છે.

વળી આ વાત યાદ રાખવાની છે કે. ઇંદ્રિયોરૂપી ઘોડાને જ્યાં જવાનું છે ત્યાં આપણે ઘસડાઇ જવું નથી, પરંતુ આપણે મનુષ્યરૂપ રથને ઉચ્ચમાર્ગે લઇ જવાનો છે ત્યાં તે ઘોડાને હાંકવા જોઇએ.

વળી એ પણ સમજી સમજી યાદ રાખવાની જરૂર છે કે જેમ શરીર, મન

અને ભાષાપર્યાપ્તિ છે, તેમ ઇંદ્રિયપણ પર્યાપ્તિ છે. પર્યાપ્તિ એટલે શકિત અને એ શકિતને જે આપણા પુણ્ય બળવડે આપણે પ્રાપ્ત કરી છે, તો તેનો ઉપયોગ કરવો એ આપણા હાથમાં છે. તેમને સન્માર્ગે ચલાવવી એ આપણી સત્તાની વાત છે. જેમ જીભ છે અને જીભ પાસે સારા બોલ બોલાવવા કે ભુંડા બોલાવવા એ આપણી સત્તામાં છે, તેમજ ઇંદ્રિયોને સન્માર્ગે ચડાવવી એ પણ આપણી સતાની બહાર નથી. કદાચ ઉન્માર્ગે પૂર્વે ચાલેલ હોય તો પણ ઉન્માર્ગ કરતાં સન્માર્ગ સરળ હોવાથી સહજ પણ પ્રયત્ન કરતાં ત્યાંજ ચાલવા માંડશે. કારણકે સન્માર્ગ આત્માને સ્વભાવિક હોવાથી સરલછે. અને ઉન્માર્ગ અનાદિ હોવાથી છતાં ભાવિક હોવાથી વિકટ છે. માત્ર ઉન્માગે ચાલવાની ટેવને લીધે સુગમ લાગે છે પણ તે સુગમ નથી. હવે એમ લાગે કે સન્માર્ગ જો સ્વાભાવિક છે તો ઉન્માર્ગ જવાની ટેવ કેમ મટાડી શકાય તેનો વિચાર કરીએ. જુઓ સ્થૂલીભદ્ર ને સ્પર્શેંદ્રિયનો જય કરવામાં કેટલી વાર લાગી ? માત્ર ચાર માસ એક ચોમાસું. બાર વર્ષ સુખ ઉન્માર્ગે ચાલેલ સ્પર્શ ઇંદ્રિયોનો પૂર્ણ જય માત્ર ચાર માસમાં કર્યો અને જેવું બિરૂદ ધારણ કર્યું કે **'मंगलं स्थूलीभद्राद्रि'** વળી જુઓ સુદર્શણશેઠને સ્પર્શેંદ્રિયનો જય કરતાં શી વાર લાગી ?

જુઓ નંદિષેણ સ્પર્શેંદ્રિયના ઉન્મત ઘોડાથી પછડાતાં પણ વિજયી થયા કે નહિં !

હાથી સ્પર્શેંદ્રિયને વશ થઇ—સ્પર્શેંદ્રિયથી જીતાઇ—પોતાના પ્રાણ ખુવે છે પરંતુ હાથી તો પશુ છે અને આપણે તો હાથીને વશ કરનાર માવત અને માવતને પગાર આપનાર માનવ મનવાળા—બુદ્ધિવાળા આત્મ છીએ. માટે હાથીની પેઠે સ્પર્શેંદ્રિયને વશ થવાનું પાશવ ઉદાહરણ માનવ આત્માને ઘટતું નથી. પણ શરમાવવા જેવું છે. હાથી બીચારા મનુષ્ય પાસે ભલે શીખે પણ હાથી પાસે મનુષ્યે એના દુર્ગુણની નકલ કરતાં ડુબી મરવા જેવું થવું જોઇએ. કારણકે હાથીરૂપ પશુએ કોઇ દિવસ નિયમ લઇ વિગેઇ તજી સ્પર્શેંદ્રિયનો નિયમ કર્યાના ઉદ્દહારણ બહુ થોડા છે. પણ મનુષ્ય એકતો શું પણ છ છ વિગઇ છાંડી સ્પર્શેંદ્રિયને વશ કરી બ્રહ્મચર્યમાં રહેનારા આપણી પાસે સેંકડો દાખલા મોજુદ છે. હાથી પશુ માવતને વશ થાય છે. તેમ સ્પર્શેંદ્રિય રૂપ પશુ આપણા મનરૂપી માવતને વશ કરવું, અને મનરૂપ માવતને શુદ્ધ આત્મસ્વરૂપના આજ્ઞાનુસારી રાખવું એટલે માનવઆત્મા સ્પર્શેંદ્રિયનો વિજય અલ્પ સમયમાં કરી શકશે.

વળી સ્પર્શેંદ્રિયનો વિકાશ આપણા જીવનની સાથે બીજી ઇંદ્રિયો કરતાં અ-

નુક્રમે ઉપર ચડ્યા હોઇએ તો લાંબા કાળનો છે. કારણકે આપણામાં રહેલો જીવ જ્યારે એકેંદ્રિય રૂપ હતો ત્યારે સ્પર્શેંદ્રિય હતી પછી બેંદ્રિય રૂપ થયો ત્યારે પણ સ્પર્શેંદ્રિય તો હતી. પછી તેંદ્રિય રૂપ થયો ત્યારે પણ સ્પર્શેંદ્રિય હૈયાતજ હતી. પછી ચોરિંદ્રિય રૂપ અને પંચેંદ્રિય રૂપ થાતાં તેમાં પણ મનુષ્ય પંચેંદ્રિય રૂપે ચડતા પણ સ્પર્શેંદ્રિય તો છેજ આ સ્પર્શેંદ્રિયનો સંબંધ આપણને—જીવને ઘણા લાંબા કાળનો છે. બીજું સઘળી ઇંદ્રિયો કરતાં બહુજ વધારે કાળનો સંબંધ છે અને અત્યાર સુધી જો ઉન્માર્ગે ચલાવવાની ટેવ પડીહોય તો લાંબા કાળના અભ્યાસને લીધે ઉન્માર્ગ સ્વાભાવિક જેવો થઇ ગયો હોય માટે બીજી ઇંદ્રિયને વશ કરવા કરતાં સ્પર્શેંદ્રિયને વશ કરવું. પરમાત્મ જ્યોતિના દર્શનેચ્છુને જો કદાચ વિકટ લાગે. પરંતુ જે એક અપેક્ષા વિકટ હોય તે બીજી અપેક્ષાએ સરલ પણ હોય જુઓ આપણે ખાધા વિના કદાચ ન ચાલે, એટલે રસેંદ્રિયને તો આપવું જોઇએ. કદાચ સુંધ્યા વિના પણ ન ચાલે તો ઘ્રાણેંદ્રિયને પણ તેનો વિષય આપવો જોઇએ, તેમજ આંખથી જોયા વિના પણ ન ચાલે, તેમજ સાંભળ્યા વિના પણ કદાચ ન રહેવાય પરંતુ સ્ત્રીને અને સ્ત્રી હોય તો પુરૂષને સ્પર્શ કર્યા વિના તો આપણે ચલાવી શકીએ. જો સ્પર્શનો જય કર્યો તો ધારી ધારીને જોવાનો પણ જય કરી શકે. કદાચ જોવાઇ જવાય તો **ॐ ब्रह्मचर्याय नमः ॐस्थूलीभद्राय नमः ॐ सुदर्शनश्रेष्ठिने नमः** એ મંત્રોને મન, વચનથી ઉચ્ચારવું તો થોડાજ વખતમાં સ્પર્શેંદ્રિયનો જય થશે. અને તેનો જય થતાંજ વીર્યનું ઓજસ સર્વ અંગને પોષી શરીરને કોઇ એવું અપૂર્વ સુખ શાન્તિ આપશે કે જે આનંદ સ્ત્રીને પુરૂષ કે પુરૂષને સ્ત્રી સાથની પશુ ક્રીડામાં નથીજ નથીજ. આ એક વેળાની નહિ પણ લાંબા કાળના અનુભવની વાત છે. રસેંદ્રિયનો જય કરવો. સ્પર્શેંદ્રિયના જય કરતાં સુગમ છે, કારણકે તેમનો પરિચય એટલા લાંબા કાળથી જીવને એક અપેક્ષાએ નથી. વળી રસેંદ્રિયનો જય કરતાં વિચાર કરવો કે સાકર જે મીઠી લાગે છે તે ખરેખર મીઠી છે કે નહિ સૌ મનુષ્ય એટલે વિચાર કરનાર જીવ હોવાથી તેને તો માલુમ પડશે કે જ્યારે મને તાવ આવ્યો ત્યારે તો તે કડવી લાગતી હતી. માટે એ મારા પરિણામ મીઠાં હોય તો સાકર મીઠી લાગે છે. સાકર મીઠી નથી મારા પરિણામ મીઠાં છે. માત્ર રસેંદ્રિયદ્વારાએ આંતર મીઠાં પરિણામનો હું બાહ્ય પ્રકાશ કરી શકું છું. બાહ્ય જણાવી શકું છું. બહિરાત્મ ભાવ એવો મીઠાશ જોતો હતો. આ પ્રમાણે સર્વ ઇંદ્રિયોનું અધિષ્ટાન જે પરિણામ આત્માનુકૂલ તે રાખવા કે જેથી સુગમતાથી તેનો જય થઇ શકે.

આજ પ્રમાણે ઘ્રાણેંદ્રિય ચક્ષુરિંદ્રિય અને શ્રોતેંદ્રિયનો પણ જય થવો સં-ભવે છે. જુઓ આપણા વિચાર તે ઇંદ્રિયો તરફ ઢળતા ન હોય અર્થાત્ આપણાં પરિણામ જેવાં હોય તેવા વિષયો આપણે અસર કરે છે. તો પછી સર્વ ઇંદ્રિયોએ આપણાં પરિણામને આધીન, આપણાં મનને આધીન—જે મન આત્માધીન છે એવા મનને આધીન રાખવાં.

આમ પાંચે ઇંદ્રિયનો જય થયો કે તેના વિષયોનો તો જય તેજ વખત થઇ જાય છે. સાદા ખોરાક અને પદાર્થને ઇંદ્રિયોને આપવા એ વિષયોમાંથી વિષ કાઢી નાખી, સોમલની પણ ખાખ બનાવી જાણે ખાતો ન હોય તેમ લાગશે.

હવે ઇંદ્રિયોના જય થયો તો ક્રોધનો જય થતાં ઘણું કરીને વાર નથી. કારણકે મનગમતા વિષય ન મળે, અને અણગમતા આવી પડે ત્યારેજ પ્રાણીને સામાન્ય માણસને બહિરાત્મા વાળા જીવોને ક્રોધ ઉદય થઇ માણસ જેવા ઉભય પ્રાણીને હડકાયા જેવો બનાવી દે છે.

પરંતુ ઇંદ્રિયોરૂપી પશુ જેના વશ થઇ ગયા છે જેને મનોગમ કે અમનોગમ વિષયને લીધે ઉપર કહેલો જય પ્રાપ્ત થઇ ગયો છે ને તે ક્રોધ પરજ પદાર્થ સંબંધે તો હોતોજ નથી. કારણકે તેનો તો ઇંદ્રિયના વશ કરવાની સાથેજ જય થઇ જાય છે. હવે બાકી અંતર વિચારો છે ઇંદ્રિયના ડામાડોળ હવે ન હોવાથી શાંત હોય છે. જે મનરૂપ સરોવરમાં ઇંદ્રિયને લીધે ઉછાળા મારતા હતા તે ઘણાંક શાન્ત હોવાને લીધે આત્મ સ્વરૂપની ઝાંખીજ કરવાના જણાય છે. ઇંદ્રિયોનો પ્રત્યાહાર થયા પછી મન[1] છુટા હાથીના કરતાં હજારગણું બળવાન છે મન, ક્રોધના નુકશાનને સમજી લઇ જુદીજ યુક્તિથી જીતી લે છે. વસ્તુ મન શાન્ત હોવાથી ઘણા ઓછા દેખાવને લીધે પદાર્થ જ્ઞાન પણ સારૂં થવા લાગે. બહુ બાબતમાં વિરોધ ન આવેથી અપેક્ષા નાના પ્રકારની ખુલી થઇ જવાથી ક્રોધના પ્રસંગો બહુજ જુજ રહેશે. ઉદાહરણ તરીકે કઇ જાતનો ક્રોધ ઇંદ્રિય જીત બાંધવાનેકે બ્હેનો હોય છે. તેની અનેક અપે-ક્ષા હોવા છતાં અત્ર એક બે અપેક્ષા લખાય છે. ક્રોધ જે ઇંદ્રિય તેના પ્રત્યાહાર પૂર્વે સ્વાર્થી હતો. તે હવે જન સમાજના કે ધર્મમાં કાંઇ અણગમતું થવાથી પો-તાનું સ્વરૂપ પ્રગટ કરતો જણાશે ઇંદ્રિયનો જય થયા છતાં પણ આવી જાતનો ક્રોધ રહેશે, ધારોકે તમે પોતાને માટે નહિ પણ તમારી કોનફરન્સનું તમારા જૈન-

---

૧ વિષયો રૂપી દોરડાથી બંધાયેલો હાથી અને તેમાંથી છુટયા પછી તો હાથી કેટલો બળવાન હોય ? જુઓ શ્રી વીરનું બળ.

ધર્મનું, તમારા ધર્મના તત્વથી તદ્દન વિરૂદ્ધ વર્ત્તનનું અવલોકન થતાં તમને કોઇ ઉપર ક્રોધ આવશે પરંતુ ઇંદ્રિયોના અમનોગમ વિષયને લીધે નહિ. હવે તમારા કેટલાક શાન્ત થએલા મનથી તમે વિચાર કરશો તો તમને માલુમ પડશે કે જે બિચારા આવા સારા ખાતાની કે ધર્મની નિંદા કે ખંડન કરે છે, તેવું એક વેળા તમે પણ કરતા હોય તો ત્યારે વિચારવું કે તમે જે સ્થિતિમાં પૂર્વે હતા તે સ્થિતિમાં હાલ છે આમ વિચારવાથી ક્રોધરૂપી ઉભરો બેસી જશે અથવા એમ વિચાર શોકે, મારી સ્થિતિમાં જે આવશે ત્યારે તેનું વર્ત્તન સુધરશે, તોપણ તમને ક્રોધ નહિ ઉભરાય.

ક્રોધનું ઉભરાવું કે ઉછળવું બંધ થયા પછી ત્રીજી યુક્તિ વાપરવી સહેલી થશે. અને તે નીચે પ્રમાણે.

દાખલા તરીકે પોતાના માટે નહિ પણ કોઇ સારા માણસને કોઇ લુચ્ચો માણસ હેરાન કરે ત્યારે તેને ક્રોધ ઉત્પન્ન થશે પણ એમ વિચારે કે લુચ્ચો માણસ અજ્ઞાન છે, ત્યારે તેના ઉપર ક્રોધ બહુ નહિ આવે. પરંતુ એવી હદની તો ઉપર વાત લખી છે પરંતુ એથી પૂર્ણ ક્રોધતો નથી માટે તે તો આટલી વાત કહ્યા પછી લખવામાં આવે છે, તે એક તે સારા માણસના રક્ષણની બુદ્ધિ છે. પરંતુ લુચ્ચા માણસનું આગળ જતાં આવા સારાને હેરાન કરતાં શું થશે? એવી કરૂણાનું બળ ઘણું હોવાથી એ લુચ્ચા માણસને સારાના હેરાન કરવામાંથી પણ એમાંથી પહેલાં બચાવે છે. આમ થતાં સારા માણસતો સહેજે બચી જાય છે.

આમ ક્રોધ ઇંદ્રિયના મનોગમ કે અમનોગમ વિષયથી તમોગુણવાલો હતો તે સ્વાર્થી પણ જતાં રજોગુણી થાય છે. અને કરૂણા આવતાં સત્વગુણી પ્રથમ અને છેવટે દોષવાનને પ્રથમ બચાવેજ એવા બનાવો બનતાં નિઃક્રોધ કે ક્રોધજિત થઇ રહે છે.

હવે પ્રથમ ઇંદ્રિયનો જય પછી ક્રોધ જય કરવો હોય, તેવા પરમજ્યોતિના અભિલાષીને શ્રીમદ યશોવિજયજી મનોજય કરવાનું કહે છે. માટે ત્રીજું વિશેષણ દાંતનું આપે છે કે—

## दांतात्मनः

જેણે ઉપર લખ્યા પ્રમાણે પ્રથમ ઇંદ્રિયોનો જય કરી ક્રોધનો પણ જય કર્યો છે. તેવાને મનોજય કરવો પણ સુગમ છે. હા. આત્મા એટલે મનોજય એવોજ અર્થ અહિં સંભવે છે.

પુર્વે કહેવામાં આવ્યું કે મન સરોવરના જળ જેવું છે. જરા હિલચાલ થઇ કે આખું ડોલવા માંડેછે. સરોવરમાં જરા વા વાયો કે અંદર કાંકરો પડયો કે મનોજળ હલ્યા વગર રહે નહિ, માટે મનનો જય થયાથી એમ ક્રોધ ગયા પછી પણ જે કારણોથી થતો હોય તે કારણો શોધી કાઢવા જોઇએ.

**મનોજય ઉપાય**—પૂર્વે ક્રોધજય વખતે કહ્યું હતું કે કરૂણાભાવથી કે ક્ષમાભાવથી ક્રોધ શાન્ત થઇ જાય છે, પરંતુ તેથી મન શાંન્ત પુરેપુરૂં થતું નથી. દોષવાનપર કરૂણા ઉત્તમ સદ્‌ગુણ છે. અને ગુણવાન પર પ્રમોદ એથી અધિક સદ્‌ગુણ છે. પરંતુ પ્રમોદનો હર્ષ મનોજળ ઉપર પવન પેઠે ભરતી આણે છે. અને કરૂણાની ખિન્નતા સુધી મનોજયમાં ઓટ કે ખાડો પાડે છે. આમ મનોજળ જ્યાંસુધી ઉંચે ચડે અને નીચે પછડાય તો જો કે ક્રોધાદિની અપેક્ષા ઘણી સારી છે પણ પરમજ્યોતિ દર્શનમાં ચિત્ત તદન સ્થિર જોઇએ તે તો નથીજ માટે શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાય મનોજય કરવાનું જણાવે છે. માટે તે મનોજય કેમ કરવો. તે દોષવાનને જોઇ ખિન્ન થયા વિના. તે દોષવાન પોતાના કર્મને વશછે. એવું માત્ર હવે તો જાણવુંજ, અને ગુણવાન જોઇ હર્ષ પામ્યા વિના એ આત્માના સ્વભાવિક ગુણ છે એમ માત્ર દેખવુંજ એટલે મનોજય શાન્ત રહેશે.

આ ટેબલપર પડેલો દીવો કંઇ સારા માઠા બનાવો જોઇ હર્ષ શોક પામતો નથી. તેમ પોતાના સ્વરૂપમાં ફેરફાર પણ કરતો નથી. તેમ આસપાસ બનતા બનાવોને જોયા જાણ્યા કરે એવું થઇ જવું જોઇએ. અને ઉપર પ્રમાણે કહ્યું તેવું પરિણામ રાખે તો મનોજય થઇ જાય.

**મનોજયનો બીજો ઉપાય.** નાના પ્રકારની ક્રિયામાં પછી તે ધર્મક્રિયા હોય સંસાર ક્રિયા હોય. તેમ સામાન્ય તત્ત્વ જોતા આવડવાની ટેવ પાડવાથી પણ મનોજય થાય છે.

જેમ પોતાના મંદિરનું સન્માન રાખવું એવો વિવેક પણ ક્રિશ્નનોને હોય છે અને હિંદુઓને પણ હોય છે. પરંતુ એ વિવેક દેખાડવાને અને મંદિરનો અવિવેક ન થવાને ક્રિશ્ચયનો ટોપી ઉતારે છે અને હિંદુઓ જોડા ઉતારે છે આમ વિવેક ઉભય વર્ગો સાચવે છે. મંદિરનું સન્માન ઉભયના હૃદયમાં છે. આચાર પણ વસ્તુના ઉતારવા રૂપજ છે. માત્ર ક્રિયાજ એક ટોપી ઉતારવામાં ને બીજા જોડા ઉતારવામાં એમ ભક્તિભાવની ક્રિયા નાના પ્રકારની લાગે છે. આમ જ્યાં વિચાર અને આચાર સમાન હોય ત્યાં પણ સામાન્ય તત્વ જોવાની ટેવ વિનાના

માનવ અરે માનવ બાંધવોના પણ મન ઉથલ પાથલ કરી મુકે છે. અને અનેકને સાચાજૂઠા કરી મુકે, અથવા પવિત્ર મોઢામાં નિંદાના કાદવ પરસ્પર ભરી મુકે છે, એ મનોજય નહિ હોવાનુંજ કારણ છે.

અત્રે કહેવું પડે છે કે, મનોજય ક્રોધજય કર્યા પછી પણ થયો હોય તો ઠીક પણ જો પૂર્ણ મનોજય જ્યાંસુધી ન થયો હોય ત્યાંસુધી ક્રોધ વગેરે અને ઈંદ્રિયો વગેરે પણ પોતાની વસ્યતામાંથી છૂટી અનર્થ કરી મુકે છે. માટે મનોજય વિષે અત્રે કાંઇક વિશેષ જણાવવાની અપેક્ષા રહે છે. માટે—

**મનોજયનો ત્રીજો ઉપાય.** કોઇ વખતે કોઇ માણસ આવા મહાત્મા જનોનો કે આપણે તેમા થએલ હોય તો આપણો દોષ કાઢે તો કંઇ નહિ. કારણ કે તેમાં ત્રણ પ્રકારના લાભ હોય છે. જો દોષ આપણામાં હોય તો તેના ચેતવવાથી આપણને લાભ છે. જો ન હોય તો હવે પછી આવે નહિ તેને માટે તેના ચેતવવાથી ચેતના રેવાઇ. અને કદાપી નજ આપણામાં આવવાના હોય, એટલે કે બળદોષ નજ હોય કે અત્યંત સૂક્ષ્મ હોય અર્થાત આપણે શુદ્ધ સ્ફટિક જેવા હોઇએ તે છતાં દોષ કોઇ આપણા આચાર વિચારને જોઇ કાઢે તો જાણવું કે એ દોષ કરનાર પામર જીવ પર મધ્યસ્થ રહેવું. કારણ એમાં એટલુંજ હોય કે, જેવા વિચાર આચાર જોઇ તેણે આપણામાં દોષ જોયો તે દોષ આપણામાં નથી. પણ તેવા વિચાર આચાર દેવા પોતે દોષવાન થઇ જાય છે. એ વાત તેણે કહી દીધી.

એક વેળા આ લેખક મુંબઇ પાંજરાપોળની ગલીને નાકે જરા અંદરના ભાગે એક સુંદર નવયૌવના સ્ત્રી સાથે વાત કરતો હતો. તે વેળા ત્યાંથી કોઈ યુવાન પુરૂષો પસાર થતા હતા તેમાંના બે પુરૂષો આ લેખક વિષે વાત કરવા લાગ્યા કે આ લેખકમાં વિષયદોષ હોવો જોઇએ. નહિં તો આવી એકાંતમાં આમ હોય નહિ. હવે જેની સાથે લેખક વાત કરતો હતો, તે લેખકની બ્હેન હતી. પરંતુ આવો પ્રસંગ બને ત્યારે ખેદ ન પામતાં એ જોનાર લેખકની સ્થિતિમાં હોય, અને એ પરાણે કોઇ સ્ત્રી સાથે વાતચીત કરતા હોય તો કંઇ ગોટાળો હોય એમ સમજવું.

આપણે તો માત્ર અરીશા થએલા હોવાથી તેઓ કેવા છે, તેમના અરીસારૂપ છીએ. અરીસા પાસેથી પસાર થનાર માણસનું પ્રતિબિંબ આપણામાં પડે. સ્ફટિક જેવા નહિ અને અરીસા જેવા કહેવામાં એવું છે કે આપણે જે જે હજી શુભતર ક્રિયા કરીએ છીએ તે ક્રિયાની પછવાડે કલઇ હોવાથી આપણાં

મનરૂપ કામ અરીસા રૂપે રહે છે અને બીજાની અશુભ કે શુભ ક્રિયાનું પ્રતિબિંબ આપણા મનોરૂપી દર્પણમાં પાડે છે.

આટલી હદે પહોંચ્યા હઇએ તોજ એમ સમજી લેવું કે, માણસ બોલતો નથી પણ પોતે કેવો છે તે કહી દે છે.

તે પોતાનેજ આપણી મારફતે જુએ છે વગેરે. આવા વિચારથી પણ મનોજય શાંન્ત રહે છે, અને પરમજ્યોતિનો પ્રકાશ તેમાં પ્રતિબિંબ થવાનો પૂર્ણ સંભવ છે. આમ મનોજય થાય છે. દાંતાત્મા થયા પછી પણ એક બાબત બાકી રહે છે. તો તેને પણ ઉપાધ્યાયશ્રી કરી ગમે તે ધર્મ માર્ગે ચાલનારને પણ પરમાત્મ ગતિ પામવાનું કહે છે. માટે મનોજય પછી ક્રમે એવડે ચાહે છે કે—

## શુભાશમા:

હ્રદય શુભ આશય વાળું હોવું જોઇએ. મનોજય થઇ નહોર થવાનું નથી. પણ મનોજયથી શાંત શાંત સરોવર જેવા થઇ કે અહિંસા નિંદા થઈ રહ્યા પછી આશય શુભ રાખવા જોઇએ. કારણકે મનોજય બળે દર્પણ જેવું જ્ઞાન થાય. પરંતુ દર્પણના પછવાડે કલઇ હોય તેમ શુભ કર્મફળ કલઇ હજી આપતો હોય. માટે તે કર્મનો ક્ષય થવાને શુભ આશય વાળા થતાં એ કર્મ નષ્ટ થઇ આત્મા શુદ્ધ સ્ફાટિક જેવો થઇ રહે છે. એટલે પરમાત્મ ગતિનો અહીંજ અનુભવ થાય છે અને પછી એકાવતરી થઇ કે વિદેહ ક્ષેત્રમાં એક ભવ કરી શાશ્વત્ પરમાત્મ ગતિ પામે છે.

હવે શુભાશમ તે કેમ રાખવો તો આ લેખક કહે છે કે જેને વિષય કર્યો છે, તેણે દ્રશ્ય જગતનો જય કર્યો છે જેને ઇંદ્રિય જય કર્યો છે. તેને દેવાદિના સુખોનો પણ જય કર્યો છે. જેણે ક્રોધનો જય કર્યો છે, અનેજે ને ક્રમે મનનો પણ જય કર્યો છે એવાને શુભાશમ બોલવામાં નહિ, આપણે રોજ શાસ્ત્ર પુજામાં રોજ ગાઇએ છીએ, એમ નહિ પણ મનમાં, વચનમાં, અને ક્રિયામાં, પણ એહ્રદય આશયનો પ્રવાહ ચાલે છે. દાખલા તરીકે ત્રણ જગતના આપણા શુભ થાય તે જુઓ અને તેના આપણે આત્મીય ઔરસ પુત્ર તરીકે તેનું અનુકરણ કરો.તે શ્રી વીર પરમાત્માનો હ્રદય આશય એ હતો કે આવી ભાવદશા શુભાશમ અનેક છે. તેમાંથી કોઇપણ એક બે દશા. તેવડે કર્મ ક્ષય થઇ ક્ષાયક સમ્યકત્વ પ્રભુના પુત્રોને પુત્રીઓને પણ પ્રગટે છે, અર્થાત્ જુદા જુદા માર્ગોથી પણ પરમાત્મા ગતિ પામે છે.

હવે ઉપાધ્યાયશ્રીના વચનમાં કોઈપણ બુદ્ધિવાનને શ્રધા બેસેજ છે કે જોઈએ તો જૈનધર્મ હોય કે ન હોય પરંતુ જેમાં ચારે ગુણો અનુક્રમે- યથાવિધિ સમ્પૂર્ણ પ્રાપ્ત થયા છે તે જોઈએ તો બૌદ્ધ હોય કે બ્રહ્મા હોય, વેદાન્તી હોય કે સાંખ્ય હોય જૈમિનીય હોય કે ક્રિશ્ચયન હોય મહોમદન હોય કે લાચોટીઝી હોય પરંતુ તે પરમાત્મ ગતિ ને પામેજ.

શું જેણે ઇંદ્રિયોનો સમ્યક્ત્વ જય કરી ક્રોધને ક્ષમાવડે જીતી લીધો છે, એટલુંજ નહિ પણ જેણે ફાંસી ચડાવવા, તેને માટે પણ એમ માગવું કે **પિતાશ્રી** ( પ્રભુશ્રી )–તેઓને ક્ષમા કરજો. જે બ્રહ્મચારિએ વ્યભિચારિણી સ્ત્રી જોઇને પણ તિરસ્કાર ન કરતાં શાન્ત મન રાખે, અને જેણે એવો ઉદ્ઘોષણા તરીકે જેના હૃદય પવિત્ર છે, તે અવશ્ય પરમાત્માના દર્શન કરશે.

આ કયા સમ્દ્રષ્ટિ કે દષ્ટિ કે ગુણદષ્ટિ કે નિષપક્ષપાતિ તે તેને દેખાયા વિના રહેશે ? માટેજ ઉપાધ્યાયજી કહે છેકે—

૧ ડાબે ગાલે મારનારને, જમણે ગાલે મારવાનું કહેવું અને શેર લઇ જનારને કલાકે પણ લઇ જવાને કહેવું એ ક્ષમાના ઉદ્ધાહરણ મહાત્મા ક્રાઇષ્ણ ચરિત્રમાં છે.

ઉપર લખેલા ગુણો જોયા તો મહાત્મા ક્રાઇસ્ટને માર્ગે ચાલનાર ક્રિશ્રીયન જોયા હોય કે જોઇએ તો બેધાંત હોય તો પરમાત્મા ગતિ પામેજ.

વળી ઉપરના ચારે ગુણો સંમ્પૂર્ણ પાળે એટલે વિષયોનો સંન્યાસ પુરી એટલે કે ફેંકી દઇ ઇંદ્રિયનો જય કરી ક્રોધને ક્ષમાવડે હઠવાળા મનનો પણ જય શુભાશુભ શુભ હૃદયમાંથી—એવા ચોખા જીવમાંથી એવી ઉદઘોષણા નીકળે તે શું ખોટું છે કે **जीवो ब्रह्मैवकेवलम्** જીવજ બળ છે. અંતગત્માજ પરમાત્મા છે. અનુભવ કાં આ પ્રમાણે અત્યારે સમદષ્ટિ આ ચારે ગુણ વડે કામભાવી થતાં પરમાત્મા ગતિનું અનુભવ ન કરે ? આ પ્રમાણે બીજા દર્શનોનું પણ સમજવું. વળી એ પણ યાદ રાખવું કે આપણે જૈન દર્શન પ્રાપ્ત થયું છે. એટલે આપણે તો જિતેંદ્રિય હોઈએ યા નહિ, ક્રોધ જયી થઇયે યા નહિં, મનોજય કરીએ યા નહિ, શુભાશય આપણા હોય યા નહિ, પણ જૈન છીએ માટે આપણે તો મોક્ષ ગતિ પ્રાપ્ત કરશુંજ. અન્યને મળવાની નથી. જોઇએ તો તે ઇંદ્રિયજય વગેરે માટે પુરણ આપણા કરતાં અત્રિક નહિ પણ ઘણાંજ ઉંચ્યા પ્રકારે શોભાવતા હોય? કોઈ એવું કહેશે કે ઇંદ્રિય જયની કે કષાય જયની કે મનોજયની કે શુભાશમ

રાખવાની આપણે જૈન જન્મથીજ હોવાથી આપણામાં એ ગુણનો સંભવ વિશેષ છે અને તેઓમાં નથી. આવું પણ સાંભળતાં લેખકને એક તર્ક આવે છે કે ત્યારે તો આખા જગત્માં જૈનોને તે સુગમ છે, તો તેઓએ તેઓના વિશેષ અભ્યાસ કરી બીજા અન્ય બાંધવો,અન્ય વાક્યમાંદર્શનપ્રવર્તતાં માનવ બાંધવોને જોઇ તમે તમારા વિશેષ જયના વિશેષ જૈનપણાના—જિતનારપણાના તેઓને અનુમોદક બનાવો કારણકે તેઓ પણ તમારો વિશેષ જય જોઈ તમે તેઓનો અલ્પ જોઇ પરસ્પર મદદ આપો તો તેઓનું પણ કલ્યાણ થઈ અંતે તેઓ પરમાત્મગતિ પામશેજ.

આ લેખકને દર્શના જોતાં હાલજ એમ કહી દેખાય આવે છે કે પહેલા ત્રણ ગુણો તો કોઇ કોઇ આપણામાં જૈનદર્શનમાં મેળવતાં દેખાય છે. એ ગુણોમાં તેવી વિશેષ સંખ્યા અને એક ગુણવાળા એટલા ઇંદ્રય જય કરનારા બીજા દર્શના બાંધવો કરતાં જૈનો અધિક હશે. પરંતુ પહેલા ગુણમાં એટલે **શુભાશમમાં** એવા કોઇ ઉભયભાવનામાં તો આ લેખકની દૃષ્ટિમાં આપણા ધર્મના લોક કરતાં પરધર્મમાં કંઇક વિશેષ દેખાઈ આવે છે. છેવટે જેમ એક ઇંદ્રિય જય ક્રોધનો જય કરવામાં સહાયભૂત થઇ પડે છે. તેમજ ક્રોધજય, મનોજય, અને મનોજય **શુભાશમ** રાખવામાં આશ્રયભૂત થાય છે તેમજ શુભાશમ મનોજયને મદદગાર થઇ પડે છે. મનોજય, ક્રોધનો જય કરવાને અને ક્રોધનો જય ઇંદ્રિયોનો જય કરવાને પણ આશ્રયદાતા થઇ પડે છે માટે કોઈ માર્ગમાં કોઈ ગુણ અધિક હોય તે ગુણ જોઇ તેની વૃદ્ધિની ભાવના કરવી, તેમને વધારવા યત્ન કરવા તેની અનુમોદના કરવી. તેમની પ્રશંસા કરવી. એ તેઓને અને આપણને ઉભયને લાભદાયક છે.

ધર્મમાં પરમેશ્વરના મુમુક્ષુઓ કેવીરીતે સેવકો છે.

**नूनं मुमुक्षुः सर्वे परमेश्वर सेवकीः**

**दुरासन्नादि भेदास्तु तद्भृत्यत्वं निहंति न ॥१२॥**

**અનુવાદ**—**૧૨ ખરેખર સર્વ મુમુક્ષુઓ પરમેશ્વરરૂપી સેવ્યના સેવકો છે. અને કોઇ દુર અને કોઈ પાસેના સેવકો એવા ભેદો તેના સેવકપણાને મટાડી શકતા નથી.**

**વિવરણ**—**જેમ એક સાર્વભૌમ રાજાના કોઈ મહામંત્રી હોય, કોઈ મંત્રી હોય, દીવાન હોય, કોઇ નાયબ દીવાન હોય, કોઇ અમાત્ય હોય, કોઇ હજુરીયા, કોઇ સેનાપતિ હોય, કોઈ કોટવાળ હોય,**

કોઇ સેનાધિપતિ હોય આમ નાનાપ્રકારના ભેદવાળા રાજાના સેવકો હોવાથી કોઈપણ તેનો સેવક નહીં એમ કહી શકાય નહીં. એમ કોઈ મંત્રીની પેઠે નીકળતો અને કોઈ સિપાઈની પેઠે દૂરનો. પણ સેવક તો ઉભય રાજાનાજ કહેવાય.

તેજ પ્રમાણે ધર્મરૂપી જગતના સાર્વભૈમ રાજા જે પરમેશ્વર તેના સર્વ ધર્મના લોકો સેવકો છે. હા કોઇ પાસેના અને કોઇ દૂરના કોઇ રાજાના મંત્રીની પેઠે પાસેના અને કોઇ રાજાના સિપાઇ જેવા દૂરના ન્યાય અને વૈશેષિક જોઇએ તો પરમેશ્વરને તટસ્થ માને સાંખ્ય, અને યોગ પરમેશ્વરને પુરૂષ કે ઇશ્વર માને ઉભયમીમાંસા પરમેશ્વરને કૂટસ્થ માને ક્રિશ્ચનો ક્રાઇષ્ટ માને મોહમદનો ખુદા માને વૈષ્ણવો વિષ્ણુપણે શૈવો શિવપણે તથાપિ તે બધા પરમેશ્વરના સેવકો છે. જે પરમેશ્વરને દૂર માની એમ કહે છે કે અમે એ પ્રભુના છીએ. તો તેઓના દૂરના સેવકો છે અને વૈશેષિકમતના માનવબાંધવો આ બાંધવો હું તેનો છું હું કોઇ તે જે દૂર છે તે પરમેશ્વરનો છું અર્થાત્ બીજા પરમેશ્વરની પાસે રહી પરમેશ્વરને સ્તવના કરે છે. કે હે પ્રભુ હું તારો છું જે વડે પોતાને અંશ માનનારા થિયોસોફિસ્ટો વગેરે અને ત્રીજા વર્ગના માનવ બાંધવો પરમેશ્વરની સાથે અભેદરૂપે રહી તું તેજ હુંજ છું આમ માનનાર વેદાન્તી અને જૈનો એ સર્વે પરમેશ્વરના સેવકો છે, પરંતુ કોઇપણ ધર્મમાં પરમેશ્વરની પાસે કોણ કહેવાય અને દૂરના સેવકો કોણ કહેવાય તેની થોડી સમજની જરૂર છે.

જૈન જે બહિરાત્માને છોડી અંતરાત્મવાળો હોય જે નિશ્ચય સમ્યકત્વ પ્રાપ્ત કરી પોતાના આત્મામાં પરમાત્મા જોતો હોય તેજ પરમેશ્વરનો મંત્રી કહેવાય અને પાસેનો સેવક ગણાય હવે જેઓ અંતરાત્મ નથી. પરંતુ પોતાની શુભમતિથી પરમેશ્વરને ઓળખી તેમાંજ શ્રધા રાખી દ્રવ્ય સમ્યકત્વ પામે છે એવા શુભવૃતિવાળા જૈન બાંધવો તથા અંતરાત્માને બહિરાત્માને છોડે છે. અને પરમાત્માને ગ્રહણ કરે છે તેમ આ દ્રવ્ય સમ્યકત્વવાન અન્ય દેવલ છોડે છે અને જિનદેવને ગ્રહણ કરે છે આવા દ્રવ્ય સમ્યકત્વ જૈનપણ પરમેશ્વરના સેવકો છે અને કોઇ સેનાધિપતિનું તો કોઇ સૈનિકોનું કામ કરે છે. તથાપિ આપણા મુમુક્ષુ છે. તેમજ ત્રીજો વર્ગ જે રાજાના જેવો હોય છે. તેમ પ્રત્યેક ધર્મમાં દેવની ઓળખાણ નહિ પરંતુ જે પ્રવાહથી—કે જન્મ પ્રાપ્ત થયું તે દેવ એમાં શ્રધા રાખી પ્રવર્તતા જૈનો પણ જો કે ઘણા દૂરના છે તોપણ પ્રભુના સેવકો છે.

વળી જૈનો નિશ્ચય સમ્યક્ત્વવાન્ હોય તે પરમેશ્વરના નજીકના સેવક કહેવાય. સાંખ્ય જડ—ચૈતન્યમાં વિવેક કરનાર વિવેક ખ્યાતિવાળો હોય તે પરમેશ્વરનો નજીકના સેવક કહેવાય. વેદાન્તીઓ જીવનં મુકત થયા હોય તે પરમેશ્વરના નજીકના સેવક કહેવાય ક્રિયશ્ચનો ક્રાઇસ્ટને એટલે પુર્ણ પવિત્ર આત્માને પોતામાં દેખતા હોય તે પરમેશ્વરના નિકટના સેવક કહેવાય વગેરે વગેરે.

જેમ રાજા પાસે સુખ પામવાની ઇચ્છાથી કૂટનું પાસેનું સેવકપણું માણસો ભોગવે છે તેમ ત્રણ લોકના નાથ પરમેશ્વર પાસે પરમ સુખ અથવા અનંત આનંદ ભોગવે છે. જેમ રાજ્ય સેવકો પરરાજયના દુઃખમાંથી છુટવા મુકત થવાની ઇચ્છાવાળા છે. મુમુક્ષુનો અર્થ મોક્ષની ઇચ્છાવાળા બંધન મુકત થવાની ઇચ્છાવાળા કર્મ મુકત થવાની ઇચ્છાવાળા સર્વ મુમુક્ષુઓ છે. અને પરમ મુકત એવા પરમેશ્વરના સેવકો છે.

રાજા પ્રમાણિકપણે, એટલે મન, તન, વચન, અર્પી નોકરી કરતાં પ્રસન્ન થઇ આપણને જમીનમાંથી નીકળતાં કંઈક ધનવડે જમીનમાં ઉગતાં કંઇ ધ્યાનવડે અને જમીન કંઇ કટાથી એટલે થોડી ધરાવડે આપણને સંતોષેછે. અને પોતે આપણી સેવાથી પ્રસન્ન થઇ આપણે જેથી પ્રસન્ન થઈએ તેવું આપે છે. તેજ પ્રમાણે ઇશ્વર આ જમીન, આ જમીનમાંથી નીકળતું ધન અને ધાન્ય સેવક જેવી જેવી તેની સેવા કરી તે તેના પ્રમાણમાં તેને આપે છે. આપણે જેને પુણ્ય કે શુભ માર્ગ કહીએ છીએ, તે પણ ઇચ્છાની સેવા છે. તે સેવાના બદલામાં ઘણાં રત્નો છે ઘણું ધન, પ્રાપ્તિ, ઘણું ધ્યાનો પ્રાપ્તિ આપે છે. તેમજ જેઓ ઇશ્વરની પણ પરમેશ્વરની સેવા બજાવે છે તેઓજ પાસેના સેવકો છે. તો જેઓ ઇશ્વરની પ્રમાણિકપણે નોકરી બજાવતા હોય, એટલે કાંતો આ મન, તન, વચન, પરમેશ્વરના છે. એમ જાણી તેમને અર્પણ કરી ખરા અંતઃકરણ પૂર્વક અવ્યાપક રહી શુભ ક્રિયાજ તેમના પરમેશ્વરની તેઓની સેવા તરીકે જેઓ તે હોય છે. તો તે પણ મુમુક્ષુ સેવક છે પણ દૂરના છે. પરંતુ આત્માજ પરમેશ્વરને પરમાત્માને અર્પણ કરી દેછે. તો પછી મન, તન, વચન, હૃદય, સર્વકાર્થ તેને અર્પણ થવાથી વગર મહેનતે આત્મા આ સહજ સ્વભાવે પરમેશ્વરની સેવા થઇ મુમુક્ષુ સેવક સત્વર મોક્ષ પામે છે.

---

૧ ઇશ્વર એટલે જડ પદાર્થ ઉપર રાજ્ય ભોગવે તે એવો જે પોતાના કર્મે ઇંદ્રથી પણ મોટો અને રજાથી પણ મોટો થાય તે. પરંતુ પરમેશ્વર તો તેજકે ઉપર કહ્યું એવા આત્માનો પણ ઇશ્વર એટલે અવ્યાપકયુક્ત પરમેશ્વર છે.

પ્રથમનો સેવક ઇશ્વરને. શુભ, તન, મન, વચન અર્પણ કરે છે. પહેલાની પ્રવર્ત્તિ ઇશ્વર તરફ દૃષ્ટિ હોવાને લીધે, પુણ્ય જાણી શુભજ થશે અને બીજાની પ્રવર્તિ પરમેશ્વરમાંજ હોવાથી નિર્જરા તરફ ફરી મોક્ષ પામશે. ક્રમે પહેલો માર્ગ પણ–મોક્ષ માર્ગમાં વડાવા રૂપ હોવાથી નિર્જરા માફ લઇ મુમુક્ષુ દૂરના સેવકને પણ નિકટ બીનાપર નજીકનો સેવક નામ માત્રથી ગર્વીષ્ટ જનો પરમાત્માને કરી જાણી શકે ?

**नाम मात्रेणयेद्दप्ता ज्ञानमार्ग विवर्जिताः**
**न पश्यंति परात्मानं तेधूकाईव नास्करं ॥ १३ ॥**

**અનુવાદ—૧૩ મો. જેઓ તે પરમાત્માના નામ માત્રે કરી ગર્વિષ્ટ બની ગયા છે, અને જ્ઞાન માર્ગથી વિમુખ છે તેઓ ધૂવડો જેથી સર્વને જોઇ શકતા નથી તેમ પરમાત્માને જોઇ શકતા નથી.**

**વિવરણ—આજકાલ ઘણાક હિંદુઓ, ઘણાક મુસલમાન, ઘણાક પારસીઓ, ઘણા ક્રિશ્ચયનો ઘણા વૈષ્ણવો ઘણા શૈવો આમ ઘણી માનવ પ્રજા એમ કહે છે. અમે પરમેશ્વરને માનીએ છીએ. આ માનનારા આ ઇશ્વરનેજોયા વિનાજ એવાકાર્યકરીરહ્યાછે. તેમાંનામમાત્ર માં સેવક અભિમાન કરી રહ્યા છે કે, અમે પરમેશ્વરને માનનારા છીએ આસ્તિક છીએ, આવા ગર્વિષ્ટો બરાબર પોતાનું ઉપહાસ્ય કરાવે છે. એક રાજાનો નોકર હોય અને જેની નોકરી કરે છે, તેને જોવાજ ન પામ્યા હોય. છતાં અમે તેના સેવક છીએ એમ કહે છે. કોઇએ કહ્યું કે પરમેશ્વર છે, અને તમે તેના નોકર થાઓ. તો તેઓ બિચારા તેમના નોકર થયા છે, સેવકો બન્યા છે; પરંતુ પોતાના સેવ્ય પરમેશ્વરને જોવાને શક્તિવાન થતા નથી. તેઓને આખું જગત્ પ્રત્યક્ષ લાગે છે. પણ પોતાનો સેવ્ય પરમેશ્વર રાજા શેઠના પ્રત્યક્ષ દર્શન થતાં નથી. તેવા સેવકોને તેવા ગર્વિષ્ટોનું અભિમાન ઉતારવા તેઓ પરમેશ્વરના સાક્ષાત્ કરવાને અભિમાન લીધે અન્ અધિકારી છે, એ યોગ્યે છે. એવું દેખાડવા ઉપાધ્યાયજી કહે છે કે તેઓ જેમ સૂર્ય વિદ્યમાન હોવા છતાં ઝળ ઝળ ઝળ ઝળ પ્રકાશતો છતાં પણ ઘુવડોને દેખાતો નથી. કારણ કે તેમની આંખો સૂર્યના તેજમાંવીંચાઇ જાય છે. તેમ પરમાત્મા નો પરમજ્યોતિ સૂર્યની માફક દિ દશનાનાજ નહિ ગ્રીષ્મ રૂતુમાંજ નહિ. પરંતુ રાત દહાડો બારેઋતુમાંજ અને સર્વ જન્મોમાં તેમજ**

**સદા સર્વકાળ શાંતિ જ્યોતિ ગર્વના અંધારા આવી જવાથી પરમ-જ્યોતિરૂપ પરમાત્માના દર્શન કરી શકતા નથી.**

**પ્રભુદર્શન પ્રત્યક્ષ થવા કેવાં સુગમ છે ?** લોકો આખો દિવસ ઘણું કરી સર્વ વ્યવહારો કરે છે, તે સૂર્યના પ્રકાશવડે થાય છે, એવું કંઇ જાણુતાં છતાં પણ સૂર્યની સામા દ્રષ્ટિ આખા દિવસમાં થોડાજ કરે છે. પરંતુ દ્રષ્ટિ કરનારને ઉગેલો પ્રકાશમાન સૂર્ય ન દેખાય એવું કંઇ નથી. પરંતુ આ સૂર્યનો પણ સૂર્ય એવો પરમાત્મા જે વડે એ આકાશમાનો સૂર્ય અનંત વિશ્વો, આખું જગત્ સર્વ પ્રાણીઓ પ્રકાશબળે જણાઇ રહે છે. આ દેહ આ લાલન વિગેરે સર્વ દશ્ય થઇ રહે છે. તેમાં જોતાં–તે પરમાત્મા જોતાંજ તે દશ્ય થાય છે. તે ચૈતન્ય પોતાના પરમ–વિશુદ્ધ ચૈતન્યની જ્યોતિજ સર્વત્ર શાંતિજ દેખે છે. અને પછી મન. ઇં-દ્રિયવડે જાણવું તે પરોક્ષ લાગે છે. પ્રત્યક્ષ તો પરમાત્મા છે. જગત્ તો પરોક્ષ છે; એજ વિદેહયુક્ત શુદ્ધ સમ્યકતવાન્, અંતરાત્મા નિજાનંદીજ પરમેશ્વરનો નિ-કટનો સેવક હોઇ પ્રભુનેજ ચક્રવાક પેઠે નિહાળીને પ્રભુના ગુણજ્ઞાન; સાદિ અનંત કાળ સુધી, " એક શ્વાસમાં સોવાર " ગાયા કરે છે.

હા, પરંતુ પરમેશ્વરના જ્ઞાનમાર્ગથી વિમુખ, એટલે પરમેશ્વરને નહિ જોનારા કે નહિ ઓળખનારા હોવા છતાં તેની સેવા–જે પરમેશ્વરને પ્રત્યક્ષ દેખી રહ્યા છે, એવા જીવનમુક્ત ગુરૂના કહેવાથી પરમેશ્વરની સેવા કબુલ કરે છે. અને ગર્વિષ્ટ નથી થતા. તેઓ ઇશ્વરની સેવા નહિ કબુલ કરનારા કે પોતે શોધ પણ નહિ કરનારા કરતાં ઘણા સારા છે. તેઓ રાજાને જોવા પામતા નથી પણ આત્માનુભવી એવા ગુરૂ મહાત્માની સેવા પ્રભુ પ્રીત્યર્થ કરે છે. અને આશા રાખે છે કે, ગુરૂકૃપાવડે અમે પ્રભુ ચરણે પહોં-ચશું. અમે ગુરૂપુત્ર છીએ. તો પિતા પોતાનો પૂર્ણ વારસો અમને આપશેજ અ-ર્થાત્ પરમેશ્વર અમને દેખાડશેજ. આ સ્થળે કહેવું જોઇએ. પરમેશ્વર જે કોઇ કાળે અસ્ત ન થાય એવા સૂર્યના સૂર્યરૂપ છે. તેનો સાક્ષાત્કાર કરવો તે સરલમાં સરલ છે. કારણકે સૂર્યને જોવાને આંખ ઊંચી કરવી પડે છે. પરંતુ સર્વત્ર પ્રકાશી રહેલો—આ જ્ઞાનરૂપ સૂર્ય તો આત્મામાં પોતામાં જોતાંજ સર્વત્ર દેખાઇ રહે છે. જુઓ, આત્માજ આ જડ જગત્ના પરમાણુઓને જાણીને તેને ગ્રહણ કરી માટી થયો, પથ્થર થયો, પાણી થયો, અગ્નિ થયો, વાયુ થયો, વનસ્પતિ થયો, કીટ થયો, પતંગ થયો, પક્ષી થયો, મત્સર થયો, પશુ થયો, મનુષ્ય થયો, દેવ થયો, અને ઇંદ્ર પણ થયો. તે અવસ્થાની ઋદ્ધિસિદ્ધિ પણ મેળવી. એ સર્વ કોના પરાક્રમ તે તે શરીર ગત, આત્માનાજ. આપ આત્મા સર્વ શક્તિવાન છો. પશુના રાજા સિંહ,

સિંહને વશ કરનાર માણસ, માણસને નમાવનાર દેવ, અને દેવને પ્રણામ કરાવનાર ઇંદ્ર, વિગેરે થવું એટલે મનુષ્યમાં રાજા થવું, દેવલોકમાં ઇંદ્ર થવું. અને તેના શરીરો ઘડવાં, એ સર્વ આત્માનીજ શુભ ક્રિયા છે. એટલુંજ નહિ પણ સ્વયંપ્રકાશ આત્મા ત્રણ જગતના સર્વ જીવને દર્શનીય દેહમાં યોગ્ય તીર્થંકરરૂપ થાય છે તે પણ આત્મા. આમ આત્મા અનંત સૂર્યથી પણ શ્રેષ્ઠ છે, અને પ્રત્યક્ષ છે. જડ, માયા, અશકત અને પરોક્ષ છે. માટે ચક્રવાકની પેઠે પરમેશ્વર નજ દેખવો, ઇશ્વરને જ્ઞાનમાર્ગથી જેવા છે તેવા જોયા વિના ગર્વ કરવો નહિ, કે અમે ઇશ્વરને માનનારા છીએ. અમે અમારા ગુરૂના વચનમાં શ્રદ્ધા રાખીએ છીએ. કારણકે તેઓને પરમેશ્વર પ્રત્યક્ષ છે, અને અમને એ વચનમાં શ્રદ્ધા છે, આમ ગર્વ રહિત થવું. ચૈતન્યજ પ્રત્યક્ષ છે. જગત પરોક્ષ છે. દેહાદિ જડ પરોક્ષ છે. જુઓ, હું હમણાં બોલું છું. તેમાં કોણ બોલે છે? મોઢું? નહિ એતો જડ છે, પણ હું એટલે ચૈતન્ય જડ એવા મોઢાથી મારા એટલા ચૈતન્યના અંતરગત ભાવ પ્રકાશું છું તો મારૂં એટલે ચૈતન્યનું બોલવું છે. હવે હું જે આ મણીઆ સાથે વાત કરૂં છું. તે શું હું એમના શરીર સાથે વાત કરૂં છું? નહિ, એનું શરીર તો જડ છે, પણ એમના–ચૈતન્ય સાથેજ વાત કરૂં છું, આમ હું ચૈનન્ય; તે મણીઆ ચૈતન્યની સાથે વાત કરીએ છીએ, બોલીએ છીએ, દેખીએ છીએ, માત્ર આંખ સાથે તેમનું જડ શરીર દેખાય છે. પરંતુ ચૈતન્ય તો ચૈતન્યને–પોતા જેવાનેજ દેખે છે; અનેક પ્રકારના વ્યવહાર કરે છે. અત્રે કહેવું જોઇએ કે, જેમ ભગવતીજીમાં લખ્યું છે કે કેવળી ભગવાન્ શરીર વિના પણ અન્ય ચૈતન્ય પ્રત્યક્ષ કરી શકે છે તો આપણે પણ કેવળી થવા પ્રથમ અન્ય ચૈતન્યને શરીર મારફતે અને પછી અન્ય ચૈતન્યને શરીર વિના પણ ચૈતન્ય તરફ દૃષ્ટિ રાખી પ્રથમ પોતામાંજ પાસેમાં પાસે રહેલા પરમાત્માને જોવા કે કેવળી થઇ આપણે પણ વગર શરીરે સર્વ ચૈતન્યો પૂર્ણપણે જોઇ શકીએ.

## શાસ્ત્રમાં કહેલ શ્રમ સફળ કરવા શું કરવું?

श्रमः शास्त्राश्रयः सर्वो यज्ज्ञानेन फलेगृहिः ॥
ध्यातव्योऽयमुपास्योऽयं परमात्मा निरंजनः ॥ १४ ॥

અનુવાદ—જેના જ્ઞાનવડે શાસ્ત્રસંબંધી સકલ શ્રમ ફલપ્રાપ્ત કરે છે, તે નિરંજન પરમાત્માનું ધ્યાન કરવું તેમનીજ ઉપાસના કરવી.

**વિવરણ—વ્યાકરણ, છંદ, કાવ્ય, કાદંબરી, કોષ, કલ્પ,ન્યાયશાસ્ત્ર યોગશાસ્ત્ર, અધ્યાત્મશાસ્ત્ર વગેરેમાં ઘણુજ શ્રમ કર્યો હોય તે સર્વે પ્રકારના શ્રમ ફલવાન ત્યારે થાય છે કે,નિરંજન પરમાત્માનું જ્ઞાન કરવાવડે શરીરમાં શોધ ન કરી, જેટલો જણાય તે તેટલાની સાથે એકતા કરતા જવી, અને જેટલો જણાય, તેટલાની ઉપાસના કરવી, તેનું ધ્યાન પણ ત્યાંજ કરવું.**

જેટલા જેટલા શાસ્ત્રજ્ઞાન તેટલા મિંડા છે. બધા નકામા છે. પરંતુ જેમ મિંડા ઉપર એકડો ચડતા બધા મિંડાની રકમો પણ મૂલ્યવાળી થઇ જાય છે, તેમ આત્મજ્ઞાનવડે અંતરાત્માવડે પરમાત્માનું જ્ઞાન કરાવે તોજ તે કામના છે. એકપર મીંડુ ચડતાં દશ અને દશપર મિંડુ ચડતાં ૧૦૦ થાય તેમજ ૧૦૦૦-૧૦૦૦૦ વિગેરે વિગેરે.તેમજ સર્વ પ્રકારના જ્ઞાન આત્મજ્ઞાન પૂર્વક હોય તોજ તે સફળ કહેવાય. નહિ તો ફલ વિનાના-પુષ્પ વિનાના-ઝાડ જેવા સમજવા. તે કહેવાતા જ્ઞાનો જુઓ, વ્યાકરણ શુદ્ધ શબ્દો શીખ્યા હોઇએ, પરંતુ આત્માનું જ્ઞાન ન હોય તો તે શુદ્ધ શબ્દો પણ ફોનોગ્રાફની પેઠે વગર વિચારે બોલાતા નથી શું ? જુઓ, રઘુવંશ શીખ્યા. પરંતુ જે આત્મા પુણ્ય કરી રામચંદ્ર રૂપે થયાં; તે આત્માનું જ્ઞાન ન હોય તો; તે શું પોપટનું જ્ઞાન નથી શું ? આજ પ્રમાણે ન્યાય વિગેરે સકલ શાસ્ત્રો આત્મજ્ઞાન વિના જીવ વિનાના, સ્પિરિટ વિનાના જડ જેવા છે, ખોખાં છે, માટે આત્મજ્ઞાન હોય; અને પછી વચન શુધ્ધિ કરનાર ઉચરાતાં તે શબ્દો મોતીના જેવા સુશોભિત તેથી થતા ગાન સર્વ પ્રાણી માત્રના મનને હરનાર તેનું દિવ્યગાન તેથી અર્થ; ને સમુદ્ર જેવા ગંભીર તેનો રસ શેરડી જેવો મીઠો વિગેરે જણાશે, માટે તે બધા આત્મા વ્યાકરણાદિ આત્માને અર્થે છે.

અમારૂં તો એમ માનવું છે કે પહેલા રૂપીયા કે પહેલાં તીજોરી? વ્યવહારમાં પહેલા રૂપીયા કમાવાય. અને પછી તીજોરી લેવાય. તેમ પહેલાં આત્મજ્ઞાન પછી સાહિત્યજ્ઞાન તથાપિ એટલું તો ખરૂંજ કે, પહેલાં સાહિત્યજ્ઞાનનાં મિંડા આવડયાં હોય તો એકડો એકડો શિખતાં તે પણ પછવાડે પણ કામે લાગે છે. પણ ત્યાંસુધી એકડો આવડયા સુધી તે નકામાં રહે છે માટે પહેલાં એકડાનું જ્ઞાન આપી પછી મીંડા શીખવાનું કહીએ છીએ.

ત્યારે આત્મજ્ઞાન બાળકને કેમ આપવું? સાત-આઠ દશ વર્ષના છોકરાને આત્મ જ્ઞાન આપવાને અનેક માર્ગો છે. પરંતુ તેમાંથી અત્રે એક બે લખવામાં આવે છે. તારા હાથ પગ કોણ હલાવે છે ? એમ બાળકને પ્રશ્ન કરવો. છોકરો કહેશે કે ?

જીવ. તો છોકરાને શીખવવું કે તું જીવ છો, અને તારાચંદ એ તારા શરીરનું નામ છે. એમ કરતાં કરતાં જે કાંઇ શરીરને થાય છે તે તને નથી થતું. પરંતુ તું તો જાણે છે, જુએ છે, વગેરે વગેરે.[૧] પછી એમ પણ શીખવવું કે જીવનો અર્થ જીવવું જે કોઇ દહાડો મરે નહિ. પણ હમેશાં જીવ્યાજ કરે. ડગલા જેમ નવા નવા પહેરાય, તેમ શરીરરૂપી ડગલા જીવ પેરે છે. પણ જીવતો નાશ પામતો નથી, પણ હમેશાં જીવેજ છે. આમ આટલાં આત્મજ્ઞાનના ઘણાંક પાઠો શીખડાવ્યા પછી આત્માનું બળ–વીર્ય વિગેરે દેખાડવું. અને એમ પણ બતાવવું કે કર્મને તોડી એજ જીવ પોતાના બળ–પરાક્રમે પરમેશ્વરરૂપ–નિરંજનરૂપ થાય છે.

## કેવા પરમાત્માનું શરણ લેવું ?

[૨]नांतरायो न मिथ्यात्वं हास्योरत्यरती चन ॥
नभीर्यस्य जुगुप्सा नो परमात्मा स मे गतिः ॥ १५ ॥

અનુવાદ—જેને અંતરાય નથી, જેને મિથ્યાત્વ નથી, જેને હાસ્ય, રતિ—અરતિ, નથી, જેને ભય નથી, તેમ જેને જુગુપ્સા નથી એવા પરમાત્મા તેજ મારૂં શરણ હો. ૧૫

न शोको यस्य नो कामो नाज्ञानाविरती तथा ॥
नोऽवकाशश्च निद्रायाः, परमात्मा स मे गतिः ॥ १६ ॥

જેને શોક નથી, કામ નથી, અજ્ઞાન તેમજ અવિરતિ નથી, અને જેને નિંદ્રાનો અવકાશજ નથી, તે પરમાત્મા મારૂં શરણ હો. ૧૬

रागद्वेषौ हतौ येन जगत्रयभयंकरौ ॥
स त्राणं परमात्मा मे स्वप्ने वा जागरेऽपिवा ॥ १७ ॥

જેણે ત્રણ જગતને ભય કરનારા એવા રાગ દ્વેષને હણી નાંખ્યા છે, તે પરમાત્મા સ્વપ્નમાં તેમજ જાગૃતિમાં પણ મારૂં શરણ હો. ૧૭

વિવરણ—આ દૃશ્ય દેહ તે હું નહિ અને તે દૃશ્ય દેહને જાણનાર તે હું. આ ઇંદ્રિયો એ વિષયો સાથે વ્યવહાર કરે છે તે ઇંદ્રિયો

---

૧ જુઓ જૈ. માર્ગ પ્રા. પો. ભા. ૧ લો. પાઠ ૧–૨–૩–૪

૨ આ ત્રણે શ્લોકમાં અઢાર દોષો જેનામાં ન હોય તેજ પરમાત્મા એ દેખાડેલ છે માટે એ ત્રણે શ્લોક, તેનો અર્થ અને તેનું વિવરણ લખવામાં આવ્યું છે.

પણ હું નહિ, આ મન, જે વિચાર કરી રહ્યું છે. તે પણ હું નહિ, હું તો મન, વચન, અને ઇંદ્રિયો કાયા વગેરેને અને તેની નાના પ્રકારની ક્રિયાઓને જાણનાર-જોનાર છું. એમ જાણનાર તેજ હું. એમ તથા અંતરાત્મા સ્થિત થશે. કોઇ પણ ક્રિયા પોતે જાણે અને બીલકુલ કરતાં ન હોઇએ. જો પૂર્વે કરેલાં વિચારને લીધે કરેલા કર્મોને લીધે વિચારાદિ થયા કરે, તોપણ તેની સાથે ભળતાં ન જતાં દૃષ્ટા-જ્ઞાતાજ થઇ રહેવું. આ પ્રકારે અંતરાત્મામાં સ્થિતિ થશે. પછી જે કર્મોવડે દેહાદિની ક્રિયા, મનાદિ ક્રિયા, ઇંદ્રિયાદિ ક્રિયા થતી હતી, તે કર્મોને દૂર કરવા નિઃકર્મી પરમાત્માનું શરણ લેવું. જેમ જેમ તેનું શરણ લેવાશે તેમ તેમ તેની નિકટ અવાતું જશે. તેઓ જે માર્ગે ચાલ્યા તે માર્ગે ચલાશે; તેની પેઠે વ્રતો ગ્રહણ કરી નવીન કર્મમાર્ગ બંધ કરી; સ્વપ્નમાં પણ આત્મામાંજ રહેવાશે અને તપાદિકરી કર્મો ખેરવી નાખતાં જે દેહાદિ ક્રિયાઓ કરાતી હશે તેમાં પણ કર્મ જતાં પાપ નાશ પામશે. આત્મા-અંતરાત્મા અલ્પ વીર્ય સ્ફોરવતાં ફોરવવા તો પરમાત્માનું શરણ લઇ પરમાત્મા થશે, માટે પરમાત્માનું સ્વરૂપ રાગદ્વેષાદિમાં નથી; એમ કરી તેવાનું શરણ લઈ તમે પણ તે રાગદ્વેષને દૂર કરશો તો તેવા થશોજ.

**अंतराय** જેણે અંતરાય કર્મનો નાશ કર્યો છે, એવા જેને આપણી પેઠેજ અનંતવીર્ય, અનંત દાન,અનંત લાભ, અનંતભોગ અને અનંત ઉપભોગ રૂપ ગુણો ગુપ્ત હતા. અને અંતરાય કર્મને લીધે તે પ્રગટ થતા નહીં હતાં પરંતુ પોતાનું આત્મસ્વરૂપ જાણી પોતાને અનંતવીર્ય છે તે પોતામાંજ છે એવું જણાતાં એ વીર્ય ફોરવી ફોરવી સમ્પૂર્ણ અંતરાયને દૂર કર્યો. પોતે આમ અંતરાયને જીતી જિન થયા હવે આપણે જૈનો અંતરાયને જીતનારનું શરણ લઇ વીર્ય ફોરવી અંતરાયને દૂર કરવો જોઇએ. જેમ સૂર્યની આસપાસ ઘર-કાળાં-મેઘ-વાદળાં પાણીથી ભરેલાં હોય, પરંતુ સૂર્ય જરા જોશ મારે કે તે કાળા વાદળામાંથી પણ ઝગઝગતો સૂર્ય જરા દેખાય; અને કાળા વાદળા પણ જરા રસ્તો આપે. તેમ ભેદજ્ઞાન રૂપ સમ્યક્ત્વ થતાં હું કોણ? એવો કેસરીસિંહ સરખો નાદ કરતાંજ જણાઇ આવે છે કે જડ હું નહિ, લાલન હું નહિ, અને તે તો નામ કર્મની પ્રકૃતિ છે.હું તો તેનું જ્ઞાનદર્શન છું, પછી સ્વરૂપમાં રહી તપવા માંડે, તો જેમ વાદળાં પીગળી જાય છે, તેમ કર્મોરૂપી વાદળાં પીગળી જઈ સ્વચ્છ સૂર્ય જેવો પડે તે

અંતરાય રહિત થઇ રહે. આજ પ્રમાણે મિથ્યાત્વ જઈ ક્ષાયક સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું. આજ પ્રમાણે જ્ઞાનનું સર્વ આવરણ જવાથી સકલ વસ્તુનું સર્વથા જ્ઞાન થયું, તેથી તેમને આશ્ચર્ય ઉત્પન્ન કરનાર નર હું, તેથી પણ હર્ષ ગયો. શોક પણ ગયો, રતિ પણ ગઇ, અશાંતિ પણ ગઇ; કારણકે એ બધા પરવસ્તુ–પરના રાગાદિથી થતાં હતાં તે જ્ઞાનાદિને અલિંગિત પોતાના ચારિત્ર ભાવે રહેતા. ભયને તેમ પણ તેને ભગાડયો અને નિર્ભય થઇ મરણને પણ તેણે જીત્યું, તો પછી બીજા ભય શા હિસાબમાં ? સકલ સંસારને જીત્યો.

**નન્નીર્યસ્ય**—જેને ભય નથી. લાલનને આશ્ચર્ય લાગે છે. કેટલાક જૈનશાસનમાં હોવા છતાં પણ જિનનું નિર્ભયપણાનું બરોબર આલંબન કરતા નથી તેથી સભય રહે છે; નહિ તો જેમનો પિતા નિર્ભય, તેના પુત્રો–જૈનો સભય હોય ?

વળી જિન એટલે જિતનાર કેને ? કર્મને–રાગદ્વેષને–મોહને. તો જો કર્મથી ભય પામે, કે રાગદ્વેષથી ભય પામે, કે મોહથી ભય પામે, તો તેનો જય શી રીતે થાય? જીતના જિજ્ઞાસુએ તો કર્મને મોહને ભય પમાડી ભગાડવા જોઇએ. પોતે શામાટે ડરવું જોઇ ? પાપથી ડરવું કે પાપને ડરાવવું ?

ખરે આશ્ચર્યની વાત છે કે, પોતે જૈનો હોવા છતાં પણ કર્મથી ડરી જાય છે. પણ કર્મને શ્રી જિનેશ્વરનું શરણુ લઇ ડરાવતા નથી.

સંસારથી પણ ભય પામે છે, એવા જૈનો છે. સંસારનું કારણ કષાય છે. કષાય, ક્રોધ, માન, માયા અને લોભ છે. તે આપણા આત્માના સહજ ગુણ ક્ષમા તે દેખાડતાં ક્રોધ મૂઠીવાળી નાશવા માંડે છે.

તો પછી ક્રોધથી બીવું કે ક્રોધને બીવરાવી નિર્ભય થવું. આજ પ્રમાણે નમ્રતાવડે માનને સરલતાવડે લોભને ભય પમાડી ભગાડી શકાય. એ કષાય ગયા કે સંસાર પણ ગયો અને સંસાર જતાંજ આત્મા નિર્ભય થઇ રહ્યો.–નિજાનંદમાં મહાલતો રહ્યો. વળી તેમને જુગુપ્સા પણ નથી. જુગુપ્સા તિરસ્કાર–દુગંચ્છા પુદ્ગલનો સ્વભાવ–સડણ–પડણ છે. તે જ્ઞાનરૂપ આત્માવડે પોતાના સ્વભાવને જોઇ જાણી આપ દુગંચ્છાનો પણ–પરમાત્માનું શરણુ લઇ જય કરતો ચાલે.

શોક પણ પુદ્ગલના–અવયવો વિગેરેથી થાય. આત્મા તે તો તેના અવયવોનો જાણનાર છે,એમ સમજી શોકને પણ પરમાત્માનું શરણુ લઇ જય કરવો.

બ્રહ્મ એટલે આત્મા, આત્મા એટલે [ અખંડ ] આનંદ તેનો ઉપયોગ કરતો નિજાનંદમાં રહેતો પરવસ્તુરૂપ સ્વાભાવિક સંગ વિના જે બનતો નથી એવા કામને પણ જીતે–કામજિત પરમાત્માનું શરણુ લઈએ તો જય કરે.

## કામજયનો ઉપાય.

પ્રથમ સ્ત્રીમાં જે છે તેજ પરસ્ત્રી કે વેશ્યામાં છે. માટે પરસ્ત્રીનો ત્યાગ કરી સ્વસ્ત્રીમાં રત થવું. અને પર એવી પરસ્ત્રી માત્રના ત્રણ ભાગ પાડવા. પુત્રીઓ, બ્હેન, અને માતા, પુત્રી જેવી, બ્હેન જેવી, કે માતા જેવી એમ નહિ, પણ પુત્રીઓજ, બ્હેનોજ અને માતાઓજ આમ કરવાથી પર એવી સ્ત્રીઓમાં દ્વેષનો ઉદય નહિ થશે. પછી સ્વસ્ત્રીનો ત્યાગ કરવા સ્વ એટલે આત્માના રસના ભોગી થવું. યાદ રાખવું કે સાકરમાં મીઠાસ નથી. પણ પરિણામમાં તેમજ કામમાં રસ નથી પણ આત્મામાં એજ રસ વિષય રૂપ પદાર્થમાંથી નીકળી જતાં તેના વિષભાગ નીકળી જાય છે. અને તેજ રસ ઓરજરસ થઈ અપૂર્વ સુખ આપે છે. આ સ્વસ્ત્રીનો ત્યાગ એ કામભોગ રૂપે ત્યાગ કરવો એટલે સ્વસ્ત્રી ટળી તે પણ બીજી સ્ત્રીઓ સાથે બ્હેન રૂપ લાગશે. આમ શું પરંતુ પરસ્ત્રી એ સ્વસ્ત્રીનો ત્યાગ કરતાં–કામનો ત્યાગ કરતાં સ્પર્શેંદ્રિયનો મોટો ત્યાગ થઇ જાય છે, પરંતુ જેટલી જેટલી પરવસ્તુનો આત્મા ઉપભોગ કરે છે તે બધી વસ્તુઓ પરસ્ત્રી છે.તે જણાતા આત્મામાં રાખી હરી પરવસ્તુમાં જતાં છીનાળવું છે. એમ લાગશે. માટે સકલ પરવસ્તુનો ત્યાગ કરી નિજમાં, સ્વમાં, સ્વસ્ત્રીઓમાં, સ્વચેતનામાં આવવું એટલે બ્રહ્મચર્યમાં રહેવાશે. વળી જેને **અજ્ઞાન** પણ નથી, અજ્ઞાનનો પણ જય કર્યો, કારણુ આત્માનો મૂળ સ્વભાવ જ્ઞાન " જ્ઞાન તેહીજ આત્મા " એમ ઉપાધ્યાય મહારાજજી નવ ષ્વજની પૂજામાં કહે છે. પરંતુ પરવસ્તુના સંગથી વિભાવિક દશામાં અજ્ઞાન, મોહ લેખાય છે. માટે હું તો જ્ઞાન છું કારણુ ચેતન છું. અજ્ઞાન એ પુદ્ગળનો સ્વભાવ છે. તેમાંથી મૂર્ચ્છા,મોહ, જતાંજ જ્ઞાન પ્રગટ થવા લાગશે. અજ્ઞાન રૂપ અંધાર જ્ઞાન રૂપી દીવો પ્રગટ થતાં પ્રલાયન થવા લાગશે. માટે પ્રભુનું શરણુ લઇ પોતે પણ સર્વજ્ઞ થવું. કારણુ પ્રભુ સર્વજ્ઞ છે. તેના પુત્રોએ પણ સર્વજ્ઞ થવું જોઇએ. એજ પિતા પુત્રની શોભા છે.

આ પ્રમાણે અવિરતિ જઈ વિરતિ નિદ્રા જય ઉજાગર દશાવાળા પરમાત્માનું શરણુ લેવું. કારણકે નિદ્રા એ અજ્ઞાન છે, દર્શનાવરણુ છે, અને ઉજાગર દશા એજ આત્માનો સ્વભાવ છે. તો ઉજાગર દશાવાળા પ્રભુનું શરણુ લઇ, દર્શનીય ઉજાગર દશા પ્રાપ્ત કરવી. **રાગદ્વેષૌ હતૌ યેન**—જેણે રાગદ્વેષ હણ્યા છે,

એવા પરમાત્માનું મારે શરણું હો ? કારણકે રાગ અને દ્વેષ એ બંને દુ-ર્ગુણો છે, દોષો છે, એમનેજ આખા જગતમાં ત્રાસ ત્રાસ વર્ત્તાવી દીધો છે. કોઇને ખરૂં સુખ આત્મિક સુખનો આસ્વાદ લેવા દેતા નથી. કારણકે જો જરા પણ આત્મિક સુખનો આસ્વાદ લીધો કે રાગ દ્વેષને ભાગવું પડે છે. રાગ દ્વેષ આંતર શત્રુઓ છે, માટે તેમને હણવામાં યુક્તિ જોઇએ. પ્રથમ તો તેમનું સ્વરૂપ જાણવું જોઇએ. રાગ પરવસ્તુ ઉપર થાય છે. સંસાર માત્રમાં જેટલું જેટલું પર છે ત્યાંજ રાગ હોય છે. દ્વેષ પણ પરવસ્તુ ઉપર થાય છે, જીવ ઉપર થાય છે. જીવો પર પણ થતો રાગ પણતેના પુદ્ગળોમાં,શરીરોમાં,રૂપ, રંગ, વગેરે જોઇને થાય છે અને દ્વેષ તેથી ઉલટું જોઇને થાય છે. જેના પર રાગ થયો હોય એવી સ્ત્રી ધન પુત્રને જોઇ વિચાર કરવો કે, એ જેને હું મિત્રો કહું છું, તેને જોતાં અંદર શું થાય છે. એ મારા કહેવાતા મિત્રોને કંઇ થતાં એટલે દુઃખ થતાં હું પણ દુઃખી થઇ જાઉં છું અને સુખે સુખી થઇ જતો જણાઉં એ શું ? આમ વિચાર કરતાં પોતાની અંતરમાં રહેલી એક પ્રકારની લાગણી જણાશે એ લાગણી એ રાગ રૂપ લાગણી–રાક્ષસીને પણ હણવાની છે.

જે રાગ પોતાના મિત્રને દુઃખી જોઇ દુઃખી રહે છે અને સુખી જોઇ સુખી રહે છે, તેમ દ્વેષ પોતાના શત્રુને દુઃખી જોઇ સુખી અને સુખી જોઇ આપણને દુઃખી બનાવી દે છે. આમ પોતાથી પર એવા શત્રુ મિત્ર પર થતી લાગણીને લીધે માણસ સંસાર સમુદ્રમાં ભટકી રહ્યો છે. કોઇ કહેશે કે રાગ આત્મા સાથે થાય છે. અને દ્વેષ પણ આત્મા સાથે થાય છે, તો તે કહેવું સર્વથા વાસ્તવિક નથી. જો તેમ હોય તો આત્મા તો દેખાતો નથી. જીવ તો કોઇ દહાડો મરતો પણ નથી. અને મિત્રના મરણથી લોકો રડે કાં અને શત્રુના મરણથી હસે કાં,કોઇ એમ કહેશે કે દેહ યુક્ત જીવ પર આપણને રાગ દ્વેષ થાય છે. તો આ કહેવું કાંઇક વાસ્તવિક છે. પરંતુ તે પણ સર્વથા નહિ, ઘણે ભાગે નહિ, કારણકે જેનું દેહ મરણ થાય છે. તે ગયા પછી મિત્રને પણ ઘણેક દહાડે તમે ભૂલી જાઓ છો તેમ તે શત્રુને પણ ઘણેક કાળે ભૂલી જાઓ છો. શત્રુ મિત્રના દેહ છૂટયાં પછી પ્રતિક્ષણે સંસારમાં એક ઉપર વિશેષ દ્વેષ અને બીજા પર રાગ થતો હતો તેમાં પણ કંઇ વૃદ્ધિ થતી નથી જણાતી અને જેમ જેમ દિવસ જતા જાય છે તેમ તેમ વિસ્મૃતિના અંધકારમાં તેઓ કયાંએ ચાલ્યા જાય છે.

પરભવે પણ કેટલાકોને તો શરીર બદલાયા છતાં મિત્ર શત્રુને જોતાં કંઇ રાગ કે દ્વેષ થઇ આવે છે. એ ઉપરથી જણાશે કે એ લાગણી કેટલાકને તો જન્માંતરો થઇ જાય તો પણ જતી નથી. ઘણા કાળને લઇને સ્વભાવિક લાગણી જાગૃત થતાં ન ગમે તેવું શરીર બદલાઇ ગયું હોય તો પણ તેના ઉપર આપણામાં સહજ

લાગણી થઇ આવે છે, રાગદ્વેષ પણ થાય છે. ઘણાકના જાણવામાં હશે કે કેટલાએક મનુષ્યો કે જેઓનો આ ભવમાં આપણે કોઇ દિવસે સમાગમ પણ ન થયો હોય તેવા માણસો ઉપર પણ આપણને રાગદ્વેષ થઇ આવે છે, અર્થાત્ કેટલાકને જોવાનું ગમે છે ને કેટલાકને નહિં. કેટલાકની સાથે વાતચિત કરવાનું આપણને મન થાય છે અને કેટલાએકની સાથે બીલકુલ નહિ. આના કારણો જન્માંતરોનાં ગુપ્ત ભંડારમાં છે, પરંતુ તે કારણોના કાર્યો આપણે આ ભવમાં થતા રાગદ્વેષથી જાણી શકીએ છીએ.

વિભાવિક વસ્તુઓને જેમ નાશ સંભવે છે, તેમ રાગદ્વેપ પણ અનાદિ હોવા છતાં વિભાવિક હોવાથી નાશ પામે છે. શબ્દાદિ પાંચ વિષયો અને સાંસારિક વ્યકિતઓ, જેના પર રાગદ્વેષની વૃત્તિઓ થાય છે તેવા વિષયોથી અને વ્યકિતઓથી જો ઘણો કાળ દૂર રહેવામાં આવે તો તે વૃત્તિઓ નિમિત્ત વિના સુકાઇ કરમાઇને મરી જાય છે. જેમ એક, મનુષ્યને ઓસામણ પીવાનો રાગ હોય અને એ ઓસામણ પીવાથી ઘણોજ કાળ દૂર રહે, તો ઓસામણ પીવાની તે રાગવૃત્તિ સુકાઇ જાય આજ પ્રમાણે દ્વેષની વૃત્તિ પણ નિમિત્ત ન મળવાથી સુકાઇ જાય છે.

આ ઉપરથી સમજાશે કે રાગદ્વેષ આત્માના વિભાવિક ગુણો હોવાથી નાશ પામે છે. સ્વભાવિક હોય તો તેમ બને નહિ.

રાગદ્વેપને જીતવાની એક બીજી યુક્તિ પણ કામે લગાડી શકાય એ યુક્તિમાં રાગ અને દ્વેષને છેતરવાની કળા છે.

જેને જેના ઉપર રાગ થતો હોય તેજ રાગ તેનાથી ઉત્તમ વસ્તુપર કે તેનાથી ઉત્તમ ગુણો પર કરાવતા જવું.

જેને દ્વેપ થતો હોય તેને તેનાથી અધમ વસ્તુપર કે અધમ દોષોપર દ્વેપ કરાવતા જવું અંતે પરવસ્તુ જે અશાશ્વત છે, તેના પરનો રાગ ખેંચાવી લઇ સ્વવસ્તુપર લઇ જવો, સ્વગુણો જે શાશ્વત છે તેના પર રાગ કરવો. આથી પ્રશસ્ત રાગનો વધારો અને અપ્રશસ્ત દ્વેપનો ઘડાડો થશે. રાગ અત્યંત સુજનોમાં અને દ્વેપ અત્યંત દુર્જનોપર રહેશે, પછી વિચારવું કે દુર્જન બિચારો શું કરે ? જડકર્મના દોષથી અશુભ આચરે છે માટે દ્વેષી જનને કહેવું કે તારે જેટલો દ્વેપ કરવો હોય તેટલો બધો એ કર્મ ઉપર ઠેલવને ? ત્યાર પછી એમની પાસે વિચાર કરાવવો કે માણસ સારૂં કે નઠારૂં શુભ–અશુભ કર્મને લીધે કરે છે માટે

રાગદ્વેષની કોઇ જગા હોય તો તે કર્મ છે, નહિ કે માણસ; માટે તારે માણસ ઉપર રાગદ્વેષ કરવો નહિ ત્યાં તો સમભાવે રહેવું.

આ યુક્તિથી સકળ જીવોમાંથી રાગદ્વેષ નીકળી પોતાના શુભ કર્મોને સંયમ જોતાં રાગ એટલો બધો થઇ જશે કે વખતે તમે તીર્થંકર નામકર્મ બાંધશો અને અશુભ જડ કર્મોરૂપ દ્વેષ એટલો થશે કે તમને તે જોવા પણ ન ગમે એવો હોવાથી તેને ક્ષયરોગ લાગુ પડી તે ભાગી જશે.

હવે શુભકર્મનો પણ ભોગ થતાં તે ખપી જાય છે, એટલે તે સુખ પણ ખુટી જાય છે માટે કોઇ એવું સુખ શોધવું કે જે ખુટે નહિ. આમ થતાંજ સૂર્યપ્રકાશ કે જ્યાં નિરંતર દહાડો છે રાત્રિ નથી એવા સુખવાળું સ્થળ એટલે એકાન્ત સુખસ્થાન, એકાન્ત આનંદ સ્થાન એવો શુદ્ધ આત્મા તેમાં રાગ થશે અને જ્યારે પોતાના શુદ્ધ આત્મામાં રાગ થયો કે કર્મો પલાયન થવાનાજ.

માટે ટુંકામાં એટલું તો સ્મરણ રાખવું કે શુદ્ધાત્મસ્વરૂપમાં રાગ એ અંતે સકળ જીવોપર સમાન એટલે સકળ વસ્તુપર સમભાવે હોયછે. ખરૂં પુછો તો એ રાગ બીજા જીવોમાં પણ તેવાજ સ્વરૂપે સમભાવે હોય છે.

બુદ્ધ મહારાજની દયા **એશિયાખંડના પ્રકાશ** નામના પુસ્તકમાં તેમજ તેમના સૂત્રોમાં અસીમ માલૂમ પડશે. જ્યારે બુદ્ધ મહારાજને નિર્વાણ પ્રાપ્ત થાય છે, ત્યારે તે નિર્વાણનો ત્યાગ કરી સકળ જંતુનું દુઃખ દૂર ન થાય ત્યાંસુધી વારંવાર જન્મવાનું પણ લેય છે એટલુંજ નહિ પણ એ સર્વના દુઃખો હું ભોગવું, મારા બંધુ એટલે સકળ જીવો નહિ, આ ભાવના જો કે ઘણી ઉંચી છે, પણ સર્વ જીવોમાં એક જીવ ઓછો રહી જાય છે અને તે તે પોતે. આમ પોતાને લેતાં કોઇનું કલ્યાણ રહી જતું હોય—કોઇને માટે ઓછું લક્ષ અપાતું હોય તો ભલે પોતાને માટે કદાચ થોડા બેદરકાર રેહેવાય, પરંતુ પોતા સુદ્ધાં જ્યારે સર્વપર સમદૃષ્ટિ ભજો છો ત્યારે કોઇ એવું વીર્ય સ્ફુરે છે કે જ્યાં જેટલી જરૂર હોય, તેટલું કલ્યાણ કરવા છતાં પણ તે અનંતનું અનંતજ રહે છે.

આ ઉપરથી એમ લાગે છે કે, સ્વદયાથી જો શરૂઆત કરી હોય, અને જેવી સ્વદયા તેવી અને તેટલીજ સર્વ જીવોપર દયા; એમ કરવાથી કોઇ વખતે વિક્ષેપ આવતો નથી. એટલા માટે જૈની વિચાર સ્વદયાના પક્ષ ધોરણે એવી ભાવના કરે છે કે '**સવ્વી જીવ કરૂં સાશન રસી**' આમ ભાવના થતાં પોતે તીર્થંકર થાય અને બુદ્ધ મહારાજ પણ. પર ઉપર અસીમ દયા કરતાં કરતાં પોતા-

પર દયાળુ થશે, અને તે દયાપૂર્વક પછી સર્વ જીવોપર દયા કરશે તો તે જીવ પણ કેવળી થાય એમાં આશ્ચર્ય નથી.

જે જીવો પ્રથમ પરદયાથી શરૂ કરી, છેલે સ્વદયાપર આવે છે તેઓ ખોટા છે એમ કહેવાનો હેતુ નથી. કારણકે સમુદ્રમાંથી વરાળરૂપે ચડેલું પાણી આકાશમાં વાદળાં થઇ, પર્વતપર વર્સી ત્યાંથી નદી રૂપે પ્રવહી અંતે નિજસ્થાન એટલે સમુદ્રમાં આવશે.

હવે જિન શાસનની ખુબી એ છે કે પેહેલા સ્વદયા અને પછી પરદયા. પેહેલા જમણો કાન અને પછી ડાબો.

અત્રે કહેવું પડે છે કે પ્રથમ પરદયા કરનાર દયાને પોતાના અંતરમાં યથાર્થ ઓળખ્યા વિના પોતાને ભુલી જાય છે, તેમ સ્વદયા કરનારા પણ કેટલાએક પરને ભુલી આપમતલબીયા બની જાય છે. પરંતુ સ્વદયા કરતાં પરને હાનિ બીલકુલ ન થાય તોજ તે ખરી સ્વદયા છે તેમજ પરદયા કરતાં સ્વને બીલકુલ હાનિ ન થાય, પરંતુ આનંદ રહે તોજ તે ખરી પરદયા છે.

ધ્યાનમાં ચડતાં દયા સ્વપરને ભુલાવી, ધ્યાનીને દયારૂપ જ્યારે બનાવે છે, ત્યારે સ્વપરનાં વિચાર વિના જયાં દુઃખ હોય છે ત્યાં દયા આવી દુઃખીને શાંતિ આપે છે; પછી તે સ્વને હો કે પરને

### આમ રાગ દ્વેષનો જય સરલ લાગે છે.

પરંતુ ઉપર કહેવામાં આવ્યું કે જિનશાસન મહા પુણ્યયોગે પ્રાપ્ત થયું તો અને તેમાં પ્રથમ સ્વદયા કરવાનું સાંભળ્યું એ પણ ઠીક પરંતુ જયાંસુધી સ્વદયા કરતા ન આવડે ત્યાંસુધી સ્વદયા બોલવા રૂપ છે કારણકે સ્વદયામાંજ પરદયા સમાઇ જાય છે એમ શાસ્ત્ર કહે છે. શ્રી વીરભગવાન પોતાને શ્રી મુખે કહે છે કે જયાં સ્વદયા છે ત્યાં પરદયા આવી જાય છે. અને તેને આપણી વિચાર દૃષ્ટિએ જોતાં આપણને પોતાની મતિ પ્રમાણે પણ યોગ્ય જણાય છે. માટે સ્વદયાનું અભિમાન રાખી પરને નિંદવા નહિ. પણ પરની પણ દયાજ કરવી અને ન થાય તો મધ્યસ્થ રહેવું.

જુઓ કેટલાક આપણાં પવિત્ર થતાં જૈનો-શ્રાવક જૈનો માત્ર કેટલીક વનસ્પતિનો ત્યાગ કરી, રાત્રિ ભોજનનો ત્યાગ કરી, પોતાના આત્માને પાપ કરતો બચાવે છે. પરંતુ તેમ કરતાં તે વનસ્પતિના જીવો અને રાત્રિ ભોજનમાં મરતાં ત્રસ જીવો પણ બચી જાય છે. આમ સ્વદયા સાથે પરદયા પણ જેટલે જેટલે અંશે

સ્વદયા આવી હોય તો તે તેટલે અંશે પરદયા થયા કરે છે. પરંતુ આમ સ્વદયા શીખનાર મારો જૈન બાંધવ કે બ્હેન બીજા અન્ય દર્શનીય જેઓ રાત્રિ ભોજન કરે છે, જેઓ વનસ્પતિ ખાય છે, તેઓની નિંદા કરે છે તેમ થવું જોઇએ નહિ. આ વખતે જોવું કે તેવું સ્થૂલ સત્ય કેટલું પાળે છે, અચોરીમાં કેટલે ચડ્યા છે, બ્રહ્મચર્ય કેટલું સાચવે છે, એ જોઇ તેમને પણ તેટલે અંશે જૈન સમજી તેઓના ગુણનું અનુમોદન કરી પોતે તેમના જેવા થઇ આપણા દયાના ગુણના રસિક જેઓને કરવા તેમાં લાભ છે. માટે દ્વેષનો તો સર્વથા ત્યાગ થવો જોઇએ કારણકે સ્વદયા પણ ત્યારે પૂર્ણ થઇ કહેવાય કે સત્ય બોલાય, ચોરી ન કરાય, બ્રહ્મચર્ય પળાય અને પરવસ્તુનું મમત્વ ત્યજાય.

સ્વદયાવાળાએ આ વાત ભુલવી જોઇએ નહિ કે અસત્યના બાણથી વીંધવાને બદલે વાણી સત્યના મુક્તા ફળોથી વધાવે, ચોરી સટ્ટો ભેળસેળ વગેરેનો કાદવ જઈ પ્રમાણિકપણાના સ્વચ્છ જળે નવાય, વિષય વાસનાનું વિષ તજી, બ્રહ્મચર્ય કે આત્મ રમણતાજના આનંદમાં મ્હાલાય. તેમજ લોભની ખીણમાં પછડાયા વિના સંતોષના શિખરે ચડાય, ત્યારેજ શુદ્ધ સ્વદયાવાળા ગણાઇએ. માટે જૈન હોય કે બૌધ હોય. શ્વેતાંબર હોય કે આશાંબર હોય, પણ દ્વેષ કરવા યોગ્ય કોઇ નથી.

સ્વપ્નામાં કે જાગૃતમાં જ્યારે સર્વ ઉપર સમભાવ રહે, ત્યારેજ કલ્યાણકારક સિદ્ધિ છે.

વળી રાગદ્વેષ જેને નથી એવાના ચરણનું શરણ લેતાં જેમ ચમરેન્દ્ર. શક્રેન્દ્રના ભયથી બચ્યો, તેમ જૈનબાળકો પણ જિનનું શરણ લેતાં રાગદ્વેષથી બચે. ગમે એટલાં બકરાં જંગલમાં હોય, પરંતુ સિંહના નાદથી નાશી જાય, તેજ પ્રમાણે ગમે તેવા રાગદ્વેષ હોય તે પુરૂષ સિંહ એવા જિનના સ્મરણથી નાશ પામે.

આમ રાગદ્વેષ ગયા પછી શું કરવું તે શ્રી ઉપાધ્યાયજી મહારાજ હવે કહે છે—

## આપણને પરમાત્માનું રૂપ સિદ્ધ કેવી રીતે થાય છે ?

उपाधिजनिता जावा ये ये जन्मजरादिकाः ।
तेषां तेषां निषेधेन सिद्धं रूपं परात्मनः ॥ १७ ॥

અનુવાદ—જન્મ-જરા-મરણુ-વગેરે જે જે આત્માને ( વળગ્યાં ) છે. તે સર્વ ઉપાધિએ ઉત્પન્ન કરેલા પદાર્થો ( રોગો ) છે માટે તેનો નિષેધ કરવાથી પરમાત્માનું રૂપ સિદ્ધ થાય છે.

વિવરણુ—સર્વ રાગ દ્વેષને વીર્ય સ્ફોરવી સ્ફોરવી સર્વ સમભાવે કે મૈત્રીએ તેનો જય કર્યા પછી આ જન્મ-જરા-અને મરણુ વગેરેનો નિષેધ કરવો.

જ્યાં દેહ એ હું છું એવું ભાન ચેતનમાં હોય છે, ત્યાંસુધી દેહના જન્મનો યોગ્ય પરમાણુનો ઉપચય થઇ જાય છે. માટે દેહ એ હું નહિ, હું તો આત્મા એમ સ્થિતિ કરતાં દેહ ભાવ પ્રથમ છૂટી જાય છે. અને જે દેહ છે, તે આત્માને ઉપાધિરૂપ છે. એમ સમજવાથી તેના પર રાગ ગયાથી કર્મ ભોગવાઇ જઈ પરમાત્મ સ્વરૂપ પમાય છે. દેહ એ આત્માને ઉપાધિ છે અને દેહને જન્મ-જરા-મરણુ-રોગ-વ્યાધિ આદિ ઉપાધિ છે. માટે ઉપાધિનો નિષેધ થતાં જન્મ જરા અને મરણાદિ રોગોનો પણુ નિષેધ થઈ આત્મ સ્વરૂપ પોતાના નિજ સ્થિતિમાં સિદ્ધ થઈ બિરાજે છે.

ખરેખર આવો અનંત જ્ઞાન એજ આત્મા, અનંત દર્શન એજ. એમ આત્મ અને આનંદ એજ આત્મા અનંત વીર્ય એજ આત્મા હોવા છતાં આ દેહની ઉપાધિવડેજ અત્યાર સુધી હું ભૂલી દેહ થઈ ગયો. કે આવા જ્ઞાનરૂપ આત્માને પણુ જન્મ જરા મરણુ છે. એમ સમજાઇ ગયું માટે બાંધવો-વીર પુત્રો યાદ રાખજો કે ઉપાધિને નિવૃત્ત કરતાં તેના દોષો પણુ નિવૃત્ત થઇ જાય છે. રાજાનો જય થતાંજ તેના સિપાઇઓનો પણુ તેના ખુસામતીઓનો પણુ નાશ થાય છે. સર્વ સંસારનું મૂળ રાગદ્વેષ અને રાગદ્વેષ બનેને શાંત કરી ઠારીજ દેવાનો ઉપાય સમભાવ. આમ થયા પછી સર્વ જીવોમાં સમભાવ હતો. એટલે સર્વ દેહો સહિત સમભાવ હતો. તે આપેલ દેહમાંથી સમભાવ મૈત્રી—ઉપાડી બાકી રહેલા જીવ એટલે આત્મામાં આવવું એટલે કે, અમે બધા આત્મા છીયે. દેહો નહિ આમ થતાં પ્રથમ દેહભાવ અને પછી દેહ પણુ મરી જઇ નિરૂપાધિક થતાં પરમાત્મ રૂપ શુદ્ધ થાય છે. અંતરાત્મા આમ પોતામાંજ પરમાત્મત્વ સાધી બળરૂપ થઇ રહે છે. અહો એક દેહભાવ જતાં જે આત્મભાવ જ્ઞાન ભાવ પ્રગટયો જે આનંદ સાગર સાંપડયો. તેનું સ્વરૂપ આપણે તો શું પણુ પૂર્ણ જેને રાગદ્વેષ ગયા છે, એવા તીર્થંકર મહારાજ પણુ વર્ણવી શકતા નથી. માત્ર એમ કહે છે.

સિધ્ધ આવા નથી. ત્યારે કેવા છે. તે તમે બધા અનુમાન કરો તો એટલા માટે આગલા શ્લોકમાં ઉપાધ્યાયજી મહારાજ પરમાત્માનું સ્વરૂપ અવર્ણનીય છે. તો અવર્ણનીય એજ એનું સ્વરૂપ સમજી કહે છે કે—

## સિદ્ધનું ખરૂં સ્વરૂપ કહી શકાય છે?

**अतद्व्यावृत्तितोऽभिन्नं सिद्धान्ताः कथयंति तं ।**
**वस्तुतस्तुनिर्वाच्यं तस्य रूपंकथंचन ॥१९॥**

અનુવાદ—સિદ્ધાંતો પણ આવું નહિ એવા નિષેધવડે તે પરમાત્માનું સ્વરૂપ કહે છે. પરંતુ ખરૂં જોતાં તો સ્વરૂપ કોઈ પણ રીતે કહી શકાતું નથી.

વિવરણ—એક વેળા એક દેડકો અને કાચબો બન્ને એક કૂવામાં વસતા હતા, ભોગ જોગે કાચબો કૂવા બહાર આવ્યો. અને બહાર એને સમુદ્ર જોવામાં આવ્યો. ઘણો ખુશી થયો કે આપણ બિચારા દેડકાને કુવામાં જઇ કહું છું. કારણકે, કૂવામાં ઘણું અંધારૂં છે. જળ પણ હવે થોડું રહ્યું છે, કાદવ પણ બહુ ભરેલો છે. અને દુકાળ પડયો તો લોકો જરા પણ જળ રહેવા દેશે નહીં. માટે આપણે કોઈ પણ યુક્તિથી કૂવામાંથી નીકળીએ તો અગાધ—અસીમ—અખુટ સમુદ્રને પામી શાશ્વત શાન્તિમાં સુખમાં પ્રકાશમાં રહીએ. દેડકાએ આ વાત સાંભળી કૂવામાં પોતે જયાં હતો ત્યાંથી ઠેકડો મારી એક ફુટને તફાવતે આવ્યો. અને કહ્યું કે તમારો સમુદ્ર આવડો છે કેવડો છે? એમ હવે કાચબો પોતાના પગ પોળા કરીને પણ કેમ બતાવી શકે? માટે કહે છે કે, એથી મોટો એવડો નહિ ત્યારે બે ફુટ કુવામાં દેડકો કૂધો, ત્યારે પણ કાચબાએ ના પાડી ત્યારે તે ત્રણ ફુટ કૂદયો, ત્યારે પણ ના પાડી ત્યારે તો દેડકો કૂવાની અંદર પાણીમાં એક બાજુથી બીજી બાજુ સુધી સિધો કૂદયો. અને તે બાજુથી આ બાજુએ એમ બધી તરફથી અંદરને અંદર આખા કૂવાની અંદરની લંબાઈ પહોળાઇ કૂદી વળ્યો. તો પણ કાચબાએ ના પાડી કે સમુદ્ર એવડો નથી.

આજ પ્રમાણે જેને સિધ્ધરૂપ રૂપ મહા સમુદ્ર જોયો છે, તે અનંત જ્ઞાન દર્શન સુખ-જે મને સાક્ષાત્કાર થયો છે-અનુભવ થયો છે, એવા કેવળી ભગવાને પણ

પોતાના સિધ્ધાંતોમાં સિદ્ધનું સ્વરૂપ સંસારરૂપી કૂવામાં રહેલા આપણાં જેવા દેડકાને કૂવાની લંબાઇ પહોળાઇથી પણ બતાવી શકતા નથી. કારણ કૂવાની લંબાઇ પહોળાઇ કે ઉંડાઇના જળનો અંત આવે છે. પરંતુ આ સમુદ્રનો અંત નથી. માટે કૂવાના દેડકા જેવા આપણે સંસારી જીવોમાં એવું એક જ્ઞાન નથી. એવું એક સુખ નથી. એવું એક પરાક્રમ નથી. એવી એક શાંતિ નથી કે સંસાર રૂપ કૂવામાંથી પોતાની ઇંદ્રિયોને સંકોચી અસારરૂપ કૂવાની ઉપર ગએલા અને સિદ્ધના સ્વરૂપનો અનુભવ કરી આપણે ઉપદેશ આપનાર કરૂણા કરનાર કેવળીઓ એકાએક પણ વસ્તુ એવી જોઇ શકતા નથી. કે તેના ઉપાયોથી અપાર સિદ્ધ સ્થિતિ દેખાડી શકાય, માટે સંસારમાં મળતા જ્ઞાનનું સંપૂર્ણ વરણ કરી છેવટે કહે કે એવું નહિ, ઇંદ્રિયાદિનાં સર્વ સુખને દેખાડી કહેવું એવું પણ નહિ મહાત્મા જનોના જ્ઞાનને પણ દેખાડી કહે કે એવું પણ નહીં, આમ વિશેષ કરી સર્વરૂપે કેવળી પોતે તો સિદ્ધ સ્વરૂપને યથાર્થ દેખી રહ્યા છે. પણ આપણને બતાવી શકે નહીં. માટે આવું નહિ, એવું નહિ. એમ નિષેધતા પરમાત્માનું સ્વરૂપ કહે છે. ખરેખરૂં કહી શકાતું નથી, માટે તેનો બીજો કોઇ ઉપાય નથી. પરંતુ સંસારરૂપી કૂવામાંથી જો બને તો કાચબાના કોઇ પગને શરણે જવું. એટલે તેને વળગી પડવું. એટલે તેમની પાસે નીકળવાની યુક્તિ છે. તે સાથે આપણે પણ સંસારકૂવાના ખાબોચીઆમાંથી નીકળી આપણે સમુદ્રરૂપ સિદ્ધતાને પામીએ.

વળી કૂવામાં ને કૂવામાં એટલે સંસારમાં ને સંસારમાં આપણે કૂદવાથી કૂવાની બહાર આવેલા સમુદ્રના દર્શન પણ ન થાય તો પછી તેમની પ્રાપ્તિની તો વાતજ શી.માટે કૂવાની ઉંચે ચડવાથી લાભ છે.નીચે જાઓ તો ત્યાં પણ અસીમ પાણી ઉંચે જાઓ તોપણ અસીમ પાણી, સંસારકૂવામાં કદાચ નીચે એટલે તિર્યંચમાં જાઓ, પહોળાઇએ એટલે માણસમાં રહો. અને લાંબે એટલે દેવતામાં પહોંચો, તો પણ અસીમ હોવાથી કંઇ અગાધ સમુદ્ર જેવાને સિદ્ધના જ્ઞાન દર્શન વીર્ય કે આનંદને પમાય નહિ. ઉંચે જુઓ એટલે કાચબાના વચનમાં જેમ દેડકે શ્રદ્ધા રાખવી જોઇએ. તેમ કેવળ પ્રભુના વચનમાં શ્રદ્ધા રાખવી જોઇએ. અને પછી તેઓ કહે કે તું દેહ નથી. પણ દેહથી ભિન્ન એવો છે; દેહ તો શાન્ત છે માટે દેહની સાથે એકતા કરવાના પરાભવને છોડવાને સારી પેઠે વ્રત રૂપ દોરડું પકડયું, એટલે પરભાવરૂપ ભારરૂપે તારાથી જેમ જેમ ઓછો થશે, તેમ તેમ વ્રત રૂપ તપ દોરડાથી બહાર આવતો જઇશ. આમ પ્રભુની શરણમાં રહી આત્મ સ્વરૂપ રૂપ દોરડું પકડીએ અને વ્રતરૂપ દોરડાની ગાંઠ કે ગુણ સ્થાને ચડીએ તોજ

સિદ્ધરૂપ અગાધ સમુદ્ર માત્ર દેખીએ, એટલું નહિ—પણ તેને પ્રાપ્ત પણ થઇ અનંત અનંત જ્ઞાનાદિ અખુટ સમુદ્ર પામીએ.

## સિદ્ધ સ્વરૂપ મુખે શામાટે કહી શકાતું નથી.[1]

**जानन्नपि यथा म्लेच्छो नशक्नोति पुरी गुणान् ।**
**प्रवक्तुमुपमाऽभावात्तथा सिद्धसुखं जनः ॥ २० ॥**

**અનુવાદ**—જેમ મ્લેચ્છ (પોતાના ગામમાં) કઉપમાનના અ-ભાવથી જાણતાં છતાં પણ નગરીના ગુણો વર્ણવી શકતો નથી. તેમ સિદ્ધનું સુખ મનુષ્ય વર્ણવી શકતો નથી.

**વિવરણ**—કોઇ વેળા એક ભિલ્લને એક નગરીમાં લઈ ગયા, ત્યાં તેને પુરીની શોભા જોઇ પછી તે કેટલાક વખત પછી પાછો જંગલમાં આવ્યો. અને લોકને કહેવા લાગ્યો,પણ કહી શકે નહિ, કારણકે જેવું એને શહેરમાં જોયું તેવું જંગલમાં કાંઇ હતું નહિ, તેમજ હાલ આ મુંબઇ નગરી કોઇ ભિલ્લને દેખાડી હોય, વિક્ટોરીઆ ગાર્ડન, રાજાબાઈટાવર, ટાઉનહૉલ, ટંકશાળ, હાઇકોર્ટ, સેક્રેટરીએટ, તાજમહાલ હોટેલ, એલફીન્સ્ટન કોલેજ, વિજળીની ટ્રામ, મોટરકાર, તાર, ટેલીફોન વગેરે જંગલી દરેકને આ નગરી અને તેના પ્રખ્યાત સ્થળો દેખાડવામાં આવે, તો તે બિચારા જંગલમાં જઇ પોતાના લોકોને શું કહે ?

મુંબઈમાં રહેનાર કદાચ પારીસ લંડન કે ન્યુયોર્ક જોઇ તે નગરોનું વર્ણન પોતે વિદ્વાન હોય તો તેવી કોઇ ચીજ આ સહજ ફેરફાર કરીને કહે, પરંતુ કચ્છ વાગડમાં રહેનાર તેને લંડનમાં કે પારીસમાં ઉપાડી પાછો પરબારો વાગડમાં મૂકયો હોય તો શું કહી શકે ?

આજ પ્રમાણે સિદ્ધ મહારાજનું સુખ જેણે હસ્તામલકવત્ એટલે હાથમાં રહેલ નિર્મળ જળની માફક અથવા હસ્તમાં રહેલ આમળાની માફક પોતાના જ્ઞાની બળના પ્રકાશવડે સાક્ષાત્જોયું છે એવા કેવળી ભગવાન્ કે તીર્થંકર મહારાજ પણ આ સંસારમાં આ માનવ સંસાર રૂપી જંગલમાં સિધ્ધના સુખ

---

[1] ભીલ્લ—યવન—જંગલી.

સરખું કંઈ નથી, કે તેમનું તે તીર્થંકર મહારાજ પણ પાંત્રીશ ગુણ યુક્ત વાણીથી પણ વર્ણન કરી શકે. સિદ્ધ પ્રદેશની અપેક્ષામાં એ આ માનવ નગરો—પેરિસ, લંડન, ન્યુયોર્ક, વોશીંગ્ટન, સીડની, મિલફોર્ડ, કલકત્તા કે મુંબાઇ ઝુંપડા જેવા લાગે; તથાપિ તેઓ તેમનો કંઈક ખ્યાલ આવે માટે ત્રણ જગતમાં જેમના સંરખો કોઇનો પ્રભાવ નથી. એવા શ્રી તીર્થંકર મહારાજ પોતાના વચનાતિશયના બળવડે પણ કેટલું અને કેવી રીતે સિદ્ધ સુખ આપણને સમજાવે ને ઉપકાર બુદ્ધિપૂર્વક સમજવા પ્રયત્ન કરે. કારણકે આપણને ઉપમાનનું ભાન હોય તો તેમની સાથે કંઇ સરખાવીએ.

## સિદ્ધ ભગવાનના સુખ પાસે દેવ માનવનું સુખ કેવું છે?

**सुरासुराणां सर्वेषा यत्सुखं पिंडितं नवेत् ।**
**एकत्रापिहि सिद्धस्य तदनततमांशगं ॥ २१ ॥**

**અનુવાદ—સર્વે દેવો અને દાનવોને જેટલાં સુખ છે તે બધાં સુખનો એક પિંડ કરી, એકત્ર કર્યો હોય, તથાપિ સિદ્ધ પરમાત્માનું જેવડું સુખ છે. તેના અનંતમા ભાગનો અનંતમો ભાગ તેના અંશને તે માત્ર પહોંચી શકે?**

**વિવરણ—મિચિગન સ્ટેટના કાલામઝુગામામાં ઠંડીનો અનુભવ લાલનથી હજી આપી શકાતો નથી. અમેરિકાથી આવ્યાને લગભગ સાત વર્ષ થઈ ગયાં અને આઠમું બેઠું પરંતુ હજીસુધી તે ઠંડીનો ખ્યાલ આપી શકાતો નથી, કારણ ગરમી માયક યંત્રમાં** Theromometre **માં મીંડા નીચે પણ ત્રીશ ડીગ્રી જતી હતી.**

અમેરિકાની ઠંડી ત્યાંના લોકોને પણ કેટલી લાગે છે. તેનું એક ઉદાહરણ લાલન લખે છે—એક લ્યુસી નામની ચાર વર્ષની છોકરી જે કીન્ડરગાર્ટન એટલે બાળબાગ શાળામાં ભણતી હતી. તેને પૂછ્યું, 'તારે કયાં જવું છે? આ ઠંડીમાંથી કયાં જઇશ' તો તેને કહ્યું–I will go right down to hell, because it is nice and warm down there. અહીંથી સિદ્ધી નર્કમાં હું જઇશ. ત્યાં શામટે? ત્યાં ગમતી ગરમી હોય છે માટે.

આજ પ્રમાણે રાજા ચક્રવર્ત્તિ દેવતા ઇંદ્રો—એ બધાના સુખ એકત્ર કરવામાં આવે, અને તેનું વર્ણન તીર્થંકર વર્ણવી કહે ત્યારે આપણને સહજ ખ્યાલ આવી

શકે છે કે કંઇ આ બધાના સુખના સર્વાળાને અનંત અનંતગણું કરીએ ત્યારે તે સુખનો એક અંશ થાય છતાં પૂર્ણ સુખનો યથાશક્તિ ખ્યાલ પામવાની આપણને લાલચ થાય છે. માટે વાચક બંધુ ક્ષમા કરશે.

સિદ્ધ ભગવાન્ કેવા છે ?

**अदेहा दर्शनज्ञानोपयोगमयमूर्त्तयः ।**
**आकालं परमात्मानः सिद्धाः सन्ति निरामयाः ॥१३॥**

**અનુવાદ**—અશરીરી, નીરોગ, દર્શન, જ્ઞાન, ઉપયોગ એજ સદા જ્ઞાનરૂપ જેનું સ્વરૂપ છે એવા, સદા શાશ્વત પરમાત્મા સિદ્ધ ભગવાનો છે.

**વિવરણ**—ઘાતિ અને અઘાતિ સકલ કર્મોનો ક્ષય થઇ જવાથી શરીર રહિત સ્વરૂપને રોકનારા ઘાતિ કર્મ અને નહિ રોકનારા એવા અઘાતિ કર્મ બન્નેના પૂર્ણ નાશપર શરીર પણ જેને રહ્યું નથી એવા સ્વસ્વરૂપી સિદ્ધ પરમાત્મા છે. નામ કર્મની સકલ પ્રકૃતિનો ક્ષય થવાથી અરૂપી છે અને શરીરજ નથી તો રોગ પણ ક્યાંથી હોય માટે નિરોગી છે. વેદની કર્મનો ક્ષય થવાથી અવ્યાબાધ સુખરૂપ કે આનંદ સ્વરૂપ છે. વળી સિદ્ધ સ્વરૂપ એટલે જ્ઞાન અને દર્શન ઉપયોગ એજ એટલે સામાન્ય ઉપયોગ અને વિષય ઉપયોગ સોનાના અનેક દાગીના જુદા જુદા પ્રત્યેકના સૂક્ષ્મમાં સૂક્ષ્મ જોવા જાણી જવા એજ જ્ઞાન તેજ " સિદ્ધ અને બધામાં સામાન્ય એવી પીળાશ એવું દેખવું તે દર્શન એ દર્શન તેજ સિદ્ધ આમ જ્ઞાનદર્શન ઉપયોગ તે સિદ્ધ પરમાત્મા છે.

જેમકે લાલન એ શરીરનું નામ છે. એવું હું જાણું છું જે જાણું છું તેજ હું. તેમ સિદ્ધને અશેષ વસ્તુના જ્ઞાનદર્શન ઉપયોગ હોય તે ઉપયોગ તે સિદ્ધ એ જ્ઞાન ઉપયોગ અને દર્શન ઉપયોગ નિશ્ચયનયે આપણે પોતે છીએ. વસ્તુતઃ આપણે પણ તેવાજ છીએ. આવો ઉપયોગ યથાશક્તિ રાખી, થતી ક્રિયા મન, વચનમાં, અવ્યાપક રહેવાથી પૂર્વના કર્મ ક્ષય થઇ જાય છે. અને તપશ્ચર્યા વગેરેથી કે ઉદીરણાથી કહીને પણ કર્મ ક્ષય કરીએ તો સિધ્ધની પેઠેજ આપણે પણ પૂર્ણપણે જ્ઞાન દર્શન રૂપ વ્યવહારે પણ થઇ શકીએ. વળી સિધ્ધ પરમાત્માની સ્થિતિએ

રહેલા જીવે આયુકર્મ ક્ષીણ કર્યું તેથી સાદિ અનંત ભાવો અર્થાત્ શાશ્વતપણે જ્ઞાન રૂપ દર્શન રૂપજ એવા અનંત ગુણો રૂપજ રહેવાના વળી એ સિધ્ધ સ્વરૂપ તેજ આત્માની ઉચ્ચમાં ઉચ્ચ ચોખ્ખામાં ચોખ્ખી સોટચના સુવર્ણ જેવી સ્થિતિ હોવાથી તેજ પરમાત્મા છે. જેવો આત્મા મૂળ સ્વભાવે જ્ઞાન રૂપજ તેવોજ તે કર્મ ક્ષય કરી વ્યવહારે પણ તેવોજ થઇ રહે છે. માટે પરમાત્મા તેજ સિધ્ધ અને સિધ્ધ એટલે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત ચારિત્ર, અક્ષય સ્થિતિ રૂપ અગુરૂ લઘુ અને અનંત વીર્ય વગેરે—અનંત ગુણો તેજ સિધ્ધ સ્વરૂપ છે.

સિદ્ધ પરમાત્મા ક્યાં બિરાજે છે ?

लोकाग्रशिखरारूढाः स्वभावसमवस्थिताः ।
भवप्रपंचनिर्मुक्ता युक्तानंताऽवगाहनाः ॥ २३ ॥

**અનુવાદ**—અનંત અવગાહના યુક્ત થઇ, ભવોભવના પ્રપંચથી તદન (હમેશને માટે) છૂટા થઇ પોતાના નિજ સ્વભાવમાં સારી રીતે રહી, લોકના અગ્ર શિખાપર સિદ્ધ ભગવાન્ બિરાજી રહ્યા છે.

**વિવરણ**—જેમ સમુદ્રમાં રહેલું માટીથી વીંટાએલું તુંબડું માટી ખસવાથી જેમ સમુદ્રની સપાટીપર પોતાના પાણી તરી રહેવાના સ્વભાવમાં રહે છે, તેમ અજ્ઞાન વગેરે કઇ રૂપી માટીથી વિયુક્ત થઇ, સંસાર રૂપ સમુદ્રની ઉપર એટલે લોકને અગ્રે પોતાના જ્ઞાનાદિ નિજ સ્વરૂપમાં સિદ્ધ ભગવાન બિરાજે છે, અને કર્મથી નિરંતર યુક્ત હોવાથી, ભવથી પણ સરખાઇ યુક્ત થઇ, અનંત અવગાહનામાં રહે છે.

ધ્યાનવડે પરમાત્માપણું કેમ પમાય ?

इलिकाभ्रमरी ध्यानाद् भ्रमरीत्वं यथाश्नुते ।
तथा ध्यायन्परात्मानं परमात्मत्वमाप्नुयात् ॥ २४ ॥

**અનુવાદ**—જેમ ઇળ ભ્રમરીના ધ્યાનવડે ભ્રમરીપણું પામે છે. તેમ પરમાત્માનું ધ્યાન કરતો કરતો માણસ પરમાત્મપણું પામે છે.

વિવરણ—જેમ ઈળ ભ્રમરીના ભયથી બધું ભુલી જઇ પોતાને પણ ભુલી જઇ-કેવળ ભ્રમરીનેજ દેખે છે. તો તે પોતે પણ ભ્રમરી રૂપ થઇ જાય છે.

તેજ પરમાત્માનું ધ્યાન કરનારો પરમાત્મપણાના પ્રેમથીજ સર્વ ભુલી પોતાને પણ ( બહિરાત્મ ભાવને ભુલી અંતરાત્મ ભાવવડે પરમાત્માનું ધ્યાન કરતાં અંતરાત્મને પણ ભુલી કેવળ શુદ્ધ જ્ઞાનાદિ સ્વરૂપ વગેરેનું ધ્યાન થતાં થતાં પોતે જ્ઞાનાદિરૂપ બની જાય છે. )

### યશઃશ્રી અને વિજયશ્રી કોણ પામે છે.

परमात्मगुणानेवं ये ध्यायन्ति समाहिताः ।
लभन्ते निभृतानंदास्ते यशोविजयश्रियं ॥ २५ ॥

અનુવાદ—એટલા માટે જેઓ પોતાના મનને બરોબર સ્થિર કરી પરમાત્માના ગુણનુંજ ધ્યાન કરે છે, તે નિશ્ચળ આનંદરૂપ થઈ યશઃશ્રી અને વિજયશ્રી પ્રાપ્ત કરે છે.

વિવરણ—જેનું જે ધ્યાન કરે તેવો તે થાય. ધનવાનને જોઈ ધનવાનનું ધ્યાન કરનારના મન, તન, વચન, તે બાજુએ દોરાઈ ધનવાન થએલાના દૃષ્ટાંતો આપણી સમક્ષ હવે કંઈ થોડા છે. યશવાનનું ધ્યાન કરનારા યશસ્વીના દૃષ્ટાંત પણ થોડા છે? તો પરમાત્માના સરખાજ ગુણો જે સ્વાભાવિક પ્રત્યેક આત્મામાં રહેલા છે. તેનું ધ્યાન કરતાં તે ગુણરૂપ થાય. એમાં શું આશ્ચર્ય? એટલા માટે આ ગ્રંથના રચનાર શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કે જેનો યશ ઇંદ્રાદિ દેવો પણ ગાય છે, એ પરમાત્માના યશશ્રી એટલે પૂજા કરવા યોગ્ય એમ યશશ્રી પરમાત્માનું ધ્યાન કરનાર પામે છે. અને તેમનું ધ્યાન કરી સકલ કર્મોનો ક્ષય કરવાથી વિજય શ્રી પણ તેવીજ પામે છે. એટલે જિનરૂપ પામી સિદ્ધ સ્વરૂપ પામે છે.

યશઃ શ્રી અને વિજય શ્રી એ ઉભય શબ્દોવડે ગ્રંથકારનું નામ પણ શ્રી યશોવિજયજી આવી ગયું. ઇતિ શુભં.

इति द्वितीया परमज्योतिः पंचविंशतिः

# समाप्त.

सुखंभूयात्सर्वजन्तूनाम् .

# શુદ્ધિ પત્રક.

| પાનું. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૩ | ૨૮ | કારનેગા. | કારનેજી. |
| ૪ | ૧૫ | પરમજ્યોતી. | પરમજ્યોતિ. |
| ૮ | ૪ | શું વગર આંખે. | જે વગર આંખે. |
| ૮ | ૩૦ | Harmny. | Harmony. |
| ૧૫ | ૧૦ | સુવણુમય. | સુવર્ણમય. |
| ૧૬ | ૨ | અજન્ય. | અજન્મ. |
| ૧૬ | ૮ | અજન્ય. | અજન્મ. |
| ૨૪ | ૨૬ | ચર્ણાનુસારી. | માર્ગાનુસારી. |
| ૨૫ | ૧ | તે. | જે. |
| ૨૫ | ૧૯ | કાળરૂપ. | કળારૂપ. |
| ૨૬ | ૨૫ | Intiuson. | Intuition. |
| ૨૮ | ૨૯ | Protictors. | Protectors. |
| ૨૯ | ૧૨ | निधिज्निर्मवत्नी. | निधिज्निर्नवत्नी. |
| ૨૯ | ૨૭ | આધીન. | આધીન. |
| ૩૦ | ૧૪ | અઢાર. | અઢક. |
| ૩૦ | ૧૫ | અઢાર. | અઢક. |
| ૩૦ | ૧૮ | ક્યારે શરૂઆત કરવી જોઇએ? | આત્મજ્ઞાનકળા ક્યારે |
| ... | ... | ... ... ... | શરૂઆત કરવી જોઇ? |
| ૩૧ | ૧૬ | કપટ. | છળકપટ. |
| ૩૧ | ૨૮ | Ame. | Awe. |
| ૩૩ | ૨ | ઘરીરી. | ઘરીરી. |
| ૩૪ | ૧૨ | ભોકે છે. | ભોંકે છે. |
| ૩૫ | ૧૦ | ટેટલાક. | કેટલાક. |
| ૩૫ | ૧૨ | બને. | અને. |

| પાનું. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૩૫ | ૨૪ | મહોન્મત્ત. | મહોન્મત. |
| ૪૦ | ૧૭ | આધો. | આઘો. |
| ૪૧ | ૨ | Elevato. | Elevator. |
| ૪૨ | ૨૯ | द. | द्. |
| ૪૩ | ૨ | ઝેરૂપ. | ઝેરરૂપ. |
| ૪૩ | ૨૫ | આવ્યાં. | આખ્યાં. |
| ૪૫ | ૨૦ | રચનાર. | રમનાર. |
| ૪૬ | ૧૬ | આહાર. | એકવાર આહારા. |
| ૪૬ | ૨૬ | स्वपरुदर्शजं. | स्वरूपदर्शनं. |
| ૪૭ | ૫ | આદિ. | સાદિ. |
| ૪૮ | ૨૧ | પરીક્ષારૂપ. | પરોક્ષરૂપ. |
| ૫૨ | ૨ | ઇશ્વર પ્રાપ્તિ બળ. | ઇશ્વર પ્રણિધાના. |
| ૫૩ | ૧૬ | ભાવ એક. | ભાવ એક છે. |
| ૫૩ | ૨૫ | ઉલકે. | ઉલટે. |
| ૫૪ | ૧ | જુદું. | જુદું. |
| ૫૪ | ૨૦ | જઈ. | થઈ. |
| ૫૬ | ૧૮ | નિર્થક. | નિરર્થક. |
| ૫૭ | ૧૪ | कया. | क्यां. |
| ૫૭ | ૧૬ | हयां. | ह्यां. |
| ૬૦ | ૨૪ | વર્તતા. | વર્તતું. |
| ૬૧ | ૧૨ | અજન્ય. | અનન્ય. |
| ૬૧ | ૨૨ | મિત્ર. | ચિત્ત. |
| ૬૩ | ૫ | Bancdiction. | Benediction. |
| ૬૩ | ૨૧ | Edition. | Edison. |
| ૬૪ | ૨૮ | સ્નેહી. | સસનેહી. |
| ૬૪ | ૨૮ | સંપ. | સઉ. |
| ૬૫ | ૨ | જે કરેલ. | જેણે કરી. |

| પાનું. | લીંટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૬૬ | ૧૦ | સનામ. | સમાન. |
| ૬૬ | ૨૬ | પદેશો. | પ્રદેશો. |
| ૬૭ | ૭ | શરીર. | શરીરે. |
| ૬૭ | ૮ | પણ. | પેઠે. |
| ૬૭ | ૧૭ | જેવા. | જેવી. |
| ૬૮ | ૨૦ | પ્રગટશે. | પ્રગટેલા છે. |
| ૬૯ | ૧૫ | કરે છે. | કરતા હતા. |
| ૬૯ | ૧૫ | ગરણા. | ગરણા હવે. |
| ૭૧ | ૨૪ | પોનાના. | પોતાના. |
| ૭૧ | ૧૭ | છૂટકા. | છૂટા. |
| ૭૨ | ૭ | બહેરે. | લહેરે. |
| ૭૩ | ૨૧ | તત્ત્વનો. | તત્ત્વ તો. |
| ૭૫ | ૨૧ | Siges. | Serges. |
| ૭૫ | ૨૧ | Bilows. | Billows. |
| ૭૫ | ૨૩ | આંદેલનો. | આંદોલનો. |
| ૭૫ | ૩૦ | વળેરે. | વગેરે. |
| ૭૮ | ૧૭ | તો તેમ નથી. | તે તેવો નથી. |
| ૭૯ | ૨૧ | હલકા. | હલકો. |
| ૮૦ | ૨૭ | ( વેતા ). | ( જેતા ). |
| ૮૧ | ૬ | પાશ્ચિમાત્ય. | પાશ્ચાત્ય. |
| ૮૩ | ૨૫ | Park. | Part. |
| ૮૩ | ૨૭ | on. | an. |
| ૮૭ | ૧૫ | આલોપનારા. | આલોવનારા. |
| ૮૯ | ૨ | જિનેશ્વરોને. | જિનેશ્વરો. |
| ૮૯ | ૮ | સકળ. | સબળી. |
| ૮૯ | ૯ | તેજક. | તેજુ. |
| ૮૯ | ૨૯ | મુધી. | સુધી. |
| ૯૧ | ૨૯ | જેમ. | તેય. |

| પાનુ. | લીંટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૯૨ | ૧૧ | સાદો. | સાદા. |
| ૯૩ | ૧ | પર્યોપ્તિ. | પર્યાપ્તિ. |
| ૯૫ | ૨૩ | ઇંદ્રિયજાત. | ઇંદ્રિયજિત. |
| ૯૬ | ૭ | જે. | તે તે. |
| ૯૭ | ૧૦ | અપેક્ષા. | અપેક્ષાએ. |
| ૯૭ | ૧૬ | મનોજય. | મનોજળ. |
| ૯૮ | ૧૩ | ચેતના. | ચેતત. |
| ૯૮ | ૧૪ | બળદોષ. | મળદોષે. |
| ૯૯ | ૨ | પાડે છે. | પડે છે. |
| ૯૯ | ૮ | ઉપાધ્યાયશ્રી કરી. | ઉપાધ્યાયશ્રીએ કહી. |
| ૯૯ | ૧૧ | शुभाशमा. | शुभाशयाः. |
| ૯૯ | ૨૦ | શુભાશમ. | શુભાશય. |
| ૯૯ | ૨૦ | વિષય. | વિષયજય. |
| ૯૯ | ૨૩ | શુભાશમ. | શુભાશય. |
| ૯૯ | ૨૭ | શુભાશમ. | શુભાશય. |
| ૯૯ | ૨૭ | અનેક. | અનેક રૂપે. |
| ૧૦૦ | ૩ | બ્રહ્મા. | બ્રાહ્મી. |
| ૧૦૦ | ૯ | ઉદ્ઘોરણા તરીકે. | ઉદ્ઘોષણા કરી. |
| ૧૦૦ | ૧૩ | શેર. | કોટ. |
| ૧૦૦ | ૧૪ | કલાકે. | કલોક. |
| ૧૦૦ | ૧૪ | ક્રાઇણુ. | ક્રાઇષ્ટ. |
| ૧૦૦ | ૧૭ | બેધાંત. | બૌધો. |
| ૧૦૦ | ૧૮ | પુરી. | પુરો કરી. |
| ૧૦૦ | ૧૯ | હઠવાળા. | હઠાવવા. |
| ૧૦૦ | ૨૧ | બળ છે. | બ્રહ્મ છે. |
| ૧૦૦ | ૨૩ | પરમાત્મા. | અંતરાત્મા—પરમાત્મા. |
| ૧૦૦ | ૩૦ | શુભાશમ. | શુભાશય. |
| ૧૦૧ | ૨૪ | सेवकीः. | सेवकाः. |

| પાનું. | લીંટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૧૦૧ | ૧૨-૧૩ | શુભાશમમાં. | શુભાશયમાં. |
| ૧૦૧ | ૧૬ | શુભાશમ. | શુભાશય. |
| ૧૦૨ | ૩ | નીકળતો. | નીકટનો. |
| ૧૦૨ | ૨૬ | આપણુ. | આ પણ. |
| ૧૦૩ | ૧૪ | ધ્યાનવડે. | ધાન્યવડે. |
| ૧૦૩ | ૧૪ | કટાથી. | પટાથી. |
| ૧૦૩ | ૧૯ | ધ્યાનો. | ધ્યાન. |
| ૧૦૩ | ૨૯ | રજાથી. | રાજાથી. |
| ૧૦૪ | ૮ | થૂકા. | ચૂકા. |
| ૧૦૪ | ૯ | તેઓ. | તેવા. |
| ૧૦૪ | ૨૪ | ચોગ્યે. | ચોગ્ય. |
| ૧૦૪ | ૨૮ | દશનાનાજ. | દિવસનાજ. |
| ૧૦૬ | ૬ | પરમેશ્વનજ. | પરમેશ્વરનેજ. |
| ૧૦૬ | ૧૬ | ચૈનન્ય. | ચતન્ય. |
| ૧૦૬ | ૧૭ | આંખ સાથે. | આંખ સામે. |
| ૧૦૭ | ૪ | શોધન કરી. | શોધ કરી. |
| ૧૦૯ | ૧૫ | ફોરવવા. | ફોરવતાં. |
| ૧૧૦ | ૨૨ | લોભને. | માયાને ને લોભને સંતોષવડે. |
| ૧૧૦ | ૨૬ | આપ. | આમ. |
| ૧૨૧ | ૮ | જન્મનો. | જન્મને. |
| ૧૨૩ | ૯ | વરણુ. | વર્ણન. |
| ૧૨૩ | ૨૫ | કેવળ. | કેવળી. |
| ૧૨૪ | ૯ | ગઇ વેળા. | કોઈ વેળા. |
| ૧૨૪ | ૨૫ | જ્ઞાની. | જ્ઞાન. |
| ૧૨૫ | ૨૪ | તેને. | તેણે. |
| ૧૨૭ | ૨૦ | ચુક્ત. | મુકત. |
| ૧૨૭ | ૨૦ | સરખાઈ ચુક્ત. | સર્વથા ચુક્ત. |
| ૧૨૮ | ૬ | સ્વરપ. | સ્વરૂપ. |